# મૂડીવાદ અને આધુનિકતા

•

: લેખન :

હિરેન ગાંધી

ડૉ. વિભૂતિ પટેલ

•

: પ્રકાશન :

'દર્શન'

અમદાવાદ

**MOODIWAD ANE ADHUNIKATA**

by Hiren Gandhi & Dr. Vibhuti Patel

©'દર્શન'

**આવૃત્તિ- 1**

**વર્ષ** : 2014

**નકલ** : 750

**સહયોગ રાશિ** : Rs. 125.00

**વિદ્યાર્થીઓ અને યુવા કાર્યકર્તાઓ માટે** : Rs. 60.00

**આવરણ અને ડીઝાઈન્સ** : જ્યોતિ ઝેવિયર

**કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ** : કે. શ્રીનીવાસ

**લે-આઉટ** : ઈશ્વરભાઈ પ્રજાપતી

**મુદ્રક** : સત્યમ્ પ્રિન્ટ,
(PH) 2658 5012

**પ્રકાશક-વિતરક** : **'દર્શન'**, 19-બી, વીશ્વનગર સોસાયટી,
વીશ્વકર્મા સોસાયટીની બાજુમાં, જીવરાજ પાર્ક,
અમદાવાદ-380 051

**રજી. સરનામું** : 9, રૂપેશ સોસાયટી, વસ્ત્રાપુર સ્ટેશન રોડ,
જીવરાજ પાર્ક વિસ્તાર, પો.
વેજલપુર,અમદાવાદ -380 051

**ફોન નંબર** : 079-26620484

**ઈ-મેઈલ** : darshan.org@gmail.com

મૂડીવાદ અને આધુનિકતા

## અમે આભારી છીએ

- 'દર્શન' દ્વારા આયોજીત 'આધુનિકતાની ખોજમાં' વિચાર-વિમર્શ સભાઓમાં સહભાગી થયેલ સૌ સાથીઓના તથા તેમાં રજૂઆત કરનાર -પ્રો. મધુસૂધન બક્ષી, પ્રો. ગણેશ દેવી, પ્રો. ખાખા, ડો. તૃપ્તિ શાહ, ડો. સુધા વાસન, સુશ્રી. ગેબ્રિયેલ ડિટ્રીચ, બિ. સુભાષ ગાતાડે, બિ. આનંદ તેલતુંબડે, ડો. મિલિંદ બોકીલ, શ્રી. અચ્યુત યાજ્ઞિક, ડો. રવિ સિંહા, ડો. સંજય કુમાર, બિ. ભાર્ગવ, બિ. અલ્તાફ, બિ. શ્રીનિવાસ રાવ, ડો. ઉમાશંકર તિવારી, બિ. ઈશ્વર પ્રજાપતિ, બિ. અંજલી સિન્હા, પ્રો. માધવી, સુશ્રી. પર્સીસ જીનવાલા પ્રો. દિનેશ શુક્લ, શ્રી. પ્રકાશ ન. શાહ, ફા. પી.ડી. મેથ્યૂ, ફા. સબાસ્ટીયન વાઝાપલ્લી, શ્રી. ઈરફાન એન્જીનીયર, શ્રી મિહિર દેસાઈ, શ્રી. આનંદ યાજ્ઞિક, પ્રો. યોગેન્દ્ર માંકડ.
- ત્રિદીપ સુહૃદ, વિલ્ફ્રેડ ડી'કોસ્ટા.
- ન્યૂ સોશિયાલિસ્ટ ઈનિશિયેટીવ અને ઈન્સાફ
- નિયતિ ગાંધી, કે.શ્રીનિવાસ અને પૂરવ પરમાર.

**આ પુસ્તક માટે આર્થિક સહયોગ આપનાર :**

- Mensen met een Missie (હેગ - નૅધરલેન્ડ)

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રકરણ - 1 | મૂડીવાદનું આગમન | 1 |
| પ્રકરણ - 2 | મૂડીવાદ એટલે શું? | 7 |
| પ્રકરણ - 3 | મૂડીવાદી સંસ્થાનવાદ | 21 |
| પ્રકરણ - 4 | ઔદ્યોગિક ક્રાંતિ | 31 |
| પ્રકરણ - 5 | આધુનિક પ્રજાતંત્રોનું આગમન | 39 |
| પ્રકરણ - 6 | મૂડીવાદી આધુનિકીકરણઃ વિકાસ અને પડકારો | 44 |
| પ્રકરણ - 7 | સર્વહારા વર્ગ અને સમાજવાદનો ઉદય | 66 |
| પ્રકરણ - 8 | મૂડીવાદી સામ્રાજ્યવાદ સામેના પ્રતિરોધો | 77 |
| પ્રકરણ - 9 | મૂડીના સામ્રાજ્યવાદનું પતન | 84 |
| પ્રકરણ - 10 | મૂડીવાદી નવસામ્રાજ્યવાદ | 92 |
| પ્રકરણ - 11 | મૂડીવાદ અને આધુનિકતા | 117 |
| પરિશિષ્ટ | | 125 |




# "આધુનિકતાની ખોજમાં"

### પ્રસ્તાવના

આપણી આસપાસના આજના સામાજિક-સાંસ્કૃતિક પરિવેશ ઉપર નજર નાંખીએ તો શું દેખાય છે? એ જ સદીઓ પુરાણી પરંપરાઓ અને વિધિવિધાનો, કહેવાતી આધુનિકતાનો વેશ ધારણ કરીને ઘોંઘાટતાં રહે છે. જ્ઞાતિગત ભેદભાવો, સ્ત્રી-પુરૂષ અસમાનતાઓ અને કટ્ટર બનતી જતી સાંપ્રદાયિકતા પણ જાણે સમાજને કોઠે પડવા માંડી છે. આધુનિકતાએ આપણને આપેલો રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતાનો ખ્યાલ પણ હવે તો હિંસક બની રહ્યો છે. તો વળી બીજી તરફ આર્થિક વિકાસનો વર્તમાન ખ્યાલ ગરીબ અને મધ્યમવર્ગના ગળે ગાળિયો બનીને ભીંસાઇ રહ્યો છે. ગામડાં ગૂંગળાઇ રહ્યાં છે, ગળચાઇ રહ્યાં છે. નગરો શહેરો બની રહ્યાં છે અને શહેરો મેગાસીટી, મેટ્રોઝ બની રહ્યાં છે. રોજ-બ-રોજ બજારમાં ઠલવાઇ રહ્યાં છે – અદ્યતન ટેક્નોલોજી ધરાવતાં રિમોટ્સ, સેલફોન્સ, આઇ પેડ્સ અને કૈં કેટલાંયે સાધન-સરંજામો. આપણે આજની આ વિરોધાભાસી જિંદગીને અને આપણા આ યુગને 'આધુનિક' કહીએ છીએ.

શું આજનો આ વાસ્તવ ખરેખર આધુનિક છે ? આધુનિકતા એટલે શું ? છેલ્લાં છસ્સો વર્ષથી માનવી આધુનિકતા માટે મથામણો, સંઘર્ષો કરતો આવ્યો છે. એ સંઘર્ષોમાંથી એણે ઘણું હાંસલ પણ કર્યું છે. સામંતી અર્થવ્યવસ્થાને બદલે મૂડીવાદી અર્થવ્યવસ્થા, રાજાશાહીને બદલે પ્રજાતાંત્રિક રાજ્ય વ્યવસ્થા, રજવાડાંને બદલે રાષ્ટ્ર વિશેનો ખ્યાલ, ધર્મ આધારિત જીવનને અને સમાજને બદલે ક્રમશઃ વિજ્ઞાન આધારિત જીવન અને સમાજ ભણી આગળ વધતો માનવી. પરંપરાગત જ્ઞાતિ આધારિત, ધર્મ -સંપ્રદાય આધારિત મંડળો

-સમુદાયોને બદલે વિચારો, પ્રવૃત્તિઓ અને વ્યવસાયો આધારિત મંડળો, એસોસિએશનો, ટ્રેડ યૂનિયનો, ક્લબો જેવાં અદ્યતન સમુદાયો રચતો થયેલો માનવી. સાર્વજનિક અને વિજ્ઞાન આધારિત શિક્ષણ મેળવતો થયેલો માનવી. આ અને આવું ઘણુબધું આધુનિકતા માટેની સફર દરમ્યાન માનવીએ, એટલે કે આપણે અને માનવસમાજે હાંસલ તો કર્યું છે. અને આમ છતાંયે શરૂઆતમાં જેની વાત કરી એવો વિરોધાભાસી વાસ્તવ - સામાજિક - સાંસ્કૃતિક પરિવેશ કેમ? અને એથીયે મોટો અને ગંભીર સવાલ તો એ કે એ પરિવેશ સામેનો આપણો અવાજ, આપણા સવાલો ક્યાં?

આધુનિકતા માટેની સફરમાં ક્યાં ચૂક કરી છે આપણે? શું ચૂક કરી છે આપણે? આજે એ તપાસ આપણે માટે અનિવાર્ય બની ગઇ હોય એવું નથી લાગતું? એ તપાસ માટે આપણે ફરીથી યાદ કરવું પડશે, સમજવું પડશે —આધુનિકતા એટલે શું? આધુનિકતાનાં પાયાગત મૂલ્યો અને માપદંડો ક્યાં? આધુનિક માનવ સંબંધો એટલે કેવા સંબંધો? આધુનિક સામુદાયિક-સામાજિક સંબંધો એટલે કેવા સંબંધો? આધુનિક જીવનશૈલી કોને કહેવાય? વિજ્ઞાન અને પ્રકૃતિ વચ્ચેનો આધુનિક સંબંધ કેવો હોઇ શકે? આધુનિક પ્રજાતંત્ર એટલે કેવું પ્રજાતંત્ર? આધુનિકતામાં બજારની ભૂમિકા શું અને કેટલી? અને સૌથી મહત્ત્વનો સવાલ તો એ તપાસવો પડશે કે, માનવસમાજને અમીર-ગરીબમાં વહેંચતી મૂડીવાદી અર્થવ્યવસ્થાઓ અને પ્રતીકાત્મક પૂરવાર થઇ રહેલી વર્તમાન પ્રજાતાંત્રિક રાજ્યવ્યવસ્થાઓ આપણને સાર્થક આધુનિકતા સુધી પહોંચવા દેશે?

આ પુસ્તિકા શ્રેણી પાછળનો અમારો ઉદ્દેશ આવા સવાલોને સમજવાનો -તપાસવાનો છે. 'દર્શન' સાંસ્કૃતિક પરિવર્તન માટે પ્રતિબદ્ધ સંગઠન છે; એથી અમારી આવી તપાસ અમારી ફરજ પણ છે. અમે શરૂઆત કરી રહ્યાં છીએ. આશા છે, આપ પણ અમારી સાથે જોડાશો.

**હિરેન ગાંધી - ડૉ. સરૂપ ધ્રુવ**



**પ્રકરણ-1**

# મૂડીવાદનું આગમન

## ભૂમિકા

આપણે સૌ જાણીએ છીએ કે મૂડીવાદી અર્થવ્યવસ્થાની શરૂઆત યૂરોપના દેશોમાં થઇ. આથી એના ઉદ્ભવ પાછળના કારણો સમજવા આપણે લગભગ ચૌદમી-પંદરમી સદીના યૂરોપની આર્થિક-સામાજિક પરિસ્થિતિઓ ઉપર નજર નાંખવી પડે. સ્પષ્ટ છે તે સમયે યૂરોપમાં સામંતી વ્યવસ્થા પ્રવર્તમાન હતી. તમામ પ્રકારની આર્થિક અને રાજનૈતિક સત્તા રાજાઓ અને મુઠ્ઠીભર ઉમરાવોના હાથમાં હતી. સમાજ અને સંસ્કૃતિ ઉપર સંસ્થાકૃત ધર્મ – ચર્ચની સત્તા હતી. અલબત્ત, રાજાઓ અને ઉમરાવો ઉપર પણ ધર્મની પકડ સજ્જડ હતી.

તે સમયના યૂરોપમાં મુખ્ય વ્યવસાય ખેતીનો હતો. આ ઉપરાંત પશુપાલન, હાથકારીગરી અને વેપારવણજના વ્યવસાયો પણ ચાલતા હતા. સમગ્ર રાજ્યની જમીનો ઉપર રાજા અને ઉમરાવોની એક હથ્થુ અને દમનકારી સત્તા હતી. ખેતરોમાં મજૂરી કરનાર શ્રમિક પરિવારોની સ્થિતિ અત્યંત દયનીય વેઠિયાઓ સમાન હતી. પરિવારની તમામ ભૌતિક જરૂરિયાતો માટે તેઓ ઉમરાવોની કૃપા ઉપર આધારિત હતા. શ્રમના બદલામાં વેતન નહોતું મળતું. એમના પરિવારોની સ્ત્રીઓ-દીકરીઓની હાલત તો ગુલામો જેવી હતી. ઉમરાવો એમનું તમામ પ્રકારનું શોષણ કરતા.

રાજાઓ-ઉમરાવો યુધ્ધો, શિકાર અને એશોઆરામમાં મસ્ત રહેતા. આમપ્રજાજનો પ્રત્યે તેમનો વ્યવહાર તિરસ્કાર અને ઘૃણાભર્યો રહેતો. ન્યાય માટે પ્રજાજનો રાજા ઉપર આધારિત રહેતાં. બીજી તરફ ચર્ચ પણ ઈશ્વરના નામે સમાજ ઉપર અબાધિત સત્તા ભોગવતું. ચર્ચની પરંપરાઓ અને હુકમો સામે થવાની હિંમત રાજાઓ અને ઉમરાવો પણ ભાગ્યે જ કરી શકતા. અલબત્ત, પાદરીઓ ઉમરાવોનાં પરિવારોને શિક્ષણ પણ આપતા. તે સમયે યૂરોપમાં ચર્ચ અને રાજ્ય દ્વારા સાર્વજનિક શિક્ષણની શરૂઆત થઇ ચૂકી હતી; પરંતુ તે માત્ર અભિજાત વર્ગ (રાજવી અને ઉમરાવ પરિવારો) પૂરતી સીમિત હતી. આમ પ્રજાજનો માટે શિક્ષણ મેળવવું મુશ્કેલ હતું. વ્યાપારવણજ ખાસ્સાં વિકસીત હતા. દરિયાઇ માર્ગે પણ યૂરોપના દેશો પરસ્પર વ્યાપાર કરતા. એશિયા, આફ્રિકા સાથે વ્યાપાર થતો હતો, પણ પરંપરાગત રીતે. અમેરિકા, ઑસ્ટ્રેલિયા જેવા પ્રદેશોથી તો તેઓ તદ્દન અજાણ હતા. વ્યાપારીઓ પણ શ્રમિકો પાસે નકરી વેઠ જ કરાવતા.

ત્યાં જ્ઞાતિપ્રથા જેવું કશું ન હોવાને કારણે અસ્પૃશ્યતા જેવી કોઇ બાબત સમાજમાં મોજૂદ નહોતી; પરંતુ સમાજ વ્યવસ્થામાં ગરીબો, શ્રમિકો પ્રત્યેનો વ્યવહાર ક્રૂર અને અપમાનજનક હતો. સૌથી વધુ શોષિત સમુદાય હતો- સ્ત્રીઓનો સમુદાય. પુરુષપ્રધાન સમાજ- વ્યવસ્થાનાં શોષણકારી મૂલ્યો એના ચરમ ઉપર હતાં. માત્ર શ્રમિક અને ગરીબ વર્ગની સ્ત્રીઓ પૂરતી આ વાસ્તવિકતા સીમિત નહોતી. અભિંજાત વર્ગની સ્ત્રીઓએ પણ ભેદભાવો અને અત્યાચારોનો ભોગ બનવું પડતું. અલબત્ત, અભિજાત વર્ગની સ્ત્રીઓ શિક્ષણ મેળવી શકતી પરંતુ નોકરી-વ્યવસાય નહોતી કરી શકતી.

## મૂડીવાદનું આગમન

આવા દમનકારી અને જુલમી વાતાવરણ વચ્ચે લગભગ પંદરમી, સોળમી સદી દરમિયાન મૂડીવાદનું આગમન થયું. લગભગ મૂડીવાદની સાથે સાથે જ યૂરોપમાં 'જ્ઞાનપ્રકાશ યુગ' (એજ ઓફ એન્લાઇટનમેન્ટ) અને આધુનિક વિજ્ઞાન (મોડર્ન સાયન્સીઝ) ની પણ શરૂઆત થવા માંડી હતી. જ્ઞાનપ્રકાશની ચેતનાએ ચર્ચની





પરંપરાઓ અને માન્યતાઓ સામે સવાલો કરવાની શરૂઆત કરી હતી. તો બીજી તરફ આધુનિક વિજ્ઞાને પ્રકૃતિના નિયમોને શોધવા-સમજવાની શરૂઆત કરી હતી. તેણે પ્રાથમિક સ્વરૂપનાં યંત્રોનો આવિષ્કાર કરવા માંડ્યો હતો.

આપણે જાણીએ છીએ કે કોઇપણ સમાજ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન ત્યારે આવે જ્યારે તેની અર્થવ્યવસ્થામાં પરિવર્તન આવે; અને અર્થવ્યવસ્થામાં પરિવર્તન ત્યારે આવે જ્યારે ઉત્પાદનનાં સાધનો અને ઉત્પાદન સંબંધોમાં પરિવર્તન આવે. યંત્રોના આગમનને કારણે અને ક્રમશઃ આધુનિક વિજ્ઞાનના વિકાસને કારણે ત્યાં ઉત્પાદનનાં સાધનોમાં મોટા પાયે પરિવર્તનો આવવા માંડ્યાં. ધીરે ધીરે કારખાનાં અસ્તિત્વમાં આવવા માંડ્યાં. ઉત્પાદનનો જથ્થો અને ગુણવત્તા વધવા માંડી. ઉત્પાદનની ગતિ પણ તેજગતિએ વધવા માંડી. આના પરિણામે હાથકારીગરીનો વ્યવસાય તૂટવા માંડ્યો. ગ્રામીણ શ્રમિકો બેરોજગાર થવા માંડ્યાં. રોજગારી માટે એમણે નગરો ભણી સ્થળાંતર શરૂ કર્યું.

લગભગ સત્તરમી સદી શરૂ થતાં સુધીમાં તો યંત્રો અને કારખાનાં વધુ જટિલ અને તોતિંગ બની ચૂક્યાં. એક સાથે સેંકડો કામદારો એક જ કારખાનામાં કામ કરતા થવા માંડ્યાં. નગરો-શહેરો હવે ગ્રામીણ શ્રમિકો, બેરોજગારોથી ઉભરાવાં માંડ્યાં. કારખાનાં અને કામદારોની વધતી જતી બસ્તીઓને કારણે શહેરો મહાકાય બનવા માંડ્યાં.

## મૂડીવાદની વિભાવના અને વિકાસ

મૂડીવાદ એટલે મૂડીકેન્દ્રી અર્થવ્યવસ્થા. મૂડી ઉપર આધારિત અર્થવ્યવસ્થા. કારખાનાં-ઉદ્યોગો એ મૂડીવાદી અર્થવ્યવસ્થાનાં પાયાનાં ઉત્પાદન ક્ષેત્રો છે. આ દૃષ્ટિએ જોતાં સ્પષ્ટ છે કે મૂડીવાદ માટે નીચે પ્રમાણેની ચાર જરૂરિયાતો અનિવાર્ય બની જાય છે.

1. મૂડી. 2. કાચો માલ. 3. શ્રમશક્તિ. 4. બજાર

અલબત્ત, કારખાનાં-ઉદ્યોગો માટે **જમીન** પણ એક અનિવાર્ય જરૂરિયાત હોય છે. મૂડી દ્વારા કાચા માલનું યંત્રો અને કામદારો (શ્રમશક્તિ) વડે તૈયાર

માલમાં રૂપાંતર થાય અને તૈયાર માલ બજારના માધ્યમથી ગ્રાહક સુધી પહોંચે.

સ્વાભાવિક રીતે જ વ્યાપાર વાણિજય કે અન્ય વ્યવસાયો કરતાં ઉદ્યોગો માટે ઘણાં મોટા પ્રમાણમાં આર્થિક રોકાણ (મૂડી) જોઇએ. શ્રમશક્તિ પણ વધારે પ્રમાણમાં જોઇએ. વળી એ શ્રમશક્તિ યંત્રો ચલાવી શકવા માટે સમર્થ હોવી જોઇએ; એટલે કે, કૌશલ્યવાન શ્રમશક્તિ જોઇએ. હવે મૂડીવાદની આ બંને જરૂરિયાતો એવી હતી જે સામંતી અર્થવ્યવસ્થામાં સંભવિત નહોતી. કેમ કે, કારખાનાં-ઉદ્યોગો માટે મોટા પ્રમાણમાં મૂડી જોઇએ. જેને માટે બેચાર શેઠિયાઓની મૂડી પૂરતી ના થઇ પડે. આથી શરૂઆતમાં સંયુક્ત અને પછી ક્રમશઃ સાર્વજનિક મૂડી રોકાણોની શરૂઆત થઇ. વળી શ્રમશક્તિ પણ મોટા પ્રમાણમાં અને કૌશલ્યવાન જોઇએ. શ્રમશક્તિના કૌશલ્ય (કાર્યકુશળતા) માટે સેવાક્ષેત્ર અસ્તિત્વમાં આવ્યું. આ કારણોસર ઉત્પાદનનાં સાધનોની સાથે સાથે ઉત્પાદન સંબંધોમાં પરિવર્તન આવ્યું. મૂડી લાવનાર મૂડીપતિઓ માલિક બન્યા અને શ્રમિકો કામદાર બન્યાં. માલિકો અને કામદારો વચ્ચે શ્રમના બદલામાં વેતનની શરૂઆત થઇ. આ વેતનના કરારને કારણે અર્થવ્યવસ્થા સામંતીને બદલે મૂડીવાદી બની.

ઉદ્યોગોએ સેવા ક્ષેત્રનો પણ પોતાની જરૂરિયાતોના કારણે મોટા પાયે વિકાસ કરવા માંડ્યો. એને કુશળ કામદારોની સાથે સાથે શિક્ષિત કારકૂનોની પણ જરૂરિયાત હતી. આ માટે એને શિક્ષણ સંસ્થાઓનો  મોટે પાયે વિકાસ કરવા માંડ્યો જેથી ઉદ્યોગોના સંચાલનની કામગિરી માટે એને શિક્ષિત કારકૂનો મેળવવાની મુશ્કેલી ના પડે. આ રીતે મૂડીવાદમાં ત્રણ વર્ગો અસ્તિત્વમાં આવ્યા.

1. માલિક અથવા મૂડીપતિ
2. મધ્યમ વર્ગ (કારકૂનો, શિક્ષકો, વહીવટીદારો વગેરે)
3. કામદાર અથવા મજૂર.





આમ ઉત્પાદનનાં સાધનોની સાથે સાથે ઉત્પાદન સંબંધોમાં પણ સમૂળું પરિવર્તન આવ્યું.

ઉદ્યોગોને સતત ધમધમતા રાખવા માટે મોટા પાયે કાચા માલ અને બજારોની પણ આવશ્યકતા હતી. કાચા માલ માટે એને ખેતપેદાશો ઉપરાંત ખનીજો, પાણી અને અન્ય પ્રાકૃતિક સંસાધનોની પણ જરૂર હતી. આથી ઉદ્યોગોએ ધીરે ધીરે કુદરતી સંસાધનો ઉપર આક્રમણો શરૂ કર્યાં. અને એના ઉપર પોતાનો કબ્જો જમાવવા માંડ્યો. બજારો વિકસાવવા માટે એમણે યૂરોપની બહાર એશિયા, આફ્રિકાના દેશો સાથેનાં સદીઓ પુરાણા વ્યાપારી સંબંધોને નવેસરથી મજબૂત અને કરારબધ્ધ કરવા માંડ્યા. કાચા માલ અને બજારના વિકાસ માટે યૂરોપે અમેરિકા અને ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડના ભૂખંડો પણ શોધી કાઢ્યાં.

મૂડીવાદના આગમનની વાત પૂરી કરતાં પહેલાં આપણે એ અર્થવ્યવસ્થાના બે પાયાગત નિયમો ઉપર નજર નાંખી લઇએ.

1. મૂડી સતત ગતિમાન રહેવી જોઇએ. મતલબ કે, મૂડીનું સતત આર્થિક રોકાણોમાં પરિવર્તન થતું રહેવું જોઇએ. મૂડીનો સંગ્રહ કરીને સંચય ના કરી શકાય. કેમ કે, સંચિત મૂડીનું મૂલ્ય સમય જતાં ઘટતું જાય; જયારે રોકાયેલી મૂડી સતત વળતર આપતી રહે, નવી મૂડી પેદા કરતી રહે.

2. મૂડીએ સતત અતિરિક્ત મૂલ્ય (સાદા શબ્દોમાં નફો) પેદા કરતા રહેવું પડે. મૂડીની ઉત્પાદન પ્રક્રિયા પોતાના તમામ ખર્ચ ઉપરાંત વધારાનું જે મૂલ્ય પેદા કરે એ અતિરિક્ત મૂલ્ય. જો અતિરિક્ત મૂલ્ય પેદા ન થાય તો મૂડીનું ચક્ર ખોટકાઇ જાય. ઉદ્યોગ નુકસાનીમાં આવે અને બંધ થઇ જાય.

અહીં આપણે મૂડીવાદના આગમન અને વિભાવનાને સરળ રીતે સમજવાનો પ્રયત્ન કર્યો. પરંતુ પ્રારંભે યૂરોપમાં અને પછી વિશ્વભરમાં સામંતી અર્થવ્યવસ્થામાંથી મૂડીવાદી અર્થવ્યવસ્થામાં પરિવર્તિત થવાની પ્રક્રિયાઓ અનેક અવરોધો અને સંઘર્ષોભરી રહી છે. કેમ કે, મૂડીવાદી અર્થવ્યવસ્થા સામંતી

ઉત્પાદનનાં સાધનો અને ઉત્પાદન સંબંધોમાં જ પરિવર્તનો નથી લાવતી એ સામંતી રાજ્યવ્યવસ્થા અને સામાજિક વ્યવસ્થાઓમાં પણ ક્રાંતિકારી પરિવર્તનો લાવે છે. યૂરોપમાં પણ મૂડીવાદના આગમને સામંતી રાજ્યવ્યવસ્થાને બદલે પ્રજાતાંત્રિક રાજ્યવ્યવસ્થાઓ અમલમાં આણી.

---





**પ્રકરણ-2**

# મૂડીવાદ એટલે શું?

પ્રથમ પ્રકરણમાં આપણે મૂડીવાદના આગમન સમયના સંજોગો તેમજ મૂડીવાદની સરળ વિભાવના(ખ્યાલ / વ્યાખ્યા) સમજવાનો પ્રયાસ કર્યો. હવે આપણે એનું ચરિત્ર અને મર્મ સમજવાનો પ્રયત્ન કરીએ. અર્થશાસ્ત્રના નિષ્ણાતો મૂડીવાદી અર્થવ્યવસ્થાને મુખ્ય બે માપદંડોના આધારે સ્પષ્ટ કરે છે.

1. મૂડીવાદી ઉત્પાદન પ્રણાલિ (કેપિટાલિસ્ટ મોડ ઓફ પ્રોડક્શન)
2. ઉત્પાદનના સંબંધો અને વિતરણના સંબંધો (રિલેશન્સ ઓફ પ્રોડક્શન એન્ડ રિલેશન્સ ઓફ ડિસ્ટ્રીબ્યુશન)

મૂડીવાદી અર્થવ્યવસ્થા અન્ય તમામ અર્થવ્યવસ્થાઓ કરતાં આ પાયાગત લાક્ષણિકતાઓના આધારે અલગ પડે છે તેમજ સમગ્ર સમાજના સામાજિક સંબંધો ઉપર તેની વ્યાપક અને શોષણકારી અસરો નીપજાવે છે. અલબત્ત, આપણે એ પણ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે, મૂડીવાદી અર્થવ્યવસ્થા મૂળગત રીતે તેની અગાઉની તમામ અર્થવ્યવસ્થાઓ કરતાં પ્રગતિશીલ હતી તેમજ સામાજિક સંબંધોની દૃષ્ટિએ પણ એ તમામ વ્યવસ્થાઓ કરતાં બહેતર પૂરવાર થઈ છે.

## 1. મૂડીવાદી ઉત્પાદન પ્રણાલિ (કેપિટાલિસ્ટ મોડ ઓફ પ્રોડક્શન)

આ પ્રણાલિનો મતલબ સરળ શબ્દોમાં સમજીએ તો, એક એવી ઉત્પાદન પ્રણાલિ જે પોતાનાં ઉત્પાદનો અને ઉત્પાદનોનું વિતરણ મૂડીવાદી પધ્ધતિથી કરે છે. અહીં ઉત્પાદનોમાં માલસામાન, ખેત પેદાશો, યંત્રસામગ્રી, સેવાલક્ષી ઉત્પાદનો તમામનો સમાવેશ થઈ જાય છે. આ પ્રણાલિની પાયાગત લાક્ષણિકતા છે - ગતિશીલ મૂડીસંચય. મૂડીસંચય એટલે મૂડીરોકાણ દ્વારા પેદા થતી નવી મૂડી. મૂડીસંચયની આ પ્રક્રિયા મૂડીવાદી ઉત્પાદન પ્રક્રિયામાં અત્યંત ગતિશીલ હોય છે; અને એ ગતિશીલ મૂડીસંચય મૂડીવાદી ઉત્પાદન પ્રણાલિને વિકસાવતી રહે છે, આગળ વધારતી રહે છે.

આ પ્રણાલિની બીજી પાયાગત લાક્ષણિકતા છે- વેતન આધારિત શ્રમ અને ઉત્પાદનનાં સાધનો ઉપર મૂડીની માલિકી. મૂડીની માલિકીનો મતલબ છે- મૂડીપતિની માલિકી; ખાનગી માલિકી. મૂડીવાદી વ્યવસ્થામાં ઉત્પાદનનાં સાધનો ઉપર મૂડીની માલિકી હોવાના કારણે ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન પેદા થતા ઉત્પાદનના 'અતિરિક્ત મૂલ્ય' (સરપ્લસ વેલ્યૂ) ઉપર મૂડીની પોતાની આગવી માલિકી બની જાય છે. વાસ્તવમાં ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન આ 'અતિરિક્ત મૂલ્ય' વેતન આધારિત શ્રમ દ્વારા પેદા થતું હોય છે. સાદી રીતે સમજીએ તો, આ 'અતિરિક્ત મૂલ્ય' વેતન કરતાં વધારે શ્રમ દ્વારા પેદા થતું હોય છે. આથી જ કાર્લ માર્ક્સ[6] આ વાસ્તવિકતાને 'શ્રમનું શોષણ' ગણાવે છે. આ 'અતિરિક્ત મૂલ્ય'માંથી જ નવી મૂડી સર્જાતી હોય છે. આ નવી મૂડી અથવા તો મૂડીસંચય નવેસરથી 'અતિરિક્ત મૂલ્ય' પેદા કરે છે. આ રીતે મૂડીવાદી ઉત્પાદન પ્રણાલિ ગતિશીલ મૂડીસંચયના ચક્રને આગળ ધપાવતી રહે છે અને એ પ્રણાલિ સતત વિકસતી રહે છે.

આ પ્રકારની મૂડીવાદી ઉત્પાદન પ્રણાલિ ચોક્કસ પ્રકારના ઉત્પાદનના અને વિતરણના સંબંધોનું નિર્માણ કરે છે. એ સંબધો માત્ર અર્થવ્યવસ્થા પૂરતા સીમિત નથી રહેતા પરંતુ અન્ય તમામ અર્થવ્યવસ્થાઓની જેમ જ આખાયે સમાજના તમામ પ્રકારના





સામાજિક સંબંધોને પ્રભાવિત કરે છે; અને સાથે સાથે સામાજિક સંબંધોની સંરચનાઓમાં મોટેપાયે પરિવર્તનો લાવે છે. તે મુખ્યત્વે સામાજિક સંબંધોને વર્ગીય (વર્ગ આધારિત) સંબંધોમાં પલટી નાંખે છે.

અગાઉ આપણે જોયું એ પ્રમાણે આ ઉત્પાદન પ્રણાલિમાં ઉત્પાદનનાં સાધનો ઉપર મૂડી અથવા મૂડીપતિની માલિકી હોવાથી તે પોતાનાં ઉત્પાદનોનું વિતરણ (મૂડીલક્ષી અને ગ્રાહકલક્ષી બંને પ્રકારના ઉત્પાદનોનું વિતરણ) બજાર આધારિત અર્થતંત્રમાં કરે છે; મતલબ કે, બજારના માધ્યમથી અથવા બજાર મારફતે કરે છે.

આગળ વધતાં પહેલાં આપણે કોઈ પણ 'ઉત્પાદન પ્રણાલિ'નો પ્રકાર નિશ્ચિત કરનાર પાયાના બે માપદંડો ઉપર નજર નાંખી લઈએ.

1.1 કોઈપણ ઉત્પાદન પ્રણાલિ ક્યા સામાજિક સંજોગોમાં અસ્તિત્વમાં આવે છે તેમ જ એ કેવા સામાજિક સંજોગો પેદા કરે છે.

1.2 એ પ્રણાલિમાં ઉત્પાદન માટે કેવી ટેક્નોલોજી અને કેવાં સાધનો ઉપયોગમાં લેવાય છે.

આ બંને માપદંડોના આધારે સ્પષ્ટ છે કે વર્તમાન ઉત્પાદન પ્રણાલિ સામંતી કે સમાજવાદી નથી, પરંતુ મૂડીવાદી છે.

હવે અત્યાર સુધીની ચર્ચામાંથી સ્પષ્ટ થતી મૂડીવાદી ઉત્પાદન પ્રણાલિની મુખ્ય લાક્ષણિકતાઓ અલગ તારવીએ.

**1.** ઉત્પાદન માટેનું રોકાણ અને પેદાશો ઉપર મુખ્યત્વે ખાનગી માલિકી હોય છે. એ ઉત્પાદન માટે જરૂરી કાચોમાલ અને સેવાઓ બજારમાંથી ખરીદે છે.

**2.** તે ઉત્પાદનને વિનિમય તેમજ વિતરણ માટે બજારમાં ફરતું કરે છે. આ પ્રક્રિયાનો મુખ્ય ઉદ્દેશ ઉત્પાદનમાંથી ચોખ્ખો નફો રળવાનો હોય છે.

**3.** ઉત્પાદનનાં સાધનોના માલિકો (મૂડીપતિઓ) સમાજમાં વર્ચસ્વધારી વર્ગ તરીકે ઉપસી આવે છે અને તે વર્ગ શ્રમજીવીઓ - સર્વહારા વર્ગ- દ્વારા પેદા થતાં ઉત્પાદન પ્રક્રિયામાંનાં 'અતિરિક્ત મૂલ્ય' ઉપર મુક્તપણે પોતાની માલિકી મેળવીને તેના દ્વારા પોતાની આવક ઊભી કરે છે, મેળવે છે.

**4.** આ પ્રણાલિમાં મૂડીવાદને નિશ્ચિત કરતી લાક્ષણિકતા એ છે કે તેની ઉત્પાદન પ્રક્રિયા વેતન આધારિત શ્રમ કરનારા સમાજના વિશાળ સમુદાય - શ્રમજીવી અથવા સર્વહારા વર્ગ- ઉપર આધારિત હોય છે. આ સર્વહારા વર્ગ પાસે મૂડી ન હોવાથી તે વેતનના બદલામાં પોતાની શ્રમશક્તિ વેચીને જીવન ગુજારો કરવા મજબૂર હોય છે.

અહીં જરૂરી છે કે, મૂડીવાદી ઉત્પાદન પ્રણાલિની કેટલીક નોંધપાત્ર વિશિષ્ટતાઓ વિશે આપણે એક આછો અંદાજ મેળવીએ. આધુનિકતાનાં પાયાગત મૂલ્યોના સંદર્ભે પણ એ વિશિષ્ટતાઓ સમજવી જરૂરી છે.

- માનવસમાજના ઇતિહાસમાં ડોકિયું કરીશું તો મૂડીવાદી અર્થવ્યવસ્થાના આગમન અગાઉના સામાજિક તબક્કાઓમાં તેમજ અર્થવ્યવસ્થાઓમાં પણ કેટલીક મૂડીવાદી આર્થિક પ્રવૃત્તિઓ મોજૂદ હતી; જેમ કે - વેપારવણજ, ધીરધાર, ભાડાપટ્ટે અપાતી જમીન, નાના પાયાનાં કારખાનાં, ઉત્પાદનો વગેરે. પરંતુ તે અર્થવ્યવસ્થાના સંદર્ભે ગૌણસ્વરૂપની હતી. તે તબક્કાઓમાં સામાજિક દૃષ્ટિએ વર્ચસ્વકારી સ્વરૂપો અને ઉત્પાદન પ્રણાલિઓ મુખ્યત્વે મિલ્કતો આધારિત અર્થવ્યવસ્થાના નિયંત્રણ હેઠળ હતી. એ અર્થવ્યવસ્થાઓમાં વેપારવણજનું સ્થાન અને ભૂમિકા સીમિત હતી.

- મૂડીવાદી ઉત્પાદન પ્રણાલિ તેમજ સમગ્ર મૂડીવાદી અર્થવ્યવસ્થા માટે 'મુક્ત બજાર' અનિવાર્ય જરૂરિયાત છે. જે બજારમાંથી તે ઉત્પાદન માટે જરૂરી કાચોમાલ, વેતન આધારિત શ્રમ, ઉત્પાદનનાં સાધનો વગેરે ખરીદી શકે તેમજ પોતાનાં ઉત્પાદનોનું વિતરણ (વેચાણ) બજાર મારફતે કરી શકે.





'મુક્ત બજાર' હંમેશા ગ્રાહકની જરૂરિયાતો અને ઇચ્છાઓ મુજબ સંચાલિત થતું હોય છે. આવું 'ગ્રાહક સંચાલિત મુક્ત બજાર' બુર્ઝવા (મૂડીવાદી - ભદ્રવર્ગીય) રાજ્યવ્યવસ્થામાં જ સંભવી શકે. સમાજવાદી કે સામ્યવાદી રાજ્યો બજારને 'ઉપયોગ માટેનાં ઉત્પાદનો' કે 'જરૂરિયાત માટેનાં ઉત્પાદનો' પૂરતું જ સીમિત કરી દે છે. એવાં રાજ્યોમાં બજાર 'ગ્રાહક સંચાલિત' નથી રહેતું. તે ઉત્પાદનો માટે જરૂરી સંચાલક પરિબળ બની જાય છે.

- નિષ્ણાતોના મત પ્રમાણે મૂડીવાદી ઉત્પાદન પ્રણાલિ અલગ અલગ રાજનૈતિક વ્યવસ્થાઓમાં પોતાનું અસ્તિત્વ જમાવી શકે છે, ટકાવી શકે છે, વિકસાવી શકે છે. જેમ કે - ઉદારમતવાદી પ્રજાતંત્ર, બુર્ઝવા સમાજવાદી પ્રજાતંત્ર, ફાસીવાદી રાજ્ય, સામ્યવાદી રાજ્ય વગેરે. એ જ રીતે આ ઉત્પાદન પ્રણાલિ વૈવિધ્યપૂર્ણ સામાજિક સંરચનાઓ વચ્ચે પણ ટકી શકે છે. જેમ કે- આદિવાસી સમાજ, જ્ઞાતિ આધારિત સમાજ, કૃષિ આધારિત સમાજ, શહેરી ઔદ્યોગિક સમાજ, ઉત્તર ઔદ્યોગિક સમાજ વગેરે.

- મૂડીવાદી ઉત્પાદન પ્રણાલિની એક અત્યંત મહત્વપૂર્ણ વિશેષતા એ રહી છે કે, તેણે પોતાના આગમન પહેલાંની તમામ ઉત્પાદન પધ્ધતિઓને મૂડીવાદની આર્થિક તાર્કિકતા સાથે સાંકળીને પુનઃગઠિત અને પુનઃઆકારિત કરી દીધી છે. મૂડીવાદની એ આર્થિક તાર્કિકતા મૂલ્ય સંબંધો દ્વારા વ્યક્ત થાય છે. આ મૂલ્ય સંબંધો રોકાણો અને પેદાશો વચ્ચેનાં મૂલ્ય સંબંધો છે; સરળ રીતે સમજીએ તો એ મૂલ્ય સંબંધો ઉત્પાદન પ્રણાલિમાં વેતન અને શ્રમ સિવાયની બાબતો દ્વારા એટલે કે વેચાણ, કિંમતો, નફો વગેરે દ્વારા વ્યક્ત થાય છે. રોકાણો અને પેદાશો વચ્ચેનાં આ મૂલ્ય સંબંધો સમાજની વ્યાપક વાસ્તવિકતાઓની પાછળની તાર્કિકતાઓને વ્યક્ત નથી કરતાં. આ દૃષ્ટિએ મૂલ્યોના સંદર્ભમાં (સમાજલક્ષી અને જીવનલક્ષી મૂલ્યો) સમાજની તમામ

વાસ્તવિકતાઓને માત્ર ખરીદ, વેચાણ, નફો, વૃધ્ધિ જેવા 'વાણિજ્યના તર્ક'માં સીમિત અને કુંઠિત કરી દે છે. બીજી રીતે કહીએ તો મૂડીસંચય મૂડીવાદી ઉત્પાદનને આર્થિક તાર્કિકતા બક્ષે છે.

- મૂડીવાદી ઉત્પાદન પ્રણાલિને સમગ્ર રીતે જોઈએ તો તે એક તરફ મૂડીસંચય અને અતિરિક્ત મૂલ્યની તાર્કિકતાના આધારે સામંતી તેમજ અગાઉની તમામ ઉત્પાદન પ્રણાલિઓ કરતાં વધુ તાર્કિક અને બહેતર પૂરવાર થાય છે; પરંતુ બીજી તરફ એનો એ જ તર્ક એને, સમાજને જરૂરિયાતલક્ષી માનવીય મૂલ્યો ભણી નહીં, પરંતુ ગ્રાહકલક્ષી બજારૂ મૂલ્યો ભણી દોરી જનારો પૂરવાર થાય છે.

- મૂડીવાદી ઉત્પાદન પ્રણાલિ મૂડીસંચય અને અતિરિક્ત મૂલ્ય પેદા કરનાર શ્રમજીવી (સર્વહારા) વર્ગને વેતનભોગી શ્રમિક તરીકે જ રહેવા મજબૂર બનાવે છે.

આ ઉત્પાદન પ્રણાલિની આ વિશિષ્ટતાઓમાંની હાર્દરૂપ અને એની મૂળગત વિશિષ્ટતાઓને જો આધુનિકતાનાં સમાનતા, સ્વતંત્રતા, ન્યાયપરકતા અને વ્યક્તિકેન્દ્રિતા જેવાં પાયારૂપ મૂલ્યોની દૃષ્ટિએ મૂલવીએ તો આપણા હાથમાં શું આવે છે?

- એ સમગ્ર સમાજને શોષક અને શોષિત, ગરીબ અને અમીર જેવી વર્ગીય સંરચનામાં વિભાજિત કરે છે.

- એ પોતાના મૂડીસંચયના તર્કને આધારે સર્વહારા વર્ગનું આર્થિક, રાજકીય અને સામાજિક શોષણનું ચક્ર અવિરત ચાલુ રાખે છે.

- એ શ્રમજીવીને પોતે કરેલા ઉત્પાદનથી અલિપ્ત (એલિયેનેટ) કરી દે છે. શ્રમજીવીએ કરેલ ઉત્પાદન તેના પોતાના માટે વેતન માટેનું એક સાધન માત્ર બની રહે છે. એના ઉપભોગ કે વપરાશનું સાધન નહીં.





## 2. ઉત્પાદનના સંબંધો અને વિતરણના સંબંધો

વાસ્તવમાં આ બંને પ્રકારના સંબંધો અલગ અલગ છે કે એક જ છે, એ વિશે અર્થશાસ્ત્રના નિષ્ણાતોની વચ્ચે ઘણાં મતમતાંતરો છે. કાર્લ માર્ક્સ[6], ફ્રેડરિક એન્ગલ્સ[7] અને વ્લાદિમીર લેનીન[10] જેવા નિષ્ણાતો માને છે કે, વિતરણના સંબંધો એ ઉત્પાદનના સંબંધોમાંથી ઉદ્‌ભવતા સંબંધો છે; જ્યારે ડેવિડ રિકાર્ડો[3] જેવા નિષ્ણાતો માને છે કે, ઉત્પાદનના સંબંધો કરતાં વિતરણના સંબંધો અલગ છે કેમ કે, ઉત્પાદનની પ્રક્રિયા પૂરી થયા પછી એના વિતરણની પ્રક્રિયા શરૂ થાય છે. આથી એ બંને પ્રકારના સંબંધોને અલગ કરીને સમજવા જોઈએ, એ બંને વિશેનો અભ્યાસ અલગ પાડીને કરવો જોઈએ.

અહીં આપણો હેતુ ઉત્પાદનના સંબંધો અને વિતરણના સંબંધોને મૂડીવાદી અર્થવ્યવસ્થા અને સમાજવ્યવસ્થાના પાયાગત માપદંડ તરીકે સમજવાનો તથા એ સંબંધોના સમગ્ર સમાજ તેમજ સામાજિક સંબંધો ઉપર પડતા પ્રભાવોને સમજવાનો હોવાથી આ મતમતાંતરોની ચર્ચા આ પ્રકરણમાં આગળ ઉપર કરીશું. અત્યારે આપણે શરૂઆત કરીએ 'ઉત્પાદનના સંબંધો'ને સમજવાથી.

### (અ) ઉત્પાદનના સંબંધો એટલે શું?

મૂડીવાદી અર્થવ્યવસ્થાનું વૈજ્ઞાનિક પધ્ધતિથી વિશ્લેષણ કરનાર તેમજ માર્ક્સવાદી (સમાજવાદી-સામ્યવાદી) વિચારધારાના પ્રણેતા કાર્લ માર્ક્સ અને ફ્રેડરિક એન્ગલ્સ મૂડીવાદી ઉત્પાદન સંબંધોની સમજૂતી આ પ્રમાણે આપે છે.

પોતાનું અસ્તિત્વ ટકાવવા તેમજ પોતાનાં જીવન માટે આવશ્યક સાધનોનાં ઉત્પાદન અને પુનઃ ઉત્પાદન માટે વ્યક્તિએ ફરજીયાતપણે જે સામાજિક સંબંધોમાં સંકળાવું પડે છે, એવા તમામ સામાજિક સંબંધોનો સરવાળો એટલે ઉત્પાદન સંબંધો. વ્યક્તિના અસ્તિત્વ માટે જરૂરી સ્થિર અને કાયમી સામાજિક માળખું એવા સામાજિક સંબંધોના સરવાળા વડે જ સાકાર થતું હોવાને કારણે વ્યક્તિએ ફરજીયાતપણે ઉત્પાદનના એ સામાજિક સંબંધોમાં સંડોવાવું પડે છે.

આ બંને વિચારકોના મતે ઉત્પાદનના સામાજિક-આર્થિક સંબંધો વિરોધાભાસી છે અને તે ઉત્પાદનનાં પરિબળોથી પ્રભાવિત થયેલા હોય છે. જેમ કે - મૂડી દ્વારા થતી ઉત્પાદન પ્રક્રિયામાંથી પેદા થતા મૂડીસંચય સાથે અસ્તિત્વમાં આવતો મૂડીપતિનો આગવો સંબંધ; એ જ પ્રક્રિયા દરમિયાન વેતન મેળવતા શ્રમિકનો મૂડીપતિ સાથે અસ્તિત્વમાં આવતો આનુષાંગિક સંબંધ. સરળ શબ્દોમાં કહીએ તો, ઉત્પાદન પ્રક્રિયા દ્વારા પેદા થતા નફા અને નવી મૂડી સાથે મૂડીપતિનો જે આગવો સંબંધ બને છે તે અને ઉત્પાદન દ્વારા એ નફો અને નવી મૂડી પેદા કરનાર શ્રમજીવીનો મૂડીપતિ સાથે જે આનુષાંગિક સંબંધ પેદા થાય છે તે વિરોધાભાસી છે. એવાં સામાજિક-આર્થિક સંબંધો ઉત્પાદનનાં પરિબળો - સમગ્ર મૂડીવાદી વ્યવસ્થા- થી પ્રભાવિત થયેલા હોય છે.

આવા વિરોધાભાસી સંબંધોમાં વ્યક્તિએ મજબૂરીથી પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે જોડાવું પડે છે. એ સંબંધો એની ઇચ્છાથી પર અને એના કાબૂ બહારના હોય છે. ઉપર ઉલ્લેખ કર્યા પ્રમાણે કોઈપણ સ્વરૂપની સમાજવ્યવસ્થામાં ઉત્પાદન સંબંધો તત્કાલિન ઉત્પાદન માટેનાં ભૌતિક પરિબળોના આધારે પેદા થતા હોય છે. એ ઉત્પાદન સંબંધો જ સમાજના પાયા સમાન આર્થિક માળખું તૈયાર કરતા હોય છે. સમાજના પાયા સમાન એટલા માટે કે, એ આર્થિક માળખું જ તે સમયની સમાજ વ્યવસ્થા માટે જરૂરી કાનૂની અને રાજનૈતિક સંરચનાઓ (વ્યવસ્થાઓ) તેમજ સામાજિક, સાંસ્કૃતિક ખ્યાલો, મૂલ્યોનું નિર્માણ કરતું હોય છે અને એ દ્વારા જે તે સમાજવ્યવસ્થાને સાનુકૂળ સામાજિક ચેતનાનું સમાજમાં પ્રભુત્વ પેદા કરતું હોય છે. આ રીતે ઉત્પાદન સંબંધો સમગ્ર સમાજના તમામ પ્રકારના સામાજિક સંબંધોનું કેન્દ્રીભૂત સંચાલક પરિબળ બનતા હોય છે.

ટૂંકમાં, માર્ક્સ અને એન્ગલ્સ પૂરવાર કરે છે કે, જે તે સમયનાં ભૌતિક પરિબળો વ્યક્તિ અને સમાજના ભૌતિક જીવનની પરિસ્થિતિઓ તથા સામાજિક, રાજનૈતિક, બૌદ્ધિક જીવનની સર્વસાધારણ પ્રક્રિયાઓને ઉત્પાદન પ્રણાલિ અને તેના દ્વારા પેદા થતા ઉત્પાદન સંબંધો વડે નિશ્ચિત કરે છે. મતલબ કે-





**''માનવીની પોતાની ચેતના એના અસ્તિત્વને નિશ્ચિત નથી કરતી; પરંતુ માનવીનું સામાજિક અસ્તિત્વ તેની ચેતનાનું સ્વરૂપ નિશ્ચિત કરે છે.''**

આ સિધ્ધાંત ઉપરથી સ્પષ્ટ થાય છે કે, મૂડીવાદી ઉત્પાદન પ્રણાલિ અને ઉત્પાદન સંબંધો પોતાને સાનુકૂળ રાજનૈતિક, સામાજિક, કાનૂની સંરચનાઓ સમાજમાં પેદા કરે છે તેમજ પોતાના હિત માટે ઉપયોગી નીવડે એવી સામાજિક ચેતના અને મૂલ્યોનું સમાજ ઉપર પ્રભુત્વ પેદા કરે છે.

મૂડીવાદી ઉત્પાદન સંબંધો એટલે કેવા સંબંધો અને એ કઈ કઈ રીતે અસ્તિત્વમાં આવતા હોય છે એની ચર્ચા કરતાં પહેલાં વ્યાપક અર્થમાં સામાજિક સંબંધો ઉપર એક ઉડતી નજર નાંખી લઈએ.

## સામાજિક સંબંધો એટલે શું?

સામાન્ય રીતે સામાજિક સંબંધો એટલે -

1. કોઈ એક જૂથ અથવા સમુદાયના સભ્ય હોવાના નાતે વ્યક્તિઓ વચ્ચે અસ્તિત્વમાં આવતો સંબંધ.
2. જૂથ-જૂથ વચ્ચેના સંબંધોને કારણે અસ્તિત્વમાં આવતો સંબંધ.
3. વ્યક્તિ અને જૂથ વચ્ચે સર્જાતો સંબંધ.

અહીં જૂથનો મતલબ પરિવાર, જ્ઞાતિગત જૂથ, વંશીય જૂથ, સંસ્થાગત જૂથ, સામાજિક વર્ગનું જૂથ, લિંગના આધારે બનતું જૂથ, રાષ્ટ્રીયતાના કારણે અસ્તિત્વમાં આવતું જૂથ વગેરે સ્વરૂપોના સંદર્ભમાં કરી શકીએ. ટૂંકમાં, સામાજિક સંબંધો એટલે - કોઈ સર્વસામાન્ય સામાજિક લાક્ષણિકતા વ્યક્ત કરતાં વ્યક્તિઓના જૂથને કારણે અસ્તિત્વમાં આવતા સામાજિક સંબંધો. અને આવાં તમામ જૂથોના સભ્યોને પારસ્પરિક રીતે જોડતા સામાજિક સંબંધોનો સરવાળો એટલે સમાજ.

## ઉત્પાદનના સામાજિક સંબંધો

હવે આપણે ઉત્પાદનના સામાજિક સંબંધો એટલે કેવા સંબંધો અને એ કઇ રીતે પેદા થાય છે એને સમજવાનો પ્રયાસ કરીએ. ઉત્પાદનના સામાજિક સંબંધો એટલે-

1. માલિકી અને નિયંત્રણના સંબંધો. આ પ્રકારના સંબંધો સમાજની ઉત્પાદક મિલ્કતોના આધારે પેદા થતા હોય છે. આવા સંબંધોને ઘણેભાગે કાનૂની સ્વરૂપ પણ આપવામાં આવતું હોય છે.

2. વિધિવત્ રીતે કે અવિધિવત્ સ્વરૂપે આર્થિક ક્ષેત્રે એકત્રિત થતાં લોકો - અહીં લોકોમાં સામાજિક વર્ગોનો સમાવેશ પણ થઇ જાય છે - વચ્ચે સર્જાતો સંબંધ.

3. સહકારી કાર્યને લઇને અસ્તિત્વમાં આવતા પારસ્પરિક સંબંધો. (સહકારી કાર્યોમાં પારિવારિક કાર્યોનો સમાવેશ પણ થઇ જાય છે).

4. વ્યક્તિઓ જે રીતે પોતાના અસ્તિત્વને ઉત્પાદિત અને પુનઃ ઉત્પાદિત કરે છે એના કારણે વિવિધ પ્રકારના લોકો વચ્ચે જે પારસ્પરિકપણે સામાજિક-આર્થિક આધારિતતા પેદા થાય છે એ આધારિતપણાને લઇને પેદા થતાં સંબંધો.

5. અલગ અલગ કામનાં સ્થળો અથવા ઉત્પાદનનાં સ્થળો વચ્ચે અસ્તિત્વમાં આવતા સંબંધો.

આ તમામ રીતે સર્જાતા ઉત્પાદનના સામાજિક સંબંધો ભેગા મળીને અર્થવ્યવસ્થાની સામાજિક સંરચના તૈયાર કરે છે. અને એ અર્થવ્યવસ્થાની સામાજિક સંરચના સમાજની આવકો, ઉત્પાદનો તેમજ મિલ્કતોની વહેંચણી કરવાની પધ્ધતિ નક્કી કરે છે.





સામાન્ય સામાજિક સૂઝ કે બુધ્ધિથી આ પ્રકારના ઉત્પાદનના સામાજિક સંબંધો કોઇને પણ તર્કથી પર અથવા નિરપેક્ષ લાગે; કેમ કે, એ વ્યક્તિની કોઇ સ્વાભાવિક જરૂરિયાતને કારણે નહીં, પરંતુ સામાજિક જરૂરિયાતને કારણે અસ્તિત્વમાં આવતાં હોય છે. ચીજ-વસ્તુ, માલ કે સેવાના વિનિમયને કારણે પેદા થતા હોય છે. એ સંબંધો વ્યક્તિના ખુદના નિયંત્રણની બહારના હોય છે. તે માત્ર ‘એબ્સ્ટ્રેક્ટ’ (જટિલ પ્રક્રિયાના સારાંશરૂપ તર્કની) રીતે જન્મતા હોય છે. ઉત્પાદનના આ સામાજિક સંબંધોને એક ઉદાહરણ દ્વારા સમજવાનો પ્રયાસ કરીએ.

કોઇ વ્યક્તિ જ્યારે બજારમાં કોઇ ચીજ વેચવા કે ખરીદવા જાય છે ત્યારે એને ખબર નથી હોતી કે એ ચીજ કોણે કે કોણે કોણે ઉત્પાદિત કરી છે? એ પેદા કરનારનું જીવન કેવું છે? એના સામાજિક વ્યવહારો કેવા છે? એ જ રીતે એ ચીજ પેદા કરનારને પણ ખરીદનાર કે વેચનાર વિશે કાંઇ ખ્યાલ નથી હોતો. અને આમ છતાં એ વ્યક્તિઓ વચ્ચે ઉત્પાદનનો સામાજિક સંબંધ સર્જાય છે.

સ્પષ્ટ છે - ઉત્પાદનના સામાજિક સંબંધોનું નિયંત્રણ બજારનાં પરિબળો કરે છે. અલબત્ત, બજારનાં પરિબળોના આ રીતે અસ્તિત્વમાં આવતા સામાજિક સંબંધો પાછળના તર્ક વિકૃત છે; કેમ કે, તે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના કે વ્યક્તિ અને પ્રકૃતિ વચ્ચેના સંબંધોને વ્યાપારી સંબંધો, ગ્રાહક -ઉપભોક્તા- ના સંબંધો કે પછી વસ્તુ-વસ્તુ વચ્ચેના વિનિમયના સંબંધો તરીકે વ્યક્ત કરે છે. સામાજિક સંદર્ભે જોઇએ તો, જરૂરિયાતના નહીં, પરંતુ ઉપયોગિતાના આ સંબંધો બજાર કે માલ, વસ્તુ, સેવા પૂરતાં સીમિત ન રહેતાં વ્યક્તિ-વ્યક્તિ, વ્યક્તિ અને જૂથ (સમુદાય), વ્યક્તિ અને સમાજ, વ્યક્તિ અને પ્રકૃતિ વચ્ચેના સંબંધોમાં વ્યક્ત થતા પણ જોવા મળે છે.

મૂડીવાદી અર્થવ્યવસ્થા અને સમાજ વ્યવસ્થામાં ઉત્પાદનના આવા સામાજિક સંબંધો વિકૃતિની ચરમસીમા સુધી પહોંચી શકે છે; કેમ કે, મૂડીવાદી ઉત્પાદન સંબંધો માટે બજારના પરિબળો અત્યંત પ્રભુત્વશાળી અને સર્વોપરિ હોય છે. આવા વિકૃત સામાજિક સંબંધોમાંથી વ્યક્ત થતાં મૂલ્યોને આધુનિકતાનાં પાયાગત

મૂલ્યો સાથે તો દૂર દૂર સુધીનો કોઇ સંબંધ નથી; પરંતુ માનવતાનાં મૂલ્યો સાથે પણ દુશ્મનાવટ છે.

## વિતરણના સામાજિક સંબંધો

ઉત્પાદનના સામાજિક સંબંધોની ચર્ચાની શરૂઆતમાં આપણે ઉલ્લેખ કર્યો એ મુજબ, અભ્યાસુઓમાં ઉત્પાદનના સામાજિક સંબંધો અને વિતરણના સામાજિક સંબંધોને એક જ ગણવા કે અલગ અલગ એ વિશે મતભેદો છે. મુખ્યત્વે મૂડીવાદી અર્થવ્યવસ્થાના હિમાયતીઓ બંનેને અલગ રીતે તપાસવાનો મત ધરાવે છે. એમના માનવા પ્રમાણે ઉત્પાદનની પ્રક્રિયા પૂરી થાય પછી વિતરણની પ્રક્રિયા અલગથી શરૂ થાય છે. અતિરિક્ત મૂલ્ય' અને 'મૂડી સંચય' દ્વારા શ્રમજીવી વર્ગનું શોષણ ઉત્પાદનના સામાજિક સંબંધોમાં થાય છે; જ્યારે વિતરણની પ્રક્રિયામાં બજાર સમાજમાં સૌને સમાન રીતે માલ, વસ્તુ કે સેવાના ઉપભોગ -વપરાશ- ની તક પૂરી પાડે છે તેથી તેમાંથી ઉત્પન્ન થતા સામાજિક સંબંધો શોષણકર્તા નથી, પરંતુ સમાનતાલક્ષી છે.

કાર્લ માર્ક્સ અને લેનિન જેવા સમાજવાદી-સામ્યવાદી અભ્યાસુઓ વિતરણની પ્રક્રિયાને ઉત્પાદનની પ્રક્રિયાથી અલગ નથી માનતા. તેમના મંતવ્ય મુજબ, વિતરણની પ્રક્રિયા એ ઉત્પાદનની પ્રક્રિયા દ્વારા જ નિશ્ચિત થાય છે એથી એ બંને સાથે મળીને ઉત્પાદક અને બિનઉત્પાદક પરિબળો વચ્ચે (મૂડીપતિ અને સર્વહારા વર્ગ વચ્ચે) શોષણની તેમજ અસમાનતાની વાસ્તવિકતાઓ પેદા કરે છે.

પોતાના આ સિધ્ધાંતને પૂરવાર કરવા કાર્લ માર્ક્સ અનેક દલીલો આપે છે. એમની એક મહત્વની અને વ્યાપક દલીલ આ પ્રમાણે છે.

મૂડીવાદી ઉત્પાદન પ્રણાલિમાં ઉત્પાદનની ભૌતિક પરિસ્થિતિઓ ઉપર બિનકામદાર - એટલે કે, મૂડી અને જમીનના માલિકો (મૂડીપતિઓ)નો કાબૂ હોય છે; જ્યારે કામદારો (સમાજનો વિશાળ સર્વહારા સમૂહ) પાસે માત્ર પોતાની 'શ્રમશક્તિ'





ઉપર જ માલિકી કે કાબૂ હોય છે. આથી ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન 'અતિરિક્ત મૂલ્ય' અને 'મૂડીસંચય' ઉપર માલિકી ધરાવતા બિનકામદાર વર્ગ પાસે ઉત્પાદનોના વિતરણ સમયે ઉત્પાદનોનો ઉપભોગ કે વપરાશ કરવાની વધારે તકો હોય છે. સમાજના વ્યાપક ફલક ઉપર નજર ઘૂમાવીએ તો મૂડીદાર વર્ગ મોટાભાગનાં ઉત્પાદનોનો ઉપભોગ કરે છે અને સર્વહારા વર્ગ પાસે ઉપભોગનું સામર્થ્ય અત્યંત મર્યાદિત હોવાથી બજારમાં ઉપભોગની સમાન તક હોવા છતાં એ વર્ગ ખૂબ જ ઓછાં ઉત્પાદનોનો વપરાશ કરી શકે છે. આનો અર્થ એ થાય કે, ઉત્પાદન પ્રણાલિ જ વિતરણ પ્રણાલિ નિશ્ચિત કરે છે. આથી ઉત્પાદન પ્રણાલિ ઉત્પાદનોના વિતરણમાં શોષણ અને અસમાનતાનું નિર્માણ કરે છે.

માર્ક્સ આ દલીલને બીજી રીતે મૂકતાં પૂછે છે કે, જો ઉત્પાદન પ્રણાલિ સહકારી સ્વરૂપની હોય તો? તો સ્વાભાવિત રીતે જ ઉત્પાદનનાં સાધનો ઉપરની માલિકી પણ સહકારીસ્વરૂપમાં હોય. આથી 'અતિરિક્ત મૂલ્ય' અને 'મૂડીસંચય' ઉપરની માલિકી પણ સહકારી સ્વરૂપની જ હોય. આથી સહકારી ઉત્પાદક-કામદારનું ઉત્પાદનોના ઉપભોગનું સામર્થ્ય કે ક્ષમતા પણ વધુ હોય. આથી વિતરણ પ્રક્રિયા દરમિયાન પણ એ વિશાળ સર્વહારા વર્ગને વપરાશની વધુ તકો મળે અને એ ઉત્પાદનોનો ઉપભોગ વધારે કરી શકે.

### સમાપન

લગભગ પંદરમી સદીથી શરૂ થયેલ મૂડીવાદી અર્થવ્યવસ્થા આજે એકવીસમી સદી સુધીમાં અત્યંત જટિલ અને સંકુલ આર્થિક, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક વ્યવસ્થાઓ વિશ્વભરમાં પેદા કરી ચૂકી છે. આ તમામ સદીઓ દરમિયાન અભ્યાસુઓ, નિષ્ણાતો માનવ સમાજ ઉપરના તેના પ્રભાવો વિશે તરફેણ કે વિરૂધ્ધમાં સતત દલીલો, અભ્યાસો કરતા રહ્યા છે. પરંતુ એ અર્થવ્યવસ્થાના હાર્દરૂપ ઉત્પાદન પ્રણાલિ અને ઉત્પાદનના અને વિતરણના સામાજિક સંબંધોનું પરિણામ આજે વિશ્વભરના સમાજો ઉપર કેવું દેખાય છે? આટલી સદીઓની મજલ દરમિયાન એણે દુનિયાભરનાં સમાજોની સામાજિક

સંરચનાઓ ઉપર કેવાં પ્રભાવો પાડેલા દેખાય છે? એણે રાષ્ટ્રો-રાષ્ટ્રો વચ્ચેના સંબંધો ઉપર કેવા પ્રભાવો પાડ્યા છે? આધુનિકતાનાં પાયાગત મૂલ્યોના આધારે આપણે આજે લગભગ વૈશ્વિક બની ચૂકેલ મૂડીવાદી વ્યવસ્થાને કેવી રીતે મૂલવીશું? વાસ્તવમાં એને આધુનિકતાના મૂલ્યો સાથે વધારે નિસ્બત છે કે બજાર અને મૂડી કેન્દ્રિત મૂલ્યો સાથે? મૂડી કે બજારનાં મૂલ્યો આધુનિકતાનાં વ્યાપક સમાજ અને રાષ્ટ્ર તથા વિશ્વને લગતાં સમાનતા, સ્વતંત્રતા, ન્યાયપરકતા, વ્યક્તિકેન્દ્રિતા જેવાં પાયાગત મૂલ્યો સાથે તાલમેલ સાધી શકે?

---





**પ્રકરણ-3**

# મૂડીવાદી સંસ્થાનવાદ

## ભૂમિકા

મૂડીવાદનો ખ્યાલ માનવીના ચિત્તમાં માનવસંસ્કૃતિના વિકાસના એક એવા રસપ્રદ તબક્કામાં આવ્યો, જ્યારે માનવસમાજ પોતાનાં અસ્તિત્વ અને ઉત્ક્રાંતિની હજારો વર્ષની સફર સફળતાપૂર્વક પાર કરીને, આધુનિકતાના પરોઢ સમા જ્ઞાનપ્રકાશ યુગના આછા અજવાસ સુધી અને આધુનિક વિજ્ઞાનના ભળભાંખળા પ્રકાશ સુધી લગભગ આવી ચૂક્યો હતો. આવનારી સદીઓ સુધી આધુનિકતા માનવીને અને માનવસમાજને સાર્થક સંસ્કૃતિના નવા પડાવ ભણી લઇ જવાની હતી અને આધુનિક વિજ્ઞાન માનવીને અને માનવસમાજને પ્રકૃતિ અને સંસ્કૃતિ વચ્ચેના સુમેળભર્યા પડાવ સુધી. માનવ સંસ્કૃતિ અને માનવ સમાજના વિકાસના એ તબક્કે મૂડીવાદનો ખ્યાલ માનવચિત્ત માટે સ્વાભાવિક હતો; કેમ કે—એ તત્કાલિન સમયે સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, ન્યાય અને વ્યક્તિકેન્દ્રિતા જેવાં આધુનિકતાનાં પાયાગત મૂલ્યો-ખ્યાલોનું વહન કરવા સક્ષમ હતો અને પ્રકૃતિના નિયમો શોધી તેના વડે માનવજીવનને ઉન્નત તેમજ સમૃધ્ધ બનાવવા માટે પણ વાહક બની શકવા સમર્થ હતો. અબલત્ત, પોતાને અસ્તિત્વ મળ્યાં પછી થોડાં જ ડગ આગળ માંડતાંની સાથે જ એણે જે દિશા પકડી એ દિશાએ સંસ્કૃતિ અને પ્રકૃતિ બંનેને ચોંકાવી દીધાં. એણે એ બંનેના બેફામ દોહનની દિશા પકડી. મૂડીવાદે સંસ્થાનવાદ

તરફની દિશા પકડી. જે સંસ્થાનવાદે આવનારી પાંચ જ સદી દરમિયાન સંસ્કૃતિને વિકૃતિઓથી ખરડી દીધી અને પ્રકૃતિને પાયામલ કરી મૂકી.

મૂડીની સંસ્થાનવાદ તરફની ગતિને વિગતે સમજતાં પહેલાં આપણે સંસ્થાનના અર્થ ઉપર એક નજર નાંખી લઈએ. સંસ્થાન (Colony) એટલે આર્થિક અને રાજનૈતિક રીતે પરાધીન પ્રદેશ અથવા દેશ. સંસ્થાન એટલે વતનથી દૂરની વસાહત. સંસ્થાનવાદ એટલે ઉપનિવેશવાદ અથવા કોલોનાઈઝેશન (Colonization). પોતાના વતનથી દૂરના પ્રદેશ અથવા દેશને પોતાની માલિકીની વસાહતમાં તબદિલ કરવો. આપણા માટે મહત્વનો સવાલ એ છે કે, મૂડીવાદને શા માટે સંસ્થાનવાદ અપનાવવાની જરૂર પડી?

સ્વાભાવિક જવાબ છે- મૂડીવાદને તાર્કિકતા આપનાર તર્ક; મૂડીસંચય અને અતિરિક્ત મૂલ્ય. જો આ બંનેની સહમોજૂદગી ન હોય તો મૂડીવાદ મૃતપ્રાયઃ બની જાય. આથી પોતાનું અસ્તિત્વ ટકાવવા એણે સતત 'અતિરિક્ત મૂલ્ય' પેદા કરવા અને સતત 'મૂડીસંચય'ની પ્રક્રિયા ચાલુ રાખવા માટે એણે પોતાના જન્મસ્થળ યૂરોપ સિવાયની બાકીની દુનિયાને પોતાનાં સંસ્થાનો બનાવવાની દિશા પકડી. યૂરોપ સિવાયની મોટાભાગની દુનિયા પ્રાકૃતિક સંપત્તિ (કાચો માલ) અને માનવ સંસ્કૃતિની દૃષ્ટિએ લગભગ વણખેડાયેલી અથવા અર્ધ ખેડાયેલી હતી. અમેરિકા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ જેવાં ભૂખંડો આદિમ અવસ્થામાં હતા, આફ્રિકા બર્બર અવસ્થામાં અને એશિયા મોટાભાગે સામંતી અવસ્થામાં. મૂડીવાદનને વિકસાવવા માટે સ્વાભાવિક રીતે જ યૂરોપે આ તમામ ભૂખંડો ભણી દોટ કાઢી અને એમને પોતાનાં સંસ્થાનોમાં તબદિલ કરવા માંડ્યા. અહીં આપણે નોંધવું જોઈએ કે, સંસ્થાનવાદ તરફની મૂડીની દોટના કારણે અમેરિકા, ઑસ્ટ્રેલિયા જેવાં અત્યંત વિશાળ ભૂખંડો સૌ પ્રથમવાર પૃથ્વીના નકશામાં દૃષ્યમાન થયા.

અલગ અલગ ભૂખંડોની સાંસ્કૃતિક જમીન અલગ અલગ હોવાના કારણે મૂડીવાદે તે સૌને પોતાનાં સંસ્થાન બનાવવા અલગ અલગ રણનીતિઓ અપનાવી. અલબત્ત, સાંસ્થાનિકરણ (Colonization) માટેનાં તેનાં માધ્યમો વત્તા ઓછા અંશે સમાન રહ્યાં અને તેની પ્રક્રિયાઓ પણ નાના-મોટા ફેરફારો સાથે મૂડીવાદના તર્કને સુસંગત





રહી. અહીં ભૂમિકામાં અંતે એટલું જ નોંધવાનું કે, મૂડીવાદના વિકાસ કે મૂડીના આધુનિકીકરણ માટે સંસ્થાનવાદ એક હરણફાળ હતી.

## 1. સંસ્થાનવાદ માટે મૂડીવાદનાં માધ્યમો

સમગ્ર વિશ્વમાં પોતાનાં સંસ્થાનો સ્થાપવા માટે મૂડીવાદે ત્રણ મુખ્ય માધ્યમોને એકસાથે કાર્યરત કર્યાં.

- **1.1** વ્યવસાયિક કંપનીઓ – નિગમો (Trading Companies – Corporations)
- **1.2** વ્યાપારી પેઢીઓ – માલિકો (The Propritetor)
- **1.3** ધાર્મિક મંડળો (Religious Congregation)

## 1.1 વ્યાવસાયિક કંપનીઓ

કંપની અથવા નિગમ એટલે સાર્વજનિક અને સામૂહિક મૂડીરોકાણ વડે અસ્તિત્વમાં આવતું વ્યાવસાયિક એકમ. જેનો મુખ્ય હેતુ – ઉત્પાદનો અને વ્યાપાર તથા બજાર વિકસાવવાનો હોય છે. મૂડીવાદને તે સમયે પૃથ્વીના અજાણ્યાં અને દૂર-સુદૂરના પ્રદેશોની ખોજ માટે, ત્યાં સ્થાયી થવા માટે, ઉત્પાદનો તથા વ્યવસાય વિકસાવવા માટે ખૂબ મોટા પ્રમાણમાં નાણાં (મૂડી) ની જરૂર હતી. આથી મૂડીવાદી યૂરોપમાં વ્યાવસાયિકો, વ્યાપારીઓ, અધિકારીઓ વગેરે સમૃધ્ધકુળનાં લોકોએ સાથે મળીને મોટા પ્રમાણમાં મૂડી એકઠી કરીને કંપનીઓ ઊભી કરવા માંડી. આ કંપનીઓએ રાજાનો પરવાનો મેળવી દરિયાઈ માર્ગે દુનિયામાં નવા નવા પ્રદેશોની ખોજ આરંભી.

એમાંની કેટલીક કંપનીઓ સૌ પ્રથમ ઉત્તર અને દક્ષિણ અમેરિકાના અલગ અલગ પ્રદેશો સુધી પહોંચી. ત્યાં તેમણે માછીમારી, પશુપાલન અને મોટાપાયે ખેતીથી વ્યવસાયોની, ઉત્પાદનોની શરૂઆત કરી. આ કંપનીઓને રાજાઓએ તેમણે શોધેલા પ્રદેશોમાં ઉત્પાદનો અને વ્યાપાર વિકસાવવાની સાથે સાથે ત્યાં તેમની વસાહતો વસાવવાની અને તેમનાં સંચાલન માટે સરકારો બનાવવાની પરવાનગીઓ પણ આપી હતી. આ રીતે સંસ્થાનોમાં ઉત્પાદનો, વ્યવસાયની

સાથે સાથે 'કંપનીરાજ' પણ શરૂ થયું. મોટી વસાહતોના સંચાલન માટે કંપનીઓ તરફથી ગવર્નરો નીમાવા માંડ્યાં. કંપનીઓના રાજના સંરક્ષણ માટે તેમજ તેના વિસ્તાર માટે જે તે રાજનું લશ્કર પણ વહારે આવવા માંડ્યું. આ રીતે જોતાં 'કંપનીરાજ' ઉપર અંતિમ સત્તા જે તે રાજાની રહેતી.

આ કંપનીઓએ પોતાનાં ઉત્પાદનો અને વ્યવસાયોને ઝડપથી વિકસાવવા માટે સંસ્થાનોની સ્થાનિક પ્રજાઓને ગુલામ બનાવી, તેમની પાસે કાળી મજૂરી કરાવવા માંડી.

## 1.2 વ્યાપારી પેઢીઓ – માલિકો

મોટા ગજાના વ્યાપારીઓ અને તેમની ભાગીદારી પેઢીઓને રાજાઓએ કંપનીઓ દ્વારા સ્થાપિત સંસ્થાનોમાં અને અન્યત્ર પોતાની વ્યાપારી પેઢીઓ શરૂ કરવાના પરવાના પણ આપ્યા હતા. આ પેઢીઓ માલ-સામાનની સાથે સાથે યૂરોપ-આફ્રિકાથી ગુલામો, મજૂરો લાવીને કંપનીઓને પૂરાં પાડવાનો એટલે કે, ગુલામોના ખરીદ-વેચાણનો ધંધો પણ કરતી હતી. એ પેઢીઓ શિક્ષિત કારકૂનોને તથા કુશળ કારીગરોને યૂરોપથી લાવી કંપનીઓમાં વેચવાનો વેપાર પણ કરતી. આ ઉપરાંત એ પેઢીઓ વસાહતોમાં જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ઓજારો વગેરેનો વેપાર પણ કરતી. આમ સમગ્ર દૃષ્ટિએ જોતાં, આ વ્યાપારી પેઢીઓએ કંપનીઓ અને વસાહતોને વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરેલ. કેટલીક માતબર પેઢીઓએ તો આગળ જતાં પોતાનાં આગવાં સંસ્થાનો પણ ખડાં કર્યાં હતા.

## 1.3 ધાર્મિક મંડળો

મૂડીના સાંસ્થાનિકરણના પ્રારંભકાળે, પંદરમી સદીમાં યૂરોપમાં ખ્રિસ્તી ધર્મનાં અલગ અલગ મંડળોનું વર્ચસ્વ હતું. આ મંડળોએ અલગ અલગ સંસ્થાનોમાં ધર્મ પ્રચાર-પ્રસાર માટે તેમજ વસાહતોના સામાજિક-સાંસ્કૃતિક રીતરિવાજો તથા મૂલ્યોનાં સંવર્ધન માટે પોતાનાં પાદરીઓ તથા સાધ્વીઓને મોકલવા માંડ્યા હતાં. સંસ્થાનોની સ્થાનિક પ્રજાઓ ઉપરાંત ગુલામો તરીકે ત્યાં લવાતી પ્રજાઓને પણ તેમણે ખ્રિસ્તીસંસ્કારો આપવાની પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. આમ આ મંડળોના





માધ્યમથી સંસ્થાનોમાં સામાજીકરણની આધુનિક પ્રક્રિયાઓનાં બીજ વવાવાં શરૂ થયાં. વસાહતોમાં આધુનિક શિક્ષણ તેમજ આરોગ્યની સેવાઓ પણ મુખ્યત્વે આ મંડળોએ શરૂ કરી.

આમ દેખીતી રીતે મૂડીના સાંસ્થાનિકરણની પ્રક્રિયામાં ધાર્મિક મંડળોએ કોઇ આર્થિક ભૂમિકા નહોતી અદા કરી, પરંતુ સંસ્થાનોના સ્થાયીકરણમાં તેમની સામાજિક-સાંસ્કૃતિક ભૂમિકા પાયારૂપ પૂરવાર થઇ હતી.

મૂડીના સાંસ્થાનિકરણની પ્રક્રિયા દરમિયાન અમેરિકા, ઓસ્ટ્રેલિયા જેવાં ભૂખંડોમાં તો આ ત્રણેય માધ્યમોએ અસરકારક અને પરિણામલક્ષી ભૂમિકાઓ ભજવી. જ્યારે ભારત અને પૂર્વ એશિયાનાં સંસ્થાનોમાં વ્યાવસાયિક કંપનીઓએ ચાવીરૂપ ભૂમિકા અદા કરી અને પેઢીઓ તથા ધાર્મિક મંડળોએ અત્યંત સીમિત; કેમ કે — અહીં સ્થાનિક ધર્મો મૂળિયાં જમાવી ચૂકેલ હતા અને સામંતી વ્યવસ્થા વિકસી ચૂકી હોવાને કારણે સ્થાનિક બજારો પણ વિકસીત અવસ્થામાં હતાં. વળી અહીં કુદરતી સંપત્તિ અને સસ્તો શ્રમ આસાનીથી ઉપલબ્ધ હોવાના કારણે ગુલામોની બિલકુલ જરૂરત ન હતી.

# 2. મૂડીના સંસ્થાનવાદ માટે સ્થળાંતરની પ્રક્રિયાઓ

મૂડીવાદના વિકાસ માટે સ્થળાંતર એક મહત્વપૂર્ણ જરૂરિયાત હોય છે. એમાંયે હાલ તો આપણે મૂડીના સાંસ્થાનિકરણની ચર્ચા કરીએ છીએ. એ તબક્કામાં તો મોટે પાયે મૂડી, માલ, યંત્રો અને માનવીઓનું સ્થળાંતર અનિવાર્ય હતું. તે સમયે માનવીઓના સ્થળાંતરોમાં મૂડીપતિઓ તેમજ શ્રમિકો, કારકૂનો, કારીગરો, સ્વતંત્ર વ્યાવસાયિકો(વકીલો, ડોક્ટરો, શિક્ષકો વગેરે)નું મોટાપાયે સંસ્થાનોમાં સ્થળાંતર થવું જરૂરી હતું. સંસ્થાનો બનાવવાની પ્રારંભિક પ્રક્રિયાઓ દરમિયાન તેમજ તેમના સ્થાયીકરણ, વિસ્તારીકરણ તથા વિકાસ માટે યૂરોપ, આફ્રિકામાંથી મોટેપાયે સ્થળાંતરની શરૂઆત થઇ. આ જથ્થાબંધ લોકોનાં સ્થળાંતરો મરજીયાતપણે તથા ફરજીયાતપણે અને બળજબરીપૂર્વક પણ થયાં. આ સ્થળાંતરો માટે મુખ્યત્વે ચાર પ્રકારની પ્રક્રિયાઓ અપનાવાઇ.

## 2.1 સ્વખર્ચે સ્થળાંતર

સ્વાભાવિક રીતે જ મૂડીના સાંસ્થાનિકરણ માટે શરૂઆતમાં મૂડીપતિઓનું સંસ્થાનો શોધવા, ત્યાં સ્થાયી થવા, વ્યવસાયો વિકસાવવા સ્થળાંતરિત થવું જરૂરી હતું. મૂડીપતિઓનું એ સ્થળાંતર સ્વમરજીથી અને સ્વખર્ચે થતું હતું. આમ મૂડીપતિઓ ઉપરાંત કેટલાંક સમૃધ્ધ ખેડૂતો, કારીગરો, શિક્ષિત વ્યાવસાયિકોએ પણ એ જ રીતે યૂરોપમાંથી સંસ્થાનોમાં સ્થળાંતર શરૂ કર્યું હતું.

## 2.2 કરારબધ્ધ નોકરો

ઘણાં મધ્યમવર્ગી, ગરીબ યૂરોપવાસીઓને સંસ્થાનોમાં જઇને સમૃધ્ધ થવું હતું, પરંતુ તેમની પાસે મુસાફરી માટે જરૂરી નાણાં નહોતાં. આવાં સ્વમરજીથી સ્થળાંતરિત થવા માંગતા જરૂરતમંદ લોકો માટે જહાજમાલિકો, ધનવાનો અને વ્યાપારી પેઢીઓએ એક યોજના અમલમાં મૂકી હતી. એ યોજનાનું નામ હતું 'કરારબધ્ધ નોકરી'. જરૂરતમંદ સ્થળાંતર ઇચ્છુકો પાસેથી તેઓ એક કરાર ઉપર સહી મેળવતા અને બદલામાં તેમના સ્થળાંતર માટેનો ખર્ચ ઉઠાવતા. આ કરાર મુજબ સ્થળાંતરિતોએ સંસ્થાનમાં પહોંચીને કરાર કરાવનારને ત્યાં અથવા એ કહે ત્યાં ફરજીયાત નિશ્ચિત મુદત માટે નોકરી કે શ્રમ કરવો પડતો. સામાન્ય રીતે આ શ્રમની મુદત પાંચથી સાત વર્ષની રહેતી. આવાં શ્રમિકોએ ખેતરોમાં, ઘરોમાં કે નાનાં કારખાનાં, પેઢીઓમાં ફરજીયાત નોકર તરીકે રહેવું પડતું.

સ્વાભાવિકપણે જ આવાં નોકરો ગોરા લોકો હતા, યૂરોપવાસીઓ હતા. સંસ્થાનોમાં નોકરો-શ્રમિકો તરીકે એમની સ્થિતિ સામંતી વેઠિયાઓ અને સંસ્થાનોમાંનાં ગુલામો કરતાં થોડી જ અલગ હતી. કરારનાં બંધનોને કારણે તેઓ સંસ્થાનોમાં પોતાની કોઇ મિલ્કતો ઊભી નહોતા કરી શકતા. સંસ્થાનોમાં વસતાં મુક્ત યૂરોપવાસીઓ કરતાં તેમને માટેના કાનૂનો વધારે સખ્ત રહેતા. સમાન ગુનાસર તેમને મુક્ત નિવાસીઓ કરતાં બેવડી સજા થતી. બેવડી સજા ઉપરાંત ગુના બદલ તેમની નોકરીની મુદત પણ વધી જતી. તેમના દૈનિકજીવન અને મુક્ત હેરફેર ઉપર પણ અનેક પ્રકારનાં પ્રતિબંધો-બંધનો રહેતાં. તેઓ માલિકની પરવાનગી વિના લગ્ન





પણ નહોતા કરી શકતા.

યૂરોપના અનેક પ્રદેશમાંથી આ રીતે 'કરારબધ્ધ નોકરો' તરીકે લાખો લોકો સંસ્થાનોમાં જઇને વસેલાં. તેમાંનાં ખૂબ થોડાં 'કરાર' પૂરો થયા પછી સ્વતંત્ર વેપારીઓ, કારીગરો તરીકે વસાહતોમાં સ્થાયી થઇને સમૃધ્ધ થઇ શકેલા. કેટલાંક તો કરારની મુદત પૂરી થતાં પહેલાં અતિશય શ્રમ, રોગચાળો, સખ્ત સજાઓને કારણે મોતને શરણ થઇ ગયેલા. એ તમામ અવરોધો વચ્ચે જીવતા બચી ગયેલા મોટાભાગના કારીગરો, શ્રમિકો સંસ્થાનોમાં દારૂણ ગરીબીમાં જ સબડતાં રહેલાં.

આ રીતે સ્વમરજીથી સંસ્થાનોમાં સમૃધ્ધ થવાનું સ્વપ્નું લઇને જનારાં યૂરોપવાસીઓમાંથી ખૂબ થોડાં સ્વપ્નું સાકાર કરી શકેલાં. મૂડીના સંસ્થાનવાદની આ પણ એક તાસીર હતી, જેને આધુનિકતાના માપદંડોથી મૂલવવી જરૂરી છે.

## 2.3 ફરજીયાત અને બળજબરીપૂર્વકનું સ્થળાંતર

આ પ્રકારનાં સ્થળાંતરો મુખ્યત્વે ત્રણ રીતે થતાં હતાં.

1. અપહરણો દ્વારા
2. સજા સ્વરૂપે
3. ગુલામ બનાવીને.

### 1. અપહરણો દ્વારા સ્થળાંતર

માની ના શકાય એવી વાત છે, પરંતુ સંસ્થાનો બનાવીને સમૃધ્ધ થવાની ઘેલછામાં યૂરોપમાં આ એક મોટાપાયાની હકીકત હતી. સંસ્થાનો બનાવનાર ઘણી કંપનીઓ, પેઢીઓ, મોટી સંખ્યામાં બાળકો, મહિલાઓ તેમ જ સુથાર, લુહાર, વણકર વગેરે કુશળ કારીગરોનું યૂરોપમાંથી અપહરણ કરી-કરાવી સંસ્થાનોમાં 'કરારબધ્ધ નોકરો' તરીકે વેચી દેતી અથવા પોતાની પેઢી, કંપનીમાં કામે લગાડી દેતી. એ સૌ પાસે કમરતોડ શ્રમ કરાવાતો. સામાન્ય રીતે 'કરારબધ્ધ નોકરો' હોવાથી પાંચ-સાત વર્ષ પછી તેમને જો જીવતાં હોય તો મુક્ત કરાતાં, તેમના ઉપર પણ સંસ્થાનોમાં 'કરારબધ્ધ નોકરો' જેવા જ કાનૂનો અને સજાઓ લાગુ પડતાં. મુક્ત

થયા પછી પણ કુશળ કારીગરોની લગભગ એવી જ હાલત થતી જે 'કરારબધ્ધ નોકરો'ની થતી. બાળકો તથા મહિલાઓની જીંદગી તો ત્યાં નર્કાગાર સમી બની જતી.

## 2. સજાસ્વરૂપે સ્થળાંતર

તે સમયના યૂરોપના ઘણા પ્રદેશોમાં એ પ્રકારના કાનૂનો અમલમાં હતા, જેના અન્વયે નાના-મોટા ગુનાના ગુનેગારો તેમજ 'રાજનૈતિક કેદીઓ'ને સંસ્થાનોની વસાહતોમાં મજૂરી માટે સજાસ્વરૂપે સ્થળાંતરિત કરી દેવાતાં. પંદરમી, સોળમી, સત્તરમી સદીઓ દરમિયાન સંસ્થાનોમાં આ રીતે સ્થળાંતરિત કરાયેલ કેદીઓની સંખ્યા લાખોમાં હતી.

## 3. ગુલામ બનાવીને સ્થળાંતર

મૂડીના સાંસ્થાનિકરણની પ્રક્રિયા દરમિયાન માનવ સમાજમાં અસ્તિત્વ ધરાવતી સદીઓ પુરાણી ગુલામીની પ્રથા સત્તરમી, અઢારમી સદી દરમિયાન પુનઃજીવિત કરાઇ. મુખ્યત્વે સંસ્થાનોમાંની પેઢીઓ અને તેમનાં દલાલોએ આ સદીઓ દરમિયાન આફ્રિકાનાં લાખો હબસી લોકોને ગુલામ બનાવી સંસ્થાનોમાં ગુલામો તરીકે વેચવાનો કાળો ધંધો ચલાવ્યો હતો. આ ગુલામોમાં પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો સૌનો સમાવેશ થતો હતો. આ ગુલામોની રીતસર હરાજી થતી, તેમની મંડીઓ મંડાતી.

આ ગુલામોને સંસ્થાનોમાં કોઇ જ અધિકારો નહોતા. તેમની પાસે દિન-રાત મજૂરી કરાવાતી. તેમને જીવતા રહેવા પૂરતો જ ખોરાક અપાતો, તેમને સેંકડોની સંખ્યામાં ઢોરોની માફક અંધારી ઓરડીઓમાં ઠાંસી ઠાંસીને રખાતાં. તેમને મૃત્યુ જ ગુલામીમાંથી મુક્ત કરાવી શકતું.

આ ઘૃણાસ્પદ, અમાનવીય શોષણની પ્રક્રિયા અમેરિકામાં તો એટલા મોટા પ્રમાણમાં ચાલી હતી કે, ઘણાં સંસ્થાનોમાં ગોરા લોકો કરતાં હબસી ગુલામોની વસ્તી ઘણી વધારે થઇ ચૂકી હતી. કેટલાંક સંસ્થાનોમાં તો ગુલામોની વસ્તી કુલ





વસ્તીના લગભગ બે તૃતિયાંશ ભાગની થઇ ગઇ હતી.

આ ગુલામોની સંખ્યા સંબંધે એક નોંધપાત્ર હકીકત ધ્યાનમાં લેવા જેવી છે. કેટલાંક સંસ્થાનોના ગવર્નરોએ પોતાની સરકારો કે રાજાઓ આગળ રીતસર ભય વ્યક્ત કર્યો હતો કે, જો આ હબસી ગુલામો બળવો કરશે તો આપણી વસાહતો ખતમ થઇ જશે. પરંતુ 'અતિરિક્ત મૂલ્ય' અને 'મૂડીસંચય'ના મૂડીવાદી તર્કની આગળ ઝૂકી ગયેલી અને સંસ્થાનોનાં શોષણ અને પોતાની સમૃધ્ધિની લાલચમાં મસ્ત સરકારોએ આ શોષણકારી વાસ્તવિકતાને અટકાવવા કશું જ ન કર્યું. આ 'ગુલામી પ્રથા'નો અંત તો અમેરિકાની સ્વતંત્રતા પછી પણ દાયકાઓ બાદ લવાયો.

મૂડીના સંસ્થાનવાદને વિકસાવવાની અને મૂડીવાદી સમૃધ્ધિની પાછળ આ હતી – શોષણની પ્રક્રિયાઓ. યૂરોપ દ્વારા સંસ્થાનવાદની આ પ્રક્રિયાઓ પંદરમી સદીથી શરૂ કરીને વીસમી સદી સુધી ચાલતી રહી. જેણે હજારો વર્ષ પુરાણા વિશ્વનો આર્થિક અને ભૌગોલિક નકશો જ માત્ર નહીં, સમગ્ર માનવસમાજના ભાવિ વિકાસનો નકશો સંપૂર્ણપણે બદલી નાંખ્યો.

ભૂમિકામાં ઉલ્લેખ કર્યા પ્રમાણે મૂડીના સંસ્થાનવાદનાં આ માધ્યમો અને પ્રક્રિયાઓ તમામ સંસ્થાનોમાં એકસરખી રીતે લાગુ નહોતાં કરાયાં. ભારતનાં સંસ્થાનોના ઇતિહાસોથી આપણે પરિચિત છીએ. ભારતીય ઉપખંડના પ્રદેશો અને પૂર્વ એશિયાના પ્રદેશોમાં યૂરોપમાં મૂડીનો સંસ્થાનવાદ શરૂ થયો ત્યારે સામંતી વ્યવસ્થાઓ રૂઢ થઇ ગયેલી હતી. આથી આ પ્રદેશોમાં મુખ્યત્વે યૂરોપની વ્યાવસાયિક કંપનીઓ અને વ્યાપારી પેઢીઓએ વ્યાપારના માર્ગે અને નિમિત્તે પ્રવેશ શરૂ કર્યો; અને ત્યારબાદ પોતાની મૂડીના જોરે સામ-દામ-દંડ-ભેદની પ્રયુક્તિઓ અજમાવી ક્રમશઃ રાજકીય સત્તાઓ કબજે કરતાં કરતાં ત્યાં પોતાનાં સંસ્થાનો વિકસાવ્યાં. સંસ્થાનવાદની પ્રક્રિયાઓના સંદર્ભે જોઇએ તો પણ આ સંસ્થાનોમાં ફરજીયાત કે બળજબરીપૂર્વકનાં સ્થળાંતરો નહોતાં કરાયાં. વાસ્તવમાં એની જરૂરત જ કંપનીઓ કે પેઢીઓને નહોતી; કેમ કે – આ સંસ્થાનોમાં વિપુલ પ્રમાણમાં માનવશ્રમ મોજૂદ હતો.

આ ઉપરાંત આ સંસ્થાનોમાં અખૂટ કુદરતી સંપત્તિ પણ મોજૂદ હતી. આથી મૂડીવાદે વિકસાવેલાં ઉત્પાદનનાં સાધનો, એમાંયે ખાસ કરીને ઔદ્યોગિક ક્રાંતિને કારણે અસ્તિત્વમાં આવેલ યંત્રોની મદદથી આ સંસ્થાનોનું પણ મોટેપાયે આર્થિક શોષણ કરાયું. આ ઉપરાંત આ સંસ્થાનોમાં સામંતી વ્યવસ્થામાં બજારો પણ વિકસીત થઈ ચૂક્યાં હતાં. એ બજારોમાં પોતાનાં ઉત્પાદનો મારફતે પણ મૂડીના સંસ્થાનવાદે ભરપૂર નફો મેળવ્યો. ત્યાં સુધી કે, વીસમી સદીમાં આ સંસ્થાનો સ્વતંત્ર થયાં પછી પણ દાયકાઓ સુધી યૂરોપ-અમેરિકાનાં ઉત્પાદનોનું એમનાં બજારો ઉપર વર્ચસ્વ રહ્યું.

### સમાપન

કેવી રીતે મૂલવીશું મૂડીના સંસ્થાનવાદ અથવા મૂડીના આધુનિકીકરણની આ પ્રક્રિયાઓને? આધુનિકતાનાં પાયાગત મૂલ્યોનું વાહન બનેલી આ વ્યવસ્થા એ મૂલ્યોને કઇ દિશામાં અને ક્યાં સુધી લઇ ગઇ? પ્રકૃતિ અને શ્રમજીવીઓનું નિર્દયતાપૂર્વકનું શોષણ, તેમના ઉપર અમાનવીય અત્યાચારો માટેની વ્યવસ્થાઓ સર્જનાર મૂડીના સંસ્થાનવાદનો સમગ્ર ઈતિહાસ લોહીતરસ્યો નથી જણાતો? ખેર, મૂડીના સંસ્થાનવાદે જ મૂડીના સામ્રાજ્યને પણ સાકાર કર્યું હતું. જે સામ્રાજ્યવાદ વીસમી સદીમાં પોતાનાં જ આંતર્‌વિરોધોને કારણે ખતમ થયો. એની ચર્ચા હવે આગળનાં પ્રકરણોમાં કરીશું.





**પ્રકરણ-4**

# ઔદ્યોગિક ક્રાંતિ

આધુનિક વિજ્ઞાન અને મૂડીવાદ બંનેનો પ્રારંભ અને વિકાસ લગભગ એકસાથે અને સમાંતરે થતો રહ્યો છે. ચૌદમી-પંદરમી સદીથી શરૂ કરીને આજ સુધી એ ક્રમ યથાવત ચાલુ છે. આધુનિક વિજ્ઞાનનું ધ્યેય અને કાર્ય હતું- પ્રકૃતિના નિયમો શોધવા અને વિકાસ માટેનાં જરૂરી સાધનો, યંત્રો, સેવાઓ, સુવિધાઓ વગેરે ઉપલબ્ધ કરવાવા. બીજી તરફ મૂડીવાદનું ધ્યેય અને કાર્ય એ હતું કે, મૂડીકેન્દ્રી અર્થવ્યવસ્થા વડે નવાં નવાં ઉત્પાદનનાં સાધનો વિકસાવવાં, ઉત્પાદનો વધારવાં જેથી એ માનવસમાજને વધુ સુખ, સગવડ અને સમૃધ્ધિ પૂરી પાડી શકે. નવાં નવાં સાધનો વડે નવી નવી સેવા, સુવિધાઓ પેદા કરી શકે અને મૂડી તથા મૂડીસંચયનું ચક્ર અવિરત ચાલતું રહે.

ઔદ્યોગિક ક્રાંતિ વાસ્તવમાં આધુનિક વિજ્ઞાન અને મૂડીવાદી અર્થવ્યવસ્થાની સંયુક્ત નીપજ હતી. આ ક્રાંતિએ ઉત્પાદનનાં સાધનો અને ઉત્પાદન પ્રક્રિયાઓમાં ક્રાંતિકારી પરિવર્તનો હાંસલ કર્યાં. માત્ર દોઢ-બે સદીમાં એણે સમગ્ર માનવસમાજ અને તેની તમામ વ્યવસ્થાઓમાં આમૂલ પરિવર્તન આણવું શરૂ કર્યું. તેણે માનવચેતનાની સમગ્ર દિશા જ બદલી નાંખી. આ ક્રાંતિએ આધુનિકતાની ચેતનાને પણ વિકસવા માટે નવી નવી દિશાઓ અને ઊર્જા પૂરી પાડી.

## ઔદ્યોગિકીકરણ અને ઔદ્યોગિક ક્રાંતિ

મૂડીવાદના આગમન પાછળનું મુખ્ય કારણ યંત્રોનું આગમન હતું. આધુનિક વિજ્ઞાનના પ્રારંભિક તબક્કામાં જ સાદાં યંત્રો ક્રમશઃ માનવી અને સમાજને ઉદ્યોગો તરફ દોરી જવા માંડ્યાં. અગાઉ ઉલ્લેખ કર્યો એ પ્રમાણે શરૂઆતમાં નાનાં કારખાનાં અસ્તિત્વમાં આવવા માંડ્યાં. ધીમે ધીમે આધુનિક વિજ્ઞાન અને મૂડીવાદના વિકાસની સાથે સાથે યંત્રો વધારે જટિલ બનવા માંડ્યાં. ઉત્પાદન પ્રક્રિયા પણ વધુ જટિલ અને વધુ ઉત્પાદન આપનારી બનવા માંડી. પરિણામે કારખાનાં ઉદ્યોગોનું સ્વરૂપ ધારણ કરવા માંડ્યાં. એક જ પ્રકારની ચીજવસ્તુ અને સેવાના ઉત્પાદન માટે એક કરતાં વધુ યંત્રો ઉપયોગમાં લેવાવા માંડ્યાં. આ હતું ઉદ્યોગોનું આગમન. ઉદ્યોગોને કારણે ઉત્પાદનો વધુ જથ્થામાં, વધુ ગુણવત્તાભર બનવા માંડ્યાં. અને ઉત્પાદનો વધુ ઝડપી પણ બનવા માંડ્યાં. ઉદ્યોગોએ ધીરે ધીરે તમામ પ્રકારની ઉત્પાદન પ્રક્રિયાઓને યંત્રો સાથે સાંકળવા માંડી.

આ તમામના પરિણામે મૂડીવાદ માનવસમાજને લગભગ અઢારમી સદીમાં ઔદ્યોગિક ક્રાંતિ સુધી લઇ ગયો. ઔદ્યોગિક ક્રાંતિના પ્રારંભ સમય વિશે વિદ્વાનોમાં મતમતાંતરો છે, પરંતુ સામાન્ય રીતે અઢારમી અને ઓગણીસમી સદીનો પૂર્વાર્ધ ઔદ્યોગિક ક્રાંતિનો યુગ ગણાય છે. આ ઔદ્યોગિક ક્રાંતિએ માનવીના જીવનમાં અને જીવનસ્તરમાં આમૂલ પરિવર્તનો આણ્યાં. એણે મૂડીવાદ અને સમાજજીવનમાં અકલ્પ્ય વેગ આણ્યો. એણે અર્થવ્યવસ્થાની સાથે સાથે સમાજ વ્યવસ્થાઓમાં અને માનવીની ચેતનામાં અભૂતપૂર્વ પરિવર્તનો સાકાર કરવા માંડ્યાં.

ઔદ્યોગિક ક્રાંતિનો સંબંધ ટેક્નોલોજીકલ વિકાસ સાથે પણ છે. આ ક્રાંતિ દરમિયાન થયેલ મહત્વપૂર્ણ ટેક્નોલોજીકલ વિકાસ ઉપર અહીં આપણે ઉડતી નજર નાંખવી જરૂરી છે, જેથી આપણે ઉત્પાદન પ્રક્રિયાઓ અને સામાજિક વ્યવસ્થાઓમાં આવેલ પરિવર્તનોનો અંદાજ મેળવી શકીએ.





### 1. ટેક્સ્ટાઇલ (કાપડ) ઉદ્યોગ

કપાસમાંથી તૈયાર થતાં કાપડની ઉત્પાદન પ્રક્રિયામાં યંત્રો તેમજ પાણી અથવા વરાળની શક્તિનો ઉપયોગ અસ્તિત્વમાં આવ્યો. પરિણામે એક કામદાર દ્વારા થતું કાપડ ઉત્પાદન હજારગણું વધી ગયું. કાપડની ગુણવત્તા અને ટકાઉપણામાં પણ અનેકગણો વધારો થયો. જથ્થાબંધ તૈયાર થતા કાપડે તેના બજારને પણ તદ્દન નવું જ સ્વરૂપ આપવા માંડ્યું.

આ ટેક્સ્ટાઈલ ઉદ્યોગે વરાળની શક્તિ દ્વારા યંત્રો ચલાવવાની જે શરૂઆત કરી એણે જ આગળ જતાં રેલ્વે ઉદ્યોગને પણ સાકાર કર્યો. આ ઉપરાંત એણે લોખંડ ઉદ્યોગ અને કોલસા ઉદ્યોગને પણ પૂરપાટ વિકસાવવા માંડ્યાં જેથી યંત્ર ઉદ્યોગો અને ખાણ ઉદ્યોગો પણ વધુને વધુ ગતિમાન અને વિકસીત બનવા માંડ્યાં. કાપડને વધુ ટકાઉ અને આકર્ષક બનાવવા માટે રસાયણ ઉદ્યોગ પણ ક્રમશઃ અસ્તિત્વમાં આવ્યો. આ રસાયણ ઉદ્યોગ જ આગળ જતાં માનવીને યુધ્ધો માટેના શસ્ત્ર-સરંજામો સુધી પણ દોરી ગયો. અલબત્ત, શસ્ત્રો માટે યંત્ર ઉદ્યોગોએ પણ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી. યંત્ર ઉદ્યોગોએ કાચ અને કાગળ ઉદ્યોગો જેવાં નવાં ઉદ્યોગોને પણ સાકાર કર્યાં.

### 2. કૃષિ ઉદ્યોગ

યંત્ર ઉદ્યોગોને લઇને કૃષિ ઉદ્યોગ પણ ઝડપથી આધુનિક બનવા માંડ્યો. રસાયણ ઉદ્યોગોએ પણ કૃષિ ઉદ્યોગને વિકસાવવામાં ઘણો ફાળો આપ્યો. આ કૃષિ ઉદ્યોગે પુરાણાં, પરંપરાગત સાધનોને યાંત્રિક બનાવી ખેત-ઉત્પાદનોના જથ્થા અને ગુણવત્તામાં સમૂળું પરિવર્તન આણી દીધું.

### 3. પરિવહન ઉદ્યોગ

સ્વાભાવિક રીતે જ ઔદ્યોગિક ક્રાંતિને કારણે વિકસતા બજાર અને ઉદ્યોગો માટે પરિવહન વ્યવસ્થા અને ઉદ્યોગ એક અત્યંત આવશ્યક અંગ હતું. પરિવહન માટેનાં સાધનો યાંત્રિક, ઝડપી અને વધુ વહનક્ષમતાવાળાં બનવાં માંડ્યાં. માલના

પરિવહન માટે પરંપરાગત સમયથી ઉપયોગમાં લેવાતા રસ્તા વધુ આધુનિક અને યંત્રો દ્વારા તૈયાર થવા માંડ્યા. પરિવહન માટેના પરંપરાગત રસ્તાઓમાં નદીઓ, સમુદ્રો અને નહેરોનો ઉપયોગ થતો હતો, પરંતુ યાંત્રીકરણને કારણે જળ અને જમીન પરનાં માલવહનનાં સાધનો યાંત્રિક બન્યાં. યંત્રો દ્વારા સંચાલિત આગબોટો, સ્ટીમરો વગેરે અસ્તિત્વમાં આવવા માંડ્યાં. એમની વહનક્ષમતા અગાઉ કરતાં હજારોગણી વધી ગઇ.

જમીન પરનાં રસ્તા પણ આધુનિક યંત્રોથી પરિવહન માટે વધુ સરળ અને સક્ષમ બનવા માંડ્યાં. સાથે સાથે પરંપરાગત વહનનાં સાધનો અને પ્રાણીઓનું સ્થાન યાંત્રિક સાધનોએ લેવા માંડ્યું.

આ ઉપરાંત આ ક્રાંતિએ એક નવું જ સાધન, નવો ઉદ્યોગ પરિવહન માટે સાકાર કર્યો. એ હતી- રેલ્વે. રેલ્વે જમીન ઉપરનું પરિવહનનું સાધન બન્યું. રેલ્વેને કારણે માત્ર ઉદ્યોગો અને બજારોની જ ઝડપ નહીં, સમગ્ર સમાજની લગભગ મોટાભાગની ગતિવિધિઓ ઝડપી બની ગઇ.

ઔદ્યોગિક ક્રાંતિએ આગળ જતાં જળ અને જમીન ઉપરાંત પરિવહન માટે એક ત્રીજો માર્ગ પણ અસ્તિત્વમાં આણ્યો. એણે હવાઇ માર્ગે આકાશમાં પરિવહન સાકાર કર્યું.

આ દ્દષ્ટિએ જોઇએ ઔદ્યોગિક ક્રાંતિએ માત્ર ત્રણ જ સદીમાં માનવી અને સમાજના જીવનને ધરમૂળથી બદલી નાંખ્યું. આ ક્રાંતિએ અમલમાં આણેલા જીવન અને સમાજ ઉપરના મહત્વપૂર્ણ પ્રભાવો ઉપર એક અછડતી નજર નાંખીએ.

## 1. ખોરાક અને પોષણક્ષમતા

ઔદ્યોગિક ક્રાંતિને કારણે સાકાર થયેલ કૃષિ ક્રાંતિએ માનવીના ખોરાક માટે જરૂરી અન્ન, ફળફળાદિ, શાકભાજી વગેરેને વધુ ગુણવત્તાસભર બનાવવા માંડ્યાં. આ માત્ર ગુણવત્તામાં આવેલું પરિવર્તન જ નહોતું, એના કારણે માનવીનું સ્વાસ્થ્ય અને સરેરાશ આયુષ્ય પણ વધવા માંડ્યાં. આ ઉપરાંત કૃષિ ક્રાંતિને કારણે દુષ્કાળોની સમસ્યાઓ પણ ઘટવા માંડી અને વ્યાપક ભૂખમરાની સ્થિતિને પણ





નિયંત્રિત કરવાના સાધનો અને માર્ગો અસ્તિત્વમાં આવ્યા.

## 2. રહેઠાણ વ્યવસ્થા

પરંપરાગત રીતે માટી, લાકડાં, પથ્થરો અને ઘાસફૂસના ઘરોમાં વસતો માનવી ઔદ્યોગિક ક્રાંતિને કારણે વધુ ટકાઉ, સલામત અને સુવિધાપૂર્ણ આવાસોમાં વસતો થયો. મૂડીવાદ અને ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆતમાં આવા આવાસો માત્ર ધનિકો અને ભદ્ર વર્ગનાં લોકોને જ પ્રાપ્ય બનતા હતા પરંતુ તબક્કાવાર એવા આવાસો મધ્યવર્ગ અને ગરીબો માટે પણ ઉપલબ્ધ થવાની શરૂઆત થઇ. વળી આ આવાસોમાં જરૂરી પાણી, ગટર, વીજળી જેવી સુવિધાઓ પણ ઔદ્યોગિક ક્રાંતિએ પ્રાપ્ત કરાવી. પરિણામે માનવીનું જીવન વધુ સલામત અને સુવિધાપૂર્ણ બન્યું. આ પ્રકારની રહેઠાણ વ્યવસ્થાનો પ્રભાવ માનવીના સ્વાસ્થ્ય ઉપર હકારાત્મક રીતે પડ્યો.

## 3. પોષાક અને ગૃહવપરાશની ચીજવસ્તુઓ

કાપડ ઉદ્યોગના કારણે માનવીના પોષાકમાં તો મોટાપાયે પરિવર્તન આવ્યું જ; અને સાથે સાથે ઘરવાપરાશનાં સાધનો, જેવાં કે- રસોઇ માટેનાં સાધનો, વાસણો, સફાઇ માટેનાં સાધનો, સુવિધાપૂર્ણ જીવન માટેનાં પણ અનેક સાધનો ઔદ્યોગિક ક્રાંતિએ માનવ સમાજને આપ્યાં.

આ તમામ પરિવર્તનોનો મોટો પ્રભાવ માનવીના સ્વાસ્થ્ય અને સલામત જીવન ઉપરાંત વસ્તી વધારાના વૃધ્ધિ દર ઉપર પણ પડ્યો. જેનું એક કારણ હતું ઘટતો જતો મૃત્યુદર અને બીજું કારણ હતું વધતી જતી સામાજિક સમૃધ્ધિ. અઢારમી સદીથી વીસમી સદી સુધીના વસ્તી વૃધ્ધિદરને એ અગાઉના વૃધ્ધિદરો સાથે સરખાવતાં તરત જ આ તફાવત આપણી નજરે પડે છે.

ઔદ્યોગિક ક્રાંતિનો મોટો પ્રભાવ ઉત્પાદનનાં સાધનો અને માનવીના જીવન ઉપરાંત સમાજનાં માળખાં (સંરચનાઓ) ઉપર પણ સ્વાભાવિક રીતે જ મોટાપાયે પડ્યો.

## 1. મધ્યમ વર્ગ અને કામદાર વર્ગ

મૂડીવાદે વર્ગીય સમાજ અસ્તિત્વમાં આણ્યો. સમાજમાં અમીર અને ગરીબ (કામદાર – કિસાન - શ્રમજીવી) વર્ગની સાથે સાથે મધ્યમવર્ગ પણ અસ્તિત્વમાં આવ્યો. આ વર્ગીય માળખાં બનાવવામાં ઔદ્યોગિક ક્રાંતિની ભૂમિકા મહત્વપૂર્ણ ગણી શકાય. અમીર વર્ગ મૂડીપતિ વર્ગ હતો, જે ઉદ્યોગો અને બજારમાં મૂડીરોકાણો કરીને અમીર બન્યો હતો. આ ક્રાંતિ દરમિયાન ઉદ્યોગો, બજારો અને રાજ્ય તેમજ સમાજ વ્યવસ્થાઓના સંચાલનોમાં સહાયભૂત થવા મધ્યમ વર્ગ વિકસ્યો. વળી એ વર્ગ માટે ઔદ્યોગિક ક્રાંતિએ અનેક પ્રગતિના અવસરો પણ પેદા કર્યા. એ વર્ગમાં ઉદ્યોગોના વહીવટી કર્મચારીઓ, રાજ્યના વહીવટી કર્મચારીઓ ઉપરાંત ડોક્ટરો, વકીલો, શિક્ષકો જેવાં વ્યવાસાયિકો અને નાના તથા મધ્યમ સ્તરના વ્યાપારીઓને ગણાવી શકાય. સરળ શબ્દોમાં, સેવાક્ષેત્ર સાથે સંકળાયેલ નોકરિયાત વર્ગને મધ્યમવર્ગ ગણી શકાય. વાસ્તવમાં મધ્યમવર્ગને શ્રમજીવી વર્ગમાં જ ગણવો જોઇએ; કેમ કે, તે શારીરિક શ્રમના પ્રમાણમાં વધારે માનસિક અને બૌધ્ધિક શ્રમ કરે છે. પરંતુ શારિરીક શ્રમ કરતાં શ્રમજીવી કરતાં એ વધુ સુવિધાપૂર્ણ અને સમૃધ્ધ જીવન ગુજારતો હોવાના કારણે સામાન્ય રીતે એને અલગ વર્ગ માનવામાં આવે છે.

## 2. ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણ

ઔદ્યોગિક ક્રાંતિના કારણે ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણની પ્રક્રિયાઓ તીવ્ર ગતિથી ગતિમાન બની. આને કારણે સામંતી અને પ્રારંભિક મૂડીવાદી વ્યવસ્થાઓ કરતાં સામાજિક સંરચનામાં ખૂબ મોટાં પરિવર્તનો આવવા માંડ્યાં. ઉદ્યોગો જેમ જેમ જટિલ અને વિશાળ થતાં ગયા તેમ તેમ પ્રાકૃતિક સંસાધનો મોટાપાયે કાચોમાલ બનીને ઉદ્યોગોમાં ઠલવાવા માંડ્યાં. પરિણામે પરંપરાગત કુદરતી સંસાધનો ઉપર પોતાની રોજીરોટી માટે આધારિત ગ્રામીણ જનતા મોટાપાયે રોજગારીની શોધમાં ઉદ્યોગોમાં કામદાર બની ઠલવાવા માંડી. આથી ગામડાં તૂટવા માંડ્યાં, શહેરો વધુને વધુ વિસ્તરવા માંડ્યાં.

આ ઉપરાંત શહેરોમાં જીવનજરૂરી સુવિધાઓ અને ચીજો માટેના અવસરો પણ





વધવા માંડ્યા. જેણે શ્રમજીવીઓને રોજીરોટી માટેની નવી તકો પણ ઊભી કરવા માંડી. અલબત્ત, શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણે શ્રમજીવીઓ, કામદારોના જીવનને દોજખ પણ બનાવ્યું અને અત્યંત કપરું બનાવ્યું. આ બંનેની શરૂઆતના ગાળામાં શ્રમજીવીઓ, કામદારોનું શોષણ અમાનવીય સ્વરૂપનું હતું. પરંતુ સાથે સાથે આપણે એ પણ નોંધવું જરૂરી છે કે, ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણને કારણે શ્રમજીવીઓ અને કામદારોમાં આગળ જતાં 'વર્ગીય ચેતના'પણ વિકસી અને તેમનું 'સર્વહારાકરણ' પણ ઓગણીસમી, વીસમી સદી દરમિયાન ઝડપથી વિકસવા માંડ્યું.

આ જ ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણે 'બાળ મજૂરી'ને પણ મોટેપાયે અને વિસ્તૃત પ્રમાણમાં વિકસાવવા માંડી. એક તરફ ઉદ્યોગો અને શહેરીકરણને સસ્તાં મજૂરોની મોટાપાયે જરૂર હતી તો બીજી તરફ શ્રમજીવીઓ અને કામદારોનાં બાળકોને અસ્તિત્વ ટકાવવા મજૂરી કરવા સિવાય અન્ય કોઇ આરોઓવારો નહોતો. આથી એ ગાળા દરમિયાન શ્રમજીવી-કામદાર વર્ગનાં લગભગ તમામ બાળકો એક યા બીજા રૂપે બાળમજૂર બનવા માંડ્યાં.

## 3. કામદાર સંગઠનો

ઔદ્યોગિક ક્રાંતિને કારણે સામાજિક સંરચનામાં આવેલું ત્રીજું મહત્વપૂર્ણ પરિવર્તન હતું - કામદાર સંગઠનો. અગાઉ વાત કરી એ મુજબ ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણને કારણે અને કામદારો, શ્રમજીવીઓના અમાનવીય શોષણને લઇને એ વર્ગમાં જે 'વર્ગીય ચેતના' વિકસી એણે ક્રમશઃ કામદાર મંડળો, સંગઠનોને સાકાર કરવા માંડ્યાં. એ સંગઠનોએ પોતાનાં વર્ગીય શોષણ અને બહેતર જીવનસ્થિતિ માટે સંગઠિત સ્વરૂપે માંગણીઓ ઉઠાવવા માંડી, આંદોલનો કરવા માંડ્યાં, હડતાલો અને સભા-સરઘસો તેમજ હિંસાના માર્ગો પણ અખત્યાર કરવા માંડ્યાં. આ સંગઠનોને કારણે જ ઓગણીસમી સદી દરમિયાન કામદારોમાં 'સર્વહારા તરીકેની ચેતનાઓ' પણ વિકસી અને ક્રમશઃ એ ચેતના એમને 'સમાજવાદ' અને 'સામ્યવાદ'ના ખ્યાલ સુધી દોરી ગઇ. આ ખ્યાલોએ સમગ્ર મૂડીવાદી વ્યવસ્થા સામે જબરદસ્ત ખતરો પેદા કર્યો. વીસમી સદીમાં તો

એ ખ્યાલોએ મૂડીવાદ સામે સમગ્ર વિશ્વમાં એક નોંધપાત્ર વૈકલ્પિક અર્થવ્યવસ્થા અને સમાજ વ્યવસ્થાનો એક બહેતર વિકલ્પ ‘સમાજવાદી ક્રાંતિઓ’ દ્વારા સાકાર પણ કરી બતાવ્યો.

ઔદ્યોગિકીકરણ અને ઔદ્યોગિક ક્રાંતિએ આ રીતે એક તરફ સમાજને, અને માનવીના જીવનને વધુ વિકસીત અને સમૃધ્ધ બનાવ્યું તો બીજી તરફ એણે મૂડીવાદના શોષણકર્તા અને હિંસક સ્વરૂપોને પણ ગતિ આપી, વધારે અમાનવીય અને ક્રૂર બનાવ્યાં. આજની દૃષ્ટિએ વીસમી સદીના ઉત્તરાર્ધથી શરૂ કરીને એકવીસમી સદીના પ્રારંભિક દાયકા દરમિયાન- આ બંનેના કારણે સમગ્ર વિશ્વમાં જબરદસ્ત ખતરો બનીને તોળાઇ રહેલ પર્યાવરણીય અસમતુલા અને ઔદ્યોગિક પ્રદૂષણોએ માનવજીવનને ભયજનક રીતે અસલામત બનાવવા માંડ્યું છે. આ રીતે એક સમયે માનવજીવનને સમૃધ્ધ બનાવનાર ઔદ્યોગિક ક્રાંતિ આજે માનવ સમાજ માટે શિરદર્દ બની રહી અને તેનું કારણ છે- તેનો ઉછેર કરનાર મૂડીવાદી સમાજ વ્યવસ્થા.

વાસ્તવમાં ઔદ્યોગિક ક્રાંતિને જન્મ આપનાર હતું- આધુનિક વિજ્ઞાન; પરંતુ વિજ્ઞાન તો માનવસમાજના હાથમાંનું સાધન છે -પ્રકૃતિને પામવા માટેનું. માનવસમાજનું વાસ્તવિક સંચાલન પ્રવર્તમાન સમાજવ્યવસ્થા કરતી હોય છે. આથી જ ઔદ્યોગિક ક્રાંતિના ફાયદા મૂડીવાદી વ્યવસ્થામાં મૂડીપતિ વર્ગને વધારે મળ્યા, આજે પણ મળતા રહે છે. બીજી તરફ વિશ્વ સમસ્તનો સર્વહારા વર્ગ એ ક્રાંતિને કારણે વિસ્થાપન, પર્યાવરણીય અસમતુલા, બેરોજગારી, ગરીબી, ભૂખમરાનો ભોગ આજ સુધી બનતો રહ્યો છે. આપણે એટલું સ્પષ્ટ સમજી લેવાની જરૂર છે કે, માનવસમાજની આ કરૂણતા માટે ઔદ્યોગિક ક્રાંતિ જવાબદાર નથી. એ ક્રાંતિ તો આજે પણ માનવસમાજની એક મહાન સિધ્ધિ છે.





**પ્રકરણ-5**

# આધુનિક પ્રજાતંત્રોનું આગમન

મૂડીવાદી અર્થવ્યવસ્થા અત્યંત જટિલ વ્યવસ્થા છે. વળી એને અનેક પ્રકારનાં ક્ષેત્રોની પણ આવશ્યકતા રહે છે. આપણે પહેલા પ્રકરણમાં જોયું એમ એને સેવાક્ષેત્ર અને બજાર વ્યવસ્થાઓની પાયાની જરૂરિયાતો તો છે જ. આ ઉપરાંત કાચા માલ અને ઉદ્યોગો માટે કુદરતી સંસાધનોની જરૂર પડે છે. આ કુદરતી સંસાધનોમાંથી જરૂરી ખનીજો અને પદાર્થો મેળવવા એણે એ સંસાધનો ઉપર પોતાનો કાબૂ જમાવવો પડે છે. બજાર વ્યવસ્થા અને કાચા માલ માટે એને વાહન-વ્યવહાર, રસ્તાઓ વગેરેની પણ મોટા પાયે જરૂર પડે છે.

બીજી તરફ ઉદ્યોગો અર્થવ્યવસ્થાના કેન્દ્રમાં આવવાને કારણે ખેતી અને અન્ય ગ્રામીણ વ્યવસાયો ઉપર પણ એની ઘેરી અસરો પડે છે. મોટા પાયે બેરોજગાર બનતાં શ્રમિકો ઉદ્યોગોમાં કામદાર બનવા શહેરોની વાટ પકડે છે. આથી શહેરોનું કદ અને એની સંકુલતાઓ વધતાં જાય છે. શહેરોના વહીવટ માટે રાજ્યવ્યવસ્થાએ વ્યવસ્થિત તંત્રો ખડાં કરવાં પડે છે. રાજ્ય અને ઉદ્યોગો, રાજ્ય અને બજાર તથા રાજ્ય અને પ્રજાજનો વચ્ચેના સંબંધો માટે કાયદા-કાનૂનો, કાનૂની તંત્ર, ન્યાય વ્યવસ્થા વગેરેની જરૂરિયાતો અનિવાર્ય બનવા માંડે છે. જો રાજ્ય વ્યવસ્થા આ બધું કરવામાં નિષ્ફળ જાય તો સમાજમાં અફરાતફરી સર્જાય.

સામંતી રાજ્યવ્યવસ્થા માટે આ પ્રકારનાં જટિલ અને મહાકાય, સંકુલ તંત્રો-વ્યવસ્થાઓ ઊભી કરવી સરળ નથી. કેમ કે- એ વ્યવસ્થા માત્ર રાજા અને એના દરબારીજનો તથા અમલદારો દ્વારા સંચાલિત થાય છે. વળી એમાં પ્રજાજનોનો અભિપ્રાય લેવાની-સાંભળવાની-ચર્ચવાની કોઇ વ્યવસ્થા નથી.

મૂડીવાદની સાથે સાથે જ આપણે શરૂઆતમાં જોયું તેમ ‘જ્ઞાનપ્રકાશ યુગ’ની પણ યૂરોપમાં શરૂઆત થઇ હતી. જેણે ચર્ચની પરંપરાઓ, માન્યતાઓ સામે સવાલો ઉઠાવવાની સાથે સાથે જનમાનસની ચેતનાઓને પણ ઝડપથી જીવન અને સમાજ વિશે સમજવાની નવી નવી દૃષ્ટિઓ આપવા માંડી હતી. નવાં મૂલ્યો, વલણોએ જનમાનસની અપેક્ષાઓની નવી ક્ષિતિજો વિસ્તારવા માંડી હતી.

ત્રીજી વાસ્તવિકતા કામદાર વર્ગની હતી. કારખાનાંની ‘એક જ છત’ નીચે સેંકડો કામદારો શ્રમ કરતાં અને શહેરોની ગંદી બસ્તીઓમાં હજારો કામદાર પરિવારો એક સાથે રહેતાં. આથી એમની સામૂહિક ચેતનાઓ એમની અંદર વર્ગીય ચેતના-કામદાર વર્ગની બેહાલી અને શોષણ વિરૂધ્ધની ચેતનાને પણ નવી જ દિશા અને દૃષ્ટિ મળી હતી. શોષણ સામે એમણે આંદોલનો પણ શરૂ કરવા માંડ્યાં હતાં.

સામંતી રાજ્ય વ્યવસ્થા માટે પ્રજાજનોની અને કામદાર વર્ગની આ રીતે જાગ્રત થઇ રહેલી ચેતનાઓ સામે ટકવું મુશ્કેલ હતું. જ્ઞાનપ્રકાશ યુગની આ વિકસીત થઇ રહેલ જનચેતનાઓ અને મૂડીવાદના વિકાસ માટે જરૂરી વ્યવસ્થાઓમાં ઊણી ઉતરી રહેલી સામંતી રાજ્યવ્યવસ્થાઓ સામે પ્રજાનો અસંતોષ અને આક્રોશ ભભૂકવા માંડ્યો. તે સમયના યૂરોપમાં ઉદ્યોગો અને જનતાએ રાજ્યવ્યવસ્થામાં પોતાની ભાગીદારી માટે આંદોલનો શરૂ કર્યાં.

યૂરોપનાં સામંતી રાજ્યોએ લશ્કરથી માંડીને પોતાની તમામ તાકાત પોતાની સત્તા ટકાવવા ઉપયોગમાં લીધી. લોહિયાળ સંઘર્ષો શરૂ થયા. છેવટે જનઆક્રોશ અને મૂડીવાદ વિજયી નીવડ્યા. યૂરોપમાં રશિયા અને અન્ય કેટલાંક ગણ્યાગાંઠ્યાં રાજ્યોને બાદ કરતાં તમામ દેશોમાં ક્રમશઃ પ્રજાતાંત્રિક રાજ્ય વ્યવસ્થાઓ અસ્તિત્વમાં આવવા માંડી. રાજ્યના કાયદા-કાનૂનો બનાવવા માટે તથા રાજ્યની





નીતિઓ અને સંબંધો વિષયક નિર્ણયો માટે જનતા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓની સંસદો અને ધારાસભાઓ અસ્તિત્વમાં આવી. રાજ્યના વહીવટ અને કાનૂન વ્યવસ્થા માટે અમલદાર તંત્ર અસ્તિત્વમાં આવ્યું અને ન્યાય પ્રક્રિયાઓ માટે ન્યાયતંત્ર.

આધુનિક વિજ્ઞાનની જનેતા ગણાતા પશ્ચિમ યૂરોપના દેશોમાં પ્રજાતંત્રોનું આગમન વહેલું થયું. સૌ પ્રથમ 1688માં બ્રિટનમાં રક્તવિહીન ક્રાંતિ દ્વારા પ્રજાતંત્ર અસ્તિત્વમાં આવ્યું. ત્યાંના રાજાને પ્રતીકાત્મક રીતે રાષ્ટ્રના સર્વોચ્ચ બંધારણીય હોદ્દા પર ચાલુ રખાયા; પરંતુ રાજ્યની વાસ્તવિક સત્તા જનપ્રતિનિધિઓની સંસદના હાથમાં આવી. એ ક્રાંતિ રક્તવિહીન કેમ થઇ અને કેવી રીતે થઇ એની ચર્ચા અહીં અસ્થાને છે. ટૂંકમાં એટલું જરૂર કહી શકાય કે બ્રિટન એક શાણું, દૂરંદેશીભર્યું અને વ્યાપારી પ્રકૃતિનું રાષ્ટ્ર હતું. આધુનિકતા, આધુનિક વિજ્ઞાન અને મૂડીવાદનું એક જન્મદાતા રાજ્ય હતું. એ સમજતું હતું કે, મૂડીવાદનો વિકાસ અને આધુનિકીકરણ સામંતી રાજ્યવ્યવસ્થા માટે અત્યંત કપરું કાર્ય છે.

ઇતિહાસમાં અત્યંત ચર્ચિત અને સૌથી વધારે રક્તરંજીત પ્રજાતાંત્રિક ક્રાંતિ ફ્રાન્સમાં 1789માં થઇ. યૂરોપની તમામ જનતાંત્રિક ક્રાંતિઓમાં સમાજના બંને વર્ગો તથા તમામ સમુદાયોએ સામેલગિરી કરી હતી. વિશેષ કરીને કામદાર વર્ગો અને સ્ત્રીઓએ પણ એ ક્રાંતિઓમાં નોંધપાત્ર કામગીરી અદા કરી હતી.

અને છતાં જ્યારે ત્યાં પ્રજાતંત્રો અસ્તિત્વમાં આવ્યાં અને ચૂંટણીઓ તથા મતદાનની શરૂઆત થઇ ત્યારે કામદારો અને સ્ત્રીઓને મતાધિકાર ન અપાયા. આ હતી પ્રારંભિક તબક્કાના મૂડીવાદી પ્રજાતંત્રોની બલિહારી! કામદારો અને સ્ત્રીઓએ બે સદી સુધી પોતાના મતાધિકાર માટે લડતો કરવી પડી, આંદોલનો કરવા પડ્યાં અને અનેક પ્રકારની યાતનાઓનો ભોગ બનવું પડ્યું. એ બંને અને હબસી સમુદાયોને છેક વીસમી સદીના પૂર્વાર્ધમાં મતાધિકાર હાંસલ થયો.

મૂડીવાદી પ્રજાતંત્રોના આવવાથી સમાજમાં મૂડીવાદનો વિકાસ અને આધુનિકતાની ચેતનાઓના વિકાસને નવી ગતિ અને દિશાઓ મળી. બંનેએ હરણફાળો ભરવા

માંડી. નવાં સ્વરૂપનાં જનઆંદોલનો પણ અસ્તિત્વમાં આવવા માંડ્યાં તેમ જ નવા સ્વરૂપના શોષિત સમુદાયો પણ અસ્તિત્વમાં આવ્યા. આ તમામના મૂળમાં હતા- મૂડીવાદી શોષણ અને મૂડીવાદી પ્રજાતંત્રના આંતર્‌વિરોધો.

મૂડીવાદી પ્રજાતંત્રોના આગમનને કારણે માનવસમાજમાં સૌથી વધારે મહત્વપૂર્ણ ગણી શકાય એવા બે પરિવર્તનો આવ્યાં. એ બંને પરિવર્તનોએ માનવસમાજના ભવિષ્યને સામંતીયુગ સુધીની માનવસમાજની સફરના ઇતિહાસથી તદ્દન અલગ જ દિશા આપી; વિકાસની એક અત્યંત ગતિશીલ સફર શરૂ કરાવી. એ પરિવર્તનો આધુનિકતાની વિકસી રહેલ ચેતનાઓના પરિણામસ્વરૂપ હતાં.

1. સામંતીયુગ સુધી સમાજમાં ધર્મ અને રાજ્યના સત્તાધીશો કેન્દ્રમાં હતા. તેમાં ધર્મગુરૂઓ, રજવાડાંઓ અને જમીનદારો જ સર્વેસર્વા હતા. અન્ય પ્રજાજનો માત્ર રૈયત હતા. એમનું સમાજમાં કોઇ સ્થાન જ નહોતું. મૂડીવાદી પ્રજાતંત્રે વ્યક્તિને સમાજના કેન્દ્રમાં લાવીને મૂકી દીધો. વ્યક્તિ રાજ્યના ભવિષ્યનો ઘડવૈયો બન્યો. માનવસમાજ માટે આ એક ક્રાંતિકારી પરિવર્તન હતું. આજે લગભગ ચાર સદી બાદ એનાં પરિણામો માનવસમાજમાં આપણને સ્પષ્ટ દેખાય છે. મૂડીવાદી પ્રજાતંત્રને કારણે અસ્તિત્વમાં આવેલ વ્યક્તિકેન્દ્રી સમાજ માનવજીવન અને તમામ સામાજિક, રાજકીય અને આર્થિક-સાંસ્કૃતિક વ્યવસ્થાઓ ઉપર પોતાની આગવી છાપ ઉપસાવી રહ્યો છે. એણે સમાજની ક્ષિતીજોને અસીમિત બનાવી દીધી છે.

2. આધુનિકતાની ચેતનાઓ મૂડીવાદી પ્રજાતંત્રો મારફતે માનવસમાજમાં આણેલું બીજું પરિવર્તન હતું –પસંદગીની તકોનું. મૂડીવાદ અને પ્રજાતંત્રે સમાજ અને માનવી / વ્યક્તિ માટે તમામ બાબતોમાં પસંદગીની તકો વધારવા માંડી. રાજ્યકર્તાઓની પસંદગીથી શરૂ કરીને ચીજવસ્તુઓની પસંદગી કરવાની વ્યક્તિને તક મળી. એટલું જ નહીં, વ્યક્તિને પોતાની જીવનરીતિ પણ પસંદ કરવાની તક મળી. આજે તો વ્યક્તિ પોતાની ઇચ્છા મુજબનો ધર્મ પણ અપનાવી શકે છે અને ઇચ્છે તો નાસ્તિકતા પણ સ્વીકારી શકે છે.

   અલબત્ત, મૂડીવાદ માટે પસંદગીની તકો વિકસાવવી જરૂરિયાત પણ હતી. એણે પોતાના વિકાસ માટે વધારે ઉત્પાદનો અને વધારે બજારો વિકસાવવા અનિવાર્ય હતાં. સ્વાભાવિક રીતે જ ઉત્પાદનો અને બજારો વિકસે એટલે માનવી માટે પસંદગીની તકો પણ વિકસે. વળી મૂડીવાદી બજારો સ્પર્ધાત્મક પ્રકૃતિના હોવાથી એક જ પ્રકારની ચીજવસ્તુનું ઉત્પાદન અનેકાનેક રૂપ, રંગ, આકાર, સ્વાદ, ગંધ વગેરે સ્વરૂપોમાં થાય પરિણામે એ દૃષ્ટિએ પણ વ્યક્તિ પાસે પસંદગીની તકો વધે. આ દૃષ્ટિએ ઉત્પાદનોનાં સ્વરૂપ અને ગુણવત્તામાં પસંદગીઓ વધતી જાય.

આ દૃષ્ટિએ પસંદગીની તકો પણ વ્યક્તિકેન્દ્રી સમાજ જેટલો જ મહત્વનો ફેરફાર માનવસમાજ માટે પૂરવાર થઇ રહ્યો છે. આ બંનેના કારણે આજે માનવી જીવન અને સમાજની દરેક બાબત વિશે પોતાની આગવી પસંદગી તેમજ મરજી, ના-મરજી સ્વીકારવાની તેમજ વ્યક્ત કરવાની સ્વતંત્રતા મેળવી ચૂક્યો છે.

અલબત્ત, માનવસમાજ માટે મૂડીવાદી પ્રજાતંત્રો એક ઉપયોગી અને જરૂરી કદમ હતું. પરંતુ બીજી બાજુ આ પ્રજાતંત્રો મૂડીવાદ સિવાયની અર્થવ્યવસ્થાઓની પસંદગી સમાજ પાસેથી ક્રૂરતાપૂર્વક છીનવી પણ લે છે. આ ઉપરાંત, એ માનવચેતનાને પણ સામ, દામ દંડ, ભેદ વડે મૂડી, નફો, ઉપયોગની ભાવનાઓ તરફ દોરી જતી હોય છે. એને વ્યાપક માનવસમાજના હિત ભણી પ્રસરવા દેતી નથી. મતલબ કે પસંદગી ખરી, પણ મૂડીના હિતમાં, સમગ્ર માનવસમાજના હિતમાં નહીં, પ્રકૃતિના હિતમાં નહીં. અને આ તમામ જોગવાઇઓ એ મૂડીવાદી પ્રજાતંત્રની રાજ્યવ્યવસ્થાના માધ્યમથી કરે છે.

**પ્રકરણ-6**

# મૂડીવાદી આધુનિકીકરણઃ વિકાસ અને પડકારો

મૂડીવાદી આધુનિકીકરણ અથવા તો મૂડીવાદી આધુનિકતાના સિધ્ધાંતોને અર્થશાસ્ત્રમાં ઔદ્યોગિકીકરણ (ઇન્ડસ્ટ્રીયલાઇઝેશન), તાંત્રિક વિકાસ (ટેક્નોલોજીકલ ડેવલપમેન્ટ) અને મૂડીવાદના વિકાસ (કેપિટાલિસ્ટ ડેવલપમેન્ટ)ના સંદર્ભમાં જોવામાં આવે છે. આનો અર્થ એ થયો કે, કોઈપણ સમાજમાં યંત્રો અને ઉદ્યોગોનો કેટલો અને કેવો વિકાસ થયો છે તેમજ ટેક્નોલોજીનો કેટલો અને કેવો વિકાસ થયો છે એના આધારે એ સમાજની મૂડીવાદી આધુનિકતાનું સ્તર નિશ્ચિત થાય છે. ઉદ્યોગો અને ટેક્નોલોજીનો મતલબ છે- ઉત્પાદનનાં સાધનો (મીન્સ ઓફ પ્રોડક્શન).

કોઈપણ સમાજનાં-આંતરિક પરિબળો પરંપરાગત અને સામંતી ઉત્પાદન પ્રણાલિઓમાં ક્રાંતિકારી પરિવર્તનો કરી પરંપરાગત કે સામંતી ઉત્પાદન સંબંધો (પ્રોડક્શન રિલેશન્સ)ને સ્થાને વેતન-શ્રમિક (વેજ લેબર) કરાર પ્રસ્થાપિત કરી, મૂડીવાદી પધ્ધતિથી આર્થિક વિકાસ કરે એને મૂડીવાદી આધુનિકતા કહેવાય. આ દૃષ્ટિએ મૂડીવાદી આધુનિકતામાં ઉત્પાદનનાં સાધનોની સાથે સાથે ઉત્પાદન સંબંધોમાં 'વેતન-શ્રમિક કરાર'નો ખ્યાલ કેન્દ્રસ્થાને છે. વેતન-શ્રમિક કરારનો મતલબ છે- નિશ્ચિત શ્રમ માટે નિશ્ચિત વેતન વિશે માલિક અને કામદાર વચ્ચે થતો કરાર. આપણે જાણીએ છીએ કે, આદિમ, બર્બર, કે સામંતી યુગમાં તો





શ્રમિકના શ્રમની સાથે આવો કોઈ કરાર સંકળાયેલો નહોતો. સામંતી યુગમાં તો શ્રમિકોનું વળતર સામંતોની કૃપા-મહેરબાની ઉપર નિર્ભર રહેતું. આ દૃષ્ટિએ જોતાં- માનવસમાજની અગાઉની કોઈપણ અર્થવ્યવસ્થા કરતાં મૂડીવાદી અર્થવ્યવસ્થાના શ્રમ સંબંધો શ્રમિકોનું પ્રમાણમાં ઓછું શોષણ કરે છે.

અલબત્ત, મૂડીવાદના આધુનિકીકરણે ઉત્પાદનનાં સાધનોને આધુનિક બનાવ્યાં અને ઉત્પાદનનાં શ્રમસંબંધોને પણ આધુનિકતાની દૃષ્ટિએ ઓછા શોષણકર્તા બનાવ્યા; પરંતુ મૂડીવાદની સાથોસાથ વિકસતા ગયેલા આધુનિકતાના ખ્યાલોના સંદર્ભે જો એને ચકાસીએ તો એ શ્રમસંબંધોને શોષણમુક્ત બનાવવા માટે બિલકુલ અસમર્થ પૂરવાર થાય છે; કેમ કે, તે ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન પેદા થતાં 'અતિરિક્ત મૂલ્ય' ઉપર મૂડીની માલિકીના આધારે જ વિકાસ કરે છે. તે મૂડીને આર્થિક ઉત્પાદન અને વિકાસનું કેન્દ્ર માને છે, શ્રમને નહીં. મૂડીના આધુનિકીકરણની તમામ પ્રક્રિયાઓ આ રીતે જ આજ સુધી વિકસીત થતી રહી છે. અને પરિણામે એણે માત્ર શ્રમિકોનું જ નહીં, આર્થિક રીતે અલ્પવિકસીત અને વિકાસશીલ સમાજોનું અને કુદરતી સંસાધનોનું બેલગામ શોષણ કર્યે રાખ્યું છે. આ રીતે પણ વિકસીત આધુનિકતાની દૃષ્ટિએ મૂડીવાદી અર્થવ્યવસ્થા સમાનતાનાં મૂલ્યોનો છેદ ઉડાડનારી પૂરવાર થાય છે.

મૂડીવાદ અને એના આધુનિકીકરણની પ્રક્રિયાઓને આપણે એના રાજનૈતિક સ્વરૂપની દૃષ્ટિએ પણ સમજવાની જરૂર છે; કેમ કે, કોઈપણ સમાજવ્યવસ્થાના કેન્દ્રમાં એની અર્થવ્યવસ્થા જ હોય છે. અગાઉના પ્રકરણમાં જોયું કે, કેવી રીતે મૂડીવાદના આગમન અને વિકાસની સાથે યૂરોપમાં સામંતી રાજ્યવ્યવસ્થાનું સ્થાન મૂડીવાદી પ્રજાતંત્રોએ લીધું. જેમ મૂડીવાદી આધુનિકીકરણને મૂડીવાદી પ્રજાતંત્રની જરૂર હતી તેમ આગળ જતાં એને સામ્રાજ્યવાદ અને નવસામ્રાજ્યવાદની પણ જરૂર પડી છે. એણે વિકાસના એક તબક્કે યૂરોપના સામ્રાજ્યવાદને વિશ્વભરમાં પ્રસરાવ્યો હતો અને હવે એ અમેરિકા અને વિકસીત મૂડીવાદી રાષ્ટ્રોનો નવસામ્રાજ્યવાદ પ્રસરાવવા ભણી આગળ વધી રહ્યું છે.

શું કહીશું આપણે મૂડીવાદ અને એના આધુનિકીકરણના આ રાજનૈતિક આવિર્ભાવોને? એને સાર્થક રીતે આધુનિક માની શકાય?

ખેર, આપણે ફરીથી અર્થશાસ્ત્રની દૃષ્ટિએ મૂડીવાદી આધુનિકીકરણ ઉપર આવીએ. લગભગ તમામ અર્થશાસ્ત્રીઓ મૂડીવાદને માનવ-સમાજની અગાઉની તમામ અર્થવ્યવસ્થાઓ કરતાં બહેતર અર્થવ્યવસ્થા માને છે. અહીં આપણે કેટલાક નોંધપાત્ર અર્થશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓએ મૂડીવાદી આધુનિકતા વિશે કરેલ ચિંતનો ઉપર એક નજર નાંખીશું. એ ચિંતનોને લઈને મૂડીવાદના આધુનિકીકરણને વેગ પણ મળ્યો છે અને એની સામે ગંભીર પડકારો પણ ફેંકવામાં આવ્યા છે.

## 1. આદમ સ્મિથ અને આધુનિક મૂડીવાદ

અઢારમી સદીના ખ્યાતનામ અર્થશાસ્ત્રી આદમ (એડમ) સ્મિથ[1] (1723 – 1790) ના મત મુજબ મૂડીવાદ ઉચ્ચસ્તરીય શ્રમવિભાજન, તંત્રજ્ઞાનનો ધરખમ વિકાસ અને મુક્ત વ્યાપારના સિધ્ધાંત ઉપર રચાયેલી અર્થવ્યવસ્થા છે. આ સિધ્ધાંતના આધારે તે (મૂડીવાદ) આંતરિક બજારના વ્યાપનો અને આંતર્રાષ્ટ્રિય વ્યાપારનો વેગ વધારી દે છે; અને એ બંનેના વ્યાપ અને વેગના આધારે એ આર્થિક વિકાસને ચીલઝડપે આગળ ધપાવતી અર્થવ્યવસ્થા પૂરવાર થાય છે. બૃહદ અર્થતંત્રમાં શ્રમવિભાજનને કારણે શ્રમિકોની કાર્યક્ષમતા અને ઉત્પાદકતાને ગતિ મળે છે. ઉત્પાદનનું પ્રમાણ વધવાના કારણે સમાજમાં સમૃધ્ધિ આવે છે અને દેશ સમૃધ્ધિવાન બને છે.

આદમ સ્મિથ મૂડીવાદની આધુનિકતામાં મુક્ત બજારને ખૂબ મહત્વ આપે છે. સામંતયુગી અંતરાયો દૂર થવાના કારણે ઉત્પાદકોમાં ઉત્સાહ પ્રવર્તે છે અને બજાર પણ પ્રમાણમાં વધુ મુક્ત બને છે. સ્મિથનો મુક્ત બજાર વિશેનો ખ્યાલ અઢારમી અને ઓગણીસમી સદીના વ્યાપારી મૂડીવાદ અને ઔદ્યોગિક મૂડીવાદે શરૂ કરેલ સંસ્થાનવાદી(ઔપનિવેશિક) શોષણને ન્યાયી ઠેરવે છે. (અહીં સંસ્થાનવાદી શોષણનો મતલબ છે- યૂરોપીય દેશો દ્વારા ગુલામ બનાવાયેલ દેશો / રાષ્ટ્રોનાં આર્થિક સંસાધનો, પ્રાકૃતિક સંસાધનો અને તેમનાં સ્થાનિક બજારોનું આર્થિક




શોષણ). સ્મિથ દૃઢતાપૂર્વક માને છે કે, આ પ્રકારનું શોષણ મુક્ત બજાર માટે વ્યાજબી અને આવશ્યક છે.

તેમણે વિકસાવેલ ‘તુલનાત્મક ફાયદાના સિધ્ધાંત’ (થિયરી ઓફ કમ્પેરેટિવ એડવાન્ટેજ) અનુસાર, દેશને જે આર્થિક ક્ષેત્રના વ્યાપારમાં ફાયદો થતો હોય તે ક્ષેત્ર ઉપર તેણે ભાર આપી પોતાની આર્થિકવૃધ્ધિ કરવી જોઇએ. અને એ દેશનાં સંસ્થાનોએ (ગુલામ દેશોએ) એને કાચો માલ પૂરો પાડવો જોઇએ. સ્પષ્ટ છે, આ સિધ્ધાંત વડે સ્મિથ સામ્રાજ્યવાદી શોષણને ન્યાયી ઠરાવે છે; કેમ કે, કાચા માલની કિંમત ઓછી હોય અને તૈયાર માલની કિંમત વધુ હોય.

સ્મિથના આ સિધ્ધાંતને તે સમયના ઇન્ગ્લેન્ડના એક સંસ્થાન-ભારતના સંદર્ભમાં સમજીએ. એમના સિધ્ધાંત મુજબ, ભારતે કપાસ-રૂ જેવો કાચો માલ ઇન્ગ્લેન્ડમાં નિકાસ કરવો જોઇએ અને ઇન્ગ્લેન્ડમાંથી તૈયાર કાપડની આયાત કરવી જોઇએ. ભારતે ખનીજોની નિકાસ કરવી જોઇએ, યંત્રોની આયાત કરવી જોઇએ;ઘઉંની નિકાસ કરવી જોઇએ, બિસ્કીટ્સની આયાત કરવી જોઇએ.

મૂડીવાદના આ સંસ્થાનવાદી શોષણ સામે ઓગણીસમી સદીમાં ભારતમાં સૌ પ્રથમ દાદાભાઇ નવરોજી[2]એ ‘ઘસડીને લૂંટવાનો સિધ્ધાંત’(ડ્રેઇન થિયરી) પ્રતિપાદિત કરી સંસ્થાનવાદી શોષણનું ગણિત સમજાવ્યું. આગળ જતાં ભારતમાં શરૂ થયેલ આઝાદીના આંદોલન દરમિયાન ‘પરદેશી માલનો બહિષ્કાર’ અને ‘સ્વદેશી અપનાવો’નાં સૂત્રો અસ્તિત્વમાં આવ્યાં અને આઝાદીના આંદોલનને એમણે વેગ અને ગતિ આપી.

## 2. ડેવિડ રિકાર્ડો અને મૂડીવાદી વિકાસ

‘સબ્સીસ્ટન્ટ વેજીસ’ (હયાતી / અસ્તિત્વ ટકાવવા પૂરતું જ વેતન) ની અર્થનીતિ આપનાર અર્થશાસ્ત્રી ડેવિડ રિકાર્ડો[3] (1772-1823) હતા. આ નીતિ દ્વારા એમણે જણાવ્યું કે, મૂડીવાદ ગમે તેટલો વિકસે પરંતુ તેણે શ્રમિકોને માત્ર એટલું જ વેતન આપવું જોઇએ જેનાથી તેઓ શ્રમિક તરીકે પોતાનું અસ્તિત્વ ટકાવી શકે અને સંતાનો પેદા કરીને આગળની પેઢી માટે શ્રમિકોનો પૂરવઠો પૂરો પાડી શકે. રિકાર્ડોએ

આપેલ 'આયર્ન લૉ ઓફ વેજીસ' (લોઢા જેવા સખત વેતનદરનો સિધ્ધાંત), 'એન્ટી પૂઅર લૉ' (ગરીબો વિરૂધ્ધનો કાનૂન), ભાડાના દરનો સિધ્ધાંત, આંતર્રાષ્ટ્રીય વ્યાપારમાં 'તુલનાત્મક હિતનો સિધ્ધાંત' વગેરે કાનૂનો, અર્થિકનીતિઓએ મૂડીવાદી બજારની હોડને ન્યાયી અને વ્યાજબી ઠેરવવાની ભૂમિકા અદા કરી.

રિકાર્ડો ઉપર માલ્થસ[4]ના વસ્તી વધારાના વિચારોનો ગાઢ પ્રભાવ હતો. માલ્થસ માનતા કે, વસ્તીની વૃધ્ધિ ગુણાત્મક ગતિએ (એટલે કે 2 X 2 X 2 X 2... ની ગતિથી) થઇ રહી છે; જ્યારે કૃષિ ઉત્પાદનની વૃધ્ધિ સરવાળાની ગતિએ (2 + 2 + 2 + 2...ની ગતિથી) થઇ રહી છે; આથી એક દિવસ એવો આવશે કે જ્યારે ખાનારાં ખૂબ વધી જશે અને ખોરાક મર્યાદિત હશે. રિકાર્ડોએ જમીનના ભાડાના સિધ્ધાંતમાં આ વિચારોનો ઉપયોગ કરીને જણાવ્યું કે, જમીન મર્યાદિત છે અને જમીન પર નભનારાં ગુણાત્મક રીતે વધી રહ્યાં છે. આથી વિશ્વનું આર્થિક ભવિષ્ય અંધકારમય છે.

આપણે અહીં નોંધવું જોઇએ કે, રિકાર્ડોએ વિજ્ઞાન અને તંત્રજ્ઞાનના વિકાસની કૃષિ ઉત્પાદકતા પરની અસરો ઉપર બિલકુલ ધ્યાન નહોતું આપ્યું. યાંત્રીકરણના કારણે મૂડીવાદમાં ખેતીજન્ય અનાજ, ફળ, સૂકામેવાની પેદાશો એટલી બધી વધી ગઇ છે કે, ઔદ્યોગિક રીતે આગળ વધેલા દેશોમાં ફળ, ચોખા, ઘઉં, અન્ય ખાદ્યપદાર્થો તેમજ દૂધમાંથી ઉત્પન્ન થતી બનાવટો, ચીજવસ્તુઓ પશુઓને જ માત્ર ખવડાવવામાં નથી આવતી પરંતુ કરોડો ટનના હિસાબે એનો નાશ કરવામાં આવે છે જેથી બજારની સમતુલા ટકી રહે. જો એ વધારાનાં ઉત્પાદનો બજાર સુધી પહોંચે તો એ પેદાશોની કિંમત તળિયા તરફ જાય અને બજારની સમતુલા તૂટી પડે. વળી બજાર તો મૂડીવાદનું હાર્દ છે. આથી બજારની સમતુલા ઉપર નકારાત્મક અસરો નીપજાવનાર વધારાનાં ઉત્પાદનોનો નાશ કરવામાં જ એનું હિત છે. આ ઉપરાંત એ ઉત્પાદનોને બજારના માધ્યમથી વેચવામાં જ માને છે, વધારાનાં ઉત્પાદનો જરૂરિયાતમંદોને વહેંચવામાં નહિ.





રિકાર્ડોએ સૂચવેલ 'ગરીબ વિરોધી કાનૂન' (એન્ટી પૂઅર લૉ) નો ઉપયોગ કરીને ઇન્ગ્લેન્ડમાં હજારો ગરીબોને કેદી બનાવવામાં આવ્યા અને ઇન્ગ્લેન્ડ તથા મૂડીવાદી યુરોપીય દેશોના લાખો ગરીબોને જોરજબરદસ્તીથી ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ અને અમેરિકામાં એ દેશો દ્વારા ચાલી રહેલ સંસ્થાનવાદીકરણ(કોલોનાઇઝેશન) (ઔપનિવેશીકરણ)ની પ્રક્રિયાઓમાં કાળી મજૂરી કરવા જોતરવામાં આવ્યા.

રિકાર્ડોની આ અર્થનીતિઓ અને કાનૂની સિધ્ધાંતોએ મૂડીવાદના સામ્રાજ્યવાદી સ્વરૂપને વિકસાવવામાં ઘણી મદદ કરી. મૂડીવાદના આધુનિકીકરણના વિકાસ માટે અને મૂડીવાદી યૂરોપીય દેશો માટે આ નીતિઓ-કાનૂનો ઘણાં લાભદાયક પૂરવાર થયા અને શોષણની પ્રક્રિયાઓને તેજી આપનારા નીવડ્યાં; પરંતુ સંસ્થાનો (ગુલામ દેશો) અને શ્રમિકો-ગરીબો માટે અત્યંત શોષણકર્તા બની રહ્યાં. વાસ્તવમાં એ અસમાનતાઓની ખાઇને પહોળી કરનારાં અને અમાનવીય હતાં.

## 3. જૉન સ્ટુઅર્ટ મિલ અને આર્થિક ઉદારવાદ

જૉન સ્ટુઅર્ટ મિલ[5] (1806 – 1873) ના આર્થિક સિધ્ધાંતો બ્રિટિશ શાહીવાદને સમજવાની ચાવી છે. તેઓ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના અધિકારી જેમ્સ મિલના પુત્ર હતા અને બ્રિટિશ શાસનના મહત્વના વિચારક પણ. એમણે 'ઉદારમતવાદ' (લિબરાલિઝમ)ના ચિંતનને સુવ્યસ્થિતરૂપ આપી મૂડીવાદી મૂડીસંચય માટે ઉદારમતવાદી શાહીવાદને ન્યાયી ઠરાવ્યો. એમણે મૂડીવાદી આધુનિકતાના મનોમસ્તિષ્ક ઉપર ઊંડી અને અમીટ છાપ છોડી છે. તેઓ વ્યક્તિસ્વાતંત્ર્ય, નારી સ્વાતંત્ર્ય અને મુક્ત બજારમાં દૃઢ વિશ્વાસ ધરાવતા હતા.

અલબત્ત, એમના આ ઉદાત્ત વિચારો ફક્ત ગોરી પ્રજા અને એમાં પણ બ્રિટિશ શાસનનાં હિતો સાચવવા પૂરતા જ સીમિત હતા. આવા સગવડિયા વિચારો આપણને લગભગ તમામ મૂડીવાદી ચિંતકોમાં દૃષ્ટિગોચર થાય છે. જૉન સ્ટુઅર્ટ મિલે આપેલો 'ઉપયોગિતાવાદ'નો સિધ્ધાંત અને એના પ્રભાવો આપણને આજે - નૂતન શાસ્ત્રીય અર્થશાસ્ત્રમાં પણ પ્રતિબિંબિત થતો જોવા મળે છે. એમના

વ્યક્તિસ્વાતંત્ર્ય અને મુક્તબજાર વિશેના વિચારો, લખાણો ઔપચારિક લોકશાહી (ફોર્મલ ડેમોક્રસી) તેમ જ સંપત્તિવાન વર્ગ માટે વિચાર, વાણી, હેરફેર, સંગઠન, વ્યવહારનાં સ્વાતંત્ર્યને ટેકો આપે છે. પરંતુ તેઓ, જ્યારે બ્રિટિશ શાસનના શોષણ, દમન, અત્યાચારો સામે સંસ્થાનોની અશ્વેત પ્રજાઓ વિરોધ પ્રદર્શિત કરે, ત્યારે તેને ક્રૂરતાપૂર્વક કચડી નાંખવાની વાતો પણ કરે છે.

આ રીતે રંગભેદ અને સંસ્થાનવાદી શોષણથી રંગાયેલ મિલનો 'ઉદારમતવાદ' આજે એકવીસમી સદીના વૈશ્વિકમૂડીવાદમાં (ગ્લોબલાઈઝેશન ઓફ કેપિટલમાં) પણ 'નવઉદારીકરણ' (નિયો લિબરલાઈઝેશન)ના નામે પ્રચલિત છે. સમસ્ત વિશ્વને 'કાચા માલની વખાર' અને 'પાકા માલ(તૈયાર માલ) ના બજાર'માં વહેંચી નાખતી મૂડીવાદી ગળાકાપ સ્પર્ધાનાં મૂળ, જૉન સ્ટુઅર્ટ મિલના ચિંતન અને ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અધિકારી તરીકેના એમનાં નિર્ણયો અને હુકમોમાં વ્યકત થાય છે. તેઓ મુક્ત બજારમાં સામ-દામ-દંડ-ભેદની નીતિ વાપરતા અને તેમના મતે સ્પર્ધામાં જીત કે સફળતા જ સર્વસ્વ હતી.

આધુનિકતાનાં મૂલ્યો અને માપદંડોના આધારે શું કહીશું મૂડીવાદી આધુનિકતાના આ 'ઉદારમતવાદ'ને? આ જ 'ઉદારમતવાદે' મૂડીવાદી સામ્રાજ્યવાદને તેજ ગતિ આપી અને આજે પણ 'નવઉદારમતવાદ' વડે એકવીસમી સદીમાં વધારે નિર્દયી રીતે વૈશ્વિક મૂડીવાદને વેગવાન બનાવી રહ્યો છે. તે વ્યક્તિ અને સમાજ તથા વિકાસશીલ દેશોને ગ્રાહક, કાચો માલ અને બજાર બનાવી રહ્યો છે.

## 4. કાર્લ માર્ક્સ અને મૂડીવાદી આધુનિકીકરણ

'સામ્યવાદ'નામની વિચારધારાના જનક છે- કાર્લ માર્ક્સ[6](1818-1883) અને ફ્રેડરિક એન્ગલ્સ[7]. મૂડીવાદના આધુનિકીકરણનું વિગતવાર અને વૈજ્ઞાનિક પધ્ધતિથી વિશ્લેષણ કરનાર આ બંને ચિંતકોએ અંતે 'માર્કસવાદ' નામની એક એવી વિચારધારાને જન્મ આપ્યો જેણે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી માંડીને આજ સુધી મૂડીવાદી અર્થવ્યવસ્થા સામે નક્કર પડકારો ઊભા કર્યા છે. એ





વિચારધારાએ મૂડીવાદી અર્થવ્યવસ્થાને બદલે 'સમાજવાદી' અર્થવ્યવસ્થા અને સમાજવ્યવસ્થાના ખ્યાલો વિશ્વ સમક્ષ ઉજાગર કર્યા છે. વીસમી સદીમાં તો એ વિચારધારાએ સમગ્ર વિશ્વને મૂડીવાદી અને સમાજવાદી એમ બે વિશ્વોમાં પલટી નાંખ્યું હતું. મૂડીવાદના આધુનિકીકરણને માનવીય ચ્હેરો અપનાવવા એ આજે પણ મજબૂર કરી રહી છે.

મૂડીવાદના આધુનિકીકરણ વિશે એ વિચારધારામાંથી નીપજતાં કેટલાંક મહત્વપૂર્ણ તારણો આ પ્રમાણે છે.

4.1 મૂડીવાદમાં શ્રમિકોનું સંપૂર્ણપણે બજારીકરણ થઈ જાય છે.

4.2 મૂડીવાદી આધુનિકીકરણ માટે મૂડીસંચય અનિવાર્ય છે.

4.3 મૂડીવાદી વિકાસ 'નફો મેળવવા ઉત્પાદન' ઉપર આધારિત છે.

4.4 વ્યાપાર-વાણિજ્ય આધારિત મૂડીવાદ ઉદ્યોગો માટે જગ્યા મોકળી કરી આપે છે.

4.5 મોટા પાયે જમીનથી અળગાં કરાતાં કૃષિશ્રમિકો રોજી-રોટી માટે શહેરોમાં નવા સ્થપાતાં કારખાનાં, ઉદ્યોગોમાં શ્રમ વેચી વેતન-મજૂરી કરવા મજબૂર બને છે.

4.6 મૂડીવાદમાં શ્રમિક સર્વહારા બની જાય છે. તેની પાસે પોતાનો શ્રમ વેચવા સિવાય અન્ય કોઈ જીવનઆધાર નથી રહેતો.

4.7 'મુકત શ્રમ' ની બાંગ પોકારતો આધુનિક મૂડીવાદ મહેનતકશ જનતાને સર્વહારા બનાવી દે છે.

4.8 આધુનિક મૂડીવાદમાં શ્રમજીવીઓ / કામદારોને પોતે જીવી શકે અને સંતાનો પેદા કરી આગલી પેઢીનાં શ્રમિકો પૂરાં પાડી શકે એટલું જ વેતન મળે છે.

4.9 મૂડીવાદમાં યંત્રોને કારણે શ્રમિકોની ઉત્પાદકતા વધે છે. પરિણામે શ્રમિકો માટે પોતાના જીવન નિર્વાહ પૂરતા 'આવશ્યક શ્રમ'ની માત્રા ઘટતી જાય છે અને 'અતિરિક્ત મૂલ્ય' પેદા કરતા 'અતિરિકત શ્રમ'ની માત્રા વધતી જાય છે.

4.10 મૂડીવાદમાં સમૃધ્ધિ વધે છે અને તેનો લાભ માત્ર મૂડીપતિઓને જ મળે છે.

4.11 સમૃધ્ધિ વધવા છતાં શ્રમિકો પાસે ખરીદશક્તિનો અભાવ જોવા મળે છે.

4.12 'અતિ ઉત્પાદન'ની કટોકટી મૂડીવાદમાં મંદી અને મહામંદીઓને નોતરે છે.

માર્કસવાદી વિચારધારાના આ તારણના પુરાવા આપણને 1929માં આવેલી વૈશ્વિક સ્તરની મહામંદીમાં તેમજ એકવીસમી સદીમાં 2008માં અને 2013માં મૂડીવાદી વિકસીત દેશો (અમેરિકા-યૂરોપ)માં આવેલી મંદીઓમાં જોવા મળે છે. આ મંદીઓ, મહામંદીઓ મૂડીવાદી આધુનિકીકરણ, ઉપભોક્તાવાદી સંસ્કૃતિનો અતિરેક અને આર્થિક અસમાનતાઓના વાસ્તવમાંથી પેદા થાય છે. મૂડીવાદ આ ત્રણમાંથી એકેયને હંમેશા માટે નાબૂદ કરવાનું સામર્થ્ય ધરાવતો નથી.

4.13 મૂડીવાદ શ્રમિકોને કારખાનાંમાં 'એક છત' નીચે લાવી પોતાની કબર ખોદે છે.

સ્પષ્ટ છે. 'એક છત' નીચે આવવાને કારણે શ્રમિકો સરળતાથી એકત્રિત-સંગઠિત થઇ શકે છે અને તેમની સાંગઠનિક તાકાત મૂડીવાદનો ખાત્મો બોલાવવાનું સામર્થ્ય ધરાવે છે.

માર્કસવાદી વિચારધારાના આ મૂડીવાદી અર્થવ્યવસ્થા અને એની આધુનિકીકરણની પ્રક્રિયાઓનું સચોટ પૃથક્કરણ કરવાની સાથે સાથે એ બંનેમાં





નિહિત શ્રમિકોના શોષણ વિશે પણ સ્પષ્ટ તારણો તારવી આપે છે. એ મૂડીવાદની ક્રૂર, નિર્દયી અને અમાનવીય વર્તણૂંકો પણ સ્પષ્ટ કરે છે.

## 5. જોસેફ શંપીટર અને મૂડીવાદી સાહસિક્તા

પ્રખ્યાત અર્થશાસ્ત્રી જોસેફ શંપીટર[8] (1883 – 1950) મૂડીવાદી વિકાસ માટે 'ઔદ્યોગિક સાહસિકતા' (આંત્રપ્રિનિયોરશીપ) અને 'સર્જનાત્મક વિનાશ' (ક્રિયેટિવ ડિસ્ટ્રક્શન)ની આવશ્યક અંગો તરીકે હિમાયત કરે છે. તંત્રજ્ઞાનના વિકાસને પોષતા મૂડીવાદના ચિંતનને એમણે પ્રતિષ્ઠા અપાવી છે. એકવીસમી સદીના વૈશ્વિક મૂડીવાદના વિશ્લેષણ માટે બહુરાષ્ટ્રીય કંપનીઓ, મેનેજમેન્ટ સંસ્થાઓ અને અર્થશાસ્ત્રના નિષ્ણાતો જૉસેફ શંપીટરના સિધ્ધાંતો અને વિધાનોને વારંવાર ટાંકતા જોવા મળે છે. શંપીટરના મત મુજબ, 'વિકાસ માટે માનસનું આધુનિકીકરણ થવું આવશ્યક છે'.

શંપીટરનો એક નોંધપાત્ર અભિપ્રાય એ છે કે, સામાજિક વિકાસમાં સૌથી મહત્વનું યોગદાન અકસ્માતજન્ય પરિવર્તનનું છે. અકસ્માતજન્ય પરિવર્તન એટલે તેમના મત પ્રમાણે- વ્યક્તિઓ નવી નવી શોધખોળો કરે; નવાં નવાં ઉત્પાદનો કરે; ઉત્પાદનો માટે નવાં નવાં સંસાધનોનું નિર્માણ કરે; નવાં નવાં બજારો શોધી કાઢે; કાચા માલના નવા પૂરવઠા ઊભા કરે અને ઔદ્યોગિક કાર્યભારની નવી નવી તજવીજો કરે. આવાં યોગદાનો દ્વારા સાહસિકો એક સ્થગિત સમાજમાં આધુનિકીકરણ લાવી અર્થતંત્રને ગતિશીલતા આપે છે.

તેમણે મૂડીવાદી વિકાસ અને આર્થિક કટોકટી (મંદી, મહામંદી, ફુગાવો વગેરે) વિશે પણ મહત્વનું વિશ્લેષણ આપ્યું છે. આ માટે તેઓ આર્થિક સ્પર્ધા અને બજારનાં માળખાં, ઉદ્યોગોની ગતિવિધિઓ, આર્થિક વૃધ્ધિ અને સામાજિક વિકાસ વચ્ચેના પારસ્પરિક સંબંધો તેમજ વ્યાપાર અને લાંબા ગાળાનાં તંત્રજ્ઞાનના મોજાંઓ વચ્ચેના પારસ્પરિક સંબંધોનું પૃથક્કરણ આપણને આપે છે.

તેમના મત પ્રમાણે મૂડીવાદની તુલનામાં સમાજવાદી અર્થવ્યવસ્થા ઉચ્ચતર છે; પરંતુ રાજનૈતિક દૃષ્ટિએ તેઓ એ બંનેની લોકશાહી પ્રક્રિયાઓનું વિશ્લેષણ કરીને

એવા તારણ ઉપર આવે છે કે, સમાજવાદ સરમુખત્યારશાહી રાજ્યવ્યવસ્થા પ્રસ્થાપિત કરે છે.

તંત્રજ્ઞાનની મૂડીવાદી આધુનિકીકરણ પરની અસરો અંગે તેમના વિચારો કાર્લ માર્ક્સ સાથે મળતા આવે છે; પરંતુ માર્ક્સના પૃથક્કરણમાં વર્ગીય શોષણ કેન્દ્રસ્થાને છે, જ્યારે શંપીટર મૂડીવાદમાં સબળ પ્રગતિશીલતા અને સર્જનશીલતાનાં ચિહ્નો જુએ છે. શંપીટરના મોડલમાં બુધ્ધિજીવીઓ મહત્વની ભૂમિકા અદા કરે છે. તેમના મત પ્રમાણે બુધ્ધિજીવીઓ ટીકાટિપ્પણી દ્વારા નિરંતર પરિવર્તનો લાવતા રહે છે.

## 6. જોન મિનાર્ડ કેંઇન્સ અને મૂડીવાદી આધુનિકતા

કેઇન્સ[8]ના ચિંતન ઉપર મૂડીવાદી અર્થવ્યવસ્થાએ 1929માં સર્જેલી મહામંદી (ગ્રેટ ડિપ્રેશન) એ સર્જેલ ભયાવહ બેરોજગારી, દરિદ્રતા અને નિરાશાઓની એટલી પ્રગાઢ અસરો નીપજાવી હતી કે, તેમણે પોતાના અર્થશાસ્ત્રીય સિધ્ધાંતોમાં સૌથી વધારે ભાર પૂર્ણ રોજગારીના ખ્યાલને આપ્યો હતો.

અર્થતંત્રમાં લાંબા ગાળાની સ્થિતરતા લાવવા માટે તેમણે માંગમાં વધારો કરવાની, રોજગારીમાં વધારો કરવાની તેમ જ બચતો અને મૂડીરોકાણોમાં વૃધ્ધિ કરવાની હિમાયત કરી હતી. તેમના મત મુજબ મૂડીવાદના ઉર્ધ્વગામી વિકાસ માટે આ અનિવાર્ય શરતો હતી. તેઓ દઢતાપૂર્વક માનતા કે, આ તમામ બાબતો માટે રાજ્યે પણ મહત્વની ભૂમિકા અદા કરવાની હોય છે. જ્યારે ખાનગી ઉદ્યોગોના અને બજારના પ્રવાહો આધારિત રોજગાર ઘટતા જાય ત્યારે રાજ્યે સરકારી યોજનાઓ વડે રોજગાર નિર્માણ કરીને પણ પૂર્ણ રોજગારની સ્થિતિ બનાવી રાખવી જોઇએ. જો સરકાર પાસે રોજગાર માટે અન્ય કોઇ ઉપાય ના હોય તો તેણે ‘ખાડા ખોદો અને ખોદેલા ખાડા ફરી પૂરો’ની નીતિ અપનાવી નોકરીઓ / રોજગારીઓ ટકાવી રાખવી જોઇએ. તેમના મત પ્રમાણે, ટૂંકાગાળા માટે અર્થતંત્રમાં 15 થી 60 વર્ષની વયની સાડાત્રણ ટકા વસ્તી બેરોજગાર હોય તો તે માળખાગત ફેરફારોને કારણે હોવાથી ડરવા જેવી બાબત નથી.





કેઇન્સની આર્થિક નીતિઓનો ઉપયોગ 1930 થી 1970ના સમયગાળામાં યૂરોપીય દેશોએ મહામંદી અને બબ્બે વિશ્વયુધ્ધોએ સર્જેલી આર્થિક તારાજીમાંથી બહાર નીકળવા માટે કર્યો. તો વળી 1970 પછીના ગાળામાં અમેરિકાએ એમની નીતિઓને હુબહુ અપનાવી. પશ્ચિમી દેશોની સરકારોએ કેઇન્સની નીતિઓના ઉપયોગ વડે શસ્ત્ર ઉદ્યોગો અને લશ્કરી તાકાતો પાછળ સરકારી ખર્ચમાં જંગી વધારો કર્યો. આ રીતે તેમણે પોતાના દેશોમાં નોકરીઓ / રોજગારોમાં વધારો કર્યો અને સાથે સાથે પોતાનાં શસ્ત્રો / હથિયારો વેચવા માટે દુનિયાભરના બસ્સો જેટલા દેશો-પ્રદેશોમાં યુધ્ધો કરાવ્યાં. આ ઉપરાંત એમણે એ દેશો-પ્રદેશોનો કાચો માલ, ખનીજ પદાર્થો, કૃષિ ઉત્પાદનો, સોનું, ચાંદી, પાણી, ખનીજ તેલ વગેરે યેનકેન પ્રકારેણ ઉલેચ્યાં.

‘ગુબ્બારા અર્થતંત્ર’ (બબલ ઇકોનોમી), કાસિનો સંસ્કૃતિ, ‘મળતિયો મૂડીવાદ’ (ક્રોની કેપિટાલિઝમ)નાં માધ્યમો દ્વારા અમેરિકાએ પોતાની ‘અમેરિકી ઇજારાશાહી -નવસામ્રાજ્યવાદ’ને ન્યાયી ઠરાવ્યો. સાથે સાથે વિકસીત રાષ્ટ્રોએ ‘ત્રીજા વિશ્વ’ના વિકાસશીલ રાષ્ટ્રોનાં શોષણ સામે આંખ આડા કાન કરવા પણ શરૂ કર્યા.

ટૂંકમાં, કેઇન્સની નીતિઓને લઇને મૂડીવાદી આધુનિકીકરણ પોતાના સંકટમાંથી તો ઉગર્યું, પરંતુ સાથે સાથે એ નીતિઓએ વિકાસશીલ દેશોની જનતાના માથે યુધ્ધો અને હથિયારો લાદ્યાં તેમ જ તેમનાં કુદરતી સંસાધનોની બેફામ લૂંટ પણ શરૂ કરી.

મૂડીવાદના આધુનિકીકરણની આ નીતિઓ અને પ્રક્રિયાઓને આધુનિકતાનાં મૂલ્યો, ખ્યાલો સાથે સાંકળીને જોઇએ તો છેવટે આપણા હાથમાં એનો ક્રૂર, માનવભક્ષી, સંહારકનો અવતાર જ આવે. મૂડીવાદનું કેન્દ્ર બજાર હોવાના કારણે એ આધુનિકતાવિરોધી વલણોને પણ હંમેશા આધુનિક ઠેરવતો રહ્યો છે.

આધુનિકતાનું આ હડહડતું અપમાન કે કમોતનું મોત નથી તો બીજું શું છે?

## 7. ‘ઇજારાશાહી’ મૂડીવાદની ચરમસીમાઃ વી.આઇ.લેનિન

1917ની રશિયાની સમાજવાદી ક્રાંતિને સફળ બનાવનાર બૉલ્શેવિક પાર્ટીના નેતા અને માર્ક્સવાદી વિચારધારાને વરેલા ક્રાંતિકારી વ્લાદિમીર ઇલ્યીચ લેનિને[10] 1916માં લખેલ દળદાર પુસ્તક ‘ઇજારાશાહી’ (મોનોપોલી)માં તેઓ ઇજારાશાહીને મૂડીવાદી વિકાસની ચરમસીમા તરીકે વિશ્લેષિત કરે છે. આર્થિક સત્તાના કેન્દ્રીકરણ અને એકત્રીકરણ વડે સમગ્ર વિશ્વને સંસ્થાન બનાવી નફો રળવા માટે મૂડીવાદે અપનાવેલી તરકીબોનો આ પુસ્તકમાં પર્દાફાશ કરવામાં આવ્યો છે.

નાણાંકીય મૂડી વડે વિશ્વભરમાં પોતાના આર્થિક સામ્રાજ્યને ટકાવવાના પશ્ચિમી દેશોના મરણિયા પ્રયાસોએ વિશ્વના મોટાભાગના દેશોને કઇ રીતે ગરીબી, ભૂખમરો, અછત અને માનવસર્જીત યાતનામય પરિસ્થિતિમાં જકડી રાખ્યા છે તેની તેમાં આબેહૂબ રજૂઆત અને તેનું તલસ્પર્શી વિશ્લેષણ કરવામાં આવ્યું છે. એ ઉપરાંત તેમાં એમણે ઇજારાવાદી દેશો ઉત્પાદનનાં નકામાં કાર્યો - જેવાં કે, સટ્ટાખોરી, શેરબજાર, સંઘરાખોરી, કાળાંબજાર વગેરે વડે વિશ્વના ગરીબ દેશોને કેવી ગુલામીની અવસ્થામાં સબડાવી રહ્યા છે તેનો પણ અભ્યાસપૂર્ણ ચિતાર આપ્યો છે.

આ ઉપરાંત આ પુસ્તકમાં તેમણે પ્રથમ વિશ્વયુધ્ધના માધ્યમથી વિશ્વને સંસ્થાન બનાવવાની હોડમાં મૂડીવાદી સત્તાઓની હુંસાતૂંસી અને પોતાના નાણાંકીય અમીરવાદનો ઉપયોગ યુધ્ધો જેવાં બિનઉત્પાદક કાર્યો પાછળ કરવાના વલણોનું ઊંડાણભર્યું વિશ્લેષણ સ્પષ્ટ કર્યું છે. મૂડીવાદી ઇજારાશાહી વિશેનું તેમનું વિશ્લેષણ આજે પણ ‘વૈશ્વિક મૂડીવાદ’ના સંદર્ભમાં તદ્દન સાચું અને સચોટ પૂરવાર થઇ રહ્યું છે.

આ પુસ્તકમાં તેઓ મૂડીવાદી મહાસત્તાઓ કઇ રીતે ખનીજ સંપત્તિ, સોનું, હીરા, ખનીજ તેલ, સમુદ્ર, નદીઓ, ઉદ્યોગો, વ્યાપાર, વાણિજ્ય અને કૃષિ ઉત્પાદનોને પોતાના અંકુશમાં લેવા સામ-દામ-દંડ-ભેદની રાજનીતિના દાવપેચ રમે છે અને





શસ્ત્રોનું ઉત્પાદન, વિતરણ તેમ જ વેચાણ કરી યુધ્ધો ઊભાં કરે છે તેમ જ પ્રમાદી / વિલાસી / બેઠાડુ વર્ગની મુઠ્ઠીમાં મહેનતકશ જનતાને મસળાવે છે, એનું યથાતથ વિશ્લેષણ કરે છે. આ રીતે તેઓ પૂરવાર કરે છે કે શા માટે મૂડીવાદનો જડબેસલાક વિરોધ કરવો જોઇએ. ઇજારાશાહી મૂડીવાદ ફક્ત બેંકના માલિકો, રાજકારણીઓ, મૂડીવાદી ઇજારાશાહો અને વ્યાજખોરોનાં જ હિતોનું રક્ષણ કરે છે – એ વાસ્તવિકતા તેઓ ઉદાહરણો દ્વારા પૂરવાર કરે છે.

આ પુસ્તક દ્વારા લેનિને મૂડીવાદના પિશાચી સ્વરૂપને બેનકાબ કર્યું છે. આજે પણ એમનો આ અભ્યાસ ગ્રંથ મૂડીવાદી આધુનિકીકરણ અને આધુનિકતાને સમજવા માટે ચાવીરૂપ મનાતો આવ્યો છે.

## 8. સમાજશાસ્ત્રી એમિલી ડર્ખાઇમ

સમાજશાસ્ત્રી એમિલી ડર્ખાઇમ[11](1858-1917)ના સિધ્ધાંતોમાં આધુનિકતાને પ્રગતિના વિચાર સાથે જોડવામાં આવી છે. તેમના મતે અઢારમી સદીના ‘નવજાગરણ યુગ’ સાથે સમાજપરિવર્તનની ગતિ વેગવાન બની અને મૂડીવાદનાં બીજ રોપાયાં.

આ ફ્રેંચ સમાજશાસ્ત્રીએ સામાજિક માળખાં (સોશિયલ સ્ટ્રકચર્સ) અને સમાજોની ઉત્ક્રાંતિને સમજાવવા માટે ‘ફંક્શનાલિઝમ‘ (કાર્યવાદ) નો સિધ્ધાંત પ્રતિપાદિત કર્યો. ‘સ્ટ્રક્ચરલ ફંક્શનલ એનાલિસીસ’ (માળખાંગત કાર્યવાદનું પૃથક્કરણ)ના સિધ્ધાંત મુજબ સામાજિક સંસ્થાઓ - કુટુંબ, સમુદાય, ઉદ્યોગ, વાણિજ્ય, રાજ્યસત્તા, ધર્મ વગેરે પરસ્પરના આદાન-પ્રદાન વડે સમાજની સાંસ્કૃતિક અને સામાજિક આચારસંહિતાઓ ઘડે છે.

ડર્ખાઇમે તારવેલો એક મહત્વનો સિધ્ધાંત હતો - શ્રમ વિભાજન. આ સિધ્ધાંતમાં તેઓ આદિમ સમાજમાંથી ઉત્ક્રાંતિ પામી કેવી રીતે આધુનિક ઔદ્યોગિક સમાજ અસ્તિત્વમાં આવ્યો એની સફરનું વિશ્લેષણ રજૂ કરે છે.

ડર્ખાઈમના મતે મૂડીવાદી સમાજમાં જટિલ શ્રમવિભાજનના કારણે આર્થિક નીતિનિયમોમાં આધુનિકતા લાવી શકાઈ અને સમાજમાંની કટોકટી તેમજ અરાજકતા દૂર કરી શકાઈ. આ ઉપરાંત એમણે 'સામાજિક ઉત્ક્રાંતિ' નો વિચાર પણ રજૂ કર્યો. એ વિચારમાં તેઓ કઈ રીતે વિવિધ સમાજો અને સંસ્કૃતિઓનો જીવંત ઓર્ગેનિઝમ (પરસ્પરાવલંબી રચનાઓ) ની જેમ વિકાસ થયો તેનો ખ્યાલ આપે છે અને એના અનેક તબક્કાઓનું પૃથક્કરણ રજૂ કરે છે. આધુનિક સમાજશાસ્ત્રનો ઉદ્‌ગમ આધુનિકતાની સમસ્યાઓ- જેવી કે, ઔદ્યોગિકીકરણ અને તાર્કિકીકરણ (રેશનલાઈઝેશન)ની પ્રક્રિયાઓ - ની પ્રતિક્રિયા રૂપે થયો હોવાનું પૂરવાર કરે છે. આ દૃષ્ટિએ જોઈએ તો એક રીતે એમની વિચારધારાને અનુઆધુનિકતાની વિચારધારાના બીજરૂપ ગણી શકાય. મૂડીવાદી આધુનિકીકરણ અને આધુનિકતા વચ્ચેના પારસ્પરિક સંબંધોને સમજવા માટે ડર્ખાઈમે કરેલા અભ્યાસો ખરેખર નોંધપાત્ર અને ઉપયોગી છે.

## 9. ફિલોસોફર કોંડોરસેટના વિચારો

ફ્રેંચ ફિલોસોફર માર્ક્વીઝ ડી'કોંડોરસેટ[12](1858-1917) આધુનિકતાની પરિભાષામાં તંત્રજ્ઞાનના વેગવાન વિકાસ અને મૂડીવાદી આર્થિક પધ્ધતિને કેન્દ્રસ્થાને ગણે છે; કેમ કે, મૂડીવાદી આર્થિક પધ્ધતિ શ્રમિકોને મુક્ત બજારમાં લાવે છે. તેમના મત મુજબ મૂડીવાદી આર્થિક પધ્ધતિમાં આધુનિકતાનાં નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યો 'વિચાર-વાણી-વર્તન-વેપાર-મૂડીરોકાણનું સ્વાતંત્ર્ય' મહત્વનું સ્થાન ધરાવે છે.

કાર્લ માર્કસ પહેલા ચિંતક હતા જેમણે આર્થિક અને સામાજિક આધુનિકતાને સાંકળીને આપણને સમજાવ્યું કે, બંને ક્ષેત્રોમાં સતત પ્રગતિ વડે જ બદલાતા સમાજની ગતિ સાથે તાલમેલ લાવી શકાય. આધુનિકતા જ માનવજીવનને પ્રગતિ અને ઉચ્ચતર જીવન ભણી લઈ જઈ શકે.

કોંડોરસેટના અભિપ્રાય મુજબ તંત્રજ્ઞાનની પ્રગતિ જનતાને પોતાનાં પર્યાવરણ





ઉપર અંકુશ સ્થાપવામાં મદદરૂપ બનશે; એટલું જ નહીં, તંત્રજ્ઞાન સામાજિક પ્રગતિનાં દ્વાર પણ ખોલી આપશે.

આજે એકવીસમી સદીના પ્રારંભ સમયે આપણે જોઈ અને અનુભવી શકીએ છીએ કે, કોંડોરસેટના વિચારો વાસ્તવિકતા કરતાં રૂમાની (રૉમેન્ટિક) વધારે હતા. તેઓ મૂડીવાદી આર્થિક પધ્ધતિ અને આધુનિકતાને અલગ તારવીને જોઈ નહોતા શક્યા. આજે તો તંત્રજ્ઞાનની વાયુવેગી પ્રગતિ માનવ સમાજના સાંસ્કૃતિક પર્યાવરણ અને ભૌતિક પર્યાવરણ માટે ઘોર ખોદનારી પૂરવાર થઈ રહી છે. અલબત્ત, મૂડીવાદ અને આધુનિકતા વચ્ચેના આંતર્‌સંબંધને સમજવા માટે એમના વિચારોનો અભ્યાસ કરવો જરૂરી છે, એ બાબતે કોઈ બે-મત હોઈ ના શકે.

મૂડીવાદી આર્થિક પધ્ધતિ અને આધુનિકતા વચ્ચેના આંતર્‌સંબંધો સંદર્ભે આજે પણ કાર્લ માર્ક્સના વિચારો વધારે દૂરંદેશીભર્યા અને અત્યંત સચોટ પૂરવાર થતા લાગે છે.

## 10. 'વિશ્વ વ્યવસ્થા દૃષ્ટિકોણ': ઇમેન્યૂઅલ વૉર્લસ્ટાઇન

'વિશ્વ વ્યવસ્થા દૃષ્ટિકોણ' (વર્લ્ડ સિસ્ટમ પરસ્પેક્ટિવ) એક અત્યંત મહત્વનો અભ્યાસ છે. 1970ના દાયકામાં ઇમેન્યૂઅલ વૉર્લસ્ટાઇન[13]નામના ચિંતકે વૈશ્વિક અર્થવ્યવસ્થાની છેક સોળમીથી વીસમી સદીની ગતિવિધિઓનું આ અભ્યાસમાં મૂલ્યાંકન કર્યું છે. એમાં એમણે મૂડીવાદી આધુનિકતાને બૃહદ પરિપ્રેક્ષ્યમાં મૂકી, તેમાં અનેક વિષયોને સાંકળી, રાષ્ટ્રથી ઉપર જઈ, વૈશ્વિક સ્તર પર જગતના ઇતિહાસ અને સામાજિક પરિવર્તનોના સંદર્ભમાં સમજવાનો અને તપાસવાનો નોંધપાત્ર પ્રયાસ કર્યો છે.

આધુનિક મૂડીવાદી વિકાસ અને ઔદ્યોગિકીકરણે કઈ રીતે અસમાન વિકાસને જન્મ આપ્યો છે તે સમજવા તેમણે વિકાસશીલ દેશોના ઔદ્યોગિક રીતે આગળ વધેલા દેશો સાથેના આર્થિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને રાજકીય સંબંધોની ઊંડાણપૂર્વક છણાવટ કરી છે. વૉર્લસ્ટાઇનના આ અભિગમને 'વિશ્વ વ્યવસ્થા ચિંતન'ના નામે ઓળખવામાં આવે છે; પરંતુ એમને એ ઓળખ સ્વીકાર્ય નથી. એમના મતે એમનો આ અભ્યાસ- ઓગણીસમી સદીના જ્ઞાનના માળખામાં રહેલ

મૂડીવાદી આધુનિકતાની પ્રશંસાઓને ટીકાત્મક રીતે ગરીબ દેશોનાં હિતોના દૃષ્ટિકોણથી મૂલ્યાંકિત કરીને, ઉપસાવવાનો છે.

શા માટે પશ્ચિમનાં ઔદ્યોગિક રાષ્ટ્રો વિશ્વ અર્થતંત્રના કેન્દ્રમાં છે અને આખો લાડવો ખાઈ જાય છે? શા માટે અનુસંસ્થાનવાદી દેશો એમની આસપાસમાં છે અને ગરીબ તેમ જ દરિદ્ર છે? વૉલર્સ્ટાઇન ગરીબ દેશોની મહેનતકશ જનતાએ ખેતી, ઉદ્યોગ, સેવાક્ષેત્રોમાં ઉત્પન્ન કરેલ અતિરિક્ત મૂલ્ય સમૃધ્ધ દેશો કઈ રીતે પોતાની તરફ ખેંચી જાય છે- એની ગતિવિધિઓ, પ્રક્રિયાઓને સમજીને ગરીબ અને સમૃધ્ધ દેશો વચ્ચેના સત્તાસંબંધો બદલવાની વાત કરે છે.

તેમનાં તારણો અનુસાર ગરીબ દેશોમાં 'ઓછા કૌશલ્યવાળી' શ્રમશક્તિ રહે છે અને 'ઉચ્ચ કૌશલ્યવાળી' શ્રમશક્તિ ધનાઢ્ય દેશો ઢસડી જાય છે. ગરીબ દેશોનો કાચો માલ, સસ્તી મજૂરી, નિકાસનો માલ અને શિક્ષિત વર્ગનું ધનાઢ્ય દેશોમાં સ્થાનાંતર થાય છે અને સમૃધ્ધ દેશો ગરીબ દેશોમાં મૂડીરોકાણ કરી અઢળક નફો પોતાના દેશમાં ઢસડી જાય છે. વળી આ બધું કરનાર સમૃધ્ધ દેશો પાછા સામેથી ગરીબ દેશોને 'પછાત' કહી અસમાન સત્તાસંબંધોને વકરાવે છે, વણસાવે છે. અને પરિણામે ગરીબી, બેરોજગારી, ફુગાવો, ભાવવધારો, રમખાણો, યુધ્ધો અને અસલામતી ગરીબ દેશોના ભાગે આવે છે.

વૉલર્સ્ટાઈનનો આ અભ્યાસ આપણા માટે મહત્વપૂર્ણ છે. તેઓ ભલે મૂડીવાદી વિશ્વની અર્થવ્યવસ્થાઓ અને સત્તાસંબંધોની અસમાનતાઓને કેન્દ્રમાં રાખતા હોય; પરંતુ એમાંથી ઘણા મહત્વપૂર્ણ રાજનૈતિક, સામાજિક અને સાંસ્કૃતિક મુદ્દાઓ પણ સ્ફૂટ થાય છે; જે આપણને બંને પ્રકારના દેશો વચ્ચે માત્ર આર્થિક દૃષ્ટિએ જ નહીં, આધુનિકતાનાં પાયાગત મૂલ્યો, વલણો સંદર્ભે પણ ઊંડાણપૂર્વક અભ્યાસો કરવાનો પડકાર ફેંકે છે. એ અર્થવ્યવસ્થા સાથે અભિન્નપણે ગૂંથાયેલ રાજનૈતિક વ્યવસ્થાઓ, સામાજિક વ્યવસ્થાઓ અને સાંસ્કૃતિક મૂલ્યો-વલણોને સમજવા માટેની જમીન પૂરી પાડે છે.





## 11. મૂડીવાદી વિકાસ વિશે ડૉ. સમીર અમીનનું ચિંતન

ઈજીપ્તના ચિંતક ડૉ. સમીર અમીન[14] છેલ્લાં ચાળીસેક વર્ષથી મૂડીવાદી ગતિવિધિઓનું અભ્યાસપૂર્ણ વિશ્લેષણ કરી દલિત, પીડિત, શોષિત અને શાસિત જનતાનાં હિતો વિશે એક અસરકારક વિચારમંથન ઊભું કરી રહ્યા છે. તેમના મતે આધુનિક મૂડીવાદને સમજવા આપણે જૂની સમાજવ્યવસ્થાઓ, અને સામાજિક વર્ગો, વર્ગસંઘર્ષો, રાજકીય પક્ષો, સામાજિક આંદોલનો અને વૈચારિક અભિગમો વિશેની આપણી સમજને ઈજારાશાહી મૂડીવાદના પરિપ્રેક્ષ્યમાં જોવાની જરૂર છે. વિશ્વમૂડીવાદનો પર્દાફાશ થઈ રહ્યો છે. વિશ્વની શોષિત-પિડીત જનતા કઈ રીતે મૂડીવાદી આધુનિકતાને પડકારવા નવી રણનીતિઓ અને વ્યૂહરચનાઓ અપનાવે છે- એ જોવું મહત્વપૂર્ણ બની જાય છે.

છેલ્લી બે સદી દરમિયાન મૂડીવાદ અને એના આધુનિકીકરણ વિશે થયેલ ચિંતનો, અભ્યાસો, અને એ બંનેના વિરોધમાં થયેલ અભ્યાસો, વિચારવંટોળો, તેમજ જનસંઘર્ષોને સમજીએ તો ભારતની વર્તમાન મૂડીવાદી વાસ્તવિકતાઓ અને આધુનિકતા વચ્ચેના પારસ્પરિક સંબંધો તથા વ્યાપક સામાજિક-સાંસ્કૃતિક પરિદૃષ્યોને સમજવામાં જરૂરી એવી ઘણી મદદ મળી શકે.

આજે વૈશ્વિક મૂડીવાદે વિશ્વ આર્થિક મંચ, વ્યાપાર અને વાણિજ્ય માટે સર્વસામાન્ય કરાર, બૌધ્ધિક સંપત્તિ પરના કોપીરાઈટ્સ અને શસ્ત્ર સરંજામોનો ખડકલો ઊભો કરીને સમાજમાં મૂડીપતિ વર્ગની પકડ મજબૂત કરવા માટે માહિતી તંત્રજ્ઞાન (ઇન્ફર્મેશન ટેક્નોલોજી)નો ઉપયોગ ભરપૂર કરવા માંડ્યો છે. તો બીજી તરફ જનઆંદોલનોએ તેની સામે 'વિશ્વ સામાજિક મંચ' (વર્લ્ડ સૉશિયલ ફૉરમ) ઊભો કરીને દરેક ક્ષેત્રમાં મૂડીવાદના પગપેસારા સામે અવાજ ઉઠાવવો શરૂ કર્યો છે. તાજેતરમાં અમેરિકામાં ચહલપહલ મચાવનાર 'વૉલસ્ટ્રીટ' આંદોલન, ગત વર્ષોમાં થયેલ 'ઈજીપ્તની વસંત' આંદોલન, ગ્રીસનાં જનઆંદોલનો વગેરે વર્તમાન આર્થિક, રાજનૈતિક વ્યવસ્થાઓ સામે બળુકાં બનતાં જતાં આંદોલનોના નક્કર પુરાવાઓ છે.

આ ઉપરાંત પર્યાવરણીય ચિંતકો દ્વારા ન્યૂક્લીયર ટેક્નોલોજી, જેનોમના અખતરાઓ સામે તેમજ કૃષિના વ્યાપારીકરણ સામે પણ ઠેર ઠેર જંગ છેડાઇ રહ્યા છે. લાખો-કરોડો ખેડૂતો, શ્રમિકો અને આદિવાસીઓને વિસ્થાપીત કરતાં મહાકાય ઔદ્યોગિક પ્રકલ્પો (પ્રોજેક્ટ્સ) સામે પણ ત્રીજા વિશ્વના દેશોમાં જનઆંદોલનો વધી રહ્યાં છે. વિસ્થાપિત થઇ રહેલ શ્રમિકોના જીવનનિર્વાહનાં સંસાધનો છીનવાઇ રહ્યાં છે અને તેઓ ‘બિનકુશળ’ કામદાર બની શહેરોની ફૂટપાથો, બસ્તીઓમાં આથડી રહ્યાં છે.

સ્પષ્ટ છે- વર્તમાન મૂડીવાદી વ્યવસ્થાઓ સામે આર્થિક, રાજનૈતિક, પર્યાવરણીય, સામાજિક-સાંસ્કૃતિક પ્રશ્નાર્થો અને સંઘર્ષો ધીરે ધીરે દુનિયાભરમાં ગંભીરસ્વરૂપ ધારણ કરી રહ્યાં છે. આ તમામ વાસ્તવિકતાઓનું પણ આપણે આધુનિકતાના સંદર્ભે મૂલ્યાંકન કરવું જરૂરી છે.

## 12. વિકાસશીલ દેશોના ચિંતકોના મૂડીવાદી આધુનિકતા વિશેના વિચારો

વીસમી સદી દરમિયાન સ્વતંત્ર રાષ્ટ્રો તરીકે અસ્તિત્વમાં આવેલ અનુસાંસ્થાનિક અથવા તો વિકાસશીલ દેશોના ચિંતકો પાસે આર્થિક વિકાસ માટેના બે મુખ્ય વિકલ્પો મોજૂદ હતા.

1. મૂડીવાદી આર્થિક વિકાસ
2. સમાજવાદી આર્થિક વિકાસ

એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકામાંનાં સંસ્થાનવાદી ગુલામીમાંથી મુકત થયેલ આવાં રાષ્ટ્રોની સામે સ્વતંત્રતા સમયે આર્થિક વિકાસના પડકારો ઘણા વિકરાળ હતા. તેમની સંસ્થાન અવસ્થા દરમિયાન તેમના માલિક રહેલ વિકસીત મૂડીવાદી રાષ્ટ્રોએ એમનાં પ્રાકૃતિક અને આર્થિક સંસાધનોનું બેલગામ શોષણ કર્યું હતું. તે દેશોમાં આર્થિક વિકાસ માટે જરૂરી આંતર્માળખાંકીય વિકાસ પણ અત્યંત મર્યાદિત સ્વરૂપે થયો હતો. એમના મૂડીપતિઓની આર્થિક વિકાસની





ક્ષમતાઓ મર્યાદિત હતી. આર્થિક વિકાસ માટે જરૂરી રાજ્યવ્યવસ્થાઓ પણ તેમણે પ્રારંભથી વિકસાવવાની હતી. સમાજમાં પણ મહદ્અંશે સામંતી મૂલ્યો-વલણોનું વર્ચસ્વ હતું.

આ સંજોગોમાં મોટાભાગના ત્રીજા વિશ્વના-અનુસાંસ્થાનિક-દેશોએ મૂડીવાદી ઢબે આર્થિક વિકાસ કરવાનો માર્ગ પસંદ કર્યો. તેઓએ આધુનિક તંત્રજ્ઞાન, વ્યવસ્થાપન અને વૈજ્ઞાનિક પધ્ધતિઓ વડે આર્થિક વિકાસની શરૂઆત કરી.

તો વળી ભારત, ઇજીપ્ત જેવા કેટલાંક દેશોએ ‘મિશ્ર અર્થતંત્ર’ની નીતિઓ વડે આર્થિક વિકાસનો માર્ગ પસંદ કર્યો. ‘મિશ્ર અર્થતંત્ર’ એટલે ખાનગી મૂડીપતિઓ અને રાજ્ય સંચાલિત જાહેર સાહસોના મિશ્રણ વડે આર્થિક વિકાસ. તેમણે સમાજવાદી આર્થિક વિકાસ માટેની ‘પંચવર્ષીય યોજનાઓ’નો અમલ પણ સ્વીકાર્યો. મુખ્યત્વે આર્થિક વિકાસ માટેનાં વ્યૂહાત્મક ક્ષેત્રો - આંતર્માળખાંકીય સેવાઓનાં ક્ષેત્રો માટે તેમને મોટે પાયે મૂડીરોકાણની આવશ્યકતાઓ હતી. એ પ્રકારના વિકાસ માટે એમના મૂડીપતિઓ પાસે પૂરતી ક્ષમતા નહોતી. આથી રેલ્વે, ટપાલ, ટેલિફોન, હવાઇ ક્ષેત્ર, સિમેંટ, સ્ટીલ, રસ્તાઓ, વાહનવ્યવહાર, સિંચાઇ, ખાણો જેવાં ક્ષેત્રો એમણે જાહેર સાહસોને હસ્તક સોંપ્યાં. હકીકત છે કે, આવાં ક્ષેત્રોમાં નફો મેળવતાં 8 થી 10 વર્ષ નીકળી જાય. બીજી તરફ આ દેશોએ ઉપભોક્તાલક્ષી ઉત્પાદન ક્ષેત્રો - જેવાં કે, ટૂથપેસ્ટ, સાબુ, વીજળી વડે ચાલતાં ઉપકરણો, કાપડ, સૌંદર્ય પ્રસાધનો, ખાદ્ય પદાર્થોનું નિર્માણ, ખેતીવાડી, ડેરી ઉદ્યોગ, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ વગેરે ક્ષેત્રોનો આર્થિક વિકાસ ખાનગીક્ષેત્રને હસ્તક સોંપ્યો.

‘મિશ્ર અર્થતંત્ર’ ના ખ્યાલ પાછળ અનુસંસ્થાનવાદી અર્થશાસ્ત્રીઓ અને ચિંતકોની માન્યતા એવી હતી કે, એકવાર આર્થિક વિકાસરૂપી કેક / પાઇ વૃધ્ધિ પામશે તો સમાજનાં દરેક સ્તરને તેમાંથી પોતપોતાનો ભાગ ધીરે ધીરે મોટા પ્રમાણમાં મળવા માંડશે. પરંતુ વાસ્તવમાં બન્યું એનાથી વિપરીત. આર્થિક વૃધ્ધિના લાભો ખાનગી મૂડીપતિઓનાં ખિસ્સાં સુધી મોટા પાયે પહોંચ્યા. વીસમી સદીના અંતિમ દશકો દરમિયાન જ્યારે વિકસીત મૂડીવાદી દેશોએ મૂડીના આધુનિકીકરણની પ્રક્રિયામાં

'મૂડીના વૈશ્વિકીકરણ'નો રસ્તો અખત્યાર કર્યો ત્યારે એ દેશોના મૂડીપતિઓ જોરશોરથી સામેલ થઇ ગયા અને પરિણામે શ્રમિકો-ગરીબો પોતાનાં રોજગારીનાં સાધનોથી વિસ્થાપિત થવાં માંડ્યાં. પરિણામે બંને વર્ગો વચ્ચેની આર્થિક અસમાનતાની ખાઇ તીવ્ર વેગે પહોળી થવા માંડી.

આધુનિકતાનાં મૂલ્યો અને માપદંડોની દૃષ્ટિએ જોઇએ તો અનુસંસ્થાનવાદી દેશોમાં 'મૂડીના વૈશ્વિકીકરણ'ના દૌરમાં રાજનૈતિક-સામાજિક વિષમતાઓ, અસમાનતાઓ પણ વકરી. આપણા દેશ ઉપર જ નજર દોડાવીએ તો છેલ્લા ત્રણ દશક દરમિયાન આપણાં પ્રજાતાંત્રિક અને માનવ અધિકારોનું જે રીતે ધોવાણ થઇ રહ્યું છે, સરકારો ઉપર મૂડીપતિઓનું વર્ચસ્વ વધી રહ્યું છે, દેશમાં સાંપ્રદાયિક, જાતિગત અને લૈંગિક અત્યાચારો, ઘર્ષણો વધી રહ્યાં છે. આ તમામ વાસ્તવો આજે આપણને મૂડીવાદ અને આધુનિકતા વચ્ચેના પરસ્પર પૂરક અને પોષક સંબંધો વિશે પુનઃવિચાર કરવા મજબૂર કરી રહ્યા છે.

**સમાપન**

છેલ્લી બે સદી દરમિયાન મૂડીવાદના આધુનિકીકરણની પ્રક્રિયાઓ વિશે થયેલ આ મહત્વપૂર્ણ ચિંતનો ઉપરથી મૂડીવાદ અને આધુનિકતા વચ્ચેના પારસ્પરિક વિધેયાત્મક અને નકારાત્મક સંબંધોનો ઘણોખરો સ્પષ્ટ ચિતાર આપણને સાંપડે છે. મૂડીવાદની સોળમી સદીથી શરૂ કરીને આજ સુધીની વૈશ્વિક સફર દરમિયાન, શરૂઆતના તબક્કામાં એણે યૂરોપીય દેશોમાં આધુનિકતાનાં મૂલ્યો, વલણો પરત્વે પ્રમાણમાં વધારે વિધેયાત્મક વલણ દાખવ્યું. એ આધુનિકતાની ચેતનાઓના વિકાસ માટે પૂરક અને પોષક બની રહ્યો. પરંતુ જેમ જેમ તેનું આધુનિકીકરણ થતું ગયું, તેનો સત્તાવિસ્તાર વધતો ગયો, તે ઇજારાવાદની ચરમસીમા તરફ આગળ ધપતો ગયો તેમ તેમ તેણે આધુનિકતાના ચેતનાવિસ્તાર માટે અડચણો અને અવરોધો ઊભા કરવા માંડ્યાં.

ગઇ સદીમાં મૂડીવાદી ઇજારાશાહીએ સર્જેલ બબ્બે વિશ્વયુધ્ધો, મંદીઓ, મહામંદીઓ, અનુસંસ્થાનવાદી દેશો ઉપર અને એ દેશોની અંદર એણે લાદેલાં





અને વકરાવેલાં યુધ્ધો, વિશ્વભરના શ્રમિકો-કામદારોમાં વધતી જતી અસલામતી, સામાજિક-સાંસ્કૃતિક અસહિષ્ણુતા, આંતરિક ઘર્ષણો, પ્રજાતંત્રો ઉપર મૂડીપતિઓની વધતી જતી પકડ, વિકાસશીલ દેશો સાથેનાં વિકસીત દેશોનાં દાદાગિરીભર્યાં વલણો વગેરે વાસ્તવિકતાઓ મૂડીવાદને આધુનિકતાના સંદર્ભમાં આરોપીના પાંજરામાં લાવીને ખડો કરી દે છે.

ગઇ સદી દરમિયાન સ્વતંત્ર થયેલ અનુસાંસ્થાનિક દેશોમાં પણ મૂડીવાદ આધુનિકતાનાં મૂલ્યો- વલણોને તોડીમરોડીને આગળ વધવા દઇ રહ્યો છે. ત્યાંના સમાજમાં વ્યાપ્ત સામંતી મૂલ્યો-વલણો અને અનુસંસ્થાનવાદી મૂલ્યો-વલણો સામે કાં તો એ આંખ આડા કાન કરી રહ્યો છે કાં તો એ એનું બજારીકરણ કરી રહ્યો છે.

આપણા દેશના સંદર્ભમાં જોઇએ તો છેલ્લા બે દશક દરમિયાન મૂડીના આધુનિકીકરણની પ્રક્રિયા વેગ પકડતી જાય છે અને સાથે સાથે 'હિન્દુ રાષ્ટ્રવાદ'નો સાંપ્રદાયિક અને સંકુચિત રાષ્ટ્રવાદનો ખ્યાલ, એટલા જ વેગથી વકરતો જાય છે, દલિતો, આદિવાસીઓ, મહિલાઓ, લઘુમતિ સમુદાયો પ્રત્યે નફરત, ઘૃણા અને હિંસા પણ વધતી જાય છે.

મૂડીવાદના આધુનિકીકરણની પ્રક્રિયાઓ અને આધુનિકતાનાં મૂલ્યો-માપદંડો વચ્ચેનાં આવા વિરોધાભાસો અને આંતર્‌વિરોધોએ સમગ્ર માનવસમાજ માટે અત્યંત ગંભીર અને આંટીઘૂંટીભરી સમસ્યાઓ સર્જવાનું શરૂ કરી દીધું છે.

**પ્રકરણ-7**

# સર્વહારા વર્ગ અને સમાજવાદનો ઉદય

મૂડીવાદના આધુનિકીકરણની પ્રક્રિયાઓની સાથે સાથે જ એના પ્રતિરોધોની શરૂઆત થવા માંડી હતી. સ્વાભાવિક રીતે જ મૂડીવાદના આગમન સમયે એણે સામંતી પરિબળો અને મૂલ્યોના પ્રતિરોધોનો સામનો કરવા પડ્યો હતો. આપણે અગાઉ જોયું એ પ્રમાણે એણે એ તબક્કામાં આધુનિકતાનાં મૂલ્યો, વલણો પરત્વે વિધેયાત્મક વલણ અપનાવેલું કેમ કે, ત્યારે એને પોતાનું અસ્તિત્વ સ્થાપિત કરવા માટે અને પોતાના વિકાસ માટે એની અનિવાર્ય આવશ્યકતા હતી. મૂડીવાદ અને આધુનિકતાએ સાથે મળીને એ સમયે સામંતી વ્યવસ્થાઓ અને મૂલ્યોને યૂરોપીય દેશોમાં પરાસ્ત કર્યાં. સામંતી યુગની ચર્ચ જેવી મહાસત્તાને પણ એમણે સમાજ માટે હાંસિયાકૃત અને સીમિત બનાવી દીધી.

મૂડીવાદે પોતાના અસ્તિત્વ અને વિકાસ માટે વર્ગ આધારિત અર્થવ્યવસ્થા અને સમાજરચનાને અસ્તિત્વમાં આણી અને વિકસાવી. મૂડીવાદ સામેના પ્રતિરોધનું આ એક મુખ્ય કારણ બન્યું; કેમ કે, મૂડીવાદના વિકાસની સાથે સાથે માલિક અને કામદાર બંને વર્ગો વચ્ચેની આર્થિક અને સામાજિક અસમાનતાઓ ઝડપભેર વિકસવા માંડી. મૂડીપતિ વર્ગે મૂડીવાદના વિકાસ માટે અત્યંત તેજ ગતિએ નવી મૂડી પેદા કરવા માટે કામદારોનું જબરદસ્ત અને અમાનવીય શોષણ કરવા માંડ્યું હતું. બીજી તરફ વિકસતી આધુનિકતાએ કામદારોની વર્ગીય સંસ્કૃતિમાં નવું





જોમ અને અસંતોષ પેદા કરવા માંડ્યો હતો. પરિણામે મૂડીવાદના વિકાસનો પ્રતિરોધ કરવાની શરૂઆત કામદાર વર્ગે કરી. આજે મૂડીવાદના આગમનની ચાર સદી પછી પણ એનો સૌથી નક્કર અને મજબૂત પ્રતિરોધ કામદાર વર્ગ કરી રહ્યો છે.

મૂડીવાદના પ્રતિરોધમાં કામદાર વર્ગે કરેલા સંઘર્ષો, આંદોલનો અને એમની વિકસીત થયેલ ચેતનાઓએ ઓગણીસમી સદીમાં યૂરોપમાં સમાજવાદી અર્થવ્યવસ્થા અને સમાજરચનાનો ખ્યાલ અસ્તિત્વમાં આણ્યો અને ઝડપભેર એને વિકસાવ્યો. મૂડીવાદી ઈજારાશાહી (સામ્રાજ્યવાદ) જ્યારે એના ચરમ ભણી ધસી રહી હતી ત્યારે પણ સમાજવાદે એને અનેકવાર પરાસ્ત કરી અને આજે જ્યારે છેલ્લા બે દશકથી સમગ્ર વિશ્વ ઉપર એકચક્રી શાસન ધરાવતો મૂડીવાદ એના ‘નવસામ્રાજ્યવાદી’ અવતારને ઝડપભેર પ્રસરાવવા મથી રહ્યો છે ત્યારે પણ,વિકસીત સમાજવાદી ખ્યાલો જ એને નક્કર પડકારો આપી રહ્યા છે.

## 1. પ્રારંભિક કામદાર આંદોલનો

### કામદાર વર્ગનો ઉદય અને વિકાસ

**‘‘શ્રમશક્તિ એ મૂડી કરતાં પહેલાંની અને મૂડી કરતાં સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી વાસ્તવિકતા છે. મૂડી એ માત્ર શ્રમશક્તિનું જ પરિણામ છે; અને જો શ્રમશક્તિ અગાઉથી મોજૂદ ન હોત તો મૂડી પોતાનું અસ્તિત્વ જ ન પામી શકી હોત કે ન ટકાવી શકી હોત. મૂડી કરતાં શ્રમ ચડિયાતો છે, અને એને(મૂડી કરતાં)વધુ મહત્વ મળવું હોઈએ’’**

**- અમેરિકી પ્રમુખ- અબ્રાહમ લિંકન -3, ડિસેમ્બર, 1861.**

મૂડીવાદી ઉત્પાદન પધ્ધતિના પ્રાથમિક સ્વરૂપના આગમન સાથે જ સામંતી યૂરોપમાં કામદાર વર્ગ અસ્તિત્વમાં આવવાની શરૂઆત થઈ ચૂકી હતી. ચૌદમી અને પંદરમી સદી દરમિયાન ઈંગ્લેન્ડમાં મૂડીવાદી ઉત્પાદન પધ્ધતિ ‘વેતન શ્રમ કરાર’ અને

મૂડી વડે નવી મૂડી પેદા કરવાના પાયાગત મૂડીવાદી ખ્યાલો અસ્તિત્વમાં આવી ગયા હતા. અલબત્ત, તે સમયે ત્યાં કામદારોની સંખ્યા (વસ્તી) નોંધપાત્ર નહોતી. મૂડીવાદના આ પાયાગત ખ્યાલોના ઉદ્ભવ પાછળ મુખ્ય બે આધારભૂત વાસ્તવિકતાઓ જવાબદાર હતી.

1.1 કૃષિ શ્રમિકોને ખેતીથી અળગાં કરી કારખાનાઓમાં કામદાર તરીકે લાવવા.

1.2 વિકસીત થઇ રહેલ મૂડીવાદી ઉત્પાદન પધ્ધતિ માટે શ્રમશક્તિનું મુક્ત બજાર ઊભું કરવું.

મૂડીવાદી ઉત્પાદન પધ્ધતિ અને એના આ પાયાગત ખ્યાલો ઇંગ્લેન્ડમાંથી યૂરોપના અન્ય દેશોમાં પ્રસર્યા. આ શરૂઆતી ગાળા દરમિયાન કામદાર વર્ગ મુખ્યત્વે ખેતીથી અળગાં કરાયેલ અને ગ્રામીણ કારીગરોનો સમૂહ હતો. લગભગ સોળમીથી અઢારમી સદી સુધી આ જ રીતે યૂરોપમાં કામદાર વર્ગના ગઠનની પ્રક્રિયાઓ ચાલી.

આ સમયગાળા દરમિયાન ઉભરી રહેલ મૂડીદારોએ પણ મૂડીમાંથી વધુ મૂડી પેદા કરવાના આશયથી કામદારોનું ચોતરફી દમનકારી શોષણ પણ શરૂ કર્યું હતું. તેઓ કામદારો પાસે દિવસના 18 થી 20 કલાક મજૂરી કરાવતા. સપ્તાહમાં એક પણ દિવસ રજા નહોતા આપતા. વેતન પણ ખૂબ ઓછું આપતા. કામદારો માટે આ સ્થિતિ અત્યંત અમાનવીય હતી. પરંતુ તેઓ વિરોધ કે આંદોલનો નહોતાં કરી શકતાં. સોળમીથી અઢારમી સદી દરમિયાનની કામદારોની આ સ્થિતિ એ કારણે હતી કે, તેમની વચ્ચે અનેક પ્રકારની અસમાનતાઓ, વિસંગતિઓ મોજૂદ હતી અને તેઓ અનેક રીતે પરાવલંબી સ્થિતિમાં પોતાનું અસ્તિત્વ/જીવન ટકાવવા માટે મજબૂર હતાં. કાર્લ માર્કસ અને ફ્રેડરિક ઍન્ગલ્સ પોતાના એક અભ્યાસમાં આ ગાળા દરમિયાનના યૂરોપના કામદાર સમુદાયો વિશે આ પ્રમાણે નોંધે છે.

"આ તબક્કે કામદારો આખાય દેશમાં અલગ થલગ સમુદાયોમાં વહેંચાયેલાં હતાં અને તેમની પરસ્પરની હરિફાઇઓના કારણે અલગ અલગ છાવણીઓમાં





વહેંચાઇ ચૂકેલાં હતાં."

અલબત્ત, આમ છતાં ચૌદમીથી સોળમી સદી દરમિયાન મૂડીવાદી શોષણો સામેનો આક્રોશ ઘણી વાર સ્વયંભૂ રમખાણો અને હડતાલો દ્વારા કામદારો વ્યક્ત કરતાં. કામદાર સમુદાયોની આ પ્રકારની ગતિવિધિઓને ડામવા ઇંગ્લેન્ડમાં ચૌદમી સદી દરમિયાન અને ફ્રાંસમાં સોળમી સદીના પ્રારંભિક સમયમાં કામદારોના એકત્રિત થવાની બંધી અને હડતાલો પાડવાની બંધી ફરમાવતા કાનૂનો અમલમાં લાવવામાં આવ્યા હતા.

લગભગ સત્તરમી-અઢારમી સદી સુધી યુરોપના શહેરી શોષિત સમુદાયોમાં કામદાર સમુદાયો સૌથી વધારે સક્રિય રહ્યા પરંતુ તેઓ પોતાનાં આર્થિક કે રાજનૈતિક સંગઠનો ઊભાં ન કરી શક્યાં. અલબત્ત, તેમનામાં ક્રાંતિકારી ચેતના પ્રગટવા માંડી હતી અને એ બંને સદી દરમિયાન યૂરોપમાં જે મૂડીવાદી પ્રજાતંત્ર માટેની ક્રાંતિઓ થઇ તેમાં તેમણે સક્રિય ભાગીદારી પણ કરી.

## 2. કામદાર સંગઠનોનો ઉદય

લગભગ અઢારમી સદીના ઉત્તરાર્ધ દરમિયાન ઇન્ગ્લેન્ડ, ફ્રાંસ અને અન્ય યૂરોપીય દેશોમાં ઔદ્યોગિક ક્રાંતિ શરૂ થઇ. ઉદ્યોગો આવવાની સાથે જ કામદાર વર્ગની ચેતના વર્ગીય ચેતનાની દિશામાં વિકસવા માંડી. તેમનાં સંગઠનો બનવાની શરૂઆત થઇ. પરંતુ પ્રજાતાંત્રિક સરકારોએ તત્કાળ એ સંગઠનોને પ્રતિબંધિત જાહેર કરવા માંડ્યાં. કામદાર વર્ગનાં આર્થિક હિતો માટેનાં આંદોલનો, હડતાલો વધારે તીવ્ર બન્યાં. શોષણ વિરુધ્ધ એમનો આક્રોશ હિંસા, રોટી રમખાણો, આગજની અને મશીનોની તોડફોડ દ્વારા વ્યક્ત થવા માંડ્યો. લગભગ ઓગણીસમી સદીના પ્રારંભ સુધી આ સિલસિલો ચાલતો રહ્યો.

બીજી તરફ મૂડીદાર વર્ગે પણ ઉદ્યોગો આવવાના કારણે કામદારો પરત્વે કઠોર વલણ અપનાવ્યું. તેમના અને તેમની જનતાંત્રિક સરકારો દ્વારા કામદાર વર્ગની

ચેતના અને આંદોલનોને કચડી નાંખવાનાં પ્રયાસો વધુ દમનકારી બનવા માંડ્યા.ઉદ્યોગોમાં કામદારો તરીકે સ્ત્રીઓ અને બાળકોની મોટે પાયે ભરતી શરૂ થઈ. કામના કલાકો વધારી દેવાયા. તેમનાં વેતન એટલાં ઓછાં રખાયાં કે તેઓ પોતાનું ગુજરાન પણ ન ચલાવી શકે. પરિણામે કામદાર વર્ગ અતિશય શ્રમ, ભૂખમરો, માંદગીઓ અને અકાળ મૃત્યુનો ભોગ બનવા માંડ્યો. એ વર્ગની બેરોજગારીએ માઝા મૂકવા માંડી.

આવા અસહ્ય સંજોગોના કારણે ઓગણીસમી સદીના પ્રારંભકાળથી કામદાર સંગઠનો અને સુસંગઠિત આંદોલનોનો જન્મ થયો- અલબત્ત, આ દરમિયાન કામદારોની વર્ગીય ચેતના પણ ઘણી હદે વિકસી ચૂકી હતી. ઇતિહાસમાં તો ત્યાં સુધી નોંધાયું છે કે, અઢારમી સદીના અંતિમ દાયકાઓથી શરૂ કરીને ઓગણીસમી સદીના શરૂઆતી દાયકાઓ દરમિયાન ''કામદાર સામ્યવાદ'' (વર્કર્સ કમ્યુનિઝમ) ની અને ઓગણીસમી સદીના પૂર્વાર્ધ દરમિયાન ''આલોચનાત્મક આદર્શ સમાજવાદ અને સામ્યવાદ'' (ક્રિટિકલ યૂટોપિયન સોશિયાલિઝમ એન્ડ કમ્યુનિઝમ)ની ચેતનાઓ એ વર્ગમાં વ્યક્ત થઇ રહી હતી. આ તમામનાં પરિણામે ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં જ મૂડીવાદ સામે સંગઠિત કામદાર આંદોલનો શરૂ થયાં.

## 3. સર્વહારા વર્ગ અને સમાજવાદનો ખ્યાલ

મૂડીવાદનાં દમનકારી વલણો અને કામદારોના અસહ્ય સંજોગોની પશ્ચાદ્ભૂમાંથી ઓગણીસમી સદીના પૂર્વાર્ધ દરમિયાન સંગઠિત અને રાજનૈતિક સ્વરૂપનાં આંદોલનોની શરૂઆત થઇ . જેમાં મુખ્યત્વે ઇંગ્લેન્ડમાં કામદાર સ્ત્રી-પુરૂષો દ્વારા 1830થી 1850 દરમિયાન ચાલેલ 'ચાર્ટીસ્ટ આંદોલન', 1831 થી 1834 દરમિયાન ફ્રાંસમાં ચાલેલ 'લિયોનનો વિપ્લવ' અને 1844માં જર્મનીમાં સિલે-સિયન વણાટકામદારો દ્વારા ચલાવાયેલ આંદોલનોને નોંધી શકાય. આ આંદોલનોમાં આર્થિક અને રાજનૈતિક બંને પ્રકારના અધિકારોની માંગણી મુખ્ય હતી.





ફ્રેડરિક ઍન્ગલ્સ પોતાના એક અભ્યાસમાં નોંધે છે કે-

*''તેમણે(કામદારોએ) પોતાનાં આગવાં હિતો અને આગવા સિધ્ધાંતોને માટે પોતાનો આગવો વર્ગ વિકસાવ્યો છે, આગવો દ્દષ્ટિકોણ સર્જ્યો છે.''*

કામદાર વર્ગનાં આ આંદોલનોની સાથે સાથે એમણે પોતાનાં આર્થિક હિતો માટેનાં સંગઠનો અને રાજનૈતિક સંગઠનો પણ બનાવવા શરૂ કર્યાં. ઇંગ્લેન્ડમાં 1840માં સર્વહારા વર્ગનું(કામદારો, શ્રમિકો, કૃષિ શ્રમિકો વગેરેનો સંયુક્ત વર્ગ) પ્રથમ રાજનૈતિક સંગઠન અસ્તિત્વમાં આવ્યું; જેનું નામ હતું — નેશનલ ચાર્ટીસ્ટ એસોસિએશન. 1842 સુધીમાં આ સંગઠનની સભ્યસંખ્યા લગભગ 50,000 થી વધુની થઇ ગઇ હતી. ફ્રાંસ અને જર્મનીમાં પણ ભૂગર્ભ કામદાર સોસાયટીઓ સંગઠિત અને સક્રિય થઇ હતી. આ ભૂગર્ભ પ્રવૃત્તિઓ પાછળનું મુખ્ય કારણ દમનકારી કાનૂનો અને મૂડીદાર વર્ગની દાદાગિરી હતું.

1847-1848 દરમિયાન કાર્લ માર્ક્સ અને ફ્રેડરિક ઍન્ગલ્સે વૈજ્ઞાનિક વિશ્લેષણ પધ્ધતિ વડે સામ્યવાદી વિચારધારાનો પાયો તૈયાર કરી દીધો હતો. 1850માં તેમણે 'કમ્યુનિસ્ટ લીગ' નામના કામદારો અને બુધ્ધિજીવીઓના સંગઠનના આમંત્રણથી 'સામ્યવાદી ઘોષણાપત્ર' (કમ્યુનિસ્ટ મેનીફેસ્ટો) તૈયાર કર્યું જે 'કમ્યુનિસ્ટ લીગ''ના કાર્યક્રમ તરીકે જાહેર થયું. એ ઘોષણાપત્રમાં તેમણે સર્વહારા વર્ગની વૈશ્વિક ઇતિહાસમાં ઐતિહાસિક ભૂમિકા, તે વર્ગની વાસ્તવિક સ્થિતિ અને સંજોગો, તેમના સંઘર્ષો અને ધ્યેયોની રજૂઆત કરી હતી. 'કમ્યુનિસ્ટ લીગે' આ વૈજ્ઞાનિક દૃષ્ટિની સામ્યવાદ વિશેની સમજ અને કામદાર વર્ગનાં આંદોલનો વચ્ચેની કડીઓ જોડવાનું શરૂ કર્યું જેથી કામદાર વર્ગને સર્વહારા વર્ગમાં તબદીલ કરી શકાય અને તેને 'પોતે એટલે વર્ગ' ના ખ્યાલમાંથી 'વર્ગ માટે પોતે'ના ખ્યાલ સુધી પહોંચાડી શકાય.

સાંસ્કૃતિક દૃષ્ટિએ આ એક ક્રાંતિકારી પરિવર્તન માટેનો પડકાર હતો. અત્યાર સુધી સર્વહારા વર્ગની ચેતના મૂડીવાદી જનતાંત્રિક ચેતના માટે સંઘર્ષરત રહી હતી. હવે તેણે સમાજવાદી (સર્વહારા વર્ગની) ચેતના વડે 'જનવાદી (સર્વહારાવાદી) જનતાંત્રિક ચેતના' માટે સંઘર્ષરત થવાનું હતું. 1848માં ફ્રાંસનાં

પૅરિસ કામદારોએ કરેલ 'જૂનના સંઘર્ષ'માં એ ચેતના પ્રતિબિંબિત થઇ હતી. યૂરોપના અન્ય મૂડીવાદી દેશોનાં કામદારોએ પણ એ ચેતનાથી પ્રભાવિત થઇ આંદોલનો શરૂ કર્યાં હતાં. 'જૂનના સંઘર્ષ' વિશે ફ્રેડરિક ઍન્ગલ્સે નોંધ્યું કે-

> *"ઇતિહાસમાં એ સૌ પ્રથમ મૂડીવાદી સત્તા સામે સર્વહારા વર્ગની સત્તા માટેનો સંઘર્ષ હતો".*

'જૂન સંઘર્ષ'ના કારણે યૂરોપીય કામદાર વર્ગનાં આંદોલનોની દિશા અને ધ્યેયોમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. હવે તેઓ મૂડીવાદી દુનિયામાં પોતાના અધિકારોના બદલે સર્વહારાઓની દુનિયામાં સર્વહારાઓની સત્તા માટે સંઘર્ષો કરવા કટિબધ્ધ બન્યાં. પરિણામે 1860માં 'આંતર્રાષ્ટ્રીય કામદાર મંડળ' (ઇન્ટરનેશનલ વર્કિંગ મેન્સ એસોસિએશન') બન્યું જેણે 1864માં સૌ પ્રથમવાર સર્વહારા વર્ગ માટે 'પહેલી આંતર્રાષ્ટ્રીય' સાકાર કરી. તરત જ યૂરોપીય દેશોમાં સર્વહારા ચેતના બળવત્તર બનવા માંડી અને 'બ્રિટિશ ટ્રેડ યુનિયન કોંગ્રેસ' (1868), 'જનરલ જર્મન કામદાર મંડળ' (1863) અને જર્મનીની 'સમાજવાદી જનતાંત્રિક પાર્ટી'(1869) જેવાં અનેક રાષ્ટ્રીય સ્તરનાં કામદાર / સર્વહારા મંડળો ઊભા થવા માંડ્યાં.

## 4. 'પૅરિસ કમ્યુન' અથવા ફ્રેંચ સર્વહારા ક્રાંતિ

મૂડીના આધુનિકીકરણના માધ્યમથી 'મૂડીવાદી ઇશારાશાહી'ની ચરમસીમા ભણી આગળ ધપી રહેલ પશ્ચિમ યૂરોપના દેશોમાં સૌ પ્રથમ સર્વહારા ક્રાંતિ 1871માં 'પૅરિસ કમ્યુન' ના સ્વરૂપે સાકાર થઇ. સર્વહારા વર્ગની ચેતનાથી આંદોલિત પૅરિસના સર્વહારા વર્ગે લૂઇસ અગસ્તે બ્લાન્ક્વીની આગેવાની નીચે 18 માર્ચ, 1871ના રોજ ફ્રાંસના પાટનગર પૅરિસની સત્તા કબ્જે કરી. તત્કાલ આખા ફ્રાંસમાં લોહિયાળ સંઘર્ષ શરૂ થયો. છેવટે 28 મે, 1871ના દિવસે ફ્રાંસની મૂડીવાદી પ્રજાતાંત્રિક સરકાર અને લશ્કરે એ સર્વહારા ક્રાંતિને કચડી નાંખવામાં સફળતા મેળવી.





72 દિવસ ચાલેલી આ 'પૅરિસ કમ્યુન'ની ક્રાંતિએ દુનિયાભરના સર્વહારા વર્ગને રાજનૈતિક સત્તા માટેના સાર્થક સંઘર્ષના ઘણાં વ્યવહારુ પાસાં, સ્પષ્ટ કરી આપ્યાં, તેમ જ, 'સર્વહારા સરમુખત્યારશાહી' (માર્કસ-ઍન્ગલ્સે 'સર્વહારાઓના જાહેરનામા'માં સર્વહારાઓના અંતિમ ધ્યેય માટે આપેલો જનતાંત્રિક સત્તાનો આદર્શ તથા ધ્યેય) ના મર્મને લગતાં પાસાં પણ દુનિયાભરના સર્વહારા વર્ગ સમક્ષ ઉજાગર કરી આપ્યાં. આ ક્રાંતિએ આંતર્રાષ્ટ્રીય સ્તરે સર્વહારા અથવા સામ્યવાદી ક્રાંતિ માટેની નવી ઊર્જા અને ચેતના પ્રસારિત કરી તેમ જ સર્વહારા વર્ગના ખ્યાલને વધારે સાર્થક રીતે પરિપક્વ બનાવ્યો.

આ ક્રાંતિને કારણે યૂરોપ-અમેરિકાનાં કામદાર સંગઠનો અને કામદારોની વર્ગીય ચેતનામાં નવું જ જોમ ભરાવા માંડ્યું. એ દેશોમાં સમાજવાદી પાર્ટીઓ ઝડપભેર અસ્તિત્વમાં આવવા માંડી અને તેમનો પ્રભાવ આમજનતા, સર્વહારા સમુદાયો અને રાજનીતિ ઉપર વધવા માંડ્યો. એ પાર્ટીઓ, મજદૂર સંગઠનોએ સંઘર્ષો પણ તેજ બનાવવા માંડ્યાં. એ સંઘર્ષોમાં મુખ્યત્વે નીચે પ્રમાણેના મુદ્દાઓ કેન્દ્રમાં હતા.

1. કામદારો માટે આઠ કલાકની પાળી
2. સૌને માટે મતાધિકાર
3. સૌને માટે સમાન પ્રજાતાંત્રિક અધિકારો
4. સ્વતંત્રતા અને સમાનતા

## 5. રશિયન સમાજવાદી ક્રાંતિ

યૂરોપ-અમેરિકામાં મૂડીવાદી શોષણ સામે વધતા જતા અસંતોષના એ દૌરમાં 1903માં રશિયામાં સામ્યવાદની વિચારસરણી અને ધ્યેયને સાકાર કરવા બૉલ્શેવિક પાર્ટીનું ગઠન થયું. રશિયામાં મૂડીના આધુનિકીકરણની પ્રક્રિયા ઘણી મોડી, ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં જ શરૂ થઇ હતી. ત્યાં ઔદ્યોગિક કામદારોમાં નોંધપાત્ર વધારો લગભગ 1880થી 1890ના ગાળામાં શરૂ થયો હતો.

રશિયન કમ્યુનિસ્ટ પાર્ટીએ 1905માં સૌ પ્રથમ ત્યાંના જુલમી રાજા ઝારને હરાવી મૂડીવાદી જનતંત્ર માટે ક્રાંતિ શરૂ કરી. આ ક્રાંતિ માટે પાર્ટીએ માત્ર સર્વહારા વર્ગનો જ નહીં, લગભગ તમામ પ્રજાજનોનો સાથ મેળવ્યો. 1907 સુધીમાં રશિયાના રાજા ઝારે એ ક્રાંતિને વિફળ બનાવી દીધી. આ ક્રાંતિ દરમિયાન ત્યાંના કામદારો વધારે પરિપક્વ બની સર્વહારા વર્ગમાં તબ્દીલ થવા માંડ્યા. કામદાર સંગઠનો રાજનૈતિક સંગઠનો બન્યાં અને રશિયામાં સર્વહારાઓના એ રાજનૈતિક સંગઠનો 'સોવિયેટ્સ'ના નામે ઓળખાવાં માંડ્યાં. એ સંગઠનો દુનિયાભરનાં કામદાર સંગઠનોના સાંગઠનિક સ્વરૂપો કરતાં અલગ જ પ્રકારનાં સંગઠનો તરીકે કાર્યરત બન્યાં. દુનિયાભરનાં સર્વહારાઓ માટે એ સંગઠનો નમૂનારૂપ ગણાવા માંડ્યાં.

1905ની નિષ્ફળ ક્રાંતિ પછી રશિયાની બૉલ્શેવિક પાર્ટીમાંનાં ઘણાં સભ્યોએ અલગ થઇ 'મૅન્શેવિક' પાર્ટીનું ગઠન કર્યું હતું. મૅન્શેવિક પાર્ટી મૂડીવાદી પ્રજાતંત્ર માટે સંઘર્ષો કરી રહી હતી જ્યારે બોલ્શેવિક પાર્ટી સર્વહારા ક્રાંતિ વડે રશિયામાં સામ્યવાદી શાસન લાવવા સંઘર્ષરત હતી. 1914માં પ્રથમ વિશ્વયુધ્ધ શરૂ થતાં યૂરોપ-અમેરિકાની મૂડીવાદી અર્થવ્યવસ્થાઓની સ્થિતિ નાજુક બનવા માંડી. કામદાર સંગઠનોની પ્રવૃત્તિઓ ઉપર પણ એનો મોટો પ્રભાવ પડવા માંડ્યો. રશિયાની અર્થવ્યવસ્થા ઉપર પણ એની અસરો શરૂ થઇ. અર્થતંત્ર તૂટવા માંડ્યું. આ સંજોગોનો લાભ લઇ મેન્શેવિક પાર્ટીએ 1917ના ફેબ્રુઆરીમાં પ્રજાતાંત્રિક ક્રાંતિ સાકાર કરી ઝારનું શાસન ખતમ કરી ડૂમા(સંસદ)ની સ્થાપના કરી.

આર્થિક અને રાજનૈતિક રીતે રશિયામાં એ સમય અંધાધૂંધીભર્યો હતો. મેન્શેવિક પાર્ટીએ બોલ્શેવિક પાર્ટીને પ્રતિબંધિત જાહેર કરી હોવાથી એ પાર્ટીનાં કાર્યકરો ભૂગર્ભમાં ચાલ્યાં ગયાં હતા. પરંતુ દેશની અફરાતફરી અને વિશ્વયુધ્ધના સંજોગોનો વ્યૂહાત્મક ઉપયોગ કરી બોલ્શેવિક પાર્ટીએ 1917ના ઑક્ટોબર માસમાં અચાનક જ સામ્યવાદી ક્રાંતિ સાકાર કરી અને રશિયામાં મૂડીવાદનો સફાયો કરી સમાજવાદી શાસન અને અર્થવ્યવસ્થા સ્થાપવાની શરૂઆત કરી. આ ક્રાંતિના પરિણામે વિશ્વમાં પ્રથમવાર સર્વહારા વર્ગ શાસકની ભૂમિકામાં આવ્યો.





વિશ્વભરમાં રશિયન ક્રાંતિના ઘણા ઘેરા પડઘા પડ્યા. સમાજવાદી જનતાંત્રિક પાર્ટીઓ સમાજવાદી પાર્ટીઓ બનવા માંડી. યૂરોપમાં સર્વહારા ક્રાંતિના પ્રયાસો વેગવાન બન્યા. ફિનલેન્ડમાં 1918માં, જર્મનીમાં 1918ના નવેમ્બર માસમાં સર્વહારા ક્રાંતિઓ થઇ. તો વળી બવેરિયા, હંગેરી અને સ્લોવાકિયા દેશોમાં સોવિયેટ્સનું શાસન અમલમાં આવ્યું.

રશિયામાં આ ક્રાંતિ પછીના બે-અઢી દાયકા દરમિયાન સર્વહારાઓએ ત્યાંના આર્થિક વિકાસને એટલી ઝડપથી વેગવાન બનાવ્યો કે, મૂડીવાદી આધુનિકીકરણ સામે વિશ્વભરમાં ગંભીર પ્રશ્નાર્થો ખડા થવા માંડ્યા. એટલા જ સમયમાં એ વર્ગે રશિયાને મૂડીવાદી મહાસત્તાઓની સામે એક સમાજવાદી મહાસત્તા બનાવી દીધું.

## સમાપન

મૂડીના આધુનિકીકરણની પ્રક્રિયા દરમિયાન થયેલ આ કામદારો, સર્વહારા વર્ગના પ્રતિરોધો અને એ વર્ગે સાકાર કરેલ સમાજવાદી ક્રાંતિએ વીસમી સદી દરમિયાન મૂડીવાદના આધુનિકીકરણની પ્રક્રિયાઓમાં ઘણા પાયાનાં પરિવર્તનો આણ્યાં. અલબત્ત, એ પ્રક્રિયાની સાથોસાથ આધુનિકતાનાં મૂલ્યો, વલણોનો વ્યાપ પણ દુનિયાભરમાં વ્યાપ્ત થયો. એણે પ્રજાતાંત્રિક ક્રાંતિઓ તો સાકાર કરી જ, ઉપરાંત સંસ્થાનોમાં સ્વતંત્ર થવાની ચેતનાઓ પણ વિકસાવી અને તેમને સ્વતંત્ર રાષ્ટ્રો પણ બનાવ્યાં.

આધુનિકતાની ચેતનાના પરિણામે યૂરોપ અને વિશ્વભરના સામાજિક-સાંસ્કૃતિક રીતે શોષિત સમુદાયોમાં પણ શોષણમુક્તિની ભાવનાઓ વિકસી. તેમનાં આંદોલનો પણ ઓગણીસમી, વીસમી સદી દરમિયાન તેજ થયાં. નારી ચેતના અને મહિલા આંદોલનો ઉપર એનો સૌથી વધુ પ્રભાવ પડ્યો. યૂરોપ અને દુનિયાભરમાં નારીસ્વતંત્રતા તથા સમાનતા માટેની ચેતનાઓ વિકસી અને પ્રસરી. એ જ રીતે અશ્વેત લોકોનાં સ્વતંત્રતા, સમાનતા માટેનાં આંદોલનો પણ વિકસ્યાં અને પ્રસર્યાં.

આ ઉપરાંત સમાજસુધારા માટેના પ્રયાસોને પણ આધુનિકતાને કારણે પ્રોત્સાહન અને

વેગ મળવા માંડ્યો. ભારતમાં પણ સદીઓ પુરાણી વર્ણ-વ્યવસ્થાનો સૌથી વધુ ભોગ બનેલા દલિત સમુદાયોમાં પણ જાગૃતિની ચેતના પ્રગટી તેમજ ઓગણીસમી-વીસમી સદી દરમિયાન એણે ઘણી સફળતાઓ હાંસલ કરી. વિશ્વભરના આદિવાસી સમુદાયોમાં પણ અસ્મિતાની ખોજ શરૂ થઈ.

આ રીતે મૂડીના આધુનિકીકરણની સાથે સાથે વિકસેલ અને વિસ્તરેલ આધુનિકતાની ચેતનાએ મૂડીવાદ સામે તો પ્રતિરોધ જગાવ્યો જ પરંતુ સાથેસાથે શોષિત-પિડીત સમુદાયોને પણ શોષણની સામે આંદોલિત કર્યા. એણે મૂડીવાદની સામે સમાજવાદનો વિકલ્પ પણ નક્કર સ્વરૂપે વિકસાવ્યો તેમ જ પ્રજાતંત્રના ખ્યાલોને પણ સ્થાપિત કર્યા. આ દૃષ્ટિએ આધુનિકતાએ માનવસમાજમાં છેલ્લી પાંચ સદી દરમિયાન આમૂલ પરિવર્તન આણ્યું અને નવાં પરિવર્તનો માટેની નવી ક્ષિતિજો પણ ખોલી આપી.

મૂડીવાદના આધુનિકીકરણ અને એની ઈજારાશાહી સામેની આ પ્રથમ સફરનો વીસમી સદીના પૂર્વાર્ધમાં અંત આવ્યો. એ ઈજારાશાહી માટે એણે અખત્યાર કરેલ સામ્રાજ્યવાદની સફરનો પણ એની સાથો સાથ જ અંત આવી ગયો. અહીં આપણે મૂડીવાદના આધુનિકીકરણના પ્રતિરોધોની ચર્ચા કરી. હવેના પ્રકરણમાં મૂડીવાદે રાજનૈતિક સ્વરૂપે સર્જેલ સામ્રાજ્યવાદ સામેના પ્રતિરોધો ઉપર એક નજર નાંખીશું. આધુનિકતાની દૃષ્ટિએ મૂડીવાદી પ્રજાતંત્રો અને સામ્રાજ્યવાદ સામેના પ્રતિરોધોને પણ સમજવા આવશ્યક છે.





**પ્રકરણ-8**

# મૂડીવાદી સામ્રાજ્યવાદ સામેના પ્રતિરોધો

## ભૂમિકા

મૂડીવાદ એક આધુનિક અર્થવ્યવસ્થા તરીકે અસ્તિત્વમાં આવ્યો અને વિકસ્યો. અગાઉ આપણે ચર્ચા કર્યા પ્રમાણે એણે પોતાના આધુનિકીકરણ માટે સંસ્થાનો બનાવ્યા. પોતાની સ્થિરતા અને વિકાસ માટે પ્રજાતાંત્રિક રાજ્યવ્યવસ્થાને પ્રોત્સાહિત કરી. આ દૃષ્ટિએ જોતાં તેનું ચરિત્ર માત્ર અર્થવ્યવસ્થા પૂરતું સીમિત ન રહ્યું, એણે રાજ્યવ્યવસ્થામાં પણ પોતાની દખલ અને નિયંત્રણો જમાવવા શરૂ કર્યાં. અલબત્ત, કોઈપણ અર્થવ્યવસ્થા હંમેશા આ જ કરતી હોય છે; કેમ કે, કોઈપણ અર્થવ્યવસ્થા પોતાની સ્થિરતા અને વિકાસ માટે પોતાને સાનુકૂળ રાજ્યવ્યવસ્થા, સમાજરચના તૈયાર કરવા તેમજ તે બંને ઉપર પોતાનો કાબૂ જમાવવા હરહંમેશા મથતી રહે છે. બીજા શબ્દોમાં કહી શકાય કે- કોઈપણ સમાજવ્યવસ્થાના કેન્દ્રમાં હોય છે- એની અર્થવ્યવસ્થા.

મૂડીવાદે પોતાના આધુનિકીકરણ માટે જે સંસ્થાનો બનાવ્યાં તે સંસ્થાનો માત્ર આર્થિક રીતે જ મૂડીવાદી પ્રદેશોના ગુલામ ન રહ્યાં, પરંતુ રાજનૈતિક રીતે પણ એના ગુલામ બનવા માંડ્યા. મૂડીના સંસ્થાનવાદની ચર્ચા દરમિયાન આપણે જોયું કે, અમેરિકા, ઑસ્ટ્રેલિયા જેવા ભૂખંડોની માત્ર કુદરતી સંપદા ઉપર જ નહીં, ત્યાંની સ્થાનિક પ્રજા ઉપર પણ પોતાની સત્તા કાયમ કરી તેમજ આખાયે સંસ્થાન

ઉપર મૂડીપતિઓ, કંપનીઓના પ્રદેશના રાજાની અથવા સરકારની સંપૂર્ણ રાજકીય સત્તા સ્થાપિત કરી. તો વળી આપણે જાણીએ છીએ કે, ભારત જેવા એશિયાઇ પ્રદેશોમાં પ્રારંભે કંપનીઓએ રજવાડાંની સત્તા ઉપર પોતાનું નિયંત્રણ જમાવ્યું. ભારતના સંદર્ભમાં જોઇએ તો, 1857ના વિપ્લવ પછી ભારતીય સંસ્થાનો ઉપર બ્રિટિશ સરકારે પોતાની સત્તા કાયમ કરી.

ટૂંકમાં, સંસ્થાનોના માધ્યમથી મૂડીવાદી દેશો(યૂરોપીય દેશો)એ સામ્રાજ્યવાદની સ્થાપના શરૂ કરી. મૂડીના આ સ્વરૂપે સંસ્થાનોનું જબરદસ્ત આર્થિક શોષણ તો કર્યું જ, પરંતુ સાથે સાથે સંસ્થાનોના સ્વાભાવિક આર્થિક, રાજનૈતિક, સામાજીક તેમજ સાંસ્કૃતિક વિકાસના ક્રમને પણ રૂંધ્યો અને ત્યાં અધકચરી મૂડીવાદી આધુનિકતાની ચેતના પણ પ્રસરાવી. આ દૃષ્ટિએ જોઇએ તો- એક આધુનિક અર્થવ્યવસ્થા તરીકે યૂરોપમાં અસ્તિત્વમાં આવેલ મૂડીવાદ બે-અઢી સદી દરમિયાન બાકીના સમગ્ર વિશ્વને પોતાનું ગુલામ બનાવી દીધું અને સંસ્થાનોને વિકૃત મૂડીવાદી શોષણનું નર્ક બનાવી દીધું.

મૂડીવાદી વ્યવસ્થાના પોતાના આંતર્‌વિરોધોની વાત તો આપણે અગાઉના પ્રકરણમાં કરી. અહીં હવે એના સામ્રાજ્યવાદી સ્વરૂપના આંતર્‌વિરોધો અને એમણે કરેલ સામ્રાજ્યવાદના પ્રતિકારો ઉપર એક નજર નાંખીએ.

## 1. સંસ્થાનો ઉપર સત્તા માટે આંતરિક યુધ્ધો

મૂડીવાદના આધુનિકીકરણની પ્રક્રિયામાં રાજનૈતિક સત્તા અને સંસ્થાનો આવતાં સ્વાભાવિક રીતે જ યૂરોપીય દેશો વચ્ચે સંસ્થાનો ઉપર પોતપોતાની સત્તા જમાવવા આંતરિક યુધ્ધો શરૂ થયાં. આ દેશોમાં સૌથી મોખરે બ્રિટન અને ફ્રાંસ હતા. આ ઉપરાંત ઇટલી, જર્મની, સ્પેન, નેધરલેન્ડ, પોર્ટુગાલ, ઑસ્ટ્રીયા જેવા દેશો પણ સામેલ હતા. તેમની વચ્ચેનાં આંતરિક યુધ્ધો એશિયા, આફ્રિકા, અમેરિકા અને ઑસ્ટ્રેલિયા જેવાં તમામ સંસ્થાનોમાં ખેલાયાં. આ યુધ્ધો માટે એ દેશોએ પોતે અથવા એમની વ્યાપારી કંપનીઓએ પોતાનાં એ સંસ્થાનોમાં સ્થાનિક સૈન્યો બનાવ્યાં.





મૂડીવાદનો વિકાસ અને એના આધુનિકીકરણની સમાંતરે સામ્રાજ્યવાદ માટેનાં આ આંતરિક યુધ્ધો લગભગ સત્તરમી સદીથી શરૂ કરીને અઢારમી સદી સુધી ચાલ્યાં. છેવટે દુનિયાભરના મોટાભાગનાં સંસ્થાનો ઉપર બ્રિટનની સત્તા કાયમ થઇ. અન્ય યૂરોપીય દેશો વચ્ચે બાકીનાં સંસ્થાનો વહેંચાયાં. આને પરિણામે એ તમામ સામ્રાજ્યવાદી દેશોએ દુનિયાભરમાં મૂડીની ઇજારાશાહીની પ્રક્રિયાઓ તીવ્ર ગતિએ શરૂ કરી.

## 2. સંસ્થાનો દ્વારા મૂડીના સામ્રાજ્યવાદનો વિરોધ

વિકસીત મૂડીવાદી દેશો દ્વારા સંસ્થાનોના કુદરતી સંસાધનો અને શ્રમશક્તિનું અતિશય શોષણ તેમજ વિકસતી જતી આધુનિકતાને કારણે દુનિયાભરમાં પ્રસરવા માંડેલા રાષ્ટ્ર-રાજ્ય, સ્વતંત્રતા, સમાનતાના ખ્યાલોને લઇને અઢારમી સદીના ઉત્તરાર્ધથી જ સંસ્થાનોએ મૂડીવાદી શોષણને અટકાવવા, પોતાના આર્થિક વિકાસ તથા સ્વતંત્ર રાષ્ટ્ર-રાજ્ય માટે સામ્રાજ્યવાદી દેશો સામે યુધ્ધો અને આંદોલનો શરૂ કર્યાં હતાં. ક્રમશઃ અમેરિકા, ઑસ્ટ્રેલિયા જેવા ભૂખંડો અઢારમી, ઓગણીસમી સદીના પૂર્વાર્ધ સુધીમાં જ સ્વતંત્ર દેશો અને ખંડો બન્યા.

જ્યારે, એશિયા, આફ્રિકાના પ્રદેશોને સ્વતંત્રતા લગભગ વીસમી સદીમાં મળવા માંડી. લગભગ વીસમી સદીના આઠમા દાયકા સુધીમાં મૂડીના સામ્રાજ્યવાદનો સંપૂર્ણપણે અંત આવી ગયો. તમામ સંસ્થાનો સ્વતંત્ર રાષ્ટ્ર-રાજ્યો બન્યાં.

## 2.1 અમેરિકન ક્રાંતિ

1492માં કૉલમ્બસે અમેરિકાની શોધ કરી અને યૂરોપીય દેશોએ ત્યાંની સ્થાનિક પ્રજાને ગુલામ બનાવી સમગ્ર ઉત્તર અને દક્ષિણ અમેરિકાના તમામ પ્રદેશોને સંસ્થાન બનાવવા માંડ્યાં. લગભગ અઢી-પોણા ત્રણ સદી સુધી પોતાના મૂડીવાદી આધુનિકીકરણ માટે ત્યાંનાં કુદરતી સંસાધનો અને ગુલામ પ્રજાનું ક્રૂરતાપૂર્વક જબરદસ્ત શોષણ કર્યું. એ મૂડીવાદી દેશો વચ્ચે પણ સત્તરમી-અઢારમી સદી સુધી ભીષણ યુધ્ધો થયાં. પરંતુ અમેરિકા, ઑસ્ટ્રેલિયા જેવા ભૂખંડો પર અગાઉ સાંસ્કૃતિક વિકાસ ખાસ ન થયો હોવાથી, તેઓ બર્બર કે આદિમ અવસ્થામાં હોવાથી ત્યાં જે પ્રજા સત્તામાં હતી તે યૂરોપીય દેશોના જ

કેદીઓ અને ગુલામોના પરિવારોની હતી. આથી ત્યાં સ્વતંત્ર રાષ્ટ્ર-રાજ્યોનો ખ્યાલ ઘણો વ્હેલો શરૂ થયો. શોષણના વિરોધનો ખ્યાલ પણ ઝડપથી પ્રસર્યો. એના પુરાવા આપણને ત્યાંના કામદાર આંદોલનો, નારીમુક્તિ આંદોલનો અને અશ્વેતોના આંદોલનો તેમજ ધર્મસુધારણા અને સમાજ સુધારાનાં આંદોલનોમાંથી મળે છે.

અમેરિકાને પોતાનું સંસ્થાન બનાવવા માટેનાં યૂરોપીય દેશો વચ્ચેનાં યુધ્ધો, સંઘર્ષોને અંતે મોટાભાગના અમેરિકા ખંડ (ઉત્તર અને દક્ષિણ બંને પ્રદેશો) ઉપર મુખ્યત્વે [illegible] 1775-76થી અમેરિકામાં સ્વતંત્રતા માટે ‘સિવિલ વોર્સ’ (આંતરિક યુધ્ધો) શરૂ થઈ. એ યુધ્ધોમાં બ્રિટિશર્સ સિવાયના તમામ યૂરોપીય દેશોના વસાહતીઓ, ત્યાં ગુલામ બનાવીને લવાયેલ હબસીઓ તથા અંગ્રેજ સિવાયની તમામ મહિલાઓ સામેલ થઈ. લગભગ પાંચેક વર્ષનાં યુધ્ધો પછી 1781માં અમેરિકા સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું.

## 2.2 એશિયા – આફ્રિકાનાં સંસ્થાનોની મુક્તિ

અગાઉ વાત કરી એ પ્રમાણે લગભગ ઓગણીસમી સદીથી એશિયા-આફ્રિકાનાં સંસ્થાનોમાં આધુનિકતાએ આપેલ રાષ્ટ્ર-રાજ્ય, સ્તંત્રતા, સમાનતાના ખ્યાલો તથા મૂડીના સામ્રાજ્યવાદી શોષણથી ત્રસ્ત આ સંસ્થાનોમાં મુક્તિ માટેના સંઘર્ષો, ખ્યાલો વિકસીત થઈ રહ્યા હતા. અલબત્ત, એશિયાનાં સંસ્થાનો અને આફ્રિકાનાં સંસ્થાનોની જમીની વાસ્તવિકતાઓ ઘણી અલગ અલગ હતી. એશિયાનાં સંસ્થાનોમાં સામંતી વ્યવસ્થા અને એનાં મૂલ્યોનો ઘેરો પ્રભાવ હતો. જ્યારે આફ્રિકી સંસ્થાનોમાં સામંતી વ્યવસ્થાઓ વિકસી ન હોવાના કારણે ત્યાં મુખ્યત્વે બર્બર અને ગુલામ યુગનાં મૂલ્યો પ્રભાવી હતાં.

એશિયાઈ સંસ્થાનોમાં સ્વતંત્રતા માટેનાં સંઘર્ષો ઓગણીસમી સદીના અંતિમ દશકોમાં શરૂ થઈ ગયા હતા. આ સંસ્થાનોમાં આધુનિક શિક્ષણનો પ્રારંભ ઓગણીસમી સદીના પ્રારંભથી થઈ ચૂક્યો હતો. વળી સામ્રાજ્યવાદી દેશોએ પોતાનાં ઔદ્યોગિક અને વ્યાપારી હિતોને ખાતર ત્યાં આધુનિક શિક્ષણની





સાથે સાથે આધુનિક આંતર્-માળખાંકીય સુવિધાઓ (રેલ્વે, ટપાલ વગેરે) ને પણ ત્યાં સ્થાપવાની શરૂઆત કરી હતી. આનાં પરિણામે એ સંસ્થાનોમાં એક નાનકડો શિક્ષિત વર્ગ ઊભો થઈ રહ્યો હતો. એ વર્ગે સમાજ સુધારા અને ધર્મસુધારનાં પ્રયાસો, આંદોલનો શરૂ કર્યાં હતાં. શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે પણ એ વર્ગ પ્રયાસરત થયો હતો. એ વર્ગના આવા તમામ પ્રયાસોને આધુનિકતાની આબોહવામાં વિકસેલ યૂરોપીય સામ્રાજ્યવાદી દેશોના સત્તાધારીઓ સીધો કે આડકતરો ટેકો પણ પૂરો પાડતાં. એ સામ્રાજ્યવાદીઓએ પોતાનાં લગભગ તમામ સંસ્થાનોમાં આધુનિક કાનૂન પધ્ધતિઓ અને ન્યાયવ્યવસ્થાઓ પણ લાગુ કરવાની શરૂઆત કરી હતી.

અલબત્ત, શિક્ષિત સમુદાયના અને સામ્રાજ્યવાદી હકુમતોના એ સમાજસુધારા, સાર્વજનિક શિક્ષણ પધ્ધતિ, જેવા પ્રયાસો સામે સામંતી મૂલ્યોથી ગ્રસ્ત સામાજિક સ્થાપિત હિતો ઉગ્ર વિરોધ પણ કરી રહ્યા હતા. આપણા દેશના સંદર્ભમાં જોઈએ તો રાજા રામમોહનરાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, જ્યોતિરાવ ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે વગેરેના સમાજ સુધારણા અને શિક્ષણ માટેનાં પ્રયાસો, આંદોલનોનો જબરદસ્ત વિરોધ પુરૂષપ્રધાન અને બ્રાહ્મણવાદી સ્થાપિત હિતોએ ઉગ્ર અને ઝનૂની રીતે કર્યો હતો.

પરિણામે આ સંસ્થાનોના નાનકડા શિક્ષિત સમુદાય માટે બે મોરચે લડવાની સ્થિતિ સર્જાઈ હતી. એક તરફ દેશની સ્વતંત્રતા માટે અને બીજી તરફ સમાજમાં વ્યાપ્ત સામંતી, પરંપરાવાદી મૂલ્યો તેમ જ હિતો સામે. આવા કપરા સંજોગોમાં પણ મોટાભાગના શિક્ષિત અને આધુનિકતાની ચેતનાઓથી પ્રભાવિત એ સમુદાયોએ બંને મોરચે યુધ્ધ ચાલુ રાખ્યાં.

વીસીમી સદીના પ્રારંભે એમના દેશની સ્વતંત્રતા માટેના સંઘર્ષોને વેગ મળવો શરૂ થયો. એમાં પણ સામ્રાજ્યવાદી દેશો વચ્ચે એ સદીના પૂર્વાર્ધ દરમિયાન ફાટી નીકળેલાં બે વિશ્વયુધ્ધો, રશિયામાં સફળ થયેલી સમાજવાદી ક્રાંતિ વગેરે ઘટનાઓએ એમનાં સ્વાતંત્ર્ય સંગ્રામોને વધારે બળ આપ્યું. મૂડીની ક્લાસીકલ

(પ્રશિષ્ટ) ઇજારાશાહીનો એ અંતિમ દૌર પૂરવાર થયો. મોટાભાગનાં એશિયાઇ સંસ્થાનો વીસમી સદીના પૂર્વાર્ધમાં સંસ્થાનવાદની ધૂંસરીમાંથી મુક્ત થઇ સ્વતંત્ર રાષ્ટ્રો બન્યાં.

આફ્રિકન સંસ્થાનોમાં સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભે સૌથી ગંભીર સવાલ રંગભેદનો હતો. ત્યાં પણ સ્વતંત્રતાની ચેતના ઓગણીસમી સદીથી જ પ્રસરવા માંડી હતી. એશિયાનાં સંસ્થાનોની જેમ જ ત્યાં પણ સામ્રાજ્યવાદી યૂરોપીય દેશોએ આધુનિક શિક્ષણ, સ્વાસ્થ્ય સેવાઓ, આંતર્માળખાંકીય આવશ્યક સેવાઓ વગેરે પોતાનાં સામ્રાજ્યવાદી સ્વાર્થો ખાતર ઓગણીસમી સદી દરમિયાન શરૂ કરી દીધી હતી. આ રીતે ત્યાં પણ આધુનિકતાની ચેતનાઓનો પ્રસાર શરૂ થયો હતો. રંગભેદના કારણે ત્યાંની હબસી પ્રજા સાથે ભેદભાવ રાખતી અને એમને ગુલામ તરીકે જોનાર યૂરોપીય ગોરી પ્રજા સામે પણ ઓગણીસમી સદીમાં વિરોધની શરૂઆત થઇ ગઇ હતી. હબસી પ્રજાની ચામડીનો રંગ કાળો હોવાને કારણે તેને હીણી માનતી અને તેનો સાંસ્કૃતિક વિકાસ ઓછો થયો હોવાને કારણે તેને ગુલામ માનતી યૂરોપીય પ્રજા અને દેશોની આધુનિકતાને આપણે આધુનિકતાનાં મૂલ્યો અને માપદંડોના આધારે શું કહીશું? ક્યાંક યૂરોપીય પ્રજાની આધુનિકતામાં ખામી હતી અથવા તો પછી એમનાં આધુનિકતા પરત્વેનાં વલણો બેવડાં હતાં.

ખેર, આર્થિક-રાજનૈતિક રીતે એશિયાઇ સંસ્થાનોની જેમ જ વીસમી સદીના પૂર્વાર્ધ દરમિયાન સામ્રાજ્યવાદી દેશો પર વધેલી ભીંસ અને સ્થાનિક સ્વતંત્રતા સંગ્રામોને કારણે આફ્રિકન સંસ્થાનો પણ સ્વતંત્ર થવા માંડ્યાં.

**સમાપન**

મૂડીના સામ્રાજ્યવાદના પતનમાં અનેક મહત્વપૂર્ણ આર્થિક વાસ્તવિકતાઓ અને મૂડીવાદી અર્થવ્યવસ્થાની મર્યાદાઓ તેમજ બિમારીઓ ઉપરાંત સંસ્થાનોની સ્વતંત્રતાના રાજનૈતિક વાસ્તવે પણ અગત્યની ભૂમિકા અદા કરી હતી. મૂડીના આધુનિકીકરણે પોતાના સ્વાર્થ માટે જે દિશા અને રણનીતિઓ અપનાવી હતી





તેની આ જબરદસ્ત હાર હતી. અલબત્ત, સામ્રાજ્યવાદને કારણે લગભગ ચાર-પાંચ સદી સુધી વિકસીત મૂડીવાદી દેશોએ સંસ્થાનોનું જે ઘોર શોષણ કર્યું હતું એનો પ્રભાવ આજે પણ અલ્પવિકસીત અને વિકાસશીલ રાષ્ટ્રોની અર્થવ્યવસ્થાઓમાં સ્પષ્ટપણે નજરે પડે છે. ગરીબી, બેરોજગારી, આજે પણ એ દેશોમાં વ્યાપકપણે જોવા મળે છે. તેમની અને સામ્રાજ્યવાદી દેશોની આર્થિક અસમાનતાઓ વચ્ચે આભજમીનનું અંતર પણ ઊડીને આંખે વળગે છે.

આધુનિકતાની દૃષ્ટિએ પણ સામ્રાજ્યવાદ વિકસીત મૂડીવાદી દેશોની આધુનિકતાને આરોપીના પિંજરે ઊભી કરે છે. બીજી તરફ આધુનિકતાની દૃષ્ટિએ સ્વતંત્ર થયેલ સંસ્થાનોની માનસિકતા પણ પછાત, સામંતી અને પૂર્વ આધુનિક વધારે દેખાય છે. એ દેશોમાં સંસ્થાનવાદી મૂલ્યો, વલણોના પ્રભાવો પણ હજુ ઘણા ઊંડા ઉતરેલા જણાય છે. તો વળી આ બંને પ્રકારનાં દેશોમાં સામ્રાજ્યવાદના આંતર્વિરોધોમાંથી જન્મેલી અનુઆધુનિકતા પણ ક્રમશઃ બળવત્તર બનતી જાય છે.

સ્પષ્ટ છે - મૂડીવાદ અને મૂડીવાદી આધુનિકીકરણે શરૂઆતમાં આધુનિકતાને વિકસાવામાં યોગદાન આપ્યું; પરંતુ સામ્રાજ્યવાદના યુગમાં અને અનુસંસ્થાનવાદી ગાળામાં એણે આધુનિકતાના સાર્થક વિકાસ આડે અનેક મહાકાય અંતરાયો ઊભા કરવા માંડ્યા છે. મૂડીવાદ અને આધુનિકતા પરસ્પર પ્રતિસ્પર્ધી બની રહ્યાં હોય એવું આજે તો લાગી રહ્યું છે. ખરા અર્થમાં જોઇએ તો એ જ હકીકત પણ છે.

**પ્રકરણ-9**

# મૂડીના સામ્રાજ્યવાદનું પતન

વીસમી સદીના પૂર્વાર્ધથી મૂડીના સામ્રાજ્યવાદનું પતન શરૂ થયું. આ પતન પાછળ મુખ્યત્વે મૂડીવાદના તેમ જ સામ્રાજ્યવાદના સંયુક્ત આંતર્વિરોધો જવાબદાર હતા. અલબત્ત, સામ્રાજ્યવાદના રાજનૈતિક પ્રતિકારોની ભૂમિકા પણ અત્યંત મહત્વપૂર્ણ પૂરવાર થઇ હતી. ઝીણવટપૂર્વક એ રાજનૈતિક પ્રતિકારોની ચેતનાને તપાસીશું તો એમાં પણ આપણને મૂડીવાદે વિશ્વભરમાં પોતાની જરૂરિયાત માટે પ્રસરાવેલી આધુનિકતાની ચેતનાની ભૂમિકા નોંધપાત્ર હતી. એ ચેતનાએ સંસ્થાનોમાં રાષ્ટ્ર-રાજ્યનો ખ્યાલ, સ્વતંત્રતા, સમાનતા, બંધુતાનાં મૂળગત મૂલ્યો વગેરેનાં મૂળિયાં જમાવવા શરૂ કર્યાં હતાં. આમ છતાં, આપણે સ્વીકારવું પડે કે- મૂડીના સામ્રાજ્યવાદના પતન પાછળ એના આંતર્વિરોધોનાં કારણો નક્કર અને મૂળભૂત હતાં.

મૂડીના સામ્રાજ્યવાદના પતન માટે ત્રણ મુખ્ય આર્થિક-રાજકીય ઘટનાઓને કારણભૂત ગણી શકાય. અગાઉના પ્રકરણમાં આપણે સંસ્થાનોના પ્રતિરોધો-સંઘર્ષોની ચર્ચા કરી. એ ઉપરાંત 1914થી 1919 સુધી ચાલેલ પ્રથમ વિશ્વયુધ્ધ. જેને લેનિને મૂડીવાદી સત્તાઓ દ્વારા વિશ્વને સંસ્થાન બનાવવાની હૂંસાતૂંસી તેમ જ અમીરવાદનો, યુધ્ધો જેવાં બિનઉત્પાદક કાર્યો પાછળ ખર્ચ કરવાનાં વલણો તરીકે વિશ્લેષિત કર્યું હતું. એ જ રીતે અને લગભગ એવા જ હેતુઓસર 1939





થી 1945 દરમિયાન લગભગ અવિશ્વસનીય કહી શકાય એવો સંહાર નોંતરનાર બીજું વિશ્વયુધ્ધ તેમજ 1929 થી 1939 દરમિયાન વૈશ્વિક અર્થવ્યવસ્થામાં છવાયેલી મહામંદી. આ ત્રણ ઘટનાઓ મૂડીના સામ્રાજ્યવાદના પતન માટે નિર્ણાયક બની.

## 1. 1929ની મહામંદી

દુનિયાભરના દેશોમાં તબાહી મચાવનાર તીવ્ર આર્થિક મહામંદી લગભગ 1929માં શરૂ થઇ અને બીજા વિશ્વયુધ્ધના પ્રારંભ સુધી, એટલે કે લગભગ 1939 સુધી ચાલી. આ મહામંદી શરૂ થવાના અને સમાપ્ત થવાના સમય અંગે અર્થશાસ્ત્રીઓમાં મતમતાંતરો છે. કેટલાંકના મતે તે 1930માં શરૂ થઇ અને બીજા વિશ્વયુધ્ધના અંતે, લગભગ 1945માં પૂરી થઇ. પરંતુ એટલું તો નિશ્ચિત છે કે લગભગ એક દાયકો તો એણે વત્તાઓછા અંશે સમગ્ર વિશ્વમાં જબરદસ્ત આર્થિક તંગી સર્જી.

એ મહામંદી દરમિયાન સમૃધ્ધ અને ગરીબ, સામ્રાજ્યવાદી અને સંસ્થાનો તમામ દેશોમાં ભય, ભૂખ અને અસલામતીનો માહૌલ છવાયેલો રહ્યો. લગભગ પચાસ ટકાથી વધુ લોકો બેરોજગાર થયાં, આવકો અત્યંત ઘટી ગઇ, ચીજવસ્તુઓની કિંમતો પણ ઘટી ગઇ, ખેતપેદાશોના ભાવો લગભગ સાઠ ટકા જેટલા ઘટી ગયા. ઘણા દેશોમાં, ખાસ કરીને શહેરોમાં મોટા ઉદ્યોગો અને બાંધકામ ઉદ્યોગો લગભગ ઠપ્પ થઇ ગયા. રોજગારી માટે લોકો પ્રાથમિક ક્ષેત્રનાં ઉદ્યોગો, રોકડિયા પાક અને ખાણ ઉદ્યોગ જેવાં ક્ષેત્રો તરફ ધસવા માંડ્યાં, પરિણામે સૌથી વધારે આર્થિક સંકટ અમેરિકા અને વિકસીત મૂડીવાદી દેશોએ અનુભવ્યું.

## 2. મહામંદીનાં કારણો

આ મહામંદી સર્જાવા પાછળનાં કારણો અંગે અર્થશાસ્ત્રીઓ વચ્ચે અનેક મતમતાંતરો રહ્યા છે. આજે એકવીસમી સદીમાં પણ એના વિશે અભ્યાસો કરીને વિદ્વાનો અલગ અલગ કારણોને જવાબદાર માની રહ્યા છે. અહીં આપણે કેટલાંક મહત્વપૂર્ણ કારણો સમજવા પ્રયાસ કરીશું જેથી મૂડીવાદની આ અવશ્યંભાવિ બિમારી અંગે આછેરો અંદાજ મેળવી શકીએ.

## 2.1 જ્હોન મિનાર્ડ કેઇન્સ

બ્રિટનના જાણીતા અર્થશાસ્ત્રી આ મહામંદી માટે પોતાના અભ્યાસ પુસ્તક ‘‘જનરલ થિયરી ઓફ એમ્પ્લોયમેન્ટ ઇન્ટરેસ્ટ એન્ડ મની’’માં તારવે છે કે, સરકાર દ્વારા અર્થતંત્રમાં કુલ ખર્ચનું પ્રમાણ ઘટવાના કારણે લોકોની આવકો અને રોજગારીમાં ખૂબ મોટાપાયે ઘટાડો થયો. પરિણામે અર્થતંત્રની સમતુલા આર્થિક પ્રવૃત્તિઓ અને રોજગારીના સંદર્ભે લગભગ તળિયે પહોંચી ગઇ. તેમના મતે જનતાને પૂર્ણ રોજગારી આપવા માટે સરકારોએ ખાધ વેઠીને પણ અર્થતંત્રની મંદીને અટકાવવી જોઇએ; કેમ કે, ઉત્પાદનસ્તરને સામાન્ય રાખવા માટે મૂડીપતિ ખોટ ખાવા તૈયાર નથી હોતો. તેમણે સરકારોને હાકલ કરી કે, આર્થિક કટોકટીના સમયમાં તે પોતાના ખર્ચા વધારે અને / અથવા કરવેરાઓમાં મોટેપાયે ઘટાડો કરે.

## 2.2 માર્કસવાદી અર્થશાસ્ત્રીઓ

કાર્લ માર્કસનો મુક્તબજારના મૂડીવાદ વિશે સ્પષ્ટ અભિપ્રાય હતો કે, મૂડીવાદમાં મંદી અને અછતની સ્થિતિઓ અનિવાર્ય હોય છે; કેમ કે, તેમાં મૂડીના એકત્રીકરણ માટે બજાર ઉપર કોઇ પ્રકારનું નિયંત્રણ હોતું નથી. મૂડીવાદ હંમેશા સમૃધ્ધિનું અસમતોલ એકત્રીકરણ(સંગ્રહ) કરવા પ્રેરાતો હોય છે; અને અતિશય મૂડીના અસમતોલ એકત્રીકરણના કારણે તે અર્થતંત્રમાં અનિવાર્યપણે સંકટ સર્જે છે. ખાસ કરીને મૂડીના તીવ્ર ઉછાળની લાક્ષણિકતાને કારણે સર્જાતા ઉછાળ અને ફૂલીને ફાટી પડવાની પ્રક્રિયાઓ (બૂમ એન્ડ બર્સ્ટ પેટર્ન)ને માર્કસવાદી વિચારકો મૂડીવાદનો ‘અરાજકતાભર્યો’ (કેઓટિક) વિકાસ ગણે છે. ઘણાં માર્કસવાદી અર્થશસ્ત્રીઓના મંતવ્ય મુજબ, મૂડીવાદમાં આવાં સંકટો અનિવાર્ય છે અને તે ત્યાં સુધી વધતાં જશે જ્યાં સુધી, ઉત્પાદન પધ્ધતિ અને ઉત્પાદન શક્તિઓ વચ્ચે અપ્રમાણસરના વિકાસના વિરોધાભાસો તેની નિર્ણાયક સ્થિતિમાં પહોંચીને નિષ્ફળ પૂરવાર ન થાય. એની નિષ્ફળતાના સમયે આવનાર સંકટ વર્ગ સંઘર્ષો અને સમાજવ્યવસ્થામાં પરિવર્તનકામી પરિબળોને જબરદસ્ત વેગ આપનાર નીવડશે.





## 2.3 ઑસ્ટ્રિયન સ્કૂલ (અભ્યાસ સિધ્ધાંતો)

ઓસ્ટ્રિયન સ્કૂલના અર્થશાસ્ત્રીઓના મંતવ્ય મુજબ, 1929ની મહામંદી પાછળનું મૂળ કારણ હતું- 1920ના દાયકામાં (પ્રથમ વિશ્વયુધ્ધ પછીના સમયમાં) મૂડીવાદ દ્વારા મોટા પાયે કરાયેલ નાણાં પુરવઠાની વૃધ્ધિ. આ વૃધ્ધિએ પેદા કરેલ ટકી ન શકે એવો ધિરાણોકેન્દ્રી વંટોળ. નાણાં પુરવઠામાં આવેલ આ ફુગાવાને કારણે શેરબજારમાં રોકાણનાં બંને સાધનો (શેર્સ અને બોન્ડ્સ) બંનેની કિંમતો અને મૂડીરૂપી માલના પ્રમાણમાં એવો ઉછાળો આવ્યો કે જે ટકી ન શકે. 1928માં જ્યારે એ સ્થિતિને નિયંત્રિત કરવાના પ્રયાસો થયા ત્યારે ઘણું મોડું થઇ ચૂક્યું હતું, નોંધપાત્ર આર્થિક સંકટ અનિવાર્ય બની ચૂક્યું હતું.

## 2.4 દેવાની નાદારી

મહામંદી પાછળના મુખ્ય કારણ તરીકે અર્થશાસ્ત્રી ઇરવિંગ ફિશર[15] મોટા પાયે દેવાદારીમાં વધારો અને પરિણામે દેવા(ધિરાણ)માં થયેલ નાદારીને ગણાવે છે. દેવું અને નાદારીના કારણે સર્જાતા ઉછાળો અને ફૂલીને ફાટી પડવાની પરિસ્થિતિ માટે તેઓ પરસ્પર પ્રભાવિત કરતાં નવ કારણો રેખાંકિત કરે છે. તેમના અભિપ્રાય મુજબ આવી ઘટમાળ દરમિયાન આ પ્રમાણેની સ્થિતિઓ વારાફરતી અસ્તિત્વમાં આવે છે.

1. દેવાનું ફડચામાં જવું (ડૂબી જવું) અને વેચાણની અછત ઊભી થવી.
2. બેંકોનાં ધિરાણો(લોનો) ડૂબી જવાને કારણે નાણાંની તંગી સર્જાવી.
3. મિલ્કતોની કિંમતોના સ્તરમાં પડતી આવવી. (ઘટાડો થવો).
4. દેવાદારોની આકસ્મિક નાદારીને કારણે વ્યાપારની સધ્ધરતા ઉપર આપત્તિઓનું તૂટી પડવું.
5. નફામાં મોટો ઘટાડો (નફાની પડતી)
6. ઉત્પાદનમાં, વ્યાપારમાં અને રોજગારમાં ઘટાડો.

7. નિરાશાવાદ અને ભરોસાપાત્રતા ઉપર ફટકો.
8. નાણાંનો સંગ્રહ (સંચય)
9. વ્યાજદરમાં નજીવો ઘટાડો અને નાણાંનાં સંકોચનને લઈને અમલમાં આવતો બંધબેસતો વ્યાજદર.

આ તમામ મતમતાંતરો છતાં સૌ અર્થશાસ્ત્રીઓ એક હકીકત વિશે સર્વસંમત હતા કે, 1929ની એ મહામંદીએ એટલું સ્પષ્ટ કરી દીધું હતું કે મૂડીવાદી અર્થવ્યવસ્થા વ્હેલીમોડી પણ સમગ્ર અર્થતંત્ર માટે વિનાશક પૂરવાર થઈ શકે છે. એ અર્થવ્યવસ્થાના વિરોધાભાસો અને એની અનિવાર્ય બિમારીઓ આખાયે સમાજને જીવલેણ દશામાં અણધાર્યો જ ધકેલી દઈ શકે છે. ઘણાં અર્થશાસ્ત્રીઓનું દઢપણે માનવું છે કે, 1939માં શરૂ થયેલ વિશ્વયુધ્ધના કારણે જ મહામંદીની પડતી શરૂ થઈ; કેમ કે, યુધ્ધો માટે સરકારોએ મોટાપાયે ખર્ચ શરૂ કર્યો, શસ્ત્ર ઉદ્યોગોમાં મોટી તેજી આવી, લશ્કરોમાં ભરતી વધી વગેરે. આ રીતે વિશ્વયુધ્ધમાં સરકારોએ મોટાપાયે શરૂ કરેલ ખર્ચે નાણાંબજારને ધીરેધીરે ગતિ આપવા માંડી પરિણામે મૂડીવાદ મારણાસન્ન અવસ્થામાંથી બહાર આવવા માંડ્યો. અલબત્ત, એ વિશ્વયુધ્ધે મૂડીવાદના આધુનિકીકરણે સર્જેલ સામ્રાજ્યવાદને આખરી મરણતોલ ઘા પણ લગાવ્યો જ.

## 3. પ્રથમ અને દ્વિતીય વિશ્વયુધ્ધના પ્રભાવો

વીસમી સદીના પ્રારંભિક દાયકાઓ દરમિયાન ચરમ પર પહોંચેલ મૂડીના સમ્રાજ્યવાદે જે બે વિશ્વયુધ્ધો અસ્તિત્વમાં આણ્યાં એણે એ સામ્રાજ્યવાદને તો હંમેશા માટે નામશેષ કર્યો જ પરંતુ સાથે સાથે મૂડીના આધુનિકીકરણને પણ નવી રણનીતિઓ અપનાવવાની ફરજ પાડી. આના પરિણામે મૂડીવાદી શોષણના સ્વરૂપમાં પણ પરિવર્તન આવ્યું. એ નવા સ્વરૂપનું શોષણ પ્રમાણમાં ઓછું દમનકારી અને ઓછું હિંસક બન્યું. અલબત્ત, વીસમી સદીના અંત ભણી જતાં એણે દમન અને હિંસાના, અસમાનતાઓના નવા રસ્તા અને રણનીતિઓ બખૂબી વિકસાવ્યા.





### પ્રથમ વિશ્વયુધ્ધ

1914 થી 1919 દરમિયાનના પ્રથમ વિશ્વયુધ્ધ પાછળનું મુખ્ય કારણ તો સંસ્થાનોના પુનઃવિતરણનું હતું. જર્મની, ઈટાલી જેવા યૂરોપીય દેશોને ઈંગ્લેન્ડ, ફ્રાંસ જેવા દેશો કરતાં ઓછાં સંસ્થાનો મળ્યાં હતાં. વળી જર્મની, એશિયાના જાપાન જેવા દેશોમાં મૂડીવાદી વિકાસ એવી સીમા પર પહોંચી ગયો હતો કે, જો તેઓ હવે નવાં સંસ્થાનો ઉપર કબ્જો ન જમાવે તો એમના દેશમાં મૂડીનું આધુનિકીકરણ આંતરિક આપત્તિઓ આણે અને બની શકે કે મૂડીવાદ પોતાના બોજથી જ ધરાશાયી થઈ જાય. બીજી તરફ ઈંગ્લેન્ડ, ફ્રાંસ જેવાં રાષ્ટ્રોનો મૂડીવાદ માતેલો સાંઢ બનીને સમગ્ર વિશ્વને પોતાનું સંસ્થાન બનાવવા ભૂરાંટો થયો હતો. અમેરિકી મૂડીવાદ પણ એમની સાથે હતો.

પ્રથમ વિશ્વયુધ્ધે મૂડીવાદી રાજનીતિ તેમ જ સમગ્ર વૈશ્વિક રાજનીતિના પરિદશ્યમાં ક્રાંતિકારી પરિવર્તનો આણ્યાં. 1917ની રશિયન ક્રાંતિની સફળતાએ મૂડીવાદની સામે સમાજવાદનો ખ્યાલ વૈશ્વિક રાજનીતિમાં પ્રસારવો શરૂ કર્યો. તો વળી વિશ્વયુધ્ધમાં હારેલાં જર્મની, ઈટાલી જેવાં રાષ્ટ્રોએ કટ્ટરવાદી રાષ્ટ્રવાદના ખ્યાલને વૈશ્વિક રાજનીતિમાં તરતો કર્યો. કેમ કે, તેમણે આ વિશ્વયુધ્ધમાં પોતાના દેશનો કેટલોક હિસ્સો તથા પોતાનાં સંસ્થાનો ગુમાવવા પડ્યાં તેમ જ ઘણું બધું આર્થિક નુકસાન વેઠવું પડ્યું. મુસોલિનીએ ઈટાલીમાં સરમુખત્યાર બનીને કટ્ટર ફાસીવાદની રાજનીતિ શરૂ કરી અને જર્મનીમાં પ્રજાતાંત્રિક રીતે દેશના સર્વસત્તાધીશ બનેલા હિટલરે કટ્ટર વંશવાદી અને સામ્રાજ્યવાદી રાજનીતિના મિશ્રણસ્વરૂપના નાઝીવાદના ખ્યાલને આક્રમક રીતે વૈશ્વિક રાજનીતિમાં ઘૂમતો કરી દીધો. રશિયાએ પણ સમાજવાદની સાથે સાથે સમાજવાદી સામ્રાજ્યવાદની રાજનીતિને મુખ્યધારાની વૈકલ્પિક રાજનીતિ તરીકે દુનિયાભરમાં નક્કર જમીન તૈયાર કરી આપી.

પ્રથમ વિશ્વયુધ્ધનાં વીસ વર્ષ પછી જ બીજું વિશ્વયુધ્ધ શરૂ થયું. મૂડીના આધુનિકીકરણના સામ્રાજ્યવાદનો એ અંતિમ અને તારાજી સર્જનાર ફૂંફાડો હતો.

## બીજું (દ્વિતીય) વિશ્વયુધ્ધ

1939થી 1945 સુધી ચાલેલ એ વૈશ્વિક યુધ્ધ હતું. વિશ્વના મોટા ભાગના દેશો સીધી અને આડકતરી રીતે સામસામી છાવણીઓમાં સંડોવાયેલા હતા. એશિયાનાં મોટાભાગનાં સંસ્થાનોમાં સ્વાતંત્ર્ય યુધ્ધો એના અંતિમ ધ્યેય સુધી પહોંચવાની તૈયારીમાં હતાં અને તેઓ પણ સ્વેચ્છાથી કે અનિચ્છાએ પણ આ વિશ્વયુધ્ધમાં સામેલ થયાં હતાં.

વર્તમાન સુધીના માનવસમાજના ઈતિહાસમાં એ યુધ્ધ સૌથી વ્યાપકરૂપનું હતું. એમાં અલગ અલગ ત્રીસ રાષ્ટ્રોનું દસ કરોડથી વધુનું સૈન્યબળ સામેલ હતું. મુખ્ય પ્રતિસ્પર્ધી દેશોએ પોતાની તમામ આર્થિક, ઔદ્યોગિક અને વૈજ્ઞાનિક ક્ષમતાઓને યુધ્ધમાં હોમી દીધી હતી. નાગરિક અને લશ્કરી સંસાધનો વચ્ચેની તમામ ભેદરેખાઓનો છેદ ઉડાડી નાંખવામાં આવ્યો હતો. 'વિધ્વંસક જનસંહાર' (હોલોકૉસ્ટ્) અને અણુ બૉમ્બ જેવી વિનાશક શક્તિઓ વડે કરોડો આમ નાગરિકોનો ભોગ લેવાયો. એક અંદાજ પ્રમાણે બીજા વિશ્વયુધ્ધે લગભગ પાંચથી સાડા આઠ કરોડ લોકોનો ભોગ લીધો.

આ વિશ્વયુધ્ધે સમગ્ર વિશ્વમાં જે આર્થિક વિનાશ સર્જ્યો તેનો તો સાર્થક હિસાબ મેળવવો લગભગ અશક્ય છે. પરંતુ એટલું નિશ્ચિત કે એણે વિશ્વભરના માનવસમાજમાં આર્થિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક પ્રગતિશીલ પરિબળોને નવો જ અવતાર આપ્યો. આધુનિકતાનો આ મૂડીવાદી આધુનિકીકરણ ઉપરનો રશિયન સમાજવાદી ક્રાંતિ પછીનો બીજો ચાવીરૂપ વિજય હતો.

અલબત્ત, મૂડીવાદી આધુનિકીકરણ ભલે પરાસ્ત થયું પરંતુ મૂડીવાદ પરાસ્ત નહોતો થયો. એણે પોતાની ભૂલોમાંથી પાઠ શીખીને પોતાની આધુનિકતાને નવેસરથી વિકસાવવા નવી નવી રણનીતિઓ અપનાવવી શરૂ કરી. તેણે 'સંયુક્ત રાષ્ટ્રો'નો ખ્યાલ અસ્તિત્વમાં આણ્યો. પરિણામે અમેરિકા અને રશિયા જેવી બે 'સંયુક્ત રાષ્ટ્રો'ની મહાસત્તાઓ અસ્તિત્વમાં આવી તેમ જ એ બંને મહાસત્તાઓ વચ્ચે 'ઠંડું યુધ્ધ' (કોલ્ડ વોર) શરૂ કર્યું. મૂડીવાદની આ રણનીતિ સચોટ પૂરવાર થઈ.





વીસમી સદીના આઠમા દાયકા સુધીમાં રશિયાની સમાજવાદી મહાસત્તા હાર તરફ ધસવા માંડી અને નવમા દાયકાના અંત સુધીમાં સંપૂર્ણપણે પરાસ્ત થઈ ગઈ. અમેરિકન મૂડીવાદી મહાસત્તાએ વૈશ્વિક સ્તરે 'નવસામ્રાજ્યવાદ' (નિયોઈમ્પીરીયાલિઝમ) અને 'નવઉદારવાદી મૂડીવાદ' (નિયોલિબરલ કેપિટાલિઝમ)ના રસ્તે સર્વોપરિતા સ્થાપિત કરવા માંડી.

બીજા વિશ્વયુધ્ધના અંતે મૂડીવાદે પોતે સર્જેલા મહાવિનાશમાંથી બહાર આવી પુનઃ તાકાતવાન બનવા કેટલાંક વૈશ્વિક સ્તરનાં સંસ્થાનો અસ્તિત્વમાં આણ્યાં. જેમાં 'આંતરરાષ્ટ્રીય નાણાંકીય ભંડોળ' (ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ) (1945), 'વિશ્વ બેંક' (વર્લ્ડ બેન્ક) (1944) વગેરેનો સમાવેશ થાય છે. તેણે 'જકાત અને વ્યાપારનો સામાન્ય કરાર' (જનરલ એગ્રીમેન્ટ ઓન ટેરિફ્સ એન્ડ ટ્રેડ) (ગેટ) જેવી 'વિશ્વ વ્યાપાર'નું નિયંત્રણ કરતી કરારનીતિઓ પણ 1945 થી વૈશ્વિકસ્તરે પ્રસરાવવાની શરૂ કરી.

આ સંસ્થાનો અને નીતિઓ વિશે વિગતે ચર્ચા આવતા પ્રકરણમાં કરીશું. આધુનિકતાની દૃષ્ટિએ મૂડીવાદે માનવતાવાદ (હ્યુમેનિટી) વિશે પોતાની નવી વ્યાખ્યા અને ખ્યાલને આ રણનીતિઓ વડે આકારિત કરવાની શરૂ કરી. અલબત્ત, પોતાના સ્વાર્થ ખાતર; પરંતુ આધુનિકતાને પણ એને કારણે પોતાના ખ્યાલોને વધુ પરિપક્વ અને વ્યાપક બનાવવાની દિશાઓ સાંપડી; કેમ કે, એનો મૂડીવાદી આધુનિકતાના ખ્યાલો ઉપર આ એક નિર્ણાયક વિજય થયો હતો.

**પ્રકરણ-10**

# મૂડીવાદી નવસામ્રાજ્યવાદ

## ભૂમિકા

1929ની મહામંદી અને બીજા વિશ્વયુધ્ધના અંતે મૂડીવાદનું સામ્રાજ્યવાદના (ક્લાસિકલ) શાસ્ત્રીય સ્વરૂપનું જે પતન થયું એ પછી એના નવસામ્રાજ્યવાદના સ્વરૂપને સંપૂર્ણપણે આકારિત થવામાં લગભગ સાડાચારથી પાંચ દાયકા પસાર થઇ ગયા. પતન પછી તત્કાલ તો એની સામે ત્રણ મુખ્ય પડકારો હતા.

1. સમાજવાદી અર્થવ્યવસ્થા
2. વિકસીત દેશોમાં વિશ્વયુધ્ધોને કારણે થયેલી તારાજી.
3. સંસ્થાન મટીને સ્વતંત્ર થયેલ દેશોમાં મૂડીવાદી વિકાસ.

1. પ્રથમ પડકારનો સામનો એને માટે અત્યંત મુશ્કેલ હતો પણ તદ્દન અસંભવ નહોતો. આનો મતલબ એ બિલકુલ નથી કે મૂડીવાદી અર્થવ્યવસ્થા સમાજવાદી અર્થવ્યવસ્થા કરતાં ચડિયાતી કે બહેતર છે. વાસ્તવમાં અત્યાર સુધીની માનવસમાજની અર્થવ્યવસ્થાઓ ઉપર નજર નાંખીએ તો કાર્લ માર્ક્સે આપેલી સમાજવાદી અર્થવ્યવસ્થા સર્વશ્રેષ્ઠ છે. આજે પણ એ મૂડીવાદ સામે ઊભેલો જબરદસ્ત પડકાર છે જ. આધુનિકતાની દૃષ્ટિએ





પણ એ અનિવાર્યપણે આવશ્યક અર્થવ્યવસ્થા પૂરવાર થવાની ક્ષમતાઓ ધરાવે છે. પરંતુ મૂડીવાદી સામ્રાજ્યવાદના પતન સમયે એ અર્થવ્યવસ્થાના સાર્થક વિકાસ માટેના સંજોગો પૂર્ણપણે પરિપક્વ નહોતા.

1917ની સમાજવાદી ક્રાંતિ પછી રશિયાએ અપનાવેલી આર્થિક વિકાસની નીતિઓ તેમજ રાજનૈતિક વ્યવસ્થા તથા 1949ની ‘નવપ્રજાતાંત્રિક ક્રાંતિ’ (ન્યૂ ડેમોક્રટિક રેવોલ્યૂશન) પછી ચીને અપનાવેલી આર્થિક વિકાસની નીતિઓ, રણનીતિઓ અને રાજ્યવ્યવસ્થા તેમની તે સમયની પ્રવર્તમાન સમાજ વ્યવસ્થાઓમાંથી નિષ્પન્ન થયેલી નીતિઓ, વ્યવસ્થાઓ હતી. એ બંનેમાંથી એકપણ સમાજવાદી અર્થવ્યવસ્થા વિકસીત મૂડીવાદી સમાજવ્યવસ્થાને પરાજિત કરીને અસ્તિત્વમાં નહોતી આવી. આ દૃષ્ટિએ એ બંનેએ સમાજવાદી આર્થિક વિકાસ માટે અપનાવેલી આર્થિક નીતિઓ અને રાજયવ્યવસ્થાઓ કોઇ પણ રીતે વિકસીત મૂડીવાદી અર્થવ્યવસ્થાઓ અને મૂડીવાદી પ્રજાતંત્રોનો તે સમયે નક્કર વિકલ્પ ન બની શકી. એ મૂડીવાદી આર્થિક વિકાસ કરતાં બહેતર પૂરવાર ન થઇ શકી.

પરિણામ સ્પષ્ટ હતું. વીસમી સદીના નવમા દાયકાના અંત સુધીમાં એ બંને પ્રકારની આર્થિક વ્યવસ્થાઓ વિકસીત મૂડીવાદી અર્થવ્યવસ્થાઓ કરતાં ઊણી સાબિત થઇ અને એમની રાજ્યવ્યવસ્થાઓ પણ મૂડીવાદી પ્રજાતંત્ર કરતાં ઉતરતી અને નિષ્ફળ પૂરવાર થઇ. પોતાના સામ્રાજ્યવાદના પતન પછી મૂડીવાદે સમાજવાદ સામે આરંભેલું ‘ઠંડું યુધ્ધ’ પણ એની સાથે સમાપ્ત થયું અને વીસમી સદીના અંતિમ દશકમાં મૂડીવાદે પોતાના નવસામ્રાજ્યવાદની બેરોકટોક આગેકૂચ શરૂ કરી.

2. વૈશ્વિક મહામંદી અને બબ્બે વિશ્વયુધ્ધોએ વિકસીત મૂડીવાદી દેશોમાં જે આર્થિક, રાજનૈતિક તારાજી સર્જેલી એને માટે મૂડીવાદે મૂડીવાદના આધુનિકીકરણ સંદર્ભે ઘણુંબધું નવેસરથી વિચારવાનું અને પ્રયોજવાનું હતું. હવે તેની પાસે શોષણ માટે સંસ્થાનો નહોતાં. તેણે સમાજવાદના વિકલ્પ અને ખતરા સામે પોતાને નવી રણનીતિઓ વડે સુસજ્જ અને સક્ષમ પૂરવાર કરવાનો હતો. તેણે સ્વતંત્ર થયેલ સંસ્થાનોમાં એવી રીતે

મૂડીવાદી વિકાસ કરાવવાનો હતો કે જેથી વિકસીત (અગાઉના સામ્રાજ્યવાદી) મૂડીવાદી રાષ્ટ્રોની આર્થિક સત્તા મજબૂતપણે અક્ષુણ્ણ રહે; કેમ કે, પોતાના વિકાસ અને આધુનિકીકરણ માટે તેને કાચો માલ (કુદરતી સંસાધનો), સસ્તી શ્રમશક્તિ અને વ્યાપક બજારની તો અનિવાર્ય આવશ્યકતાઓ હતી જ. એના વિના તો એનું અસ્તિત્વ જ સંભવ નહોતું.

તેણે સમાજવાદ સામેના 'ઠંડા યુધ્ધ' ની સાથે સાથે મૂડીવાદના(પોતાના) વૈશ્વિક વિકાસની રણનીતિઓ તથા પોતાના તારાજ થયેલ મૂડીવાદી વિકાસને પુનઃસ્થાપિત કરી ફરીથી ગતિમાન બનાવવા આર્થિક વિકાસની નવી રણનીતિઓ તૈયાર કરી. એ રણનીતિઓના આધારે એણે 'આંતર્રાષ્ટ્રીય નાણાંકીય ભંડોળ' (ઇન્ટરનેશનલ મોનિટરી ફંડ) અને 'વિશ્વ બેંક' (વર્લ્ડ બેંક) જેવાં વૈશ્વિક આર્થિક સંસ્થાનો અને 'જકાત અને વ્યાપારનો સામાન્ય કરાર' (જનરલ એગ્રીમેન્ટ ઓન ટેરિફ એન્ડ ટ્રેડ)(ગેટ) જેવા આર્થિક કરારોને વૈશ્વિકસ્તરે અસ્તિત્વમાં આણ્યાં.

'ઠંડા યુધ્ધ'ની સમાપ્તિ સુધીમાં આ રણનીતિઓના આધારે એણે વૈશ્વિકસ્તરે 'નવસામ્રાજ્યવાદ' માટેની પોતાની જમીન તૈયાર કરી દીધી. વિકસીત મૂડીવાદી રાષ્ટ્રો વૈશ્વિકસ્તરે આર્થિક સર્વસત્તાધીશો બનવા સુધી પહોંચી ગયાં અને સ્વતંત્ર થયેલ સંસ્થાનોમાં અસમાનસ્વરૂપનો મૂડીવાદી વિકાસ હાંસલ થવા માંડ્યો.

3. આપણે અગાઉ ચર્ચા કરી હતી એ પ્રમાણે સંસ્થાન મટીને સ્વતંત્ર થયેલ એશિયા, આફ્રિકાના દેશોએ પાયાગત રીતે મૂડીવાદી અર્થવ્યવસ્થાનો માર્ગ અપનાવ્યો; કેમ કે, મોટેભાગે ત્યાં મૂડીવાદી વિકાસની જરૂરત હતી. તેમની અર્થવ્યવસ્થાઓ મુખ્યત્વે સામંતવાદી હતી. જ્યાં મૂડીવાદી પધ્ધતિનો થોડોઘણો વિકાસ થયો હતો તે પણ મૂડીવાદી સામ્રાજ્યવાદની છત્રછાયામાં અને તેની જરૂરિયાતો પૂરતો હતો. આથી સ્વાભાવિક રીતે જ એમને માટે સમાજવાદી અર્થવ્યવસ્થા સ્વીકારવી શક્ય નહોતી.

આપણે અગાઉ એ પણ નોંધ્યું કે ભારત અને ઇજીપ્ત જેવા દેશોએ મિશ્ર અર્થવ્યવસ્થા





અપનાવી. જેમાં મૂળગત ખ્યાલ મૂડીવાદી અર્થવ્યવસ્થાનો હોય; પરંતુ સ્થાનિક મૂડીવાદ જે ક્ષેત્રોનો વિકાસ કરવા અસમર્થ હોય એવાં ક્ષેત્રોમાં રાજ્ય જાહેર સાહસો વડે આર્થિક વિકાસ કરે. વળી આવા દેશોમાં પણ સામંતી અર્થવ્યવસ્થાની ઘણી પ્રક્રિયાઓ પણ મોજૂદ હતી, ઉત્પાદનનાં સાધનો અને ઉત્પાદન સંબંધો બંને ક્ષેત્રોમાં.

મૂડીના સામ્રાજ્યવાદના પતન પછી એટલે કે મૂડીની ઇજારાશાહીના અંત પછી આવા પ્રકારના તમામ સ્વતંત્ર દેશો જેને તે સમયે 'ત્રીજા વિશ્વના દેશો' (મૂડીવાદી અમેરિકી મહાસત્તા અને સમાજવાદી રશિયાની મહાસત્તા સિવાયના દેશો) ઓળખવામાં આવતા હતા તેમના મૂડીવાદી અર્થતંત્રોને સ્થિર બનાવવા માટે મૂડીવાદી વિકસીત દેશોએ પોતાનાં આંતર્રાષ્ટ્રીય કરારો અને વૈશ્વિક સંસ્થાનોમાં 'નાના ભાઈ' બનાવીને સામેલ કર્યા. પરિણામે એમનાં અર્થતંત્રોને મૂડીવાદી અર્થતંત્રમાં તબ્દીલ કરી શકાય તેમજ સ્થિર કરી શકાય. આ રણનીતિનો વિકસીત મૂડીવાદી રાષ્ટ્રોને ફાયદો એ હતો કે તેઓ મૂડીના આધુનિકીકરણને પોતાના 'નવસામ્રાજ્યવાદ' ભણી આગળ ધપાવી શકે. બીજી તરફ 'ત્રીજા વિશ્વના દેશો' ને ફાયદો એ હતો કે તેઓ સંસ્થાનવાદી અર્થવ્યવસ્થાથી મુક્ત થાય અને મૂડીવાદી વિકાસ માટે એમને 'આઇ.એમ. એફ' (ઇન્ટરનેશનલ મોનિટરી ફંડ) તથા 'વર્લ્ડ બેંક' તરફથી રાહત દરે, ઓછા વ્યાજે ધિરાણો મળે, તેઓ પોતાનાં બજારોને વિકસાવી શકે.

પોતાની ઇજારાશાહીના પતન પછી મૂડીવાદે અપનાવેલી આ રણનીતિઓને કારણે વીસમી સદીના અંત સુધીમાં મોટાભાગના 'ત્રીજા વિશ્વ'ના દેશોએ અસમાન રીતે પણ વૈશ્વિક મૂડીવાદી વિકાસની પાયાગત જરૂરિયાતો સંતોષાઇ શકે એટલો મૂડીવાદી વિકાસ જરૂર સાધી લીધો.

ઇજારાશાહીના પતન પછી મૂડીવાદે અપનાવેલી વિકાસ માટેની નવી રણનીતિઓ, તે માટેનાં સંસ્થાનો — કરારો પણ આધુનિકતાની દૃષ્ટિએ શોષણકારક અને

અસમાનતાઓ સર્જનારા તો હતાં જ. માત્ર એમનું સ્વરૂપ અલગ હતું અને એમની માત્રામાં ગુણાત્મક તફાવત હતો.

## મૂડીના આધુનિકીકરણ માટેનાં આંતરરાષ્ટ્રીય સંસ્થાનો અને કરારો

વૈશ્વિકસ્તરે મૂડીવાદી આધુનિકીકરણ માટે મૂડીવાદે જે સંસ્થાનો અને કરારો 1945 થી (બીજા વિશ્વયુધ્ધના અંત પછી) અસ્તિત્વમાં આણ્યાં એનાં ઉદ્દેશો, કાર્યપ્રણાલિઓ ઉપર હવે આપણે નજર દોડાવીએ. આપણા માટે એ યાદ રાખવું જરૂરી છે કે એ જ સંસ્થાનો, કરારો મૂડીવાદને વીસમી સદીના અંતિમ દાયકામાં 'મૂડીના નવસામ્રાજ્યવાદ' સુધી અને 'મૂડીના નવઉદારીકરણ' તથા 'મૂડીના વૈશ્વિકીકરણ' સુધી લઇ ગયાં.

### 1. આંતરરાષ્ટ્રીય નાણાંકીય ભંડોળઃ (આઇ. એમ. એફ.)

આઇ.એમ.એફ.- અથવા એફ.એમ.આઇ. ના નામે પ્રચલિત આ નાણાંકીય ભંડોળનો ખ્યાલ વિધિવત્ રીતે 1945માં તૈયાર થયો અને તેની વાસ્તવિક કામગીરી 1 માર્ચ, 1947થી શરૂ થઇ. પ્રારંભે તેમાં 29 દેશો સભ્યપદ ધરાવતા હતા. આજે 188 દેશો તેના સભ્યો બની ચૂક્યા છે. અમેરિકાના વૉશિંગ્ટન (ડી.સી.) માં તેની મુખ્ય કચેરી સ્થાપિત થયેલી છે.

તેનો મુખ્ય ઉદ્દેશ છે- બીજા વિશ્વયુધ્ધ બાદની દુનિયામાં આંતરરાષ્ટ્રીય સ્તરે થતી નાણાંકીય લેવડદેવડ (ચૂકવણીઓ) ની વ્યવસ્થાનું પુનઃનિર્માણ કરવામાં સહાયભૂત થવું. આ સંસ્થાનના ભંડોળ માટે તેના સભ્ય દેશો પોતાની હિસ્સેદારીના પ્રમાણમાં પોતાનો આર્થિક સહયોગ જમા કરાવે. મતલબ કે આર્થિક સધ્ધરતાના આધારે દેશો પોતપોતાનો સહયોગ ભંડોળમાં ઉમેરતા જાય અને એ ભંડોળમાંથી આર્થિક ભીડ અનુભવતા એના સભ્ય દેશો પોતાની તત્કાલીન આર્થિક સમસ્યાઓનો હલ મેળવી મૂડીવાદી વિકાસનો માર્ગ સરળ કરી શકે. આઇ.એમ.એફ. તેની આ કામગિરી અને એને આનુષંગિક અન્ય કામગિરીઓના આધારે પોતાના સભ્ય દેશોનાં સમગ્ર અર્થતંત્રો ઉપર ચાંપતી





નજર રાખી શકે તેમજ તેમની આર્થિક નીતિઓને સુધારવા – બદલવા આગ્રહો – દબાણો કરી શકે અને એ રીતે એ દેશોને મૂડીવાદી વિકાસ (સધ્ધર મૂડીવાદી દેશોના દિશાસંકેતો મુજબના વિકાસ) માટે સહાયભૂત થઇ શકે.

વૈશ્વિકસ્તરની આર્થિક વૃધ્ધિ અને આર્થિક સ્થિરતા માટે તૈયાર કરાયેલ આ સંગઠનના પ્રારંભિક તબક્કામાં બે મુખ્ય કાર્યો હતાં.

1. દેશો દેશો વચ્ચેની નાણાંકીય લેવડદેવડ માટેનો એક્સચેન્જ દર નિશ્ચિત કરવો.
2. દેશો વચ્ચેની પારસ્પરિક નાણાંકીય ચૂકવણીઓ માટે ટૂંકાગાળાની સહાય પૂરી પાડવી.

1945 થી 1970 દરમિયાન આ રીતે પોતાના સભ્ય દેશોને આર્થિક વૃધ્ધિ માટે સહાયભૂત થઇ વિકસીત મૂડીવાદી દેશોને મહામંદી અને બીજા વિશ્વયુધ્ધને કારણે થયેલી આર્થિક તારાજીમાંથી બહાર લાવી ફરી મૂડીવાદી વિકાસના રસ્તા ઉપર લઇ આવનાર આ નાણાંકીય સંસ્થાને ત્રીજા વિશ્વના દેશોને મૂડીવાદી આર્થિક વૃધ્ધિ માટે તૈયાર કરવા માંડ્યાં. આઇ. એમ. એફ.ની આ ભૂમિકાને કારણે વિકસીત મૂડીવાદી દેશોનાં બજારો 1971 સુધીમાં ફરીથી પોતાના દેશની સરહદો વળોટવા ઉતાળા થવા માંડ્યાં. પોતાના મૂડીવાદી વિકાસ માટે અગાઉ જે કારણોથી એમણે સામ્રાજ્યવાદનો આશરો લીધો હતો એ જ કારણો એમના મૂડીવાદ માટે ફરી સપાટી પર આવવા માંડ્યા. પરંતુ હવે સામ્રાજ્યવાદનો ખ્યાલ તો ઇતિહાસ બની ચૂક્યો હતો અને સમાજવાદનો ખતરો હજુ પણ એમને છોડતો નહોતો. આથી એક જ રસ્તો એ મૂડીવાદ પાસે બચ્યો હતો- આર્થિક સામ્રાજ્યવાદ. એ રસ્તો એમણે આઇ.એમ.એફ.ના માધ્યમથી કંડારવો શરૂ કર્યો.

1971 પછી આઇ. એમ.એફે. નિશ્ચિત એક્સ્ચેન્જ દરને પ્રવાહી એક્સ્ચેન્જ દરમાં પલટી નાંખ્યો. મતલબ કે હવે દેશો દેશો વચ્ચેની પારસ્પરિક નાણાંકીય

લેવડદેવડનો દર જે તે દેશોની આર્થિક સધ્ધરતાને આધારે નક્કી થવા માંડ્યાં. સ્વાભાવિક રીતે જ આને લીધે વિકસીત દેશોની મૂડીને વધવા માટેનો એક રસ્તો ખૂલી ગયો. તેને માટે ગરીબ કે વિકાસશીલ દેશોનું આર્થિક શોષણ થોડું આસાન બન્યું.

સાથે સાથે આઇ. એમ. એફ. પોતાનાં આર્થિક ધિરાણો (લોનો) માટે સભ્ય દેશોની આર્થિક નીતિઓની સાથે દેશોના આર્થિક ચઢાવ-ઉતારોને પણ ઝીણવટપૂર્વક ચકાસવા માંડ્યાં. આ રીતે સભ્ય દેશોના અર્થતંત્રો ઉપર આઇ. એમ. એફ. ની પકડ મજબૂત બનવા માંડી. તેણે પોતાનાં ધિરાણો માટે અને સભ્ય દેશોના નાણાંકીય અંદાજપત્રોને આર્થિક રીતે સમતોલ બનાવવા માટે પોતાની (મૂડીવાદી) આર્થિક નીતિઓને શરતોરૂપે સભ્ય દેશો સામે મૂકવા માંડી. સ્પષ્ટ છે- વૈશ્વિક સ્તરે મૂડીનું આર્થિક સામ્રાજ્ય વિકસાવવા માટે આ પહેલું નક્કર કદમ હતું.

આઇ.એમ.એફ. દ્વારા ધિરાણ માટે અપનાવાયેલી આર્થિક નીતિઓ વિષયક શરતોને કારણે સભ્ય દેશો, મુખ્યત્વે ગરીબ અને વિકાસશીલ દેશોને પોતાનાં અર્થતંત્રોનાં માળખાંમાં કેટલાક નોંધપાત્ર ફેરફારો કરવાની ફરજ પડવા માંડી. મહત્વનાં માળખાંકીય પરિવર્તનોમાં નીચે પ્રમાણેની બાબતોનો સમાવેશ થતો હતો.

- સરકારી ખર્ચમાં કાપ મૂકવો.
- આર્થિક પરિણામોને સીધી નિકાસ વધારવા ઉપર અને આર્થિક સંસાધનોનાં તારણો ઉપર કેન્દ્રિત કરવાં.
- નાણાંનું અવમૂલ્યન કરવું.
- વ્યાપાર ક્ષેત્રે ઉદાર નીતિઓ અપનાવવી. બીજા શબ્દોમાં આયાત – નિકાસ ઉપરનાં પ્રતિબંધો હટાવી લેવા.
- રોકાણોમાં સ્થિરતા લાવવી. મતલબ કે, સ્થાનિક શેરબજારોને વિદેશી મૂડી રોકાણો માટે ખુલ્લાં કરવામાં સહાયક નીતિઓ સ્વીકારવી.





- અંદાજ પત્રો સમતોલ બનાવવાં. અંદાજપત્રોની ખાધ અટકાવવી.
- ચીજ-વસ્તુઓ ઉપરના ભાવોનાં સરકારી નિયંત્રણો દૂર કરવાં; તથા રાજ્ય દ્વારા અપાતી આર્થિક રાહતો (સબ્સીડીઝ) દૂર કરવી.
- રાજ્ય દ્વારા સંચાલિત જાહેર સાહસોનું ખાનગીકરણ કરવું અથવા તેમના ઉપરનાં નિયંત્રણો હટાવી લેવાં.
- વિદેશી રોકાણકારોના અધિકારોને નિયંત્રિત કરતા દેશના કાનૂનો હળવા કરવા.
- દેશના વહીવટમાં સુધારા કરવા અને ભ્રષ્ટાચાર સામે આંખ લાલ કરવી.

સ્વાભાવિક રીતે જ આઇ. એમ.એફ. ની આ શરતો જે તે દેશની આર્થિક, સાંસ્કૃતિક અને પર્યાવરણીય વાસ્તવિકતાઓ તરફ બિલકુલ દુર્લક્ષ સેવનારી છે. તે દેશની જનતાની આરોગ્ય, શિક્ષણ જેવી પાયાની જરૂરિયાતોને બિલકુલ નજરઅંદાજ કરવાની સરકારોને ફરજ પાડે છે. આથીયે વધારે ગંભીર અને ચિંતાજનક વાસ્તવિકતા તો એ છે કે, આ પ્રકારની શરતો દેશના સ્થાનિક સરકારી સંસ્થાનોની ભૂમિકાને દેશના સાર્વત્રિક વિકાસના સંદર્ભમાં નબળી બનાવી દે છે. બીજી તરફ ગરીબ જનતાનો સરકારો પ્રતિ અસંતોષ વધતો જાય છે અને ગરીબ તથા વિકાસશીલ દેશોમાં રાજકીય અસ્થિરતાઓ વધવા માંડે છે. આ શરતો માત્ર દેશની આર્થિક વૃધ્ધિને જ મહત્વપૂર્ણ બનાવે છે અને સેવાક્ષેત્રોમાં સરકારની ભૂમિકાને નિરર્થક બનાવતી જાય છે. દેશમાં બેરોજગારીનું પ્રમાણ વધતું જાય છે.

મૂડીવાદી વિકાસ માટે જરૂરી આર્થિક ધિરાણો માટેની આ શરતો સ્પષ્ટ રીતે ગરીબ અને વિકાસશીલ દેશોની આર્થિક અને રાજનૈતિક સ્વાયત્તતા ઉપર તરાપ મારનારી હતી. આમ છતાં 1971 પછી મૂડીના વૈશ્વિકરણ સુધીના બે દાયકાઓ સુધી જરૂરિયાતમંદ દેશો કેટલીક શરતો માનીને અને નહીં તો રાજ્યની માલિકીની મિલ્કતો આઇ.એમ.એફ. ને જો સ્વીકાર્ય હોય તો ગિરવે મૂકીને ધિરાણો મેળવતા રહ્યા.

વાસ્તવમાં આ શરતો મૂડીના નવસામ્રાજ્યવાદનો અવતાર હતો. ગરીબ અને વિકાસશીલ દેશો ઉપર મૂડી અને બજારની પકડ સજ્જડ બનાવનાર આ શરતોને આધુનિકતાનાં મૂલ્યો અને માપદંડોથી તપાસીએ તો એ માત્ર આર્થિક અને રાજનૈતિક શોષણ પૂરતી જ સીમિત નહોતી; એ માનવીને ગ્રાહક બનાવનારી હતી. તેના આચાર-વિચારને બજારકેન્દ્રી બનાવનારી હતી. તેના ઘણાં બધા માનવ અધિકારો અને નાગરિક અધિકારોને છીનવી લેનારી હતી. મૂડીના વૈશ્વિકીકરણ બાદ તો આપણા જેવા દેશોમાં વધી રહેલ સાંસ્કૃતિક તણાવો, સંઘર્ષોને હવે આપણે સ્પષ્ટપણે જોઇ- અનુભવી શકીએ છીએ.

આ નાણાંકીય સંસ્થાનના પરિચયમાં આપણે વાત કરી એ પ્રમાણે એના ઉપર વિકસીત મૂડીવાદી (નવસામ્રાજ્યવાદી) દેશોની જ પકડ મજબૂત હતી; કેમ કે, તેમાં આર્થિક સમૃધ્ધિના આધારે સભ્યપદની અને હિસ્સેદારીની ગોઠવણ હતી. લોકતાંત્રિક ગણાતા આ સંસ્થાનમાં દરેક દેશોનો મતહિસ્સો પણ આર્થિક ભંડોળમાં હિસ્સેદારીના આધારે નિશ્ચિત થતો હોવાથી ગરીબ અને વિકાસશીલ દેશોના મતોનું મૂલ્ય ઓછું છે, જ્યારે સમૃધ્ધ દેશોનું વધુ. સૌથી વધારે મતમૂલ્ય અમેરિકાનું છે- 17.69. આથી સ્વાભાવિક રીતે જ હવે જ્યારે સમાજવાદી વિશ્વનો ખતરો નાબૂદ થઇ ગયો છે ત્યારે મૂડીવાદી નવસામ્રાજ્યવાદી દેશો ગરીબ અને વિકાસશીલ દેશો ઉપર આર્થિક પ્રભુત્વની સાથે સાથે રાજનૈતિક અને સાંસ્કૃતિક પ્રભુત્વ પણ વધારી રહ્યા છે.

આમ મહામંદી અને વિશ્વયુધ્ધની તારાજીમાંથી મૂડીવાદને ફરી પગભર કરી, મૂડીવાદી શોષણોનો નવો દૌર શરૂ કરનાર વૈશ્વિક સંસ્થાનો, સંગઠનોમાં આઇ.એમ.એફ.ની ભૂમિકા મહત્વની રહી છે. અલબત્ત, છેલ્લા દોઢ-બે દશક દરમિયાન એના વિરોધનો સૂર પણ દુનિયાભરમાં પ્રબળ બનતો જાય છે. ત્રીજા વિશ્વના દેશોમાં તેની નીતિઓના કારણે રોજગાર અને કુદરતી સંસાધનોને લઇને તેમ જ પર્યાવરણીય સમતુલા માટેના જનઆંદોલનો દિન-બ-દિન પ્રબળ બનતાં જાય છે.





## 2. વિશ્વ બેંકઃ (વર્લ્ડ બેન્ક)

''ગરીબી મુક્ત દુનિયા માટે કાર્યરત''નું સૂત્ર ધરાવતી વિશ્વ બેંકની સ્થાપના 1944ના જુલાઇ માં બીજા વિશ્વયુધ્ધના અંત સમયે થઇ. આ આંતર્રાષ્ટ્રીય ધિરાણ સંસ્થાન અંતર્ગત બે સંસ્થા કાર્યરત છે.

1. ઇન્ટરનેશનલ બેંક ફોર રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ (આઇ.બી.આર.ડી.) (પુનઃનિર્માણ અને વિકાસ માટેની બેંક)
2. ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ એસોસિએશન (આઇ.ડી.એ.) (આંતર્રાષ્ટ્રીય વિકાસ મંડળ)

આઇ.બી.આર.ડી. ના 188 દેશો સભ્ય છે અને આઇ.ડી.એ.ના 172. આઇ.એમ.એફ.ની જેમ જ આ સંસ્થાનનું મુખ્ય મથક વૉશિંગ્ટન(ડી.સી.) માં સ્થિત છે.

વિશ્વ બેંકનું મુખ્ય ધ્યેય વિકાસશીલ દેશોને મૂડીપ્રધાન વિકાસ કાર્યક્રમો માટે ધિરાણો પૂરાં પાડવાનું છે. વર્લ્ડ બેંક અને આઇ.એમ.એફ. બંને 1944માં વિકસીત મૂડીવાદી રાષ્ટ્રોની અમેરિકા અને બ્રિટનની આગેવાનીમાં યોજાયેલ 'બ્રેટન વૂડ્સ કોન્ફરન્સ' માંથી નીપજેલાં આંતર્રાષ્ટ્રીય મૂડીવાદી વિકાસ માટેનાં સંસ્થાનો છે. એ બંનેના હેતુઓ પરસ્પર પૂરક નીતિઓ-કાર્યક્રમો તૈયાર કરવાનું અને સાકાર કરવાના છે.

વિશ્વબેંકની ધિરાણ પ્રવૃત્તિઓ, કાર્યક્રમોને મુખ્ય ચાર તબક્કાઓમાં વહેંચીને મૂલ્યાંકિત કરી શકાય.

### 2.1 1944 થી 1968

આ ગાળા દરમિયાન મૂડીવાદી પુનઃનિર્માણ અને વિકાસ માટે અપાયેલ ધિરાણો પ્રમાણમાં ઓછી રકમોનાં હતાં. એ સમયનાં ધિરાણો મુખ્યત્વે વિકસીત મૂડીવાદી

દેશોને અપાતાં તેમજ ધિરાણ માટેનાં માપદંડો પણ અત્યંત કઠોર હતા. એનો અભિગમ પણ મૂડીવાદી દૃષ્ટિએ રૂઢિચૂસ્ત વધારે હતો. વળી એ અભિગમ સમાજવાદનો ઘોર વિરોધી પણ હતો. એના પુરાવારૂપે એક ઘટના ઉપર નજર નાંખીએ.

વિશ્વબેંક તરફથી સૌ પ્રથમ ધિરાણ 2.5 કરોડ ડોલર(અઢી કરોડ ડોલર)નું ફ્રાંસને આપવાનું નક્કી થયું. એ માટે ફ્રાંસના અંદાજપત્રની સમતુલા અને પુનઃચૂકવણીની આકરી શરતોની સાથે સાથે અમેરિકાના ગૃહવિભાગે ફ્રાંસને ત્યાં સુધી ચીમકી આપી કે જો એની સંયુક્ત સરકારમાંથી સામ્યવાદી પાર્ટી સાથે સંકળાયેલ સભ્યોને એ હટાવે તો જ વિશ્વબેંક ધિરાણ આપે. ફ્રેંચ સરકારને ઝૂકવું પડ્યું અને ધિરાણ માટે સામ્યવાદી પક્ષના સભ્યોને સરકારમાંથી રૂખસદ આપવી પડી.

1947માં 'માર્શલ પ્લાન'[16] અમલમાં આવતા ધિરાણો માટેના અન્ય માર્ગો ખૂલતાં વિશ્વ બેન્કે સ્પર્ધાનો સામનો કરવાનો વારો આવ્યો. ઘણા યૂરોપીય દેશો અન્ય સંસાધનોમાંથી ધિરાણો મેળવવા માંડ્યાં. વિશ્વ બેન્કે યૂરોપ સિવાયના દેશોને ધિરાણો આપવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા માંડ્યું.

1968 સુધી વિશ્વબેન્કે મુખ્યત્વે બંદરોનાં બાંધકામ, હાઇ-વે રસ્તાઓના નિર્માણ, વીજળી મથકો જેવાં આવક રળી આપનારી આંતર્માળખાંકીય સુવિધાઓના નિર્માણ માટે જ ધિરાણો આપવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. જેથી ધિરાણ મેળવનાર દેશો એ આવકોમાંથી ધિરાણોની પરત ચૂકવણી કરી શકે.

સ્પષ્ટ છે- આ ગાળામાં વિશ્વબેન્કે વિકસીત મૂડીવાદી દેશોને પુનઃ મૂડીવાદી વિકાસ ભણી આગળ વધવા માટે સહાય કરી. જેથી મહામંદી અને વિશ્વયુધ્ધોની ખાનાખરાબીમાંથી તેઓ પુનઃજીવિત થઇ શકે.

## 2.2 1968 થી 1980

વિકસીત મૂડીવાદી દેશોનાં પુનઃનિર્માણ પછી સ્વાભાવિક રીતે જ હવે વારો હતો ત્રીજા વિશ્વના દેશોમાં મૂડીવાદી વિકાસનો. વિશ્વબેન્કે વિકાસશીલ દેશોમાં





સામાજીક વિકાસ માટે મોટાપાયે ધિરાણો આપવાની નીતિ અપનાવવા માંડી. આ ધિરાણો પણ ખાસ્સી મોટી રકમોનાં કરવાની શરૂઆત કરી. સામાજિક સેવાક્ષેત્રોનાં એ ધિરાણો વિકાસશીલ દેશોને નિશાળો, હોસ્પિટલોનાં નિર્માણો માટે, શિક્ષણ અને કૃષિક્ષેત્રોના વિકાસ અને આધુનિકીકરણ માટે મોટા પ્રમાણમાં અપાવા માંડી. ધિરાણો માટેની માંગણીઓના નિકાલની પ્રક્રિયાઓ પણ ઝડપી બનાવી. આ માટે વિશ્વબેન્કે નવાં સંસાધનો પણ તૈયાર કરવા માંડ્યાં જેથી તે ધિરાણોનું પ્રમાણ ખાસ્સું મોટું બનાવી શકે. ધિરાણોની પુનઃચૂકવણીની પ્રક્રિયાઓ પણ સરળ બનાવી. આ બધાંનું પરિણામ એ આવ્યું કે, ત્રીજા વિશ્વના દેશોનું દેવું ખૂબ ઝડપથી અને ઘણા મોટાપાયે વધવા માંડ્યું. એક અભ્યાસ પ્રમાણે 1976 થી 1980 દરમિયાન વિકાસશીલ દેશોનું દેવું સરેરાશ 20%(વીસ ટકા)ના દરે વધવા માંડ્યું.

વિશ્વબેંકની આ બદલાયેલી નીતિઓ અને કામગીરી પાછળ વિકાસશીલ દેશોમાં મૂડીવાદી આધુનિકીકરણની પ્રક્રિયાઓને ઝડપી બનાવી મૂડીવાદી નવસામ્રાજ્યવાદની પ્રક્રિયાઓને વિશ્વભરમાં તૈયાર કરવાની હતી. જેથી મૂડીના વૈશ્વિકીકરણમાં આવનારા સમયમાં સામેલ થઇ શકે તેમ જ પોતાની અંદર પ્રવર્તતી સામંતી અર્થવ્યવસ્થાઓમાંથી તેઓ ઝડપથી મુક્ત થવાની દિશામાં આગળ વધી શકે.

આધુનિકતાની દૃષ્ટિએ ત્રીજા વિશ્વના દેશોમાં આ એક આગેકદમ હતું, પરંતુ વિકસીત મૂડીવાદી રાષ્ટ્રો એ દેશોમાં સાર્થક આધુનિકતાની પ્રક્રિયાઓ અને દિશાઓને ખાળવા માંગતાં હતાં અને મૂડીવાદને અનુકૂળ આધુનિકતાને વિકસાવવા માંગતાં હતાં. આપણા દેશના સંદર્ભમાં જોઇએ તો આ જ ગાળામાં 'હરિયાળી ક્રાંતિ', 'ગરીબી હટાઓ' જેવાં કાર્યક્રમો જોરશોરથી શરૂ થયા અને મૂડીવાદી આધુનિકતાની સાંસ્કૃતિક આબોહવા તૈયાર થવા માંડી.

## 2.3 1980 થી 1989

આ દાયકાના પ્રારંભે જ મૂડીવાદી નવસામ્રાજ્યવાદના ખ્યાલનો નક્કર પ્રારંભ

કરનાર 'રેગન-થેચર પ્લાન' જાહેર થયો અને વિવાદોનો મધપૂડો દુનિયાભરમાં છંછેડાયો. આ પ્લાનમાં અમેરિકન પ્રમુખ રોનાલ્ડ રેગન અને બ્રિટનનાં વડાપ્રધાન માર્ગરેટ થેચરે મૂડીના વૈશ્વિકીકરણ, નવઉદારીકરણ અને ખાનગીકરણની હિમાયત કરવી શરૂ કરી હતી. મતલબ કે વિકસીત મૂડીવાદી દેશો વિશ્વભરમાં મૂડીના નવસામ્રાજ્યવાદની સ્થાપના કરવા તૈયાર થઇ ગયા હતા.

બીજી તરફ સામાજવાદી રશિયાની મહાસત્તા ઝડપથી તૂટવા ભણી ધસી રહી હતી. ચીને સમાજવાદી અર્થતંત્રમાંથી ક્રમશઃ મૂડીવાદી અર્થતંત્ર તરફ સરકવા માંડ્યું હતું. એંશીના દાયકાના પ્રારંભે રશિયાએ 'ગ્લાસનોસ્ત' અને 'પેરેસ્રોઇકા' જેવાં ઉદારીકરણ અને મુક્ત બજારનાં ખ્યાલો વિશે ગંભીરતાપૂર્વક મંથનો શરૂ કર્યાં હતાં.

વિકસીત મૂડીવાદી રાષ્ટ્રોના હિત માટે કાર્યરત થયેલી વિશ્વ બેંકે આ દાયકામાં ફરી એકવાર પોતાની નીતિઓ અને કાર્યક્રમોમાં આમૂલ પરિવર્તન આણ્યું. એણે ત્રીજા વિશ્વના દેશોને 'માંગણિયા' રાષ્ટ્રો કહેવા માંડ્યાં અને એ દેશો ઉપર ધિરાણો પરત કરવા તેમજ તેમનાં અર્થતંત્રોના માળખાં બજારકેન્દ્રી બનાવવા માટે ધોંસ વધારવા માંડી. પરિણામે એ દેશોના સમાજોમાં આરોગ્ય, શિક્ષણ જેવાં ક્ષેત્રોની હાલત કથળવા માંડી. અર્થતંત્રોમાં અંધાધૂંધી ફેલાવા માંડી. રાજકીય અસ્થિરતાઓ વધવા માંડી અને સામાજિક-સાંસ્કૃતિક પ્રત્યાઘાતી પરિબળો માથું ઉંચકવા માંડ્યાં.

વિશ્વ બેંકની આ પલટાયેલી રણનીતિના પ્રભાવોને આપણા દેશના સંદર્ભમાં જોઇએ તો આ દાયકા દરમિયાન રાજનૈતિક પરિદૃષ્યમાં ભારે ઉથલાપાથલો જોવા મળે છે. સ્થિર સરકારોનો યુગ આથમવા માંડ્યો. અલ્પજીવી સરકારોના યુગનાં મંડાણ શરૂ થયાં. ખાલિસ્તાની આંદોલન, ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં અને જમ્મુ-કાશ્મીરમાં અલગ રાષ્ટ્રો માટેના સંઘર્ષો વગેરે શરૂ થયાં અને રાજ્ય દ્વારા હિંસાનો દૌર શરૂ થયો. સામાજીક-સાંસ્કૃતિક વાતાવરણમાં જ્ઞાતિવાદી, સાંપ્રદાયિક ઘર્ષણો વધવા માંડ્યાં અને રૂઢિવાદી તેમજ પ્રત્યાઘાતી સાંસ્કૃતિક તાકાતો પ્રભાવી બનવા માંડી.





વિશ્વ બેંકની અને મૂડીવાદની આ નવી રણનીતિઓની ટીકા કરતાં એ દાયકાના અંતમાં 'યુનિસેફ' (યુનાઇટેડ નેશન્સ ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ઇમરજન્સી ફંડ) કહ્યું કે, ''એશિયા, લેટિન અમેરિકા અને આફ્રિકાનાં કરોડો બાળકોનાં સ્વાસ્થ્ય, પોષણક્ષમતા તેમજ શૈક્ષણિક સ્તરના કથળવા માટે વિશ્વ બેંકના અર્થતંત્રના માળખાં બદલવાના કાર્યક્રમોનાં દબાણો જવાબદાર છે.'' અહીં આપણે યાદ રાખવું જોઇએ કે 'યુનિસેફ' એ 1946માં મૂડીવાદી વ્યવસ્થાના માનવતાવાદી અને કલ્યાણકારી ચ્હેરાની નીપજરૂપ વૈશ્વિક સંગઠન છે અને વિશ્વભરના 190 થી વધુ દેશોમાં તે બાળકોનાં સ્વાસ્થ્ય તેમજ શિક્ષણ માટે કાર્યરત છે.

સ્પષ્ટ છે- મૂડીવાદ હવે માનવતા અને કલ્યાણકારિતાનો અંચળો ફગાવવા ભણી આગળ વધી રહ્યો હતો. હવે તેનાં સામ્રાજ્યવાદી સ્વરૂપનાં પતનનાં સંકટો દૂર થઇ ગયાં હતાં અને સમાજવાદરૂપી હરીફ પણ અંતિમ શ્વાસ ગણી રહ્યો હતો. હવે વૈશ્વિક સ્તરે એનું એકચક્રી સામ્રાજ્ય શરૂ થવાનું હતું. આથી એને મુક્ત બજારના રસ્તે નવાં સ્વરૂપનો સામ્રાજ્યવાદ લાવવા માનવતાવાદ કે સમાજકલ્યાણના ખ્યાલનો ખપ નહોતો એને ખૂંખાર સ્પર્ધા અને 'બળિયાના બે ભાગ'ના ખ્યાલોની જરૂર હતી. આધુનિકતાની દષ્ટિએ એ દાયકો મૂડીવાદી શોષણ અને એનાં અસલી હિંસક સ્વરૂપના આગમનની તૈયારીનો હતો. સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, આત્મપ્રશ્નેયતા જેવાં આધુનિકતાનાં મૂલ્યો એને માટે દુશ્મન બનવા માંડ્યાં હતાં. વાસ્તવમાં આ જ દાયકા દરમિયાન એણે અનુઆધુનિકતાનાં સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યોને દુનિયાભરમાં હવા આપવા માંડી હતી જેથી એના નવસામ્રાજ્યવાદ સામે એણે આધુનિકતાનાં મૂલ્યોનો સામનો ન કરવો પડે અને સામાજિક-સાંસ્કૃતિક આંદોલનો એના સ્વરૂપની આધુનિકતાની સામે સવાલો-સંઘર્ષો ન ખડા કરે. એણે વર્ગસંઘર્ષોનો કે સમાજવાદનો સામનો ના કરવો પડે.

## 2.4 1989 બાદ

1980 થી 1989 દરમિયાન વિશ્વબેન્કે અપનાવેલી નીતિઓની મૂડીવાદી અને

અન્ય અર્થશાસ્ત્રીઓ તેમ જ સમાજશાસ્ત્રીઓમાંના ઘણાંએ એની આકરી ટીકાઓ કરી હતી. જેના કારણે 1989 પછી એણે પર્યાવરણ, ગરીબી, આરોગ્ય, શિક્ષણ જેવાં સામાજિક સુખાકારીનાં ક્ષેત્રો વિશે પુનઃવિચારણા કરી કેટલાક નવા કાર્યક્રમો, નીતિઓ અમલમાં લાવવાની શરૂઆત કરી. સૌ પહેલાં આપણે એની નીતિઓની નોંધપાત્ર ટીકાઓ ઉપર એક અછડતી નજર નાંખીએ.

1. 188 દેશોનું પ્રતિનિધિત્વ કરતી વિશ્વબેંકના સંચાલન ઉપર આર્થિક રીતે સધ્ધર મૂડીવાદી દેશોનું જ સંપૂર્ણ પ્રભુત્વ હોવાથી બેંક દ્વારા તે દેશોના હિતોનું વધારે રક્ષણ કરાય છે. એક ટીકા એવી પણ થઈ કે, સભ્ય દેશોના અસમાન મતમૂલ્યોના કારણે પશ્ચિમી સમૃધ્ધ દેશો ઓછું મતમૂલ્ય ધરાવતાં દેશો માટેની નીતિઓ અને વિકાસ કાર્યક્રમો નિશ્ચિત કરે છે અને તેનું સંચાલન તથા અમલ કરે છે.

2. 1990ના દાયકા દરમિયાન વર્લ્ડ બેંક અને આઇ.એમ.એફ. બજારોનાં ઉદારીકરણ, ખાનગીકરણની નીતિઓ વડે સરકારોની રાજ્યો ઉપરની સત્તાઓ મર્યાદિત કરી દેવાની શરૂઆત કરી. એક તરફ એ નીતિઓએ વિકાસને પ્રોત્સાહિત કરવાની વાતો કરી અને બીજી તરફ અસમાનતાઓ અને બેરોજગારી ભણી દુર્લક્ષ સેવ્યું. એ નીતિઓએ મુખ્યત્વે જી.ડી.પી. (કુલ રાષ્ટ્રીય ઉત્પાદન) ઉપર જ ધ્યાન કેન્દ્રિત કર્યું અને વૃધ્ધિના સાતત્ય ઉપર અને જીવનધોરણોના બહેતરીકરણ ઉપર બિલકુલ ધ્યાન ન આપ્યું.

3. કેટલાંક ટીકાકારોએ 1980 થી 1990 દરમિયાન અપનાવેલી કેટલીક સખ્તાઈઓને વિશ્વ બેંક માટે કલંકરૂપ ગણાવી. જેમ કે- પોતાનાં ધિરાણોની વસૂલાત માટે એણે ઘાનાનાં બાળકોની સ્કૂલ ફીઝમાં વધારો કરાવ્યો; ટાન્ઝાનિયા ઉપર પાણીના ખાનગીકરણની નીતિ લાદી; ટેલિકોમ સેવાઓના ખાનગીકરણની શરતો તેણે પોતાની સહાયો-ધિરાણો માટે આગળ કરી; એશિયન સુનામી પછીની સહાય માટે એણે શ્રીલંકા ઉપર શ્રમિકો / કામદારોના કાનૂનો તેમજ રોજગારીની સ્થિતિને હંગામી બનાવવા





કરેલ દબાણો વગેરે.

આવી ટીકાઓ તેમજ મૂડીવાદે અમલમાં આણેલ બેજવાબદાર ઔદ્યોગિકરણ અને વિકાસયોજનાઓને કારણે સમગ્ર વિશ્વ ઉપર જે પર્યાવરણીય સંકટો અને પૃથ્વીમાં થયેલ વાતાવરણીય પરિવર્તનોને કારણે આવનાર કટોકટીના સવાલોને લઈને મૂડીના વૈશ્વિકીકરણના આ દૌરમાં વિશ્વબેંક ઉપર પોતાની નીતિઓ બદલવા માટે જબરદસ્ત દબાણ ઊભું થયું. પરિણામે એણે પર્યાવરણ સંબંધી અને માનવવિકાસ સંબંધી લાંબા ગાળાનાં કાર્યક્રમો અને નવી નીતિઓ અમલમાં આણવા માંડી.

પર્યાવરણ જૂથો અને નાગરિક સંગઠનોના દબાણથી એણે અમલમાં મૂકેલ મહત્વકાંક્ષી કાર્યક્રમનું નામ છે- 'મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ' (એમ.ડી.જી.) (સહસ્ત્રાબ્દિ વિકાસ ધ્યેયો). આ કાર્યક્રમ 2015 સુધી અમલમાં રહેશે. વચ્ચે વચ્ચે એનું મૂલ્યાંકન પણ થતું રહે છે. આ ધ્યેયો માટે એણે છ માપદંડો નિશ્ચિત કર્યા છે.

1. આફ્રિકા અને નબળા દેશોમાં સર્વસમાવેશી આર્થિક વૃધ્ધિવાળું સામર્થ્ય હાંસલ કરવું.
2. સ્વાસ્થ્ય અને શિક્ષણ ક્ષેત્રે વિકાસ માટેના પ્રયાસોને વેગ આપવો.
3. વિકાસ અને પર્યાવરણના કાર્યક્રમોને પરસ્પર સાંકળી સુગ્રથિત બનાવવા.
4. પર્યાવરણ અને સામાજિક કાર્યક્રમો માટે વધુ સહાય પૂરી પાડવી.
5. વ્યાપાર માટેની પારસ્પરિક વાટાઘાટોને પ્રોત્સાહિત કરવી.
6. આ ધ્યેયો માટે વિશ્વ બેંક જેવાં અન્ય સંસ્થાનોની સહાયોને મોટાપ્રમાણમાં સંચારિત કરવી.

**એમ.ડી.જી. ના ધ્યેયો મુખ્યત્વે નીચે પ્રમાણે નિશ્ચિત કરાયેલ હતા.**

1. ભીષણ ગરીબી અને ભૂખમરાની નાબૂદી.

2. વૈશ્વિક સ્તરે પ્રાથમિક શિક્ષણ હાંસલ કરવું. (દુનિયાનાં તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ય કરાવવું)
3. લૈંગિક સમાનતાને પ્રોત્સાહિત કરવી. (મહિલાઓનું આર્થિક સશક્તિકરણ કરવું તેમજ આર્થિક વૃધ્ધિમાં તેમનો હિસ્સો વધારવો).
4. બાળ મૃત્યુદરમાં ઘટાડો કરવો.
5. માતૃત્વ ધારણ કરતી મહિલાઓના સ્વાસ્થ્યમાં સુધારો લાવવા માટે જરૂરી આયોજનોમાં વધારો કરવો.
6. એચ.આઇ.વી. / એઇડ્સ, મલેરિયા અને અન્ય બિમારીઓમાં ઘટાડો કરવો તેમજ તેને માટેની સ્વાસ્થ્ય સુવિધાઓ વધારવી.
7. ટકાઉ (સસ્ટેઇનેબલ) પર્યાવરણનું ધ્યેય હાંસલ કરવું.
8. વિકાસ માટે વૈશ્વિક ભાગીદારીને વિકસાવવી.

આ ધ્યેયોને હાંસલ કરવા અને તેમાં કોઇ સમાધાનો ન કરવા પડે એ માટે વિશ્વબેંકે પર્યાવરણસંબંધી, સામાજિક અને કાનૂનસંબંધી કેટલાંક સ્પષ્ટ સલામતીનાં પગલાં પણ નિશ્ચિત કર્યાં છે. અલબત્ત, આ સલામતીનાં પગલાં હજુ સુધી સંપૂર્ણપણે અમલમાં નથી મૂક્યાં. હાલમાં 2012ની વિશ્વબેંકની ટોકિયો ખાતેની વાર્ષિક મિટીંગમાં એના વિશે ઘણી ચર્ચાઓ થઇ હતી.

અલબત્ત, આપણે નોંધવું જરૂરી છે કે આ બધાની સાથે સાથે વિશ્વ બેંકે વિકાસશીલ દેશોમાં મોટાપાયે ઔદ્યોગિક અને આંતર્માળખાંકીય સેવાઓ માટેનાં ધિરાણો તો ચાલુ જ રાખ્યાં હતાં. અને એ ધિરાણો વડે અમલમાં આવતી પ્રાયોજનાઓને કારણે પ્રદૂષણો, વિસ્થાપન, બેરોજગારી, ગરીબી અને ગરીબોનું વધતું પ્રમાણ જેવી મૂડીવાદની અનિવાર્ય સમસ્યાઓ પણ વિકાસશીલ દેશોમાં વધતી જ રહી છે. મૂડીવાદી વિકાસને કારણે સર્જાતી પર્યાવરણીય અસમતુલાઓ પણ કોઇ રીતે નિયંત્રિત નથી થઇ રહી. એના કારણે છેલ્લાં દોઢ-બે દાયકાથી દુનિયાભરમાં ધરતીકંપ, સુનામી, વાવાઝોડાં જેવી કુદરતી આપત્તિઓ વધતી રહી છે, ઠંડી, ગરમી, વરસાદની મોસમો વધારે તીવ્ર બનતી રહી છે.





આ રીતે મૂડીના વૈશ્વિકરણના આ યુગે આધુનિકતાની દષ્ટિએ આર્થિક, રાજનૈતિક, સામાજિક-સાંસ્કૃતિક તેમજ પર્યાવરણનાં ક્ષેત્રોમાં અસ્થિરતા અને અસલામતીનું પ્રમાણ ખૂબ વધારી દીધું. છે. અને આઇ.એમ.એફ.ની સાથે વર્લ્ડ બેંકે પણ એમાં ચાવીરૂપ ભૂમિકાઓ અદા કરી છે.

## 3. વિશ્વ વ્યાપાર સંગઠન (વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન) (ડબલ્યૂ.ટી.ઓ.)

### ભૂમિકા

બીજા વિશ્વયુધ્ધ પછી મૂડીવાદી વિકાસ માટે આઇ.એમ.એફ. અને વિશ્વ બેંક તો નાણાંકીય સહાયો, લોનો માટે અસ્તિત્વમાં આવેલાં સંસ્થાનો હતાં. મૂડીવાદને રોકાણો(મૂડી) ની જેમ જ વ્યાપારની પણ અનિવાર્યતા છે. વળી મૂડીના સામ્રાજ્યવાદના પતનને કારણે હવે દુનિયામાં સ્વતંત્ર રાષ્ટ્રોની સંખ્યા અનેકગણી વધી ગઇ. એમાંય સમૃધ્ધ રાષ્ટ્રો અને સંસ્થાનો મટીને અસ્તિત્વમાં આવેલાં નવસ્વતંત્ર રાષ્ટ્રો વચ્ચે પણ હવે વ્યાપારી સંબંધો વિકસાવવાના પડકારો પણ હતા. આંતર્રાષ્ટ્રીય વ્યાપારની શરતો એકસમાન બનાવવાનો પડકાર તો વળી અત્યંત કપરો હતો. આ તમામ જટિલતાઓને ધ્યાનમાં રાખીને મૂડીવાદી દેશો વચ્ચે વ્યપાર વિષયક મંત્રણાઓ અને પરિષદોનો દૌર તો 1945માં આઇ.એમ.એફ. અને વર્લ્ડ બેંકને અસ્તિત્વમાં લાવનાર બ્રેટન વૂડ્ઝ સંસ્થાનોની પરિષદથી શરૂ થયો હતો. તે દરમિયાન 'યૂનો' (યુનાઇટેડ નેશન્સ ઓર્ગેનાઇઝન્સ) (સંયુક્ત રાષ્ટ્ર સંઘ)[17]ની એક વ્યાપારી એજન્સી તરીકે 'ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન' (આઇ.ટી.ઓ.) ની શરૂઆત થઇ હતી.

મૂળતઃ આઇ. ટી. ઓ. 'ગેટ' (જનરલ એગ્રીમેન્ટ ઓન ટેરિફ એન્ડ ટ્રેડ) (જકાત અને વ્યાપાર માટેનો સામાન્ય કરાર)ની પ્રક્રિયામાંથી અમલમાં આવેલું સંસ્થાન હતું. આ સંસ્થાન માત્ર આંતર્રાષ્ટ્રીય વ્યાપાર માટેની અડચણો દૂર કરવા પૂરતું જ સીમિત નહોતું, પરંતુ રોજગારી વિષયક, મૂડીરોકાણો સંબંધી, વ્યાપાર વિષયક અવરોધો-પ્રતિબંધો અને માલ સંબંધી કરારો વિશે પણ પારસ્પરિક વાટાઘાટો

માટેનું માધ્યમ હતું. પરંતુ તેના કરારો સાથે અમેરિકા અને અને અન્ય સભ્યપદ ધરાવતા દેશો સંમત ન હોવાથી એ પૂર્ણરૂપે અસ્તિત્વમાં ન આવી શક્યું. પરિણામે 1946 થી આંતર્રાષ્ટ્રીય વ્યાપાર સંબંધી કરારો માટે 'ગેટ' આંતર્રાષ્ટ્રીય સ્તરે અનઅધિકૃત રીતે આંતર્રાષ્ટ્રીય વ્યાપાર સંગઠન તરીકે હંગામી ધોરણે અસ્તિત્વમાં આવ્યું. 1995માં મૂડીના નવસામ્રાજ્યવાદ અને નવઉદારીકરણના પ્રારંભકાળે 'વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન'ની સ્થાપના સુધી 'ગેટ' પોતાની ભૂમિકા ભજવતું રહ્યું.

## 3.1 'ગેટ' ના ઉપક્રમે યોજાયેલી વ્યાપાર પરિષદો

વૈશ્વિક સ્તરે આંતર્રાષ્ટ્રીય વ્યાપાર માટે કેટલાંક સર્વસામાન્ય અને તમામ સભ્ય દેશોને માન્ય હોય એવા માર્ગદર્શક સિધ્ધાંતો અને નિયમો, કરારો અસ્તિત્વમાં આણવા માટે ગેટ લગભગ બે દાયકા સુધી મથામણો કરતું રહ્યું પરંતુ એમાં ખાસ સફળતા ન મળી. છેવટે સાઠના દાયકાના મધ્યથી શરૂ કરીને એંશીના દાયકાના મધ્ય સુધીમાં એણે સાત આંતર્રાષ્ટ્રીય વ્યાપાર બેઠકો(પરિષદો) આયોજિત કરવામાં સફળતા મેળવી. આ બેઠકો અમુક નિશ્ચિત વ્યાપારી કરારો, સમજૂતીઓ સાધવામાં ઉપયોગી પણ પૂરવાર થઈ.

ગેટની પ્રારંભિક બેઠકો મુખ્યત્વે જકાત ઘટાડા માટે પ્રયત્નશીલ રહી; કેમ કે, એ સમયગાળો લગભગ તમામ રાષ્ટ્રો માટે સ્થાનિક વ્યાપારોના વિકાસ અને આંતરિક બજારોના વિકાસ માટેનો હતો તેથી આયાતો ઉપર જકાતદરો ઘણા વધારે હતા. આ પ્રયાસોમાં ગેટને ખૂબ ઓછી સફળતા મળી. ગેટને સૌ પ્રથમ મહત્વપૂર્ણ સફળતા સાઠના દશકની મધ્યમાં યોજેલ 'કેનેડી પરિષદ'માં મળી. અહીં એણે સભ્ય દેશો વચ્ચે 'એન્ટી ડંપીંગ' સમજૂતી સાકાર કરી તેમજ વ્યાપાર વિકાસ માટેની કેટલીક અન્ય સમજૂતીઓ માટે પણ પ્રગતિ સાધી. 'એન્ટી ડંપીંગ' સમજૂતીથી મુખ્યત્વે વિકાસશીલ દેશોને ફાયદો થયો. એના કારણે એ દેશોનાં બજારોમાં ઠલવાતાં પુરાણાં બની ચૂકેલ અને ઉતરતી ગુણવત્તાવાળાં ઉત્પાદનો ઉપર કેટલેક અંશે અંકુશ આવી શક્યો.





સિત્તેરના દાયકામાં ટોકિયો પરિષદમાં ગેટ દ્વારા વ્યાપાર વિષયક કેટલીક મહત્વપૂર્ણ અડચણો દૂર કરવામાં સફળતા હાંસલ કરી શકાઈ. અલબત્ત, જકાત વિષયક અને વ્યાપારી વ્યવસ્થાઓના સુધારલક્ષી એ સફળતાઓ નહોતી, પરંતુ વ્યાપારની બિન-જકાતી અડચણો દૂર કરવા સંબંધે એ સમજૂતીઓ મહત્વપૂર્ણ હતી. જો કે એ બહુઆયામી કરારો ગેટના તમામ દેશોએ માન્ય નહોતા રાખ્યા. પરંતુ એ આગળ જતાં ડબલ્યૂ.ટી.ઓ. ની સ્થાપના પછી સુધારાવધારા સાથે તમામ સભ્ય દેશોએ સ્વીકારી લીધા.

1986માં ગેટની આઠમી પરિષદમાં મૂડીના વૈશ્વીકરણ માટેની નક્કર ભૂમિકા સાકાર થઈ. પરંતુ એ અગાઉની પરિષદમાં ઘણાં મુદ્દાઓ વિશે ગંભીર વિવાદો ચાલતા રહ્યા. મુખ્યત્વે બ્રાઝિલ અને ભારતની સરકારો અમેરિકા અને યૂરોપીય દેશોની નીતિઓ-સૂચનો-આગ્રહોનો વિરોધ કરતી રહી. એ દેશોનો આગ્રહ વિકસીત મૂડીવાદી દેશો દ્વારા પોતાનાં કૃષિ ક્ષેત્રને અપાતી રાહતો તેમજ ખેત-ઉત્પાદનોનાં બજારો ઉપરનાં નિયંત્રણો દૂર કરવા અંગે હતો. આ ઉપરાંત ગેટની માળખાંકીય મર્યાદાઓ, કેટલાક દેશોની આર્થિક નીતિઓ અને વૈશ્વિક વ્યાપારની વિસંવાદિતાઓ અને ગેટની વહીવટી મર્યાદાઓ વિશે ઘણા વિવાદો પણ એ બેઠકોમાં ચર્ચાઓ જગવતા રહ્યા.

ઉરૂગ્વે પરિષદમાં આ વિવાદો ઉકેલવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિ શરૂ થઈ. વળી તેમાં ઘણાં નવાં વ્યાપાર ક્ષેત્રોના વિકાસ સંદર્ભે પણ વાટાઘાટો શરૂ થઈ. સેવા ક્ષેત્રો અને બૌધ્ધિક સંપત્તિ જેવા ક્ષેત્રોના વ્યાપારની વાટાઘાટો નવી ઉમેરાઈ તેમજ ખેતી અને કાપડ જેવાં સંવેદનશીલ ક્ષેત્રોના વ્યાપારોમાં સુધારલક્ષી ચર્ચાઓ પણ આગળ વધી શકી. 1986 પહેલાના ગેટના તમામ સિધ્ધાંતો-નિયમોની સમીક્ષાઓ પણ શરૂ થઈ. આ પરિવર્તનોને કારણે વૈશ્વિક મૂડીવાદનો એક મજબૂત પાયો તૈયાર થયો.

## 3.2 મરાક્કેશ કરાર (1994)

ઉરૂગ્વે પરિષદમાં થયેલી પ્રગતિના આધારે 1994માં ગેટની મરાક્કેશ બેઠક

મૂડીવાદ માટે અત્યંત મહત્વપૂર્ણ વળાંકરૂપ પૂરવાર થઇ. સૌથી અગત્યનું એ બન્યું કે એ બેઠકમાં થયેલ નિર્ણયો સભ્યદેશો માટે કાનૂની રીતે બંધનકર્તા બન્યા. એ બેઠકમાં લગભગ 60 આંતર્રાષ્ટ્રીય કરારો, પરિશિષ્ટો, નિર્ણયો અને સમજૂતીઓ ઉપર સ્વીકૃતિની મહોર વાગી. જેને તમામ સભ્ય દેશોએ સ્વીકાર્યા. એ કરારો મુખ્યત્વે છ મુદ્દાઓ વિશે હતા.

1. ડબલ્યૂ.ટી.ઓ. ની સ્થાપના વિશેનો કરાર.
2. માલસામાન અને મૂડીરોકાણો- વ્યાપાર અને માલસામાન વિષયક બહુઆયામી ગેટ(1994) ના કરારો તેમજ વ્યાપાર સંબંધી મૂડીરોકાણના માપદંડો (ટ્રીમ્સ) (ટી.આર.આઇ.એમ.એસ.) (ટ્રેડ રિલેટેડ ઇન્વેસ્ટમેન્ટ મેઝર્સ).
3. સેવાઓ - જનરલ એગ્રીમેન્ટ ઓન ટ્રેડ એન્ડ સર્વિસીસ. (વ્યાપાર અને સેવા ક્ષેત્રે સામાન્ય કરાર)
4. બૌધ્ધિક સંપત્તિ - વ્યાપાર સંબંધી બૌધ્ધિક સંપત્તિ આયામો વિષયક કરાર (ટ્રીપ્સ) (ટી.આર.આઇ.પી.એસ.) (એગ્રીમેન્ટ ઓન ટ્રેડ રિલેટેડ આસ્પેક્ટ ઓફ ઇન્ટેલેક્ચ્યૂઅલ પ્રોપર્ટી).
5. વિવાદો ઉકેલવા માટેની સમજૂતીઓ (ડિસ્પ્યુટ સેટલમેન્ટ અન્ડરસ્ટેન્ડીંગ)
6. સરકારોની વ્યાપાર નીતિઓની સમીક્ષાઓ (ટી.પી.આર.એમ.)

આ ઉપરાંત આ વ્યાપાર પરિષદમાં જકાતો સંબંધી પણ ઘણા પ્રતિબંધો વિકસીત અને વિકાસલક્ષી દેશો ઉપર સમાન ધોરણે લાગુ કરવામાં આવ્યા. અલબત્ત આ ઉદારીકરણના અનેક નકારાત્મક અને હાનિકારક પ્રભાવો મોટાભાગના વિકાસશીલ દેશો ઉપર પડ્યા.

## 3.3 દોહા પરિષદ

નવેમ્બર 2001માં દોહા(કતાર) ખાતે ડબ્લ્યૂ.ટી.ઓ.ની ચોથી મહત્વાકાંક્ષી પરિષદ





યોજાઇ હતી. સભ્યદેશોના પ્રધાનોની એ પરિષદનો મુખ્ય હેતુ મૂડીના વૈશ્વિકીકરણની પ્રક્રિયાઓને વધારે સર્વસમાવેશી બનાવવાનો હતો. મુખ્યત્વે કૃષિ સબ્સીડીઓ તથા કૃષિ ઉત્પાદનોના વ્યાપારના વૈશ્વિકીકરણ માટે અડચણરૂપ બની રહેલ અવરોધોને ઘટાડવાનો, લગભગ નાબૂદ કરવાનો હતો, જેથી ગરીબ અને વિકાસશીલ દેશોનો વિકાસ સરળ બને. આ ઉપરાંત, વ્યાપારી ઉદારીકરણની પ્રક્રિયા તેમ જ વિકાસશીલ દેશોના મૂડીવાદી વિકાસને વધારે ગતિશીલ બનાવવા નવા નિયમો તૈયાર કરવાનો ઉદ્દેશ પણ હતો. 2001 થી હાલ 2013 સુધી સતત આ માટે પ્રધાનોના સ્તરની ડબલ્યૂ.ટી.ઓ.ની બેઠકો મળતી રહી છે, પરંતુ હજુ સુધી એમાં સર્વસંમતિ સાધી શકાઇ નથી. વિકસીત મૂડીવાદી દેશો એ માટે સતત બાધારૂપ બનતા રહ્યા છે.

મુખ્ય પ્રશ્ન વિકસીત મૂડીવાદી દેશો દ્વારા કૃષિ ઉત્પાદનો માટે અપાતી મોટાપાયાની સબ્સીડીઓ તેમજ તેઓ કૃષિ ઉત્પાદનોની આયાતોને સીમિત રાખવાનો દુરાગ્રહ સેવે છે- તે માટેનો છે; કેમ કે, આ કારણે ગરીબ અને વિકાસશીલ દેશો, જ્યાં મોટાભાગની અર્થવ્યવસ્થા કૃષિકેન્દ્રી છે, ત્યાંથી કૃષિ ઉત્પાદનોની નિકાસ થઇ નથી શકતી અને અન્ય ઉત્પાદનો માટે તેઓ વિકસીત દેશો ઉપર આધારિત હોવાથી તેમની અર્થવ્યવસ્થા દેવાદાર બનતી જાય છે. આ દેશો તેમના કૃષિ ઉત્પાદનોને સહાયક દરો પણ વિકસીત દેશો જેટલા આપી શકતા નથી. આથી આ દેશોમાં કૃષિક્ષેત્રમાં બેરોજગારી વધતી જાય છે અને ખેતપેદાશોના ભાવો વધતા જાય છે.

## 3.4 ડબલ્યૂ.ટી.ઓ.નાં મુખ્ય કાર્યો

વિશ્વ વ્યાપાર સંગઠનનાં મુખ્ય બે કાર્યો છે.

1. તેના દ્વારા અમલમાં આવતા કરારોના અમલીકરણ, વહીવટ તેમજ તે અંગેની કાર્યપ્રણાલિઓ ઉપર નજર રાખવી તથા તેનું મૂલ્યાંકન કરતા રહેવું.
2. સભ્ય દેશો વચ્ચે વ્યાપાર વિષયક વાટાઘાટો તેમજ વાદવિવાદોના નિકાલ માટેનું ફોરમ પૂરું પાડવું.

આ ઉપરાંત આ સંગઠનની જવાબદારી સભ્ય દેશોની રાષ્ટ્રીય વ્યાપાર નીતિઓનું મૂલ્યાંકન કરવાની તથા તેનો પ્રચાર કરવાની પણ છે. એની જવાબદારીમાં વૈશ્વિક આર્થિક નીતિઓના નિર્માણ માટે સભ્ય દેશોની વ્યાપાર નીતિઓમાં એકસૂત્રતા તથા પારદર્શિતા આવે તે માટેના નિરીક્ષણનો પણ સમાવેશ થાય છે.

વિકાસશીલ, અલ્પ વિકસીત અને ગરીબ દેશો ડબલ્યૂ.ટી.ઓ.ના નિયમો અને શિસ્તનું પાલન કરે એ માટે તેમને તકનીકી સહકાર તથા તાલીમો પૂરી પાડવાનું એક મહત્વપૂર્ણ કાર્ય કરે છે. આ પાછળનો હેતુ સ્પષ્ટ છે - આ દેશોમાં બજારો વિકસે અને તેઓ વિકસીત મૂડીવાદી દેશો ઉપર પોતાના વિકાસ માટે વધારેને વધારે આધારિત બનતા જાય. વિકસીત મૂડીવાદી દેશોને નવાં નવાં બજારો મળતાં રહે અને તેમની મૂડી વધુને વધુ તાકતવાન અને સત્તાધારી બનતી જાય.

ડબલ્યૂ.ટી.ઓ. તેનાં બે સાથી સંસ્થાનો- વર્લ્ડ બેંક અને આઇ.એમ.એફ. સાથે સંકલન સાધીને કાર્ય કરે છે. આ રીતે આ ત્રણેય સંસ્થાનો મૂડીવાદી વૈશ્વિકીકરણ, નવઉદારીકરણને 'મૂડીવાદના નવસામ્રાજ્યવાદ' તરફ લઇ જનાર સૌથી મહત્વનાં અને ચાવીરૂપ સંસ્થાનો બની ચૂક્યાં છે.

## સમાપન

મૂડીવાદી નવસામ્રાજ્યવાદ ગરીબ તેમજ વિકાસશીલ દેશો તથા દુનિયાભરના ગરીબો, કામદારો અને કિસાનો, શ્રમજીવીઓની ગરીબી, બેરોજગારી, બેહાલીના નામે મૂડીવાદી શોષણ, અન્યાયો અને અત્યાચારોને તો બેરોકટોક આગળ વધારી જ રહ્યો છે અને સાથે સાથે એ ગરીબ અને વિકાસશીલ દેશોની રાજ્યવ્યવસ્થાઓને દમનકારી અને અસ્થિર બનાવી રહ્યો છે. એવા દેશો ઉપર એ પોતાની રાજનૈતિક આણ પણ વધારી રહ્યો છે. જે દેશો એની સામે સવાલ ઉઠાવે તેના ઉપર એ યુધ્ધ પણ લાદી રહ્યો છે. છેલ્લા ત્રણ દાયકાનો વિશ્વનો ઇતિહાસ એનો સાક્ષી છે.

આ ઉપરાંત એ મૂડીવાદી સાંસ્કૃતિક મૂલ્યો પણ વિશ્વની તમામ સંસ્કૃતિઓ ઉપર થોપી રહ્યો છે. ગ્રાહકવાદ, દરેક ચીજ-વસ્તુ, સંપત્તિ, વિચારો, ખ્યાલો, કલા,





પ્રતિભા તમામે તમામનું બજારીકરણ, માનવીની તમામ જરૂરિયાતો તથા કુદરતી સંપત્તિઓનું પણ બજારીકરણ અને ખરીદ-વેચાણની સંસ્કૃતિમાં રૂપાંતર કરી રહ્યો છે.

આધુનિકતાનાં મૂલ્યોની દષ્ટિએ એ સમૃધ્ધ દેશો અને ગરીબ દેશો વચ્ચેનું અને મૂડીપતિઓ અને શ્રમિકો વચ્ચેનું અંતર વધારીને અસમાનતાની ખીણને વધારે ઊંડી બનાવી રહ્યો છે. મૂડીવાદી દેશોની મૂડીના જોરે ગરીબ દેશો અને એમની જનતાની સ્વતંત્રતાને પાંગળી બનાવી રહ્યો છે. ગરીબ દેશોના કુદરતી સંસાધનો અને શ્રમિકોનું એ અમાનવીય રીતે અને ક્રૂરતાપૂર્વક શોષણ કરી રહ્યો છે. પોતાના વિકાસ માટે યુધ્ધો અને હથિયારોનાં ઉત્પાદનો વધારતો જઇ હિંસાની સંસ્કૃતિને તીવ્ર ગતિએ વેગ આપી રહ્યો છે. કુદરતી સંસાધનોના બેફામ નિકંદન વડે એ સમગ્ર વિશ્વના પર્યાવરણને અત્યંત જોખમી અવસ્થા ભણી ધકેલી રહ્યો છે. વિકાસના નામે વિનાશને નોતરી રહેલ આ મૂડીવાદને આધુનિકતાના એક પણ પાયાગત મૂલ્ય સાથે કોઇ લેવાદેવા હવે રહી નથી.

અલબત્ત, છેલ્લાં બે દશકથી નવસામ્રાજ્યવાદી તેમજ વિકાસશીલ મૂડીવાદી દેશોમાં તેની સામે ગરીબ, શોષિત, વિસ્થાપિત, બેરોજગાર શ્રમિક અને કામદાર જનતાનો આક્રોશ અને તેનો વિરોધ પણ હવે વિકસીને સપાટી ઉપર આવી રહ્યો છે. આધુનિકતાનાં અને પ્રજાતંત્રનાં મૂલ્યો, વલણોમાં આસ્થા ધરાવતાં બૌધ્ધિકો, કર્મશીલો, નાગરિક સંગઠનો અને વેરવિખેર થઇ ગયેલ સમાજવાદી, સામ્યવાદી મંડળો, સંગઠનો પણ પુનઃ એકત્રિત થઇ મૂડીના આ નવઆધુનિકીકરણની સામે બાંયો ચઢાવી રહ્યાં છે.

કારણ સ્પષ્ટ છે. પોતાના પ્રારંભિક કાળમાં મૂડીવાદે પોતાના સ્વાર્થ અને વિકાસ માટે જે આધુનિકતાના અને પ્રજાતંત્રના ખ્યાલો અને મૂલ્યોને વિકસવામાં સાથ આપ્યો તે ખ્યાલો અને મૂલ્યો ઉપર હવે તેનો સંપૂર્ણ કાબૂ રહ્યો નથી. કોઇપણ અર્થવ્યવસ્થા કે રાજ્યવ્યવસ્થા ગમે તેટલી પ્રભુત્વશાળી બને તો પણ માનવી અને સમાજના તમામ સાંસ્કૃતિક-સામાજિક ખ્યાલો ઉપર કદી સંપૂર્ણપણે પ્રભુત્વ હાંસલ ન કરી શકે; કેમ કે- સાંસ્કૃતિક-સામાજિક

ખ્યાલો-મૂલ્યો માત્ર અર્થવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થામાંથી જ નથી નીપજતાં એ સમાજ અને માનવીના સામાજિક, સાંસ્કૃતિક, ભૌગોલિક અને પર્યાવરણીય વાતાવરણો અને ઇતિહાસમાંથી પણ નીપજતાં હોય છે. આધુનિકતાના ખ્યાલો-મૂલ્યો પણ એ જ રીતે વિકસેલાં છે.





**પ્રકરણ-11**

# મૂડીવાદ અને આધુનિકતા

## 1. મૂડીવાદ અને આધુનિકતા વચ્ચેનો આંતરૂસંબંધ

- કેટલાંક ચિંતકો આધુનિકતાને મૂડીવાદની દેન માને છે, તો કેટલાંક ઔદ્યોગિક ક્રાંતિની. તેમના મતે -કોઇપણ સાંસ્કૃતિક વ્યવસ્થા અથવા સમાજમાં પ્રવર્તમાન સાંસ્કૃતિક વાતાવરણ જે તે સમાજના પાયામાં રહેલી અર્થવ્યવસ્થાના આધારે અંકુરિત થતું હોય છે. તેમની આ દલીલ સાથે સંપૂર્ણપણે અસહમત ન થઇ શકાય. હકીકતમાં સમાજવિજ્ઞાનનો સિધ્ધાંત પણ આ જ મતને ટેકો આપે છે. પરંતુ અહીં આપણે સમાજવિજ્ઞાન અથવા તો વિજ્ઞાનના એક બીજા સિધ્ધાંત ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

- વિજ્ઞાનનો કોઇપણ સિધ્ધાંત શબ્દશ: સ્વરૂપમાં સમાજની દરેક વાસ્તવિકતાને લાગુ નથી પડતો; કેમ કે- સિધ્ધાંત હંમેશા વ્યાપક વાસ્તવિકતાઓનું સાધારણીકરણ કરીને તારવામાં આવે છે. એ વિજ્ઞાનની મૂળગત લાક્ષણિકતા હોય છે. એને વાસ્તવિકતાના એકેએક પાસા સાથે સીધો સંબંધ નથી હોતો. એનો સીધો સંબંધ અનેક વાસ્તવિકતાઓની સામાન્ય લાક્ષણિકતા સાથે હોય છે. આ કારણે કોઇપણ સિધ્ધાંત અમૂર્ત હોય છે.

મતલબ કે -દેખીતી વાસ્તવિકતા સાથે એનો પ્રત્યક્ષ નહીં, પરંતુ પરોક્ષ સંબંધ હોય છે.

- સમાજની સામાજિક-સાંસ્કૃતિક વાસ્તવિકતાઓને ખરેખર વિજ્ઞાનના આ સિધ્ધાંતની દૃષ્ટિએ જોવાની જરૂર છે. કેમ કે સમાજ અને સંસ્કૃતિની પ્રત્યેક ગતિવિધિઓ માત્ર સમાજની પાયાગત અથવા તો સમાજનું સંચાલન કરતી અર્થવ્યવસ્થાની જ માત્ર દેન નથી હોતી. તેમાં સમાજ અને સંસ્કૃતિની પરંપરાઓ, તેમનો ઇતિહાસ, તેમનો વર્તમાન, સમાજની આર્થિક-રાજનૈતિક વાસ્તવિકતાઓ, વાતાવરણ - તમામનો પ્રભાવ સમાયેલો હોય છે.

- એક ઉદાહરણ દ્વારા આ મુદ્દાને સમજીએ. ભારતીય સમાજમાં જ્ઞાતિગત ભેદભાવો અને ઉચ્ચાવચતાનો ક્રમ. ભારતમાં મૂડીવાદના આગમનની દોઢ-પોણા બે સદી પછી પણ આજે એ સમાજમાં મોજૂદ છે. દલિતો આજે પણ ભારતીય સમાજમાં ભારોભાર અન્યાય અને ધિક્કાર, હીણપતનો ભોગ બની રહ્યાં છે. બીજી તરફ મૂડીવાદના આગમન પછીના ગાળામાં દલિતોની વાસ્તવિકતાઓમાં આવેલ જબરદસ્ત પરિવર્તનો પણ આપણી નજર સામે છે. ભારતીય સમાજમાં છેલ્લી દોઢ-પોણા બે સદી દરમિયાન વિકસેલી આધુનિક દલિત ચેતનાનું શ્રેય મૂડીવાદ અને આધુનિકતાની સંયુક્ત ચેતનાને નહીં, તો બીજા કોને ફાળે જાય છે? તો વળી એ પણ હકીકત છે કે - મૂડીવાદ અને એનાથી પ્રભાવિત આધુનિકતા, વર્ણાશ્રમની મૂળગત વાસ્તવિકતાને હજુ સુધી નેસ્તનાબૂદ નથી કરી શક્યા. કેમ કે, વર્ણાશ્રમની સામાજીક-સાંસ્કૃતિક પરંપરા ભારતમાં સાતેક હજાર વર્ષથી મૂળિયાં જમાવીને બેઠી છે. સમાજની-જનમાનસની માનસિકતા અને વર્તણૂંકોમાં એ સહજરસ્વરૂપે વણાઇ ચૂકેલી છે; એને અર્થવ્યવસ્થા દ્વારા એક-બે સદીમાં નાબૂદ ન કરી શકાય.





આ ઉદાહરણ ઉપરથી સ્ટષ્ટ થાય છે કે, સમાજની વાસ્તવિકતાના પ્રત્યેક પાસાને મૂળગત અર્થવ્યવસ્થા કે સમાજવિજ્ઞાનના પાયાગત સિધ્ધાંતો સાથે શબ્દશઃ સીધો કે પ્રત્યક્ષ સંબંધ નથી હોતો, પરોક્ષપણે સંબંધ હોય છે.

- મૂડીવાદ અને આધુનિકતા વચ્ચેના આંતર્સંબંધને પણ આ સિધ્ધાંતના દૃષ્ટિકોણથી મૂલવવાની, સમજવાની જરૂર છે. માનવચેતનામાં આધુનિકતાનો ઉદ્ભવ માનવસમાજના વિકાસના એક નિશ્ચિત તબક્કે થયો હતો. તેના ઉદ્ભવ પાછળ તે સમયની અર્થવ્યવસ્થા નહીં પરંતુ સામાજિક-સાંસ્કૃતિક ઇતિહાસ અને પરંપરાઓ જવાબદાર હતી. માનવસમાજના વિકાસના લગભગ એ જ તબક્કામાં માનવચેતનામાં મૂડીવાદ અને આધુનિક વિજ્ઞાનના ખ્યાલોનો પણ ઉદ્ભવ થયો. સ્વાભાવિક રીતે જ મૂડીવાદ એક અર્થવ્યવસ્થાગત ખ્યાલ હોઇ એ ક્રમશઃ માનવસમાજની પાયાગત વાસ્તવિકતા બનતો ગયો તથા આધુનિકતાના ખ્યાલો અને આધુનિક વિજ્ઞાનનું દિશાસંચાલન એના આધારે થવા માંડ્યું. મુખ્યત્વે આ જ કારણસર એ બંનેના ઉદ્ભવની છ-સાત સદી પછી આજના કેટલાક ચિંતકો આધુનિકતાને મૂડીવાદની અથવા તો મૂડીવાદી ચેતના અને આધુનિક વિજ્ઞાને સંયુક્તપણે સર્જેલી ઔદ્યોગિક ક્રાંતિની દેન માને છે.

- આધુનિકતા એટલે માનવસમાજની મૂલ્યવ્યવસ્થા વિશેનો એક સાંસ્કૃતિક ખ્યાલ. કોઇપણ સાંસ્કૃતિક ખ્યાલને માનવસમાજમાં જડ જમાવતાં ઘણો લાંબો સમય લાગે. કેમ કે — એણે સમાજમાં સદીઓથી રૂઢ થઇ ગયેલી માન્યતાઓ, પરંપરાઓ, આર્થિક-રાજનૈતિક ઉથલપાથલો, સામાજિક રૂઢિ-રિવાજોના અનેક અવરોધોની ઝીંક ઝીલતાં ઝીલતાં પોતાનું સ્થાન સમાજમાં સ્થાપિત કરવાનું હોય છે.

- માનવસમાજમાં મૂડીવાદ અને આધુનિકતાના વિકાસની સફર સમાંતરે ચાલતી રહી છે. આ બંનેએ પરસ્પરના વિકાસ ઉપર પોતપોતાના પ્રભાવો પાડ્યા છે. નફા માટે કોઇપણ હદ સુધી જવાની મૂડીવાદની મૂળગત પ્રકૃતિ

ઉપર આધુનિકતા સ્વતંત્રતા, સમાનતા, બંધુતાના પોતાના મૂળગત ખ્યાલોની સમયે સમયે લગામ લગાવતી રહી છે. એ બર્બર મૂડીવાદને માનવતા ભણી લઇ જવાના અવિરત પ્રયાસો કરતી રહી છે અને ઘણાંઅંશે એમાં સફળ પણ થતી રહી છે- એ હકીકત આપણે મૂડીવાદની આજ સુધીની સફરમાં સ્પષ્ટપણે જોઇ શકીએ છીએ.

આ સમાંતર સફર દરમિયાન મૂડીવાદે પણ આધુનિકતાનાં મૂળગત મૂલ્યો ઉપર અત્યંત ઘેરા પ્રભાવો પાડ્યા છે. જેમ કે - આધુનિકતાનાં મૂળગત નવેનવ મૂલ્યો પરસ્પર સંકળાઈને એક સુસંકલિત મૂલ્યવ્યવસ્થા તરીકે અસ્તિત્વ ધરાવે છે. એ તમામ મૂલ્યોને અલગ અલગ તારવીને સાર્થક રીતે સમજી ન શકાય, અમલમાં મૂકી ન શકાય. એક ઉદાહરણ દ્વારા આ હકીકતને સમજીએ. આધુનિકતાનાં મૂળભૂત નવ મૂલ્યોનો સાર આપણે 'સ્વતંત્રતા-સમાનતા-બંધુતા'ની મૂલ્ય ત્રિપુટિ વડે વ્યક્ત કરીએ છીએ.

હવે જો કોઇ સ્વતંત્રતાના મૂલ્યને સમાનતા અને બંધુતાના મૂલ્યોથી અલગ કરીને જુએ કે વર્તે તો? તો સ્વતંત્રતાનો ખ્યાલ સ્વચ્છંદતા બની જાય, સ્વાર્થ બની જાય; કેમ કે - કોઇ એક વ્યક્તિની સ્વતંત્રતા અન્ય વ્યક્તિની સ્વતંત્રતા સાથે સંકળાયેલી છે, અન્ય વ્યક્તિ પરત્વેના સમાનતાના ખ્યાલ સાથે પણ અને એ બંને વ્યક્તિ વચ્ચેની બંધુતા સાથે પણ. આમ સમાનતા, બંધુતા વિનાની સ્વતંત્રતા સાર્થક સ્વતંત્રતા નથી બનતી. એ જ રીતે આપણે સમાનતા અને બંધુતાનાં મૂલ્યોને પણ સાર્થકપણે સ્વતંત્રતાનાં મૂલ્ય સાથે સાંકળીને જ સાચી આધુનિકતાને પામી શકીએ.

- મૂડીવાદે વાસ્તવમાં આધુનિકતાનાં મૂળગત મૂલ્યોને એક સુસંકલિત ખ્યાલ તરીકે નહીં, પરંતુ નવેનવ મૂલ્યોને અલગ અલગ કરીને પ્રસરાવ્યાં છે. એણે એ સમગ્ર મૂલ્યવ્યવસ્થાને નહીં, પરંતુ અલગ અલગ મૂલ્યોને પોતાની જરૂરિયાત પ્રમાણે ઉપયોગમાં લીધાં છે. મૂડીવાદના આધુનિકીકરણની સમગ્ર સફર અને એનાં મહત્વપૂર્ણ પડાવો ઉપર નજર નાંખતાં આ હકીકત સ્પષ્ટ થઇ જાય છે. જેમ કે - મૂડીનો સંસ્થાનવાદ, સામ્રાજ્યવાદ અને આજે હવે નવસામ્રાજ્યવાદ. આ ત્રણેય તબક્કાઓ દરમિયાન એણે





સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાની મૂલ્યત્રિપુટિને અલગ અલગ કરીને એ ત્રણેય વિશે પોતાની જરૂરિયાત અને હિત પ્રમાણેના ખ્યાલોને આગળ કરી પોતાના ચ્હેરાને માનવતાવાદી પ્રમાણિત કરવાની મથામણ કરી છે અને આજે માનવસમાજમાં આધુનિકતાના માનવીય અને પ્રગતિશીલ ખ્યાલોને વિકૃત અને સંવેદનાવિહીન બનાવી દીધા છે.

- આમ બંનેની સમાંતર સફર દરમિયાન મૂડીવાદ અને આધુનિકતા વચ્ચેનો આંતર્સંબંધ પરસ્પર પૂરક પણ રહ્યો છે અને તણાવપૂર્ણ પણ રહ્યો છે.

## 2. વર્તમાનમાં મૂડીવાદ અને આધુનિકતા

- મૂડીવાદના 'નવસામ્રાજ્યવાદ'ના આગમનથી શરૂ કરીને આજ સુધી મૂડીવાદ અને આધુનિકતા વચ્ચેના આંતર્સંબંધમાં પારસ્પરિક તણાવ, તંગદિલી વધતી રહી છે. વીસમી સદીમાં મૂડીવાદના મક્કમ હરીફ બનીને સફળતાપૂર્વક આગેકૂચ કરવા માંડેલા સમાજવાદ અને સામ્યવાદના ખ્યાલે સામ્રાજ્યવાદના પતન પછી મૂડીવાદને ઘણી બધી રીતે આત્મચિંતનની અવસ્થામાં ધકેલી દીધો હતો. સમાજવાદના એ ખ્યાલ સામે મૂડીવાદે 'ઠંડુ યુધ્ધ' પણ શરૂ કરવું પડ્યું હતું. મૂડીવાદને પોતાના અસ્તિત્વ સામે સમાજવાદનો ખ્યાલ ખતરારૂપ લાગી રહ્યો હતો. પરંતુ વીસમી સદીના અંત સુધીમાં અનેક રાજનૈતિક, આર્થિક કારણોસર સમાજવાદ-સામ્યવાદનો ખ્યાલ પરાસ્ત થઇ ગયો.

- પરિણામે વીસમી સદીના અંતિમ દશકથી મૂડીવાદે ફરી એકવાર સાર્થક વિકલ્પ વિનાના વિશ્વના મોકળા મેદાનમાં પોતાનો 'નવ સામ્રાજ્યવાદ'નો અવતાર ધારણ કરી પોતાની મૂળગત પ્રકૃતિ મુજબ શોષણ અને બર્બરતાનો દૌર શરૂ કર્યો. અલબત્ત, એના આ અવતારમાં શોષણ અને બર્બરતા તેના સંસ્થાનવાદી કે સામ્રાજ્યવાદી અવતાર જેટલી સીધી, દેખીતી અને ક્રૂર નથી, પંરતુ સમાજના સર્વહારા વર્ગ માટે પીડાદાયક તો એટલી જ છે.

- ‘નવસમ્રાજયવાદ’ના આ દૌરમાં મૂડીવાદે રાષ્ટ્રીય સ્વતંત્રતાનો ખ્યાલને માત્ર રાજનૈતિક સ્વતંત્રતા પૂરતો સીમિત કરી દીધો છે. આજે રાષ્ટ્રીય સ્વતંત્રતાના ખ્યાલને રાષ્ટ્રીય સમાનતા કે રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના ભાઈચારા સાથે ન્હાવાનિચોવવાનોય સંબંધ રહ્યો નથી. સમાનતાનો ખ્યાલ પણ માત્ર સૈધ્ધાંતિક બનીને સીમિત થઇ ગયો છે. દરેક રાષ્ટ્રનું વ્યક્તિત્વ સૈધ્ધાંતિક રીતે સમાન છે; પરંતુ વર્લ્ડ બેંક કે આઇ.એમ. એફ.માં તેના મત અને મંતવ્યનું વજન તેની આર્થિક સમૃધ્ધિના આધારે વધારે-ઓછું બની જાય છે. સ્પષ્ટ છે- સમાનતાને મૂડીવાદ આર્થિક સમૃધ્ધિના માપદંડથી ચાલાકીપૂર્વક અસમાન બનાવી દે છે. બંધુતાનું મૂલ્ય પણ વર્તમાન મૂડીવાદ આર્થિક સમૃધ્ધિના આધારે અલગ અલગ હિતજૂથોના આધારે વિભાજીત 6’★, ‘જી-8’★★, ‘બ્રિક્સ’(BRICS)★★★ દેશોના આર્થિક હિત આધારિત ગઠબંધનો.

- માત્ર રાષ્ટ્રીયતાની રીતે જ નહીં, માનવીય સંબંધો, સામુદાયિક સંબંધો, પ્રાદેશિક સંબંધોને પણ મૂડીવાદે આજે અત્યંત સીમિત અને સંકુચિત સ્વતંત્રતા, સમાનતા, બંધુતાના ખ્યાલોમાં પરિવર્તિત કરી દીધા છે.

- મૂડીવાદના શોષણ અને બર્બરતાને નાથવા, કહો કે - મૂડીવાદના સ્થાને વધુ પ્રગતિશીલ અર્થવ્યવસ્થા અને સમાજવ્યવસ્થાના ઉદ્દેશથી માનવીની આધુનિકતાની ચેતનાએ ઓગણીસમી સદીથી વિકસાવવા માંડેલા ‘સર્વહારા વર્ગ’ અને ‘સર્વહારા’ના ખ્યાલને વર્તમાન મૂડીવાદે પૂર્વ આધુનિકતા (પરંપરાગત, રૂઢિવાદી અને સામંતી) અને અનુઆધુનિકતા (માણસને-વ્યક્તિને-લૈંગિક, જ્ઞાતિગત, સંપ્રદાયગત, સમુદાયગત ઓળખોમાં વિભાજીત કરતી મૂલ્યવ્યવસ્થા)ના ખ્યાલોની મદદથી વિકૃત બનાવી, વિખંડિત કરવા માંડ્યો છે.

- વર્તમાનમાં આધુનિકતાનો ખ્યાલ મૂડીવાદના નવા અવતાર સામે બે ડગલાં પાછળ હટી ગયેલો દેખાય છે. ગઇ સદી કરતાં અત્યારે જરૂર એણે પારોઠનાં





ડગ ભર્યાં છે; પરંતુ એ પરાજીત કે નિષ્ફળ પૂરવાર નથી થઇ. એણે મૂડીવાદના શોષણ અને બર્બરતા સામે અનેક પ્રકારનાં લોકઆંદોલનોની ચિનગારી પેટવવા માંડી છે. પછી એ દુનિયામાં ઠેર ઠેર ચાલી રહેલાં ‘યુધ્ધ વિરોધી’ આંદોલનો હોય કે પછી માનવ અસ્તિત્વ માટે ખતરારૂપ ‘અણુઊર્જા વિરોધી’ આંદોલનો હોય. તાજેતરમાં અમેરિકામાં ચાલી રહેલ ‘વૉલસ્ટ્રીટ’ આંદોલન હોય કે ‘ઇજિપ્તની વસંત’નુ આંદોલન હોય. ‘પાણીના ખાનગીકરણ’ સામેનાં આંદોલનો હોય કે ‘કુદરતી સંસાધનોના બચાવ’ માટેનાં આંદોલનો. આવાં તમામ પ્રકારનાં લોક આંદોલનો માનવચેતનામાં પ્રસરી રહેલી આધુનિકતાનો પુરાવો છે. એ નવી રણનીતિ સાથે મૂડીવાદી શોષણ અને બર્બરતાનો મક્કમ વિરોધ કરી રહી છે.

- મૂડીવાદના વર્તમાન સ્વરૂપે આધુનિકતાના મૂલ્ય સંપુટ સામે આજે ઘણાં મહત્વપૂર્ણ પડકારો ખડા કર્યાં છે. જે એક દૃષ્ટિએ એ બંને વચ્ચે વધતા જતા તણાવના પુરાવા છે; પરંતુ બીજી દૃષ્ટિએ આધુનિકતાને વધુ નક્કર સ્વરૂપે વિકસાવવાની તક પણ પૂરી પાડે છે. જેમ કે - આધુનિકતાના જન્મદાતા યૂરોપના સમાજમાં આજે પણ પ્રવર્તતી રંગભેદ અને લિંગભેદની વાસ્તવિકતાઓ. આધુનિક ગણાતા ત્યાંના સમાજોમાં અલગ પ્રકારની સંસ્કૃતિઓ સામે વ્યક્ત થઇ રહેલી અસહિષ્ણુતા. અલ્પવિકસીત અને વિકાસશીલ દેશોમાં માથું ઉંચકી રહેલી સામુદાયિક-સાંપ્રદાયિક હિંસા અને ઘર્ષણો. રાષ્ટ્રીયતા અને આંતર્‌રાષ્ટ્રીયતા વચ્ચે વધતું જતું અંતર. સ્થાનિકતા અને વૈશ્વિકતા વચ્ચે વધતી જતી તંગદિલી. આવા તમામ પડકારો મૂડીવાદી સંસ્કૃતિની દેન છે. એ પડકારો મૂડીવાદના નવસામ્રાજ્યવાદી અવતારને લઇને સમાજની સપાટીપર અંધાધૂંધી સર્જી રહ્યા છે. આધુનિકતાએ પોતાનાં મૂલ્યોના આધારે એ પડકારોના જવાબો શોધવાના છે. બીજા શબ્દોમાં કહીએ તો- આધુનિકતાએ પોતાનાં મૂળભૂત મૂલ્યોની ધાર વધુ તેજ કરવાની જરૂર છે, એ મૂલ્યોને સાર્થક સ્વરૂપે દુનિયાભરના સમાજો અને સંસ્કૃતિઓના મૂળ સુધી લઇ જવાના છે. આ સંદર્ભે આધુનિકતાનાં ખ્યાલે હજુ ઘણી લાંબી મજલ કાપવાની બાકી છે.

પરંતુ આવનારા સમયમાં એની સફળતા નિશ્ચિત છે; કેમ કે - એનાં મૂળમાં સ્વતંત્રતા, સમાનતા, બંધુતાનાં મૂલ્યો છે; શોષણ અને બર્બરતાનાં નહીં.

- કોઈપણ વાસ્તવિકતાનાં મૂળ જ એની તાકાત હોય છે, એનાં સૂકાતાં-પાંગરતાં ડાળખાં કે ફળ-ફૂલ નહીં. આ દષ્ટિએ મૂડીવાદને તપાસીએ તો એના મૂળમાં 'અતિરિક્ત મૂલ્ય' અને 'મૂડી સંચય'નો ખ્યાલ છે જે સમાજને અન્યાય, શોષણ અને બર્બરતા તરફ દોરી જાય છે. શું માનવસમાજ હંમેશા માટે આવાં મૂળિયાં ઉપર ઊભી થયેલી વ્યવસ્થાને સાંખી લેશે?

---

**નોંધ:**

★જી-6 (G-6) યૂરોપીય સંઘના છ વિકસીત મૂડીવાદી દેશોનું અવિધિસરનું જૂથ. જેમાં જર્મની -ફ્રાંસ-ઈંગ્લેન્ડ-ઈટાલિ-સ્પેન અને પોલેન્ડનો સમાવેશ થાય છે.

★★ જી-8(G-8) વિશ્વભરનાં 8 વિકસીત ઔદ્યોગિક રાષ્ટ્રોનો અવિધિસરનો સમૂહ. જેમાં કેનેડા-ફ્રાંસ-જર્મની-ઈટાલિ-જાપાન-રશિયા-ઈંગ્લેન્ડ- અમેરિકા(યુ.એસ.એ.) નો સમાવેશ થાય છે.


★★★ બ્રિક્સ (BRICS) પાંચ અતિ વિકાસશીલ મૂડીવાદી દેશોનો સમૂહ. જેમાં બ્રાઝિલ- રશિયા-ભારત-ચીન અને સાઉથ આફ્રિકાનો સમાવેશ થાય છે.





# પરિશિષ્ટ

## 1. આદમ (એડમ) સ્મિથ (Adam Smith)



- **જન્મ:** 5 જૂન, 1723
- **મૃત્યુ :** 17 જુલાઇ, 1790
- **અભ્યાસ ક્ષેત્રો :** પશ્ચિમી ફિલસૂફી — રાજનૈતિક ફિલસૂફી — નીતિશાસ્ત્ર - અર્થશાસ્ત્ર.
- **નોંધપાત્ર વૈચારિક પ્રદાન**
  1. શાસ્ત્રીય અર્થશાસ્ત્ર ક્ષેત્રે
  2. આધુનિક મુક્ત બજાર વ્યવસ્થા
  3. શ્રમ વિભાજનનો ખ્યાલ
  4. 'ધ ઈન્વીઝીબલ હેન્ડ' વિશેનો ખ્યાલ
- **મુખ્ય પુસ્તકો**
  1. 'ધ થિયરી ઓફ મોડર્ન સેન્ટિમેન્ટ્સ (1759)
  2. 'એન ઈન્ક્વાયરી ઈન ટુ ધ નેચર એન્ડ કોઝીસ ઓફ ધ નેશન્સ' (1776) (ટૂંકમાં 'ધ વેલ્થ ઓફ નેશન્સ'ના નામે પ્રસિધ્ધ)
- 'આધુનિક અર્થશાસ્ત્રના પિતા' મનાતા આદમ સ્મિથે 'મુક્ત બજાર'ના અર્થશાસ્ત્રીય ખ્યાલ વિશે કરેલું પ્રદાન આજે પણ આધુનિક મૂડીવાદી

અર્થશાસ્ત્રના પાયારૂપ સિધ્ધાંત / ખ્યાલ મનાય છે. આ સિધ્ધાંત દ્વારા તેમણે તાર્કિક સ્વહિત અને સ્પર્ધા દ્વારા કઇ રીતે આર્થિક સમૃધ્ધિ હાંસલ કરી શકાય તે પ્રતિપાદિત કર્યુ. અલબત્ત, તેમના સમય દરમિયાન અને આજે પણ અનેક રીતે એમનો આ ખ્યાલ વિવાદાસ્પદ રહ્યો છે.

- 2005માં સ્કોટલેન્ડ દ્વારા સર્વાકાલીન સર્વશ્રેષ્ઠ 100 પુસ્તકોની જે યાદી પ્રસિધ્ધ કરાઇ હતી તેમાં તેમના આ બીજા પુસ્તકનો સમાવેશ કરાયો હતો.

## 2. દાદાભાઇ નવરોજી (Dadabhai Naoroji)



- **જન્મ:** 4 સપ્ટેમ્બર, 1825
- **મૃત્યુ :** 30 જૂન, 1917
- **વ્યવસાય:** રાજનૈતિક નેતા – બ્રિટિશ સંસદના સભ્ય – રૂનો વ્યાપાર – શિક્ષણશાસ્ત્રી
- **રાજકીય પક્ષ**
  1. લિબરલ પાર્ટી (બ્રિટન)
  2. ઇન્ડીયન નેશનલ કોંગ્રેસ
- 1892 થી 1895 દરમિયાન બ્રિટિશ સંસદના 'હાઉસ ઓફ કોમન્સ'ના સભ્ય રહી ચૂકેલ દાદાભાઇ નવરોજીએ એ.ઓ.હ્યૂમ અને દિનશા એદલજી વાચ્છા સાથે મળીને 'ઇન્ડીયન નેશનલ કોંગ્રેસ' (વર્તમાનનો કોંગ્રેસ પક્ષ)ની સ્થાપના કરી હતી.
- તેમનું મહત્વપૂર્ણ અભ્યાસ પુસ્તક 'અન-બ્રિટિશ રૂલ ઇન ઇન્ડિયા' હતું; જેમાં તેમણે ભારતની સંપત્તિ સામ્રાજ્યવાદી બ્રિટન કઇ રીતે શોષી જાય છે તેનો વિગતે ખ્યાલ આપ્યો હતો.





## 3. ડેવિડ રિકાર્ડો (David Ricardo)



- **જન્મ:** 18 એપ્રિલ, 1772
- **મૃત્યુ :** 11 સપ્ટેમ્બર, 1823
- **મહત્વપૂર્ણ પ્રદાન :**
  1. તુલનાત્મક હિતનો સિધ્ધાંત
  2. આર્થિક સમતુલાનો સિધ્ધાંત
  3. હયાતી પૂરતાં વેતનનો સિધ્ધાંત
  4. આર્થિક ભાડાંનો સિધ્ધાંત
  5. લોઢા જેવા સખત વેતનદરનો સિધ્ધાંત
  6. ગરીબો વિરૂધ્ધનો કાનૂન
- બ્રિટનના આ રાજનૈતિક અર્થશાસ્ત્રી સંપૂર્ણપણે ઔદ્યોગિકરણના હિમાયતી હતા. તેઓ માનતા કે દેશોએ પોતાનું સંપૂર્ણ ધ્યાન આંતર્રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ટકી શકે એવા ઉદ્યોગોના નિર્માણ ઉપર કેન્દ્રિત કરવું જોઇએ. તેઓ આંતર્રાષ્ટ્રીય મુક્ત વ્યાપારના પ્રખર હિમાયતી હતા. તેમના સમયથી શરૂ કરીને આજ સુધી એમના સિધ્ધાંતો વિશે જલદ વિવાદો સર્જાતા રહ્યા છે.

## 4. થોમસ રોબર્ટ માલ્થસ (Thomas Robert Malthus)


- **જન્મ:** 14 ફેબ્રુઆરી, 1766
- **મૃત્યુ :** 29, ડીસેમ્બર, 1834
- **કાર્યક્ષેત્રો:** રાજનૈતિક અર્થશાસ્ત્ર - વસ્તી વિશેષજ્ઞ
- **વ્યવસાય:** શિક્ષણશાસ્ત્રી – પાદરી



થોમસ રોબર્ટ માલ્થસ

- 'વસ્તીના સિધ્ધાંત'થી પ્રખ્યાત બનેલ માલ્થસનો અભ્યાસ લેખ 'એન એસે ઓન ધ પ્રિન્સીપલ ઓફ પોપ્યુલેશન' અત્યંત મહત્વપૂર્ણ ગણાય છે. એમાં તેમણે એવો મત વ્યક્ત કરેલ કે, વ્હેલામોડા પણ વસ્તીવધારો દુષ્કાળ અને રોગચાળા દ્વારા નિયંત્રિત થતો રહેશે. તેમના માનવા પ્રમાણે - વસ્તીવધારાનો આધાર ઉત્પાદનનાં સાધનો ઉપર છે. જો ઉત્પાદનનાં સાધનો મર્યાદિત હોય તો વસ્તી ઓછી હોય અને એ વધે એમ વસ્તી વધે.
- તેઓ 'ગરીબો' માટેના કાનૂનો' ના સખ્ત વિરોધી હતા. તેમના સમયમાં તેઓ આર્થિક, રાજનૈતિક, સામાજિક અને વિજ્ઞાનના ક્ષેત્રોમાં અત્યંત પ્રભાવક રહ્યા હતા.
- તેઓ ચાર્લ્સ ડાર્વિન અને આલ્ફ્રેડ રસેલ વોલેસની સાથે સાથે 'ઉત્ક્રાંતિના સિધ્ધાંત'ના પ્રસ્થાપક પણ હતા.

## 5. જ્હોન સ્ટુઅર્ટ મિલ (John Stuart Mill)



- **જન્મ :** 20 મે, 1806
- **મૃત્યુ :** 8 મે, 1873
- **અભ્યાસ ક્ષેત્રો :**
  1. ફિલસૂફી
  2. રાજનૈતિક અર્થશાસ્ત્ર
  3. રાજનીતિ
- **કાર્યક્ષેત્રો :** સરકારી કર્મચારી – બ્રિટિશ સંસદસભ્ય.





- સામાજિક, રાજનૈતિક અને અર્થશાસ્ત્રીય સિધ્ધાંતોમાં અત્યંત નોંધપાત્ર પ્રદાન કરનાર મિલ ''ઓગણીસમી સદીના સૌથી વધારે પ્રભાવશાળી ફિલસૂફ'' તરીકે ખ્યાતિ પામ્યા હતા. તેઓ રાજ્યના અમર્યાદિત નિયંત્રણોના વિરોધી હતા અને વ્યક્તિ સ્વાતંત્ર્યના હિમાયતી હતા. તેઓ ઉદારવાદી રાજનીતિના પ્રખર પક્ષધર હતા.

## 6. કાર્લ માર્ક્સ (Karl Marx)



- **જન્મ :** 5 મે, 1818
- **મૃત્યુ :** 14 માર્ચ, 1883
- **અભ્યાસ ક્ષેત્રો:**

  પશ્ચિમી ફિલસૂફી – જર્મન ફિલસૂફી – રાજ્યશાસ્ત્ર - અર્થશાસ્ત્ર.
- **વિચારધારા:** ભૌતિકવાદ - સમાજવાદ - સામ્યવાદ - માર્કસવાદ.
- **રસના વિષયો:** સમાજશાસ્ત્ર - શ્રમસિધ્ધાંતો - ઈતિહાસ - વર્ગસંઘર્ષ - વિજ્ઞાન.
- **મુખ્ય પ્રદાન:**
  1. ફ્રેડરિક એંગલ્સની સાથે માર્કસવાદી વિચારધારાનો પાયો બનાવનાર.
  2. અતિરિક્ત મૂલ્યનો ખ્યાલ.
  3. શ્રમના મૂલ્યનો સિધ્ધાંત.
  4. અલગાવ (એલિયેનશન) વિશેનો ખ્યાલ.
- **મુખ્ય પુસ્તકો:** 1. કોમ્યુનિસ્ટ મૅનિફેસ્ટો. 2. દાસ કેપિટલ.

- જર્મનીના સમૃધ્ધ મધ્યમવર્ગી પરિવારમાં જન્મેલ કાર્લ માર્કસે અર્થશાસ્ત્રમાં શ્રમશક્તિ અને મૂડી વચ્ચેના આંતરસંબંધો વિશેના ખ્યાલનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરીને સામ્યવાદી વિચારધારાનો પાયો નાંખ્યો. તેમના આ પ્રદાને તેમના સમયની અને આવનારા સમયની અર્થશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ તેમજ રાજયશાસ્ત્રીઓની પેઢીઓ ઉપર અમીટ પ્રભાવ પાડ્યો.
- 1843માં તેઓ ફ્રાંસમાં ફ્રેડરિક એંગલ્સના પરિચયમાં આવ્યા. બંનેએ સાથે મળીને 1848માં 'સામ્યવાદી ઘોષણાપત્ર' (કમ્યુનિસ્ટ મેનિફેસ્ટો) તૈયાર કર્યો. તેમણે બંનેએ આજીવન સાથે મળીને સમાજવાદ તથા સામ્યવાદના ખ્યાલો વિકસાવ્યા. 1849માં ફ્રાંસમાંથી માર્કસને દેશનિકાલ કરાયા; ત્યારબાદ તેઓએ મૃત્યુ સુધી ઈન્ગ્લેન્ડમાં વસવાટ કર્યો.
- માર્કસ અને એંગલ્સે સંયુક્ત રીતે ભદ્ર / અભિજાત વર્ગ (બુર્ઝવા ક્લાસ) ની સરમુખ્ત્યારશાહીને સ્થાને સર્વહારા વર્ગ (પ્રોલેટેરિયેટ ક્લાસ)ની સરમુખત્યારશાહીનો એક એવો ખ્યાલ સૈધ્ધાંતિકસ્વરૂપે વિકસાવ્યો, જે આગળ જતાં વર્ગવિહીન અને શોષણવિહીન સમાજની રચના કરે.
- કાર્લ માર્કસ માત્ર સિધ્ધાંતકર્તા કે વિચારક નહોતા. તેઓ સક્રિય કર્મશીલ પણ હતા. તેઓ હંમેશા સંગઠિત ક્રાંતિકારી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા.
- એમિલી ડર્ખાઈમ અને મેક્સ વેબરની સાથે કાર્લ માર્કસને પણ આધુનિક સમાજ વિજ્ઞાનના સ્થાપક માનવામાં આવે છે.
- તેમના માર્કસવાદના ખ્યાલના પાયા ઉપર જ આગળ જતાં લેનિનવાદી, સ્ટાલિનવાદી, ટ્રોટ્સ્કીવાદી અને માઓવાદી વિચારધારાઓ વિકસી. આ ઉપરાંત રશિયા, ચીન તેમજ વિશ્વના અન્ય કેટલાંક દેશોમાં મૂડીવાદને બદલે સમાજવાદી સત્તાઓ કાયમ બની.






## 7. ફ્રેડરિક એંગલ્સ (Friedrich Engels)



- **જન્મ:** 28 નવેમ્બર, 1820
- **મૃત્યુ :** 5 ઓગસ્ટ, 1895
- **અભ્યાસ ક્ષેત્રો :** પશ્ચિમી ફિલસૂફી - રાજનૈતિક ફિલસૂફી - અર્થશાસ્ત્ર - મૂડીવાદ - વર્ગસંઘર્ષ.

- **મુખ્ય પ્રદાનઃ**
  1. કાર્લ માર્કસ સાથે માર્કસવાદી વિચારધારા.
  2. કામદારોનું શોષણ અને અલગાવ (એલિયેનેશન)
  3. ઐતિહાસિક ભૌતિકવાદ.
- મુખ્ય પુસ્તકઃ 1. કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો (કાર્લ માર્કસ સાથે)
- ફ્રેડરિક એંગલ્સ જર્મનીના સમાજવિજ્ઞાની, લેખક, રાજનૈતિક સિધ્ધાંતકર્તા, ફિલસૂફ અને માર્ક્સવાદી વિચારધારાના એક સ્થાપક હતા. માર્કસ સાથે મળીને તેમણે 1945માં 'ધ કન્ડિશન ઓફ ધ વર્કીંગ ક્લાસ ઈન ઈન્ગ્લેન્ડ' નો અભ્યાસ પ્રકાશિત કર્યો. 1948માં 'કમ્યુનિસ્ટ મેનિફેસ્ટો'ની રચના કરી. તેમણે કાર્લ માર્કસના 'દાસ કેપિટલ'ના અભ્યાસ, સંશોધન અને પ્રકાશન માટે આર્થિક સહાય પૂરી પાડી હતી.
- માર્કસના મૃત્યુ પછી એમણે 'દાસ કેપિટલ'ના બીજા તથા ત્રીજા ભાગનું સંપાદન કર્યું તેમજ માર્કસે કરેલી 'અતિરિક્ત મૂલ્યના સિધ્ધાંતો' વિશેની નોંધોને સંપાદિત કરીને 'દાસ કેપિટલ'નો ચોથો ભાગ પ્રકાશિત કર્યો.
- તેમણે 'પરિવારના અર્થશાસ્ત્ર' માં પણ નોંધપાત્ર પ્રદાન કર્યું હતું.

## 8. જોસેફ શંપીટર (Joseph Schumpeter)




- **જન્મ:** 8 ફેબ્રુઆરી, 1883
- **મૃત્યુ :** 8 જાન્યુઆરી, 1950
- **અભ્યાસ ક્ષેત્રો:** અર્થશાસ્ત્ર - રાજ્યશાસ્ત્ર.
- **પ્રવૃત્તિ ક્ષેત્રો:** અધ્યાપન - રાજનીતિ - સંચાલન.
- **પ્રદાનનાં ક્ષેત્રો:**
  1. આર્થિક વિકાસ
  2. આંત્રપ્રિનિયોરશીપ (એન્ટરપ્રિનિયોરશીપ)
  3. વિકસતું અર્થવિજ્ઞાન.
- શંપીટર ઑસ્ટ્રિયન – અમેરિકન અર્થશાસ્ત્રી અને રાજ્યશાસ્ત્રી હતા.
- તેઓ ટૂંકગાળા માટે 1919માં ઓસ્ટ્રિયાના નાણાંપ્રધાન રહ્યા હતા.
- વીસમી સદીના એક નોંધપાત્ર અર્થશાસ્ત્રી તરીકે તેમનું પ્રદાન મહત્વપૂર્ણ રહ્યું છે.
- અર્થશાસ્ત્રમાં તેમણે 'સર્જનાત્મક વિનાશ' (ક્રિએટિવ ડિસ્ટ્રક્શન)નો ખ્યાલ વિકસાવ્યો હતો.

## 9. જૉન મિનાર્ડ કેઇન્સ (John Maynard Keynes)

- **જન્મ:** 5 જૂન, 1883
- **મૃત્યુ :** 21 એપ્રિલ, 1946
- **મુખ્ય પ્રદાન:** કેઇન્સીયન અર્થશાસ્ત્રની વિચારશાખા







- **કારકિર્દી:** પ્રખ્યાત અર્થશાસ્ત્રી - બેંક ઓફ ઇન્ગ્લેન્ડના ડિરેક્ટર
- વીસમી સદીના બ્રિટનના સૌથી પ્રખ્યાત અર્થશાસ્ત્રી મનાતા કેઇન્સે આધુનિક બૃહદ અર્થશાસ્ત્રના પાયાગત સિધ્ધાંતો અને તેની નીતિઓ તેમજ અમલીકરણમાં મહત્વનાં પરિવર્તનો આણ્યાં.
- તેમણે 1930માં અર્થશાસ્ત્રના મુક્ત બજારથી પૂર્ણ રોજગારી સુધી પહોંચવાના ખ્યાલના સ્થાને રાજ્યના હસ્તક્ષેપ વડે પૂર્ણ રોજગારી સાકાર કરવાનો સિધ્ધાંત આપ્યો. તેમના મતે અર્થતંત્રની તેજી અને મંદીને રાજ્યે આર્થિક અને નાણાંકીય માપદંડો દ્વારા નિયંત્રિત કરીને આર્થિક સમતુલા જાળવવી જોઇએ.
- બીજા વિશ્વયુધ્ધ દરમિયાન અગ્રગણ્ય મૂડીવાદી દેશોએ કેઇન્સના વિચારોને મોટાપાયે અમલમાં મૂકવા માંડ્યા. વીસમી સદીના પાંચમા અને છઠ્ઠા દાયકા દરમિયાન લગભગ તમામ મૂડીવાદી રાષ્ટ્રોએ કેઇન્સના સિધ્ધાંતોને સ્વીકારી લીધા.
- 2007-08 દરમિયાનની યૂરોપ-અમેરિકાની મંદીઓ દરમિયાન કેઇન્સની નીતિઓ પુનઃ અમલમાં આવવા માંડી.


## 10. વી.આઇ. લેનિન (vladimir lenin)



- **જન્મ:** 22 એપ્રિલ, 1870
- **મૃત્યુ :** 21, જાન્યુઆરી, 1924
- **પૂરું નામ:** વ્લાદિમીર ઈલ્યીચ લેનિન
- **રાજનૈતિક સંગઠનો:** રશિયન સૉશ્યલ ડેમોક્રેટિક લેબર- રશિયન કમ્યુનિસ્ટ પાર્ટી (બોલ્શેવિક)

- **વ્યવસાયઃ** વકીલાત, રાજનૈતિક ક્રાંતિકારી
- **હોદ્દોઃ** કાઉન્સીલ ઓફ પીપલ્સ કમિસાર્સ ઓફ ધ સોવિયેત યૂનિયનના અધ્યક્ષ (1922 ડિસેમ્બરથી - 1924 જાન્યુઆરી)
- વીસમી સદી દરમિયાન વિશ્વભરનાં સામ્યવાદી - સમાજવાદી આંદોલનોના એક સૌથી મહત્વપૂર્ણ ક્રાંતિકારી નેતા ગણાયેલ લેનિને મૂડીવાદી અર્થવ્યવસ્થા અને સમાજવાદી અર્થવ્યવસ્થાઓના ક્ષેત્રોમાં અત્યંત મહત્વના અભ્યાસો, વિશ્લેષણો અને ખ્યાલો, સિધ્ધાંતો પ્રદાન કર્યાં છે. તેઓની વિચારધારા કાર્લ માર્ક્સની વિચારધારાને આગળ વધારનાર હતી. વિશ્વની સૌ પ્રથમ સામ્યવાદી ક્રાંતિ રશિયામાં સાકાર કરનાર લેનિને સમાજવાદી અર્થવ્યવસ્થાને વાસ્તવિક રીતે અમલમાં લાવવા માટેના ઘણાં મહત્વપૂર્ણ ખ્યાલો વિકસાવ્યા અને અમલીકૃત કરવાનો પ્રારંભ પણ કર્યો.

## 11. એમિલિ ડર્ખાઇમ (Emile Durkheim)



- જન્મઃ 15 એપ્રિલ, 1858
- મૃત્યુ : 15 નવેમ્બર, 1917
- **અભ્યાસ ક્ષેત્રોઃ** ફિલસૂફી - સમાજશાસ્ત્ર - વંશશાસ્ત્ર - ધર્મલક્ષી અભ્યાસો.
- **મહત્વપૂર્ણ અભ્યાસ પુસ્તકોઃ**
  1. ધ ડીવીઝન ઓફ લેબર ઈન સોસાયટી
  2. રુલ્સ ઓફ સોશિયોલોજીકલ મેથડ
  3. ધ એલિમેન્ટરી ફોર્મ્સ ઓફ રિલિજીયસ લાઈફ.





- સમાજશાસ્ત્રના પિતા મનાતા ડર્ખાઈમે કાર્લ માર્ક્સ અને મૅક્સ વેબર સાથે મળીને આધુનિક સમાજ વિજ્ઞાનની વિદ્યાશાખા પ્રસ્થાપિત કરી.
- સમાજમાં પ્રચલિત પરંપરાગત અને ધાર્મિક રૂઢિઓના ગઠબંધનો વચ્ચે સમાજ કઇ રીતે નવા સામાજીક સંસ્થાનોના માધ્યમ વડે આધુનિકતાની દૃષ્ટિએ એકસૂત્રતા અને સાતત્ય આણી શકે - એનો ખ્યાલ આપીને તેઓ હંમેશા નવા સમાજ માટેના સામાજિક સંસ્થાનોની હિમાયત કરતા રહ્યા.
- તેમણે સમાજ વિજ્ઞાનને માનસશાસ્ત્ર અને રાજનૈતિક ફિલસૂફીથી અલગ તારવ્યું. તેઓ હંમેશા સમાજવિજ્ઞાનને અધિકૃત વિજ્ઞાન તરીકે વિકસાવવાનો આગ્રહ સેવતા હતા. તેમણે વ્યક્તિગત મૂલ્યો, વલણોને સામાજીક મૂલ્યો, વલણોના અભ્યાસોથી અલગ રાખવાનો ખ્યાલ પણ આપ્યો. તેઓના મતે, માળખાગત સામાજિક હકીકતોને સમજવા માટે ''સામુદાયિક રીતે સ્થાપિત થયેલ માન્યતાઓ અને વર્તણૂંકની તરાહો'' દ્વારા સંસ્થાનોના વિજ્ઞાનને તારવી શકાય. વાસ્તવમાં એ જ સમાજ વિજ્ઞાન છે.
- તેમણે સમાજ વિજ્ઞાન અને વંશવિજ્ઞાનના પાયાગત સિધ્ધાંતો તારવી બતાવ્યા.
- તેમનું સૌથી મહત્વપૂર્ણ પ્રદાન હતું- 'સામૂહિક ચેતના'નો ખ્યાલ.

## 12. માર્કવીઝ ડી' કોંડોરસેટ (Marquis de Condorcet)



- **જન્મઃ** 17 સપ્ટેમ્બર, 1743
- **મૃત્યુ :** 28 માર્ચ,1794
- **અભ્યાસ ક્ષેત્રોઃ** ફિલસૂફી; ગણિત; રાજનીતિશાસ્ત્ર

- નિકોલસ ડી’ કોંડોરસેટના નામે જાણીતા આ ચિંતકે ઉમેદવારી માટેની ચૂંટણીઓમાં ઉમેદવાર થવા યોગ્ય ઉમેદવાર માટેની ચૂંટણીની પધ્ધતિ વિકસાવી. તેઓ ઉદારવાદી અર્થતંત્રના, મુક્ત અને સર્વસાધારણ, સમાન શિક્ષણ વ્યવસ્થાના સમર્થક હતા. તેઓ બંધારણવાદ તેમજ સ્ત્રીઓ તથા તમામ પ્રકારના સમુદાયોને સમાન અધિકારો આપવાની હિમાયત કરતા હતા. એમના વિચારોમાં જ્ઞાનપ્રકાશ યુગ અને વિવેક બુધ્ધિવાદનાં મૂલ્યો સ્પષ્ટ જણાતા હતા. તેમના વિચારો આજ સુધી પ્રભાવી રહ્યા છે.

## 13. ઇમેન્યૂઅલ વૉલર્સ્ટાઇન (Immanuel Wallerstein)



- **જન્મ:** 28 સપ્ટેમ્બર, 1930
- **અભ્યાસક્ષેત્રો:** સમાજશાસ્ત્ર - અર્થશાસ્ત્ર - ઈતિહાસ.
- **પ્રદાન:** વિશ્વ વ્યવસ્થા વિશ્લેષણ.
- વર્તમાનમાં વૉલર્સ્ટાઇન ‘વૈશ્વિકીકરણ વિરોધી આંદોલન’ના હિમાયતી અને શિક્ષણશાસ્ત્રી તરીકે પ્રખ્યાત છે. તેમણે 1970ના દાયકા દરમિયાન વૈશ્વિક મૂડીવાદી અર્થવ્યવસ્થાનો વ્યાપક અભ્યાસ શરૂ કર્યો હતો. તેમનું સૌથી મહત્વનું પ્રદાન ‘ધ મોડર્ન વર્લ્ડ સિસ્ટમ‘ના ચાર ગ્રંથો છે; જેમાં પ્રથમ ગ્રંથ તેમણે 1974માં પ્રકાશિત કર્યો, બીજો 1980માં, ત્રીજો 1989માં અને ચોથો 2011માં. તેઓ આ ગ્રંથમાળાના હજુ બે ગ્રંથો તૈયાર કરી રહેલ છે. તેમના આ અભ્યાસ ગ્રંથોનો પ્રભાવ આજના અર્થશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, બુધ્ધિજીવીઓ ઉપર ઘણો પડ્યો છે.

તેઓ 1980થી અમેરિકાના વૈશ્વિકધોરણના આર્થિક વર્ચસ્વની પડતીની દલીલ રજૂ કરી રહ્યા છે. 1989ના ‘ઇરાક યુધ્ધ’ પછી તેમની આ દલીલને ખાસ્સું





વજૂદ મળી રહ્યું છે. તેઓ વૈશ્વિકસ્તરે પ્રસરી રહેલ મૂડીવાદી અર્થવ્યવસ્થાને વ્યાપક માનવસમુદાયો માટે હાનિકારક માને છે અને કાર્લ માર્કસની જેમ જ તેઓ પણ સ્પષ્ટ પણે માને છે કે, મૂડીવાદના સ્થાને સમાજવાદી અર્થવ્યવસ્થા વિશ્વએ સ્વીકારવી પડશે.

તેઓ પોતાના અભ્યાસ ‘આધુનિક વિશ્વ વ્યવસ્થા’માં ‘ત્રીજા વિશ્વ’ના ખ્યાલને નકારી કાઢે છે અને માને છે કે, વિશ્વ એક જ છે અને તે અત્યંત જટિલ આર્થિક આદાન-પ્રદાનથી બનેલું છે. તેઓના સિધ્ધાંત પ્રમાણે અર્થવ્યવસ્થા વૈશ્વિકસ્તરે ત્રણ સ્તરે બનેલી છે. એક છે કેન્દ્રીય સ્તર, બીજું છે પરિઘનું સ્તર અને ત્રીજું આ બંનેની વચ્ચે સાંકળ બનતું અર્ધપરિઘનું સ્તર. આ પ્રકારના સ્તરીકરણ માટે તેઓ મૂડી અને શ્રમ વચ્ચેના વિરોધી વલણો અને મૂડીના અવિરત સંચયને જવાબદાર માને છે. તેઓ આ વિરોધાભાસોને ‘રાષ્ટ્ર રાજ્ય’ પૂરતાં સીમિત નથી માનતા.

તેઓ મૂડીવાદના પ્રસારને કારણે થઇ રહેલ ‘વસ્તુકરણ’ના મૂલ્યનો વિરોધ કરે છે. તેમના મતે આ અર્થવ્યવસ્થામાં માનવશ્રમ, કુદરતી સંસાધનો, જમીન અને માનવસંબંધોનું મૂળ મૂલ્ય ખતમ થઇ રહ્યું છે અને તે તમામ બજારના માર્ગે આપ-લેના, ખરીદ-વેચાણના મૂલ્યમાં તબદીલ થઇ રહ્યાં છે. તેમનું મૂલ્ય બજારે નક્કી કરવા માંડ્યું છે.

તેઓ જ્ઞાનનાં માળખાંઓને યૂરોપકેન્દ્રી માને છે અને તેનો વિરોધ કરે છે.

## 14. સમીર અમીન (Samir Amin)



- **જન્મ:** 3 સપ્ટેમ્બર, 1931
- **અભ્યાસ:** રાજનીતિશાસ્ત્ર; આંકડાશાસ્ત્ર; અર્થશાસ્ત્ર.
- **વિચારધારા:** માર્કસવાદ; માઓવાદ

- **મહત્વનાં પુસ્તકોઃ**

  1. એ ક્રિટીક ઓફ કરન્ટ ઈન્ટેલેક્ચ્યૂઅલ ફેશન્સ
  2. ઓબ્સલેસન્ટ કેપિટાલિઝમઃ કન્ટેમ્પરરી પોલિટિક્સ
  3. લિબરલ વાયરસ

- સમીર અમીન વર્તમાન સમયની આર્થિક ચડતી-પડતી માટે પાંચ પ્રકારની ઈજારાશાહીને મુખ્યત્વે જવાબદાર માને છે.

  1. તકનીકી ઈજારાશાહી – વર્ચસ્વ ધરાવતાં રાષ્ટ્રો દ્વારા થતો લશ્કરી ખર્ચ આ ઈજારાશાહીને પોષી રહ્યો છે.
  2. વૈશ્વિક સ્તરની આર્થિક-નાણાંકીય સ્થિતિ ઉપર વિકસીત મૂડીવાદી રાષ્ટ્રોની ઈજારાશાહી.
  3. કુદરતી સંસાધનો ઉપરની ઈજારાશાહી.
  4. આંતર્રાષ્ટ્રીય સંચાર માધ્યમો ઉપરની ઈજારાશાહી.
  5. સામૂહિક વિધ્વંસ માટેનાં લશ્કરી સાધનો – યંત્રો ઉપરની ઈજારાશાહી.

- તેમણે તારવેલ બે નોંધપાત્ર સિધ્ધાંતો છે- 'પરાવલંબનનો સિધ્ધાંત' અને 'વિશ્વ વ્યવસ્થા સિધ્ધાંત'. આ સિધ્ધાંતોને આધારે પરિઘિ રાષ્ટ્રોની સમાજરચના વિશે ચાર નોંધપાત્ર લાક્ષણિકતાઓ તેઓ ચીંધી બતાવે છે.

  1. રાષ્ટ્રીયસ્તરના અર્થતંત્રમાં કૃષિલક્ષી મૂડીવાદી પ્રભુત્વ વધી રહ્યું છે.
  2. સ્થાનિક બુર્ઝવા વર્ગનું ગઠન થઇ રહ્યું છે અને તે વ્યાપારની રીતે વિદેશી મૂડી ઉપર આધારિત થતો રહ્યો છે.
  3. અમલદાર તંત્ર તરફનો ઝુકાવ વધી રહ્યો છે.
  4. કામદાર વર્ગની સર્વહારાકરણની પ્રક્રિયા ચોક્કસ રીતે અપૂર્ણ રાખવામાં આવી છે.





- તેમના મતે વિશ્વમાં પરિઘિ રાષ્ટ્રો આયાતો વધારી રહ્યાં છે જેના કારણે લાંબા ગાળે તેમના અર્થતંત્રમાં વિદેશી મૂડીનું પ્રમાણ વધી રહ્યું છે; અને પરિણામે પરિઘિ રાષ્ટ્રો વર્તમાન વૈશ્વિક વ્યવસ્થાને વધુને વધુ અસમાન બનાવી રહ્યાં છે. જેને કારણે એ રાષ્ટ્રોમાં કેટલીક ચોક્કસ પ્રકારની ગતિવિધિઓ વધી રહી છે.

  1. ઝડપી શહેરીકરણ અને સ્થાનિક ખાદ્યાન્નનું અપૂરતું ઉત્પાદન.
  2. સ્થાનિક અમલદાર તંત્રનો વધતો જતો ખર્ચ
  3. સ્થાનિક નિષ્ણાતોની આવક વહેંચણીમાં થઇ રહેલ પરિવર્તનો.
  4. ઔદ્યોગિક ક્ષેત્રની સંરચના અસમતોલ બની રહી છે અને તેનો વિકાસ અપૂરતો થતો રહ્યો છે.
  5. વિદેશી સહાયો ઉપરનું અવલંબન વધતું જાય છે.

- ઈસ્લામ ધર્મના રાજનીતિકરણના તેઓ સમીક્ષક રહ્યા છે. તેઓ અંતિમવાદી પ્રવૃત્તિઓ અને પરંપરાવાદી વલણોની સખત ટીકા કરે છે અને સાથે સાથે પ્રભુત્વ ધરાવતાં વિકસીત દેશોના ઈસ્લામ પ્રત્યેના પૂર્વગ્રહયુક્ત વલણોની પણ આકરી ટીકા કરે છે. આ વિષયો ઉપર એમણે ઘણાં અભ્યાસપૂર્ણ વિશ્લેષણ કર્યાં છે.

## 15. ઇરવિંગ ફિશર (Irving Fisher)



- જન્મઃ 27 ફેબ્રુઆરી, 1867
- મૃત્યુ : 29 એપ્રિલ, 1947
- **અભ્યાસ ક્ષેત્રઃ** ગાણિતીક અર્થશાસ્ત્ર
- **મહત્વપૂર્ણ પ્રદાનઃ**

  1. 'ફિશરનો સમીકરણ'નો સિધ્ધાંત
  2. 'આદાન-પ્રદાનનું સમીકરણ'નો સિધ્ધાંત

3. ‘ભાવ સૂચિ’નો સિધ્ધાંત
4. ‘દેવાં નાબૂદી’નો સિધ્ધાંત
5. નાણાં વિશેના ભ્રમનો સિધ્ધાંત
6. ફિશરનો વિભાગીકરણનો સિધ્ધાંત

- અમેરિકાના શરૂઆતી નવશાસ્ત્રીય અર્થશાસ્ત્રીઓમાંના એક ફિશર ગણિતશાસ્ત્રી, સંશોધક અને પ્રગતિશીલ સામાજિક પ્રચારક પણ હતા.
- તેમનું સૌથી મહત્વપૂર્ણ પ્રદાન હતું- ઉપયોગિતાનો સિધ્ધાંત અને સામાન્ય સમતુલાનો ખ્યાલ. જેના આધારે એમણે મૂડી અને વ્યાજદરનો સિધ્ધાંત વિકસાવ્યો.
- ફિશરે 1929ની મહામંદી પહેલાં સ્પષ્ટ કર્યું હતું કે, શેર બજાર એના કાયમી શિખર ઉપર પહોંચી ચૂક્યું છે, હવે તે વધુ ઊંચે જઇ શકશે નહીં. એ પછી એમણે તારવેલ ‘દેવાં નાબૂદી’ના સિધ્ધાંત (તેજી અને મંદી)ના આધારે એમણે એ ‘મહામંદી’નું વિશ્લેષણ રજૂ કર્યું હતું.
- એકવીસમી સદીની મંદી દરમિયાન પણ એમનાં સિધ્ધાંતોનો મૂડીવાદી દેશોએ મોટાપાયે ઉપયોગ કર્યો હતો.

## 16. માર્શલ પ્લાન

મૂળગત રીતે બીજા વિશ્વયુધ્ધની તારાજી પછી યૂરોપીય અર્થતંત્રોને પુનઃજીવિત કરવા અમેરિકાએ તૈયાર કરેલી સહાય યોજના હતી. એની પાછળનો એક મુખ્ય હેતુ રશિયન સામ્યવાદના પ્રભાવને અંકુશમાં રાખવાનો પણ હતો. આ યોજનાનું ધ્યેય તારાજ દેશોના ઉત્થાન માટે વ્યાપારી અવરોધો દૂર કરવાનું હતું. આ ઉપરાંત ઉદ્યોગોના આધુનિકીકરણ દ્વારા યૂરોપને ફરીથી સમૃધ્ધ બનાવવાનું પણ હતું.

આ યોજનાને અમેરિકાના રાજ્ય સચિવ જ્યોર્જ માર્શલના નામ ઉપરથી ‘માર્શલ પ્લાન’ નામ અપાયું હતું.





## 17. યુનો (યુનાઇટેડ નેશન્સ) (United Nations Organizations)

- આંતર્રાષ્ટ્રીય સંગઠન તરીકે અસ્તિત્વમાં આવેલ ‘સંયુક્ત રાષ્ટ્ર સંઘ’ (યુનાઈટેડ નેશન્સ) નો ખ્યાલ બીજા વિશ્વયુધ્ધ દરમિયાન 1943માં આવ્યો હતો. પ્રારંભિક તબક્કે એ વિશ્વયુધ્ધમાં સામેલ ‘મિત્ર દેશો’ (અમેરિકા, ઇંગ્લેન્ડ, રશિયા વગેરે)ના સંગઠન તરીકે અમલમાં આવ્યો.
- 1944ના ઓગસ્ટ થી ઓક્ટોબર દરમિયાન ચીન, યુનાઇટેડ કિંગ્ડમ, અમેરિકા અને સોવિયેત યુનિયને સાથે મળીને ‘સંયુક્ત રાષ્ટ્ર સંઘ’ની રૂપરેખા, ધ્યેયો અને સભ્યપદના માપદંડો નિશ્ચિત કર્યા હતા. તે સમયે તેના મુખ્ય ધ્યેયો આંતર્રાષ્ટ્રીય શાંતિની સ્થાપના, સલામતી તેમ જ આંતર્રાષ્ટ્રીય સ્તરે આર્થિક અને સામાજિક સહકાર સ્થાપિત કરવાના હતા.
- સંયુક્ત રાષ્ટ્ર સંઘની વિધિવત્ સ્થાપના 24 ઓક્ટોબર, 1945ના રોજ કુલ 51 રાષ્ટ્રો વચ્ચેના કરાર દ્વારા કરાઇ હતી.
- ‘સંયુક્ત રાષ્ટ્ર સંઘ’ના મુખ્ય કાર્યોમાં માનવ અધિકારોની હિમાયત, આર્થિક વિકાસ, સંસ્થાનવાદની નાબૂદી, સ્વાસ્થ્ય અને શિક્ષણને પ્રોત્સાહિત કરવાનો સમાવેશ થાય છે.
- ‘સંઘ’નો પ્રયાસ વિશ્વમાંથી યુધ્ધો બંધ કરાવવાનો, અટકાવવાનો રહ્યો છે. પરંતુ હજુ એમાં એને સફળતા મળી નથી. 1991 સુધી મૂડીવાદ અને સમાજવાદ વચ્ચેના ‘ઠંડા યુધ્ધ’ના કારણે શાંતિ મંત્રણાઓ નિષ્ફળ થતી રહી અને ત્યાર પછી અમેરિકાનું વર્ચસ્વ એના માટે અનેક અવરોધો પેદા કરી રહ્યું છે. પરિણામે આંતર્રાષ્ટ્રીય શાંતિનું એનું ધ્યેય હજુ દૂર સુધી થાળે પડતું નથી જણાતું.

## અમારાં પ્રકાશનો

1. **'સાબરમતી પૂછે છે'** (જનવાદી સાહિત્ય સંગ્રહ) — સંપાદન : ડૉ. સરૂપ ધ્રુવ અને હિરેન ગાંધી — રૂા. 25.00

2. **'દસ્તાવેજ'** (જનવાદી કાવ્યસંગ્રહ) — મૌન બલોલી — રૂા. 25.00

3. **'સળગતી હવાઓ'** (જનવાદી કાવ્યસંગ્રહ) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00

4. **'સર્જક ચેતના : પ્રશ્નો અને પડકારો** — ડો. સરૂપ ધ્રુવ, હિરેન ગાંધી અને મયંક ઓઝા (અપ્રાપ્ય)

5. **'લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ'** (ક્રાંતિકારી પંજાબી કવિ 'પાશ'નો સંપાદિત કાવ્યસંગ્રહ) — સંપાદન અને અનુવાદ : હિરેન ગાંધી — રૂા. 150.00

6. **હસ્તક્ષેપ** (જનવાદી કાવ્યસંગ્રહ)(2003) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 125.00

7. **સહિયારા સૂરજની ખોજમાં** (જનવાદી ગીતસંગ્રહ)(2003) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00

8. **કાળમુખો અંધાર ભેદવા** — અનુવાદ-સંપાદન : સરૂપ ધ્રુવ અને ડો. રાજકુમાર નાગર.

(યુદ્ધ અને હિંસા વિરોધી વાર્તાસંગ્રહો અને કાવ્યસંગ્રહોનાં છ પુસ્તકો)

1. **કારણ છે મારે જીવવાનું** — ગુજરાતી કાવ્યો (અપ્રાપ્ય)
2. **હિંસક સમયમાં** — હિંદીમાંથી અનુવાદિત કાવ્યો રૂા. 25.00





3. **એ લોકો અને આપણે** — વિશ્વસાહિત્યનાં પસંદિત કાવ્યો — રૂા. 25.00
4. **મંઝિલ ભણી** — ગુજરાતી વાર્તાઓ (અપ્રાપ્ય)
5. **માહૌલ ખરાબ છે** — હિંદીમાંથી અનુવાદિત વાર્તાઓ — રૂા. 25.00
6. **એક સરહદી ઇચ્છા** — અન્ય ભારતીય ભાષાઓ તથા વિશ્વસાહિત્યની પસંદિત વાર્તાઓ — રૂા. 25.00

9. **ઉમ્મીદ હોગી કોઈ (2009)** (2002ના જનસંહાર પછીની સત્યઘટનાઓ) (રાજકમલ પ્રકાશન, દિલ્હીથી મેળવી શકાય.) — સરૂપ ધ્રુવ — રૂા. 150.00

10. **કાવતરું ખરું; પણ કોનું ? (2011)** (તહેલકામાં પ્રકાશિત શ્રી. આશિષ ખેતાનનો અહેવાલ) — રૂા. 20.00

### 11. આધુનિકતાની ખોજમાં –પુસ્તક શ્રેણીનાં ૪ પુસ્તકો (2013)

1. **આધુનિકતા એટલે...** — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00
2. **ભારતનું બંધારણ અને આધુનિકતા** — ગિરીશભાઇ પટેલ — રૂા. 75.00
3. **મહિલાઓના સવાલો, આંદોલનો અને આધુનિકતા** — સરૂપ ધ્રુવ અને હિરેન ગાંધી — રૂા. 75.00
4. **વિજ્ઞાન અને આધુનિકતા** — ડો. રવિ સિંહા અને ડો. ઉમાશંકર તિવારી. — રૂા. 75.00

12. **કામદારોની દુનિયા –**
**દુનિયાનું ભવિષ્ય (2013)**
(ન્યૂ સોશ્યાલિસ્ટ ઇનિશિયેટિવનું ઘોષણાપત્ર) રૂા. 20.00

13. **શેરીનાટકનું સ્વરૂપ અને** હિરેન ગાંધી
**રાજનૈતિક સંસ્કૃતિ (2014)** રૂા. 50.00
**(લેખ સંગ્રહ)**

14. **સ્ટ્રીટ થિયેટર (2014)** હિરેન ગાંધી રૂા. 50.00
**(અનુભવો અને સંવેદનો)**

## નાટકોની CD / DVD

1. **સુનો ! નદી ક્યા કહતી હૈ ...(2004)** સરૂપ ધ્રુવ, હિરેન ગાંધી
રૂા. 50.00
(રિવરફ્રન્ટના મુદ્દે થયેલા વિસ્થાપનના તથ્ય ઉપર આધારિત નાટક)

2. **હમ (2008)** રૂા.100.00
(-2002ની અસરગ્રસ્ત મહિલાઓ વિશેની સત્યઘટનાઓ ઉપર આધારિત નાટક...)

3. **ઐસા ક્યોં ? (2010)** રૂા. 150.00
(સ્ત્રી અને હિંસા વિષેનાં ઐતિહાસિક ક્રમને નિરૂપતું નાટક.)

4. **ઘિરે હૈં હમ સવાલ સે (2010)**
(આદિવાસીઓના સવાલો નિરૂપતું નાટક) રૂા. 150.00





**: પ્રાપ્તિસ્થાન :**

**1. 'દર્શન'**

પહેલે માળે, 19-બી, વિશ્વનગર સોસાયટી,
વિશ્વકર્મા સોસાયટી પાસે,
જીવરાજપાર્ક ચાર રસ્તા, અમદાવાદ-380051.

**રજિ. સરનામું :**

**2. હિરેન ગાંધી**

9, રૂપેશ સોસાયટી,
વસ્ત્રાપુર રેલ્વેસ્ટેશન રોડ,
જીવરાજપાર્ક વિસ્તાર, અમદાવાદ-380051.